સળંગ અંક - 35 | વર્ષ ૧૦ | જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૩

ISSN: 2321-4880

ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરતું સામયિક...

SPECIAL EDITION

અતુલ્ય વારસો®

Know Your Identity

કર્પટવાણિજ્ય | કપડવણજ

કપડવંજ





Vaishai Bhavsar....

VISIT…

LANZAROTE
Caliente.COM

કરવી છે વાત વતનની, **મારા કપડવંજની**



ભલે અમે વર્ષોથી વતનથી દુર વસવાટ કરતા હોઈએ પણ છતાં વતનની મહેક હંમેશા અમોને તાજગી આપનારી હોય છે અને દુર રહીને પણ વતનને નિખારવાનો એક મોકો કુદરતે અમોને આપ્યો છે જેને અમે સાર્થક કરવાનો એક પ્રયાસ કપડવંજ હેરિટેજ સિટી પ્રોજેક્ટ દ્વારા કરી રહ્યા છીએ.

કપડવંજ જે પ્રાચીન સમયે કપડવણજ નામથી પણ ઓળખાતુ તે આજથી ૧૦૦૦ વર્ષ અગાઉ પણ સમૃધ્ધ નગર હતુ અને તેથી પણ પ્રાચીન સમયનાં પુરાવાઓ આ નગરમાંથી મળી આવે છે. આ ઐતિહાસિક નગરમાં સોલંકીયુગથી માંડીને બ્રિટીશયુગ સુધીના અનેકવિધ અવશેષો આજે પણ સચવાયેલી તો ક્યાંક ખંડીત અવસ્થામાં જોવા મળે છે. આવા ઐતિહાસિક નગરને વિશ્વની ફલક પર ઉજાગર કરવો અતિ જરૂરી અને આપણા દેશ - રાજ્ય માટે જ અતિ જરૂરી છે. કપડવંજ નગરની ઐતિહાસિક ધરોહર ઉજાગર થાય, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે તેની નોંધ લેવાય અને સમગ્ર નગરજનોને આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતનાં સંવર્ધન તથા હેરીટેજ પ્રવાસનની દ્રષ્ટીએ વિકાસથી લાભ થાય તે હેતુસર અમો આ પ્રોજેક્ટને અગ્રતા આપી રહ્યા છીએ. જે માટે કપડવંજ કેળવણી મંડળ, કપડવંજ નગરપાલિકા અને હેરીટેજ માટે કાર્યરત સંસ્થા હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર (અતુલ્ય વારસો) દ્વારા આ પ્રોજેક્ટ અમલીકરણની કામગીરી કરી રહ્યા છીએ. જિલ્લા વહીવટીતંત્ર પણ અને પુરાતત્વ વિભાગ પણ અમોને આ કામગીરીમાં સહયોગ આપી રહ્યો છે.

કપડવંજ નગર પુરાતત્વ, સ્થાપત્ય અને કલા-સંસ્કૃતિનાં રસિક વિધાર્થીઓ, મહાનુભાવો માટે તો આ નગર એક જીવંત સંગ્રહાલય સમાન છે. આવનારા સમયમાં આ નગર હેરિટેજ પ્રવાસનની દ્રષ્ટીએ વિકસિત થાય, પ્રવાસન થકી નગરમાં રોજગારીની તકો વધે અને ખાસ વાત કે હેરિટેજ સ્થળો જીવંત થાય એ અમારો હેતુ છે. આવનારા સમયમાં અમો આ હેતુમાં સફળ થઈશું એવી અમોને આશા છે. ટીમ અતુલ્ય વારસો દ્વારા તૈયાર કરવામાં આવેલો કપડવંજ વિશેષાંક અમારા પ્રોજેક્ટનો જ અગત્યનો હિસ્સો છે જેના થકી નગરજનો પુનઃ પોતાના વારસાથી અવગત થશે. અમારા માટે ખુશીની વાત એ છે કે ૪૦ વર્ષ બાદ પુનઃ નગરનાં વારસાને લઈને કોઈ સાહિત્ય તૈયાર થઈ રહ્યું છે અને અમે એ માટે માધ્યમ બન્યા છીએ. અમારો આ પ્રયાસ સૌ કપડવંજ વાસીઓ વધાવી લેશે તેવી અમોને આશા છે.

વિતા જલજ દાણી, દાણી ફાઉન્ડેશન

શું છે 'કપડવણજ હેરીટેજ સીટી પ્રોજેક્ટ'?

દાણી ફાઉન્ડેશનનાં સહયોગથી કપડવંજ કેળવણી મંડળ દ્વારા કપડવણજ હેરીટેજ સીટી પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેનો વિગતે વિવરણ અત્રે સામેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કપડવંજ શહેર ભવિષ્યમાં વૈશ્વિક ધરોહરમાં સ્થાન પામે તે સંદર્ભથી વિવિધ આયોજનો હાથ ધરવાનાં છે. જેમાં પ્રથમ તબક્કે આગામી ૦૧ વર્ષનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મુખ્યત્વે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી છે.

1 સંપુર્ણ નગરનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક સર્વેક્ષણ, સંશોધન

2 હેરીટેજ વોક રૂટ ડીઝાઈન

હેરિટેજ વોક એ કોઈ પણ નગર/રાજ્ય/દેશની ઓછી જાણીતી તથા વીસરાયેલી ઐતિહાસિક ધરોહરને ઉજાગર કરવાની એક પદ્ધતિ છે. હેરિટેજ વોક એ નગરના ઈતિહાસને ઉજાગર કરે છે તેમજ સ્થાનિક લોકો જોડાણ થકી નગરના સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. કપડવંજ નગરનાં હાર્દમાં આવેલ કીર્તિતોરણ અને શિવકુંડ, બત્રીસકોઠાની વાવ, અનેક દેવાલયો, પદ્ધતિસરનું માર્કેટ વગેરે નગરની શોભા છે. આ નગરને આવનાર પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને સંશોધકો પદ્ધતિસર સમજી શકે, જાણી શકે અને માણી શકે તેવા હેતુસર આ હેરિટેજ વોક ડિઝાઈન કરવામાં આવી છે. તૈયાર થયેલ હેરિટેજ વોકનું બ્રોશર્સ ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે.

3 હેરીટેજ વોક રૂટમાં આવતા દરેક સ્થળની બહાર ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં સાઈન બોર્ડ લગાવવામાં જેથી બહારથી આવનાર પ્રવાસી આસાનીથી જે-તે ઐતિહાસિક સ્થળની માહિતી મેળવી શકે.

4 કપડવંજ નગરની સુવ્યવસ્થિત અને આધારભુત વિગતોનું સંકલન કરી નિષ્ણાંત લેખકોની મદદથી પુસ્તક તૈયાર કરવામાં આવશે. આ સાથે શહેરનાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતી ડોક્યુમેન્ટરી ફીલ્મ તૈયાર કરવામાં આવી રહી છે.

5 સમયાંતરે વિવિધ લોક જોડાણનાં કાર્યક્રમો દ્વારા લોકજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે. જેમાં વિવિધ સ્વચ્છતા વર્કશોપ, શૈક્ષણિક શિબિર, હેરીટેજ શિક્ષણને લગતી કામગીરી, શહેરને જરૂરીયાત પ્રમાણે ચિત્રકલાથી જેમાં હેરીટેજ સ્થળોને લગતા ચિત્રો દ્વારા શુશોભિત કરવામાં જેવી કામગીરી કરવામાં આવી રહી છે.

6 કપડવંજ શહેરનાં જ સ્થાનિક લોકોને ટુરિસ્ટ ગાઈડ માટેની તાલિમ આપવામાં આવશે જે થકી સ્થાનિક રોજગારીની તકો વધશે અને પ્રવાસન આધારીત પ્રોડક્ટ વધે તેવા પ્રયાસો હાથ ધરાશે.

7 નગરનું મુખ્ય આકર્ષણ કુંડવાવનાં વિકાસ અને સાઈટ ડેવલોપમેન્ટની કામગીરી કરવામાં આવશે જેમાં જરૂરીયાત પ્રમાણે સરકારશ્રી સાથે સંકલન, કેમિકલ ટ્રીટમેન્ટ, સતત વિવિધ જાહેર કાર્યક્રમ દરમ્યાન થકી કુંડને જીવંત કરવામાં આવશે અને આ માટે રાજ્ય પુરાતત્વ વિભાગ સાથે MoU પણ કરવામાં આવ્યા છે.

અતુલ્ય વારસો®

Know Your Identity

ISSN : 2321- 4880

નોંધણી નંબરઃ
સોસાયટી નોંધણી નં. : ગુજ/૧૪૩૩૯/અ'વાદ.
જાહેર ટ્રસ્ટ નોંધણી નં. : એફ /૧૪૧૪૯/અ'વાદ.

પ્રકાશકઃ
હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર (HCRC), અમદાવાદ

તંત્રીઃ કપિલ ઠાકર

સહતંત્રીઃ કિન્નરી શાહ

સલાહકાર સમિતિઃ
શ્રી પ્રવીણ ક. લહેરી, શ્રી વાય. એસ. રાવત
શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. વિશાલ જોષી
શ્રી કીર્તિ ઠાકર, પ્રો. રફીકા સૈયદ સુલ્તાના,
ડૉ. પી. એસ. ઠક્કર

કો-ઓર્ડિનેટરઃ રોનક રાણા

ડિઝાઇનઃ ફેન આર્ટ & ડિઝાઈન (અમદાવાદ)

ફોટોગ્રાફરઃ નરેન્દ્ર ઓતિયા

પ્રુફ રીડરઃ ધ્રુવા જેટલી

મુખપૃષ્ઠ ફોટોઃ
કપડવંજના વારસા ને ઉજાગર કરતું ચિત્રાંકન
ચિત્રકાર - વૈશાલી ભાવસાર

Keep in touch with us for Subscription

9825129703, 9328312363
atulyavarso
@AtulyaVarso001
atulyavarso.magazine
atulyavarso@gmail.com
www.atulyavarso.com
https://www.youtube.com/@atulyavarso_official

આ અંક કપડવંજ હેરિટેજ પ્રોજેક્ટ અંતર્ગત પ્રકાશિત કરવામાં આવ્યો છે જેનાં પ્રકાશક છે કપડવંજ કેળવણી મંડળ અને આર્થિક સહયોગ કરવામાં આવ્યો છે દાણી ફાઉન્ડેશન, મુંબઈ તરફથી...



માનનીય મંત્રીશ્રી (રા.ક.),
ગૃહ, રમત ગમત અને યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

શુભેચ્છા સંદેશ



આપણું ગુજરાત ઐતિહાસિક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ ઘણું જ સમૃધ્ધ રાજ્ય છે અને તેના પુરાવાઓ આપતા અનેક અવશેષો આજે પણ ક્યાંક સારી અને ક્યાંક ભગ્ન અવસ્થામાં જોઈ શકાય છે. અહીના ઘણા ગામ/શહેરો આજે પણ પ્રાચીન ધરોહરને સાચવીને બેઠા છે તેમાનું એક એટલે કપડવંજ. આવા ઐતિહાસિક નગરને વિશ્વની ફલક પર ઉજાગર કરવો આપણા દેશ રાજ્ય માટે અતિ જરૂરી છે. તાજેતરમાંકપડવંજને હેરિટેજ પ્રવાસનની દ્રષ્ટિએ વિકાસ કરી વિશ્વ ફલક પર મુકવાની જે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જે અભિનંદનીય બાબત છે.

હેરિટેજ વોક, વિવિધ સંશોધનો, ચિત્રકલાનાં વર્કશોપ, લોકજાગૃતિ કાર્યક્રમો દ્વારા નગરને વિવિધ માધ્યમથી વિકસિત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ બાબતે કાર્યરત કપડવંજ કેળવણી મંડળ અને જેને આર્થિક સહયોગ પૂરો પાડનાર દાણી ફાઉન્ડેશનને હું ધન્યવાદ પાઠવું છું. આ પ્રોજેક્ટ થકી કપડવંજ નગરની ઐતિહાસિક ધરોહર ઉજાગર થાય. રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે તેનીનોંધ લેવાશેઅને સમગ્ર નગરજનોને આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતનાં સંવર્ધન તથા હેરીટેજ પ્રવાસનની દ્રષ્ટિએ વિકાસ થશે તેવી મને આશા છે.

સરકારની તત્પરતા સાથે સમાજની જાગૃતિ વધે તે પણ મહત્વની બાબત છે. કપડવંજનાં હેરિટેજને ઉજાગર કરવાના ભાગરૂપે અતુલ્ય વારસો મેગેઝીન દ્વારા કપડવંજ વિશેષાંક પ્રકાશિત થનાર છે તેઆનંદની બાબત છે. આપનું મેગેઝીન ખરા અર્થમાં હેરીટેજ પ્રેમીઓ માટે તથા સૌ નગરવાસીઓનેઉપયોગી બની રહે તેવી હ્દયપૂર્વક શુભેચ્છાઓ અને સમાજ જાગૃતિના પ્રયાસોમાં સતત અગ્રેસર રહેશોતેવીઅપેક્ષા સહ...

આપનો સ્નેહાધીન,

(હર્ષ સંઘવી)



અગ્ર સચિવ, રમતગમત,
યુવા અને સાંસ્કૃતિક
પ્રવૃત્તિઓ વિભાગ



શુભેચ્છા સંદેશ

ગુજરાતનાં શિલ્પ સ્થાપત્યો, કલા-વારસો, લોકજીવન અનોખું અને માણવાલાયક છે. હરપ્પનકાળથી અહી માનવ સભ્યતાનાં અવશેષો મળે છે. વર્લ્ડ હેરિટેજ શહેર અમદાવાદ, રાજ્યની જુની રાજધાની એવું પાટણ, મહેમદાવાદ, કપડવંજ, વડોદરા, સુરત, જામનગર, જુનાગઢ વગેરે ઐતિહાસિક નગરો હજુ પણ વિવિધત્તમ વારસાકીય ખજાનો સાચવીને બેઠા છે. એમાં પણ ખેડા જીલ્લાનું કપડવંજ નગર તત્કાલીન સમયનું વેપાર વાણિજ્યનાં કેન્દ્રસ્થાને હતું. પ્રાચીન સમયમાં આ નગર અનુક્રમે કર્પટવાણીજ્ય કે કપડવણજ જેવા નામે પ્રચલિત હતું, જે આજે કપડવંજ નામે સુપ્રસિદ્ધ છે. મહોર નદીના કાંઠેથી અકીક અને ચર્ટની પતરીઓ વગેરે મળે છે. નગરનાં હાર્દમાં આવેલ અને અમારા પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત સ્મારકો એવા કીર્તિતોરણ અને શિવકુંડ, બત્રીસકોઠાની વાવ, વ્હોરવાડ અને અન્ય સ્થાપત્યો નગરની શોભા છે.

કપડવંજનો વૈભવી વારસો ઉજાગર થાય એ માટે પ્રયત્નશીલ દાણી પરિવાર અને કપડવંજ કેળવણી મંડળ અને અમલીકરણ માટે કાર્યરત અતુલ્ય વારસો સંસ્થાને હું અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું. દાણી પરિવાર મૂળ કપડવંજનો જ વતની હોઈ સાચા અર્થમાં પોતાના નગરના વારસાને વિકાસ કરવા માટે અને પ્રવાસન થકી નગરમાં રોજગારીની તકો વધારવા માટે સક્રિય છે જે અન્ય વતનપ્રેમીઓ માટે ઉદાહરણરૂપ છે.

અતુલ્ય વારસોનો કપડવંજ વિશેષાંક સૌ નગરવાસીઓ માટે ઉપયોગી સાબિત થશે એવી મને આશા છે અને આ કામગીરી સાથે સંકળાયેલી સમગ્ર ટીમને અભિનંદન પાઠવું છું.

(અશ્વિની કુમાર IAS)

તંત્રીલેખ



કપિલ ઠાકર

નમસ્કાર મિત્રો,

કપડવંજ જે પ્રાચીન સમયે કપડવણજ નામથી પણ ઓળખાતું તે આજથી ૧૦૦૦ વર્ષ અગાઉ પણ સમૃદ્ધ નગર હતું અને તેથી પણ પ્રાચીન સમયનાં પુરાવાઓ આ નગરમાંથી મળી આવે છે. આ ઐતિહાસિક નગરમાં સોલંકીયુગથી માંડીને બ્રિટીશ યુગ સુધીના અનેકવિધ અવશેષો આજે પણ સચવાયેલી તો ક્યાંક ખંડિત અવસ્થામાં જોવા મળે છે. આવા ઐતિહાસિક નગરને વિશ્વની ફલક પર ઉજાગર કરવું આપણા દેશ - રાજ્ય માટે ખૂબ જ જરૂરી છે. કપડવંજ કેળવણી મંડળ દ્વારા દાણી ફાઉન્ડેશનનાં આર્થિક સહયોગથી અને કપડવંજ નગરપાલિકા સાથે સંયુક્ત ઉપક્રમે કપડવણજ હેરિટેજ સિટી પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેનો હેતુ કપડવંજ નગરની ઐતિહાસિક ધરોહર ઉજાગર થાય, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે તેની નોંધ લેવાય અને સમગ્ર નગરજનોને આ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતનાં સંવર્ધન તથા હેરિટેજ પ્રવાસનની દ્રષ્ટિએ વિકાસથી લાભ થાય તેવો છે. આ પ્રોજેક્ટ અમલીકરણની કામગીરી અમોને સોપવામાં આવી છે, જે બદલ ટીમ અતુલ્ય વારસો વતી હું કપડવંજ કેળવણી મંડળ અને દાણી ફાઉન્ડેશનનો ખૂબ આભાર વ્યકત કરું છું. આ પ્રોજેક્ટ થકી આગામી પાંચ વર્ષ દરમિયાન વિવિધતમ આયોજનો દ્વારા નગરનાં વારસાને ઉજાગર કરવાનો પ્રયાસ હાથ ધરવાનાં છીએ. આ પ્રોજેક્ટ થકી સંપૂર્ણ નગરનું સંશોધન, સર્વેક્ષણ, હેરિટેજ વોક રૂટ ડિઝાઈન, જરૂરી પ્રકાશનો, વિવિધ સાઈન બોર્ડ, ડોક્યુમેન્ટરી ફિલ્મ, જરૂરિયાત પ્રમાણે સ્થાપત્યોની સફાઈ જેવા વિવિધ આયોજનો પાર પડશે.

કપડવંજની ઓળખસમો વારસો એટલે કુંડવાવ. કુંડવાવ એ રાજ્ય પુરાતત્વ વિભાગ રક્ષિત સ્મારક છે.

સમગ્ર નગરમાં હેરિટેજનો વિકાસ થઈ રહેલ હોઈ અને તૈયાર થનાર હેરિટેજ વોકનું મુખ્ય આકર્ષણનું કેન્દ્ર કુંડવાવ હોઈ આ સ્થાપત્ય સતત સચવાય અને સંશોધકો/પ્રવાસીઓ માટે જીવંત બને તે અતિ આવશ્યક છે અને એ જ શુભ હેતુસર કપડવંજ કેળવણી મંડળ અને નિયામકશ્રી, ગુજરાત પુરાતત્વ વિભાગ સાથે પણ MoU કરવામાં આવ્યા છે. આઠ માસથી વિવિધ સંશોધનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા અને લોકજોડાણનાં કાર્યક્રમો થકી સ્થાનિક લોકોને સાથે રાખીને વારસાને ઉજાગર કરવાની પ્રક્રિયા સતત ચાલી રહી છે.

અમારા પ્રથમ પડાવનાં અંતે અમો નગરને સુવ્યવસ્થિત જાણી અને માણી શકાય એ માટે હેરિટેજ વોક ડિઝાઈન કરી છે જેનું માન. જીલ્લા કલેકટરશ્રી કે.એલ.બચાણી સાહેબનાં હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને સમગ્ર નગરજનોએ વધાવી લીધું એ અમારા માટે ગૌરવની બાબત બની રહી. આગામી સમયમાં પણ અમો સ્થાનિક નગરજનો, વહીવટીતંત્ર અને રાજ્ય સરકારની સાથે મળી કપડવંજને વિશ્વ સ્તરે હેરિટેજ પ્રવાસનનાં ધામ તરીકે વિકાસ કરવાનો હેતુ સર કરી શકીશું એવી અમોને આશા છે.


અનુક્રમણિકા















ખેડા જીલ્લાનાં સર્વસંગ્રહમાં
કપડવંજનું વર્ણન...

મધ્ય ભારત અને દરિયાકાંઠાના એક મહત્વપૂર્ણ માર્ગ પર સ્થિત હોવાના લીધે, રેલવેના આગમન પહેલા કપડવંજ એક મહત્વપૂર્ણ વ્યાપાર કેન્દ્ર રહ્યું હતું. સાબુ, કાચ, ચામડું, ઘી, બરણીઓ અને ખાસ કરીને કાપડ માટે તે જાણીતું હતું, જેના લીધે તેનું નામ કાપડના વણાંટ માટે જાણીતું નગર અથવા કપડ-વંજ પડ્યું...

મહોર નદી પર સ્થિત આ તાલુકા મથક છે અને નડિયાદ-કપડવંજ નેરોગેજ રેલવે લાઇનનું ટર્મિનસ નડિયાદથી લગભગ 40 કિમીના અંતરે સ્થિત છે. રાજ્ય નિગમની બસો દ્વારા તે નડિયાદ, મોડાસા અને આસપાસના વિસ્તારોથી જોડાયેલું છે. ખેડા જિલ્લાના સૌથી પૌરાણિક નગર પૈકીનું એક છે, જે કહેવાય છે કે 11મી સદીથી અસ્તિત્વમાં છે. સ્થાનિક ઈતિહાસ અનુસાર, તેનું મૂળ નામ કપટપુર (છેતરપિંડીનું નગર) હતું. અમુક અન્ય સૂત્રો અનુસાર, તેનું નામ કબર પાંચ (પાંચ કબર) અથવા કર્પટ વાણિજ્ય (કાપડ સાથે સંકળાયેલું નગર) પરથી લેવામાં આવ્યું છે.

આ નગરમાં પાંચથી આઠ સદીઓ જૂની ઈમારતો છે. કપડવંજમાં ત્રણ ઐતિહાસિક યુદ્ધો લડાયા છે. 1454માં, ગુજરાતના રાજવી કુતુબદ્દીને માળવાના રાજા મહેમૂદ ખિલજીને એક ભીષણ યુદ્ધમાં હરાવ્યો હતો. 1725માં, મુઘલ સેનાપતિ ખાનઝાદ ખાને કાંતાજી અને પિલાજી ગાયકવાડના નેતૃત્વમાં લડતાં મરાઠાઓને હરાવ્યા હતા. 1736માં, મરાઠા અને કોળી લોકોએ સાથે મળીને નગરને પરત મેળવ્યું હતું. મરાઠાઓએ 1816-17 સુધી તેને જાળવ્યું અને બાદમાં વિજાપુરની હદના બદલામાં તે અંગ્રેજોને સોંપી દીધું.

મધ્ય ભારત અને દરિયાકાંઠાના એક મહત્વપૂર્ણ માર્ગ પર સ્થિત હોવાના લીધે, રેલવેના આગમન પહેલા કપડવંજ એક મહત્વપૂર્ણ વ્યાપાર કેન્દ્ર રહ્યું હતું. સાબુ, કાચ, ચામડું, ઘી, બરણીઓ અને ખાસ કરીને કાપડ માટે તે જાણીતું હતું, જેના લીધે તેનું નામ કાપડના વણાંટ માટે જાણીતું નગર અથવા કપડ-વંજ પડ્યું. લોહ અસસ્કનું અહીં પ્રગલન થતું હતું. અહીંથી સામાનની પંચમહાલ, વાડાસિનોર અને મધ્ય ભારતમાં નિકાસ થતી હતી જ્યારે કાચ અને સાબુની નિકાસ ઉત્તર આફ્રિકા, અરેબિયા અને પર્શિયા સુધી થતી હતી. કપડવંજથી 24 કિમી દૂર માઝમ નદીના પટમાંથી અકીક અને શેવાળના પથ્થરો એકત્ર કરીને વધારાની પ્રક્રિયા માટે ખંભાત મોકલવામાં આવતા હતા. લગભગ 60 વર્ષ પહેલાં, બોમ્બેની મેસર્સ કિલિક નિક્સન એન્ડ કંપનીએ, કપડવંજથી લગભગ 2 કિમી દૂર ટાંકલાની ડેરી પર મેંગેનિઝ અયસ્ક શોધ્યું હતું. કંપની દ્વારા ઇ.સ 1913માં સ્થાપિત કરાયેલી નડિયાદ-કપડવંજ રેલવે લાઈનના લીધે ખાણની કામગીરી અને અયસ્કોની નિકાસને સહાયતા મળી હતી. છેલ્લા 25 વર્ષથી આ બધી ખાણ બંધ કરી દેવામાં આવી છે. બોક્સાઇટની ખાણો હજુ કાર્યરત છે. મોટાભાગની કપડવંજની હસ્તકળા અત્યારે મૃતપાય બની ચૂકી છે. અહીં મુખ્ય ઉત્પાદન કપાસ અને મગફળીનું છે. અહીં કપાસની પાંચ જિનિંગ અને પ્રોસેસિંગ ફેક્ટરી, ત્રણ તેલની મિલ, બે ચોખાની મિલ, સાબુની ત્રણ ફેક્ટરી, ત્રણ પ્લાસ્ટિકના સામાનની ફેક્ટરી અને 11 લાટી છે. ઓદ્યોગિક ઉત્પાદોમાં અહીની કાચની બંગડીઓ પ્રસિદ્ધ છે. કપડવંજના વોહરા સમાજના લોકો બોમ્બે અને દેશ વિદેશના અન્ય શહેરોમાં ઉદ્યમીઓ તરીકે સ્થાયી થયાં છે.

દેશની આઝાદીની રાષ્ટ્રીય ચળવળમાં કપડવંજે સક્રિય ભાગીદારી નોંધાવી હતી. ખેડા સત્યાગ્રહના સમયે ગાંધીજીએ કપડવંજની મુલાકાત લીધી હતી.

આ નગર કિલ્લાની દિવાલોથી ઘેરાયેલું છે, જેમાં ચાર બાજુએ પ્રવેશદ્વાર છે, જે ધીમે ધીમે નાબૂદ થઈ રહ્યા છે. ચૌલુક્ય શૈલીનું તોરણ, એક કુંડ અને સિદ્ધરાજ જયસિંહ દ્વારા નિર્માણ કરાવવામાં આવેલી બત્રીસ કોઠાની વાવ એ વાસ્તુકલાના બેનમૂન નમૂના છે. એવું કહેવામાં આવે છે કે તે સ્થાન પર સરોવરમાં રહેલા પાણીના ઔષધીય ગુણો વિશે જાણીને સિદ્ધરાજ જયસિંહે આ કુંડનું નિર્માણ કરાવ્યું હતું. તોરણ અને કુંડ અત્યારે સંરક્ષિત સ્મારકો છે. કુંડની પાસે મહાલક્ષ્મીનું પૌરાણિક મંદિર છે. કુંડની દક્ષિણે નિલકંઠ મહાદેવનું ભૂગર્ભ મંદિર છે. ઘણી મસ્જિદો અને મકબરાના અવશેષ અહીં મોજૂદ છે. અહીં છેલ્લી સદીમાં નિર્મિત અને સમૃદ્ધપણે શણગારેલું જૈન મંદિર છે, જે બેસણીથી દસ ફીટની ઉંચાઈએ છે, અને તેમાં આરસના સ્તંભ અને ફરસબંદી (પેવમેન્ટ) છે. વોહરા મહોલ્લામાં સુંદર મસ્જિદો અને ઘણી જૂની ઈમારતો છે, જેમાં ભવ્ય કાષ્ઠકોતરકલા જોવા મળે છે.

આ નગરમાં બે હોસ્પિટલ અને ભૂગર્ભ ગટર વ્યવસ્થા છે તેમજ પાઈપ દ્વારા પાણી પહોંચાડવામાં આવે છે. કપડવંજ એ જિલ્લામાં પ્રથમ નગર હતું જ્યાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા હતી, જેની શરૂઆત 1925માં થઈ , અને 1928માં તેનું કામ પૂર્ણ થયું હતું. 1863ના સમયગાળામાં કપડવંજની પોતાની નગરપાલિકા હતી. અહીં 15 પ્રાથમિક શાળા, 4 માધ્યમિક શાળા અને આર્ટ્સ, સાયન્સ અને કોમર્સની કોલેજ અને ચાર સાર્વજનિક પુસ્તકાલય છે. મ્યુનિસિપલ હાઈસ્કુલમાં બાળકોનું મ્યુઝિયમ છે. ભાદ્રપદ સુદ 12-15ના અહીં મોટી રત્નાકર માતાજીના મંદિરે ભવ્ય મેળો યોજાય છે, જેમાં 25 હજાર જેટલા લોકો સામેલ થાય છે. આ દિવસોમાં, નાની રત્નાગર માતાજીએ પણ હવે લોકોની નાની મેદની ભેગી થાય છે.

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેન્ક, બેન્ક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેન્ક, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક અને શહેરી સહકારી બેન્કની શાખાઓ અહીં શરૂ કરવામાં આવી છે. આ નગરમાં પોસ્ટ, ટેલિગ્રાફ અને ટેલિફોન સુવિધા, અગ્નિશમન સ્ટેશન અને આરામગૃહની સુવિધાઓ છે.

કપડવંજની અસ્મિતા

કપિલ ઠાકર
તંત્રી, અતુલ્ય વારસો



મહોર નદી કાંઠે વસેલ અને તત્કાલીન સમયે વેપાર વાણિજ્યનાં કેન્દ્ર સ્થાને રહેલ કપડવંજ નગર ખેડા જિલ્લામાં આવેલું વારસે મઢેલું નગર છે. પ્રાચીન સમયમાં આ નગર અનુક્રમે કર્પટવાણિજ્ય કે કપડવણજ જેવા નામે પ્રચલિત હતું, જે આજે કપડવંજ નામે સુપ્રસિદ્ધ છે. જો કે, આજે પણ ઘણા જૂના ભવનોમાં, સંસ્થાઓમાં આ નામ જોવા મળે છે. આ શહેરનાં પૌરાણિક નામો શહેરનો વેપાર વાણિજ્ય સાથે સબંધ દર્શાવે છે અને એમાં પણ ખાસ કરીને કાપડનાં વ્યવસાય સાથેનો સબંધ સ્પષ્ટ થાય છે. અહીંથી પ્રાપ્ત રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણદેવ બીજાના શાસનના ઈ.સ.૯૧૦નાં બે તામ્રપત્રોમાં તથા વિક્રમ સંવત ૧૦૭૯, વિક્રમ સંવત ૧૫૨૨, વિક્રમ સંવત ૧૬૧૮, વિક્રમ સંવત ૧૬૫૫ અને વિક્રમ સંવત ૧૬૬૬નાં જૈન દેરાસરો અને પ્રતિમાલેખો નગરની ઐતિહાસિકતા દર્શાવે છે.

મહોર નદીના કાંઠેથી અકીક અને ચર્ટની પતરીઓ વગેરે મળે છે. મહાભારતના સભાપર્વમાં પંચકર્પટનો તથા સ્કંદપુરાણના ધર્મારણ્ય ખંડમાં કપડવાણક અને કપડવણજનો ઉલ્લેખ નોંધનીય છે. એ ઉપરાંત, અહીં આવેલ હર્ષદમાતાનું મંદિર ચાવડા રાજવંશનું શાસન સૂચવે છે. નગરનાં હાર્દમાં આવેલ કીર્તિતોરણ અને શિવકુંડ, બત્રીસકોઠાની વાવ અને નજીકના કેટલાક દેવાલયો કપડવંજને સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહ સાથે જોડે છે અને સોલંકીકાળ દરમિયાન (ઈ. સ. ૯૪૨- ૧૩૦૪) પણ આ નગર મહત્વનું કેન્દ્ર હોવાનું સાબિત થાય છે. ત્યારબાદ સતત સુલતાનકાળ, ગાયકવાડી શાસન, બ્રિટીશ શાસન, આઝાદીની વિવિધ ચળવળો, એ તમામ ઐતિહાસિક સમયમાં આ નગર અડગ રહ્યું અને સમયાંતરે વિકાસ પામતું રહ્યું. આઝાદીની ચળવળમાં પણ કપડવંજ અને કઠલાલના લોકોએ સક્રિય ભાગ લીધો હતો. સતત ચડતી-પડતી દરમિયાન પણ અહીં વેપાર-વાણિજ્યની પ્રવૃતિઓ અકબંધ રહી અને તે જ કારણે તત્કાલીન સમયે કપડવંજ આસપાસનાં બધા વિસ્તારોમાં વેપારી કેન્દ્ર તરીકે વિકસ્યું હતું. કપડવંજ નગરનો ઈ.સ. ૧૮૩૦માં અમદાવાદ જિલ્લામાં સમાવેશ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ઈ.સ. ૧૮૩૮થી તે ખેડા જિલ્લામાં સમાવિષ્ટ થયું અને આજે પણ ખેડા જિલ્લાના એક મહત્વપૂર્ણ તાલુકા સ્થળ, શહેર તરીકે પ્રસ્થાપિત રહ્યું છે. તત્કાલીન સમયે કપડવંજ કિલ્લેબંધ નગર હતું અને ચાર દરવાજાઓથી આ નગર શોભતું હતું. કપડવંજનો મૂળ કિલ્લો રાજપૂત યુગમાં અને પાછળથી મુસ્લિમ યુગમાં બંધાયેલો હોવાનું અવશેષો પરથી જાણવા મળે છે. પણ, તેમ છતાં સમયાંતરે થયેલ સુધારા-વધારાની અસર તો આજે વર્તમાનમાં જોવા મળતા કિલ્લાના અવશેષોમાં જરૂરથી દેખાય છે. ૧. પૂર્વ દિશાએ અંતિસરિયા દરવાજો ૨. દક્ષિણ દિશાએ સરખલીયા દરવાજો ૩. નેઋત્ય ખૂણામાં મીઠા તળાવનો દરવાજો અને ૪. પશ્ચિમ દિશામાં નદી દરવાજો અને નાની બારી એટલે કચેરી દરવાજો. જો કે વર્તમાન સમયમાં ક્યાંક ક્યાંક કિલ્લાનો ભાગ, બુરજનો હિસ્સો અને નાનો કચેરી દરવાજો ભગ્ન અવસ્થામાં હયાત રહ્યા છે, જે જોઈ ઐતિહાસિક નગરની ભવ્યતાના દર્શન થાય છે.

વળી, કવિ દલપતરામવની આ રચના નગરના વેપાર વાણિજ્યને ખૂબ સુંદર રીતે ઉજાગર કરે છે કે,

"શમશેર તો શિરોહીની, પ્રતિમા ભલી ડુંગરપૂરી, આવતા જો આત્રસંબે ત્યાં છરા, લોઢા છરી, વળી કપડવણજ કાચ સાબુ રહી, સમીપ રચાવજો વળી, ઘર વિશે વરસાદ પહેલા આપ વહેલા આવજો."

કપડવંજ નગર એવું છે કે એના નામ પરથી જ તે વેપાર-વાણિજ્ય ક્ષેત્રે સમૃદ્ધ શહેર હોવાનું પ્રતીત થાય છે. કપડ અને વણજ બે શબ્દોમાંથી બનેલ આ નગરનું નામ કાપડ વણાટનાં વ્યવસાય સાથે સંકળાયેલું હોય તેવું પ્રથમ નજરે લાગે છે. હકીકતે કાપડ ઉપરાંત ઘણા વિશેષ ઉદ્યોગ-વ્યવસાય માટે આ નગર સુપ્રસિદ્ધ છે. પ્રાચીન કાળમાં ભરૂચથી રાજસ્થાન, મધ્યપ્રદેશ, માળવા અને ઉત્તર ભારત જતો માર્ગ કપડવણજ નજીકથી પસાર થતો હતો. ઈ.સ. ૧૯૧૩માં રેલવે થઈ તે પહેલાં સાબુ, કાચની બંગડીઓ, બરણીઓ, ઘી અને હાથવણાટનું કાપડ અહીંથી ભારતના અન્ય ભાગોમાં તેમજ ઈરાન

અને અરબસ્તાન જતાં હતાં. અકીકના પથ્થરો ખંભાત મોકલાતા હતા અને તેના મણકા અને બીજી વસ્તુઓની નિકાસ આફ્રિકાના તથા યુરોપના દેશોમાં થતી હતી. હાલ અહીં જિનપ્રેસ, તેલની અને ચોખાની મિલો, સાબુ, પ્લાસ્ટિક અને લોખંડની ગૃહઉપયોગી વસ્તુઓ બનાવતાં કારખાનાં છે.

પ્રાચીનકાળથી કપડવંજમાં હાથ વણાટનો ઉદ્યોગ વિકસ્યો હતો. હાથશાળોથી કાપડ તૈયાર થતું અને તે બજારમાં વેપારીઓ દ્વારા વેચાતું. કાપડની જેમ જ અતિ સુપ્રસિદ્ધ જો કોઈ ઉદ્યોગ હોય તો તે કાચ ઉદ્યોગ છે. બે-એક સદીથી કાચના ઉદ્યોગે કપડવંજને વિશ્વમાં નામના અપાવી છે. કાચની બનાવટ કરનાર કામદારવર્ગને સીસગર કહે છે અને તેમના વસવાટવાળા વિસ્તારને સીસગરવાડો કહે છે. તત્કાલીન સમયે કપડવંજનાં સીસગરવાડ વિસ્તારમાં ૨૦ થી ૨૫ જેટલા કાચનાં કારખાના હતા. જે-તે સમયે લંડનમાં આયોજિત 'ભારત કલા પ્રદર્શન' માં અહીંની કાચ કલાનાં નમૂનાઓ પ્રદર્શિત થયાનું જાણવા મળે છે. કપડવંજની દુધિયા બંગડીઓ એક સમયે પૂર્વ જર્મની, ચેકોસ્લોવેકિયા, બેલ્જિયમ ને જાપાનનાં માલ કરતાં સારી ગણાતી. સદીઓથી કપડવંજ કાચ ઉદ્યોગ ઉપરાંત સાબુ ઉદ્યોગ માટે પણ પ્રસિદ્ધ હતું. અહીંનો સફેદ સાબુ સુરત અને મુંબઈ મોકલવામાં આવતો. પરદેશમાં વસતા ગુજરાતીઓ પણ કપડવણજી સાબુ વાપરતા. સાબુ ઉદ્યોગ વોરા બિરાદરોનાં હસ્તગત હતો. આ ઉપરાંત, લોખંડ, અકીક, અફીણ, ચૂનો પકવવાની કામગીરી, ઈંટોની ભઠ્ઠીઓ, પાઘડી વણાટ, રંગાટ કામ, ચામડાનું કામ, બટન અને પતરાળા બનાવવાનો ગૃહ ઉદ્યોગ, દીવાસળી બનાવવાનું કારખાનું, માટીકામ, મીનાકારી કામ, દવાઓ બનાવવાનો ઉદ્યોગ, તેલ ઉદ્યોગ, જિનીંગ ફેક્ટરી, બીડીઓના કારખાના અને એ ઉપરાંત અનેકવિધ નાના મોટા વ્યવસાયોથી કપડવંજ સમૃદ્ધ હતું અને બીજા રાજ્યો અને દેશો સાથે જોડાયેલ હતું. તત્કાલીન સમયના વેપારી માર્ગોમાં સર્વે સામાન્ય કેન્દ્રસ્થાન તરીકે કપડવંજ હોઈ અહીંના ઘણા સાહસિક વેપારીઓ થાણા, બ્રહ્મદેશ, સિઆમ, મોરેશિયસ, આફ્રિકા વગેરે દેશોમાં પ્રવાસ કરતા હતા.

કપડવંજમાં મહોર અને વરાંસી નદીનો સંગમ થાય છે. મહોર નદી પથ્થરવાળી નદીને નામે પણ જાણીતી છે. મહોર અને વરાંસી નદીઓના કિનારે મહમ્મદપુરા આસપાસ ઉત્ખનન દ્વારા પાષાણયુગના કેટલાક ઓજારો પણ મળી આવ્યા છે. વળી, આ વિસ્તારમાંથી ખનીજતત્વો પણ સારા એવા પ્રમાણમાં મળી આવે છે. અહીં, લોખંડ ગાળવાનો વ્યવસાય વિકસિત થયો હોવાનું સંશોધકોનું અનુમાન છે.

અહીં સોલંકીયુગની કુંડવાવ, ૩૨ કોઠાની વાવ ઉપરાંત રાણીની વાવ અને સીંગર વાવ વિશેષ વાવ સ્થાપત્યના નમૂના સમાન છે. એ સિવાય પણ સિંધવાવ, બીડની વાવ, સૈયદની વાવ, કાપડી વાવ, વહોરી વાવ, નિશાળિયા વાવ, શિવ શંકર મહેતાની વાવ અને બાપુજીની વાવ જેવી વાવો નગરની મુખ્ય વાવો હતી, જેમાંથી મોટાભાગની હાલમાં નાશ પામી છે અને કેટલીક ભગ્ન અવસ્થામાં જોવા મળે છે. કપડવંજમાં મુખ્યત્વે દરેક પોળ, ખડકીમાં પોતાનો કૂવો જોવા મળે છે. એમ છતાં, કેટલાક પ્રસિદ્ધ કૂવામાં ભાઈલા કૂવો, મેનાનો કૂવો, ડીઝવો કૂવો, સખી દાસનો કૂવો, વડવાળો કૂવો મુખ્ય છે, પણ તેમાં પણ વાવ જેવી જ હાલત છે. ક્યાંક ભગ્ન અવસ્થામાં જોવા મળે છે અને ક્યાંક સદંતર નાશ પામ્યા છે. અહીંના મુખ્ય તળાવોમાં કપડવંજ નગરમાં અને આસપાસનાં વિસ્તારમાં મુખ્યત્વે રસેલા તળાવ, મીઠું તળાવ, શ્રીપત તળાવ, મોર તળાવ, લેંડી તળાવ, રાણ તળાવ જેવા તળાવો હતાં. જો કે, હાલમાં તો મોટા ભાગના તળાવો અસ્તિત્વમાં નથી. વર્તમાન સમયમાં અસ્તિત્વ ધરાવતું તળાવ વસતા તળાવ તરીકે જાણીતું છે.

કપડવંજની વ્હોરવાડ

વ્હોરા કોમ મુખ્યત્વે વેપાર સાથે સંકળાયેલી કોમ છે. ગુજરાતનાં વ્હોરાઓ મોટે ભાગે ધનવાન છે. લોખંડ, કાચ, સાબુ, કાગળ વગેરેના વેપારમાં વ્હોરા વેપારીઓ અગ્રેસર છે. શિયા વ્હોરામાં સૌથી મોટી કોમ દાઉદી વ્હોરાની છે. પહેરવેશમાં માથે વિશિષ્ટ પાઘડી અને હિંદુ ઢબનું અંગરખું પહેરતા હોય છે. કપડવંજમાં વ્હોરાની વસતી વધારે છે અને સિદ્ધપુરની જેમ અહી તેમના હારબદ્ધ અને એકસરખા લાગતા ભવ્ય મકાનોની હારમાળા જોવા મળે છે જે નગરના સ્થાપત્યકીય વારસાની શોભા વધારે છે. ખેડા તથા આણંદ જિલ્લાના મુસ્લિમ વોરાઓ ચરોતરી વોરા કહેવાય છે. વ્હોરાની વસાહતને વ્હોરવાડ તરીકે ઓળખવામાં આવે છે. દેશ-વિદેશમાં વેપારી સબંધને કારણે વ્હોરાઓના મકાનો કોતરણીયુક્ત અને સ્થાપત્યની દ્રષ્ટિએ વિશેષ હોય છે. ગુજરાતમાં સિદ્ધપુર અને કપડવંજની વ્હોરવાડ વિશેષ છે અને અનેક સ્થાપત્યપ્રેમીઓ વિવિધ વિસ્તારમાંથી અહીં જોવા-અભ્યાસ માટે આવે છે. કપડવંજમાં નાની અને મોટી એમ બે વ્હોરવાડ આવેલી છે અને પ્રવેશદ્વારમાં જ સૈફી શિફાખાના (દવાખાનું) અને લાઈબ્રેરીનું અદ્ભુત ભવન આવનાર સૌનું ધ્યાન આકર્ષિત કરે છે. કપડવંજને સમૃદ્ધ કરવામાં વ્હોરાઓનો અગત્યનો ફાળો છે. વ્હોરા કોમ એ વિરોધ અને વિખવાદોથી દૂર રહીને, સૌ સાથે સમાધાનથી રહેતી કોમ છે.

વિવિધતામાં એકતા એટલે ધર્મનગરી કપડવંજ

ખેડા જિલ્લાનાં આ ઐતિહાસિક નગરની વિશેષતા એ છે કે અહીં દરેક ધર્મ, જ્ઞાતિનાં લોકો વસવાટ કરે છે અને હળી મળીને નગરનાં વિકાસમાં ફાળો નોંધાવે છે. અહીંના સ્થાપત્યો અને સંસ્કૃતિ વિવિધતામાં એકતાનાં દર્શન કરાવે છે.

અહીં દરેક ધર્મ અને જ્ઞાતિ મુજબ ધર્મસ્થાનો જોવા મળે છે. સુપ્રસિદ્ધ હિંદુ દેવાલયોમાં શ્રી નીલકંઠ મહાદેવ, શ્રી નારાયણ દેવનું મંદિર, શ્રી મહાલક્ષ્મી, શ્રી ગોકુળનાથજી, શ્રી હર્ષદમાતાજી, અંબાજી, રાધાકૃષ્ણ, સ્વામીનારાયણ, રામજી મંદિર, ખેરવાડીયા હનુમાનજી, કબીર મંદિર, શ્રી ચામુંડા માતાજી, શ્રી વેરાઈ માતા, શ્રી સિંધવાઈ માતા, શ્રી વૈજનાથ મહાદેવ, કુબેરજી મહાદેવ, શ્રી લિંબજા માતા, શ્રી કાલિકાજી, શ્રી ભાથી ખત્રીજી, શ્રી ઠાકોરજીનું મંદિર વગેરે મુખ્ય છે. ઉપરાંત શ્રી મોટા રત્નાકર માતાજી અને નાના રત્નાકર માતાજી, નગરથી થોડે દૂર આવેલ ટાંકલી માતાનું મંદિર પણ સુપ્રસિદ્ધ છે.

અહીંના ઐતિહાસિક અને સુપ્રસિદ્ધ જૈન દેરાસરોમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર, શ્રી મોદિયાનું દેરાસર, શ્રી અજીતનાથ દેરાસર, શ્રી વાસુપૂજ્ય મંદિર, શ્રી અષ્ટાપદ દેરાસર, શ્રી શાંતિનાથ દેરાસર, માણેક શેઠાણીનું આદિશ્વર ભગવાનનું મંદિર, શ્રી નેમિનાથ મંદિર, પવિત્ર આગમ સ્તંભ, શ્રી મહાવીર સ્વામીનું મંદિર વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત માણેક શેઠાણીનો ઉપાશ્રય, મીઠાભાઈ ગુલાલાચંદનો ઉપાશ્રય, શેઠ વૃજલાલ હરિભાઈ જૈન ઉપાશ્રય, લહુડી પેશાળ ઉપાશ્રય ઉપરાંત અનેક ધર્મશાળાઓ અહીં સ્થિત છે.

મુસ્લિમ સંતો અને મહાપુરુષોની દરગાહોમાં દુદુ બાદશાહની દરગાહ, જાહેરપીર, ટોકડીયા પીર, લાડલી બીબીની દરગાહ, ગોરા પીરની દરગાહ, બાર શહીદનો તકિયો, સતરે યાકુબની દરગાહ, તાજ બાદશાહની દરગાહ, ગેબનશા પીરની દરગાહ, સુલતાન શહીદની દરગાહ, કાલુ સૈયદનો રોજો, જાહેર પીરની દરગાહ, નવગજા પીરની દરગાહ, સૈયદ દરગાહ, સત્તર શહીદોની દરગાહ, શેરન શહીદોની દરગાહ, જમાલ શહીદની દરગાહ, તૈમુર અલીબાબાની દરગાહ, કસ્બાની મસ્જિદ, કડીયાની મસ્જિદ, અમલી મસ્જિદ, જુમ્મા મસ્જિદ, ઘાંચીવાડાની મસ્જિદ, બંગડીવાડાની મસ્જિદ, તાઈવાડાની મસ્જિદ, નગીના મસ્જિદ અને ઈસ્લામપુરાની મસ્જિદ મુખ્ય છે.

અહીંનો દાઉદી વહોરા સમાજ પણ નગરના વિકાસ માટે સક્રિય છે અને અહીંના વ્હોરા લોકોએ વિશ્વ સ્તરે નગરનું નામ ઉજાગર કર્યું છે. અહી દાઉદી વ્હોરા કોમની આઠ મસ્જિદો આવેલી છે જેમાં મોતી મસ્જિદ (મોટી વહોરવાડ), મસ્જિદ શેરીની મસ્જિદ, નાની વહોરવાડની મસ્જિદ, કુંડવાવ નજીકની મસ્જીદ, ભણકોરાની મસ્જિદ, આઝાદ ચોક પાસેની મસ્જિદ, મીઠા તળાવ પાસેની મસ્જિદ, ઝેર નિરમાલી રોડ નજીક આવેલ વહોરા સમાજનું કબ્રસ્તાન વગેરે મુખ્ય છે.

કપડવંજના મહાનુભાવો

કપડવંજ નગરમાંથી ઘણા મહાનુભાવોએ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વસ્તરે સારી નામના મેળવી છે અને સમાજને ઘણું નવું આપ્યું છે. જાણીતા આગમોદ્ધારક પ. પૂ.આચાર્ય દેવ શ્રી 1008 શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.સા., શ્રી પૂ.મુનિ શ્રી - પુણ્યવિજયજીમહારાજ, પૂ.આ. આગમોદ્ધારક હસ્તદીક્ષિત શિષ્ય ગીતાર્થ રાષ્ટ્રીય સંત- ગચ્છાધિપતિ, વડલાસા ઘેધૂર, પૂ.આચાર્ય - શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વચ્છ મહારાજ સાહેબ, પરમપૂજ્ય સંત - શ્રી નરહરિભાઈ ભગત, સ્વ. જાબીરભાઈ બદરૂદીન મહેતા, સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ કપડવંજમાં નળગટર યોજના લાવનાર - સ્વ. શ્રી રાવબહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી, સાહિત્યનો સાર્વોચ્ચ જ્ઞાનપીઠ એવોર્ડ પ્રાપ્ત કરનાર અને રાષ્ટ્રધ્વજની શાન જાળવવા ટાવર પરથી ભુસકો મારનાર - કવિ શ્રી રાજેન્દ્ર શાહ, તત્કાલીન રાજ્યપાલ- મુખ્યમંત્રી-સંરક્ષણ મંત્રી જેવા પદે રહીને રાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર પદ્મવિભૂષણ સર શ્રી ચંદુલાલ માધવલાલ ત્રિવેદી, સતત ૪૭ વર્ષ સુધી બહેનજી બહેન પ્રસૂતિગૃહમાં ડોક્ટર તરીકે સેવા આપનાર - સ્વ. ડૉ. છોટુભાઈ બાપુલાલ દેસાઈ, મહાત્મા ગાંધીજીના સેક્રેટરી અને શહેરની અનેક સંસ્થાઓના સ્થાપક - શ્રી હરિલાલ માણેકલાલ દેસાઇ, વી.એમ. પારેખ કોમર્સ કોલેજ, મેનાબેન પારેખ આંખની હોસ્પિટલ સહિત અનેક સંસ્થાઓ સ્થાપનાર દાનવીર અને "વાડીલાલ સંત" અને "સરદાર" નું બિરૂદ પામનાર - સ્વ. શ્રી વાડીલાલ મનસુખરામ પારેખ, જેમના કુટુંબમાં શિક્ષણ, સંસ્કાર ને સમૃધ્ધિનો શુભ સમન્વય જોવા મળે છે - સ્વ. શેઠશ્રી છોટાલાલ પીતાંબરદાસ પરીખ, "કપડવંજની ગૌરવગાથા"ના લેખક ડો. પોપટલાલ દોલતરામ વૈદ્ય, ચિત્રકળાનું ઊંચું સીમાચિહ્નન- સોમાલાલ સી.


ચિત્ર સંદર્ભ: આશિષ કટારિયા

શાહ, કપડવંજમાં શિક્ષણ, સમાજ, સેવા અને સંસ્કારની અનેક પ્રવૃત્તિઓમાં અમૂલ્ય ફાળો આપનાર - શ્રી માણેકલાલ છોટાલાલ દેસાઈ, રાજ્યસભાના સભ્ય - ઉદ્યોગપતિ શ્રી ચંદુલાલ પિતામ્બરદાસ પારેખ, સ્વ.શેઠ શ્રી મણીલાલ પિતામ્બરદાસ પરીખ, વિશ્વ પ્રસિદ્ધ કલર કંપની એશિયન પેઇન્ટ્સનાં મૂળ સ્થાપક ભાગીદાર એવા એક સૂર્યકાંત દાણી તેમના સુપુત્ર અશ્વિન દાણી, આ સૌ નગરની શાન છે.

સૌપ્રથમ ભૂગર્ભ ગટર વ્યવસ્થા

આજે પણ મોટા પ્રમાણમાં સુવ્યવસ્થિત ગટર યોજનાનો અભાવ જોવા મળે છે, જ્યારે કપડવંજ શહેરમાં સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ ભૂગર્ભ ગટર વ્યવસ્થા હતી, જે વર્ષ ૧૯૨૮માં રૂ. 13 લાખના ખર્ચે શરૂ કરવામાં આવી હતી. ફોર્ટવોલની અંદર 6.68 ચોરસ માઈલનો સમગ્ર વિસ્તાર આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યો છે. નડિયાદને વર્ષ 1955માં અને આણંદને 1968માં ડ્રેનેજ સિસ્ટમ મળી હતી.

ગુજરાતમાં સૌપ્રથમ કપડવંજ ખાતે ભૂગર્ભ ગટર યોજનાને અમલી બનાવવાનો વિચાર કરનાર અને તે માટે સતત પ્રયાસ કરનાર સ્વ. શ્રી રાવબહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી હતા. તેઓ કપડવંજ નગરપાલિકાના ઉપપ્રમુખ પદે ઈ.સ. ૧૯૧૫-૧૬ થી ઈ.સ. ૧૯૧૭-૧૮ અને પ્રમુખ તરીકે ઈ.સ. ૧૯૧૭-૧૮ થી ઈ.સ. ૧૯૨૮-૨૯ સુધી સેવા આપીને કપડવંજના વિકાસ અને પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. કપડવંજની પ્રજાને વરાંસીનું મીઠું પાણી પહોંચાડવા માટેનો પ્રશ્ન સુધરાઈની સ્થાપનાથી ચાર વરસમાં જ વિચારણામાં લેવામાં આવ્યો હતો અને તે દિશામાં ચક્રો ગતિમાન કરતાં વર્ષ ૧૯૦૬માં હિન્દના શ્રેષ્ઠ માનવ ડૉ. એમ. વિશ્વેશ્વરૈયા જેઓ મુંબઈ ઈલાકાના સેનેટરી એન્જિનિયર હતાં, તેઓએ કપડવંજ પધારી આ યોજના તૈયાર કરી. લોકફાળાની રકમ એકત્રિત કરવામાં આવશે તો સરકાર પચાસ ટકા ગ્રાન્ટ આપવા તૈયાર હોવાનું જણાવતાં શ્રી રાવબહાદુર અને અન્ય સગૃહસ્થોની મહેનતથી ફાળો એકત્રિત કરવામાં આવ્યો. સરકારે આ યોજનાને ઈ.સ. ૧૯૨૪માં મંજૂર કરી. ઈ.સ. ૧૯૨૫માં આ યોજનાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું. ઈ.સ. ૧૯૨૮માં સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ આ યોજનાનો લાભ કપડવંજને મળવાનો શરૂ થયો. આ ગટર યોજના કપડવંજના માર્ગથી એક માળ નીચે બનાવેલી છે, જેમાં માણસ આરામથી ચાલતા પસાર થઈ શકે છે. ઉપરાંત, આ યોજના શ્રેષ્ઠ એન્જિનિયર એમ. વિશ્વેશ્વરૈયાએ એવી અદ્ભુત ટેક્નિકથી બનાવી છે કે ગટરનું તમામ પાણી ગામને છેડે સુએઝ ફાર્મમાં આપોઆપ જતું રહે અને કોઈ જગ્યાએ અટકે નહીં.

કપડવંજમાં ભૂગર્ભ ગટર યોજનાના અમલીકરણમાં મહત્વનો ફાળો ભજવનાર એમ. વિશ્વેશ્વરૈયા કોણ છે એ જાણવું પણ આપણા સૌ માટે અગત્યનું છે. એમ. વિશ્વેશ્વરૈયા (૧૫ સપ્ટેમ્બર ૧૮૬૦ - ૧૪ એપ્રિલ ૧૯૬૨) એ ભારતીય ઇજનેર, રાજનેતા અને મૈસૂરના ૧૯મા દીવાન (૧૯૧૨ - ૧૯૧૯) હતા. લોકકલ્યાણના કાર્યોમાં તેમના યોગદાન બદલ જ્યોર્જ પંચમ દ્વારા તેમને બ્રિટીશ ભારતીય સામ્રાજ્યના નાઇટ કમાન્ડરની ઉપાધિ આપવામાં આવી હતી. તેમણે એશિયાની શ્રેષ્ઠ અને ત્રીજી સૌથી જૂની એન્જિનિયરિંગ કોલેજ ઇજનેરી મહાવિદ્યાલય, પુણેમાંથી ઇજનેરની પદવી મેળવી હતી. તેમને ૧૯૫૫માં ભારતનું સર્વોચ્ચ સન્માન ભારત રત્ન એનાયત થયું હતું. તેમનો જન્મદિવસ, ૧૫ સપ્ટેમ્બર, તેમની સ્મૃતિમાં ભારત, શ્રીલંકા અને ટાન્ઝાનિયામાં 'એન્જિનિયર્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે. તેઓ મૈસૂર શહેરના ઉત્તર-પશ્ચિમ ઉપનગરમાં કૃષ્ણા રાજસાગર બંધના મુખ્ય ઇજનેર હતા અને હૈદરાબાદ શહેર માટે પૂર સંરક્ષણ પ્રણાલીના મુખ્ય ઇજનેરોમાંના એક તરીકે પણ સેવા આપી હતી.

વર્ષ ૧૯૪૦થી કપડવંજમાં કેળવણીની સુવાસ ફેલાવી રહેલ કપડવંજ કેળવણી મંડળ દ્વારા આ નગરના વારસાને ઉજાગર કરવા અને આવનારી પેઢી માટે અહીંના સ્થાપત્યો, કલા-સંસ્કૃતિ સચવાઈ રહે એ માટે કપડવંજ હેરિટેજ સિટી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. કેળવણી મંડળની જેમ જ એક એવા નગરજન જે વર્ષોથી પોતાના વતનથી દૂર વસવાટ કરી રહ્યા છે એવા દાણી પરિવારનાં આર્થિક સહયોગથી આ પ્રોજેક્ટ અમલમાં મુકાઈ રહ્યો છે અને અમારી જ ટીમ અતુલ્ય વારસો દ્વારા અમલીકરણ કરવાની કામગીરી નિભાવવામાં આવી રહી છે, જેમાં કપડવંજ નગરપાલિકા પણ સંપૂર્ણ સહયોગ આપી રહી છે.

વર્તમાન સમયમાં ઉપરોક્ત જણાવ્યા મુજબ કપડવંજમાં આવેલ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ ઉજાગર કરવા સાથે હેરિટેજ પ્રવાસન વિકાસની જે વિવિધ કામગીરી ચાલી રહી છે તે થકી આ શહેર રાજ્ય, દેશ અને વિશ્વનાં હેરિટેજ પ્રેમીઓમાં લોકપ્રિય બનશે તેવી અમોને આશા છે.

પુરાતત્ત્વની દૃષ્ટિએ કપડવંજ



મંજરી શર્મા
પુરાતત્ત્વવિદ્



ભૌતિકશાસ્ત્ર અને ભૂસ્તરશાસ્ત્ર

કપડવંજ મોહર નદીના પૂર્વ કિનારે આવેલું છે. તે અમદાવાદથી 65 કિમીના અંતરે છે. કપડવંજ 23.02° ઉત્તર અને 73.07° પૂર્વ પર સ્થિત છે અને તેની સરેરાશ ઊંચાઈ 69 મીટર (226 ફૂટ) છે. મોહર નદી, જે જિલ્લાને અન્ય નદીઓ સાથે જોડે છે, તે ધામોડની ટેકરીઓમાંથી વહે છે અને કપડવંજ તરફ વહે છે (રાજ્યગોર, 1977). આ નદી કપડવંજમાં સફળતાપૂર્વક વસેલી વસાહતનો આવશ્યક પાયો હોવી જોઈએ. અન્ય પરિબળોમાં આબોહવા, જમીનની ટોપોગ્રાફી વગેરેનો સમાવેશ થઈ શકે છે. કપડવંજના ઉત્તર ભાગમાં નાનો ડુંગરાળ વિસ્તાર છે જે અન્યથા ઉત્તર તરફ થોડો ઢોળાવ ધરાવતો મેદાનનો ભાગ છે. અહીંયા સામાન્ય રીતે અર્ધશુષ્ક આબોહવા હોય છે. અહીંયા તાપમાન, ખાસ કરીને મે મહિનામાં 45થી 47 ડિગ્રી સેલ્સિયસ સુધી જઇ શકે છે, જ્યારે ‘લૂ’ તરીકે ઓળખાતા ગરમ પવનો આ પ્રદેસ પર ફૂંકાય છે. વરસાદની મોસમ જુલાઈથી શરૂ થાય છે અને સપ્ટેમ્બરમાં સમાપ્ત થાય છે અને વરસાદ 750mm થી 800mm વચ્ચે હોય છે. શિયાળામાં તાપમાન 8 અથવા 9 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી જાય છે.

આ પ્રદેશની માટી કાંપવાળી છે અને તે લગભગ આખા વિસ્તારમાં ફેલાયેલી છે. તેમ છતાં કપડવંજ પ્રદેશમાં લાલ-પથ્થરવાળી જમીન લેટરાઈટ્સની ખૂબ યાદ અપાવે છે, જે છૂટાછવાયા સ્થળોએ જોવા મળે છે. કપડવંજમાં બાંધવામાં આવેલા ઘણા મકાનો તેમજ શહેરની આસપાસ કિલ્લેબંધીની દીવાલોમાં આ લાલ પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે જોઇ શકાય છે. કપડવંજ અને તેની આસપાસના વિસ્તારોમાં બોક્સાઇટની ક્ષિતિજો ધરાવતા લેટેરાઇટના સાંકડા પેચ જોવા મળે છે. બોક્સાઈટ સામાન્ય રીતે મોહ સ્કેલ પર માત્ર 1 થી 3 ની કઠિનતા સાથેનું નરમ મટિરિયલ છે. બોક્સાઇટ પિસોલિટિક બંધારણ અને અર્થી લસ્ટર એટલે કે ધરતીનું તેજ ધરાવતું મટિરિયલ છે, જે સફેદ, રાખોડી અને લાલ ઝાંય ધરાવતા બ્રાઉન (રેડિશ બ્રાઉન) રંગના હોય છે. તે મુખ્યત્વે એલ્યુમિનિયમ ધરાવતા ખનિજોથી બનેલો ખડક છે. ભીના ઉષ્ણકટિબંધીય અથવા ઉષ્ણકટિબંધીય આબોહવામાં જ્યારે લેટેરાઇટ જમીન ગંભીર રીતે સિલિકા અને અન્ય દ્રાવ્ય સામગ્રીથી ભરેલી હોય ત્યારે તે રચાય છે (ચૌધરી અને સરીન, 1990). કાચ બનાવવા માટે વપરાતી વિશિષ્ટ રેતી પણ અહીં જોવા મળે છે, જે આ પ્રદેશમાં અગાઉ કાચ બનાવવાનો ઉદ્યોગ હોવાના દાવાને નક્કર કરે છે, અને આ સમાન તકનીકનો આજે પણ ઉપયોગ કરવામાં આવે છે તેવા સમકાલીન પુરાવાઓ પણ છે.

આ પ્રદેશ માઇક્રોક્રિસ્ટલાઇન સિલિકેટ્સ અને અન્ય ખનિજોથી પણ સમૃદ્ધ છે જે પ્રોટો-ઐતિહાસિક સમયગાળા દરમિયાન વિવિધ કલાકૃતિઓનો પ્રાથમિક કાચો માલ હોઈ શકે છે. કપડવંજ શહેરની આસપાસના વિસ્તારોમાં અનેક પ્રકારના માઇક્રોક્રિસ્ટલાઈન સિલિકેટ જોવા મળે છે. 4.5 કિલો જેટલા ભારે નોડ્યુલ્સ એકવાર શહેરની એકદમ બાજુમાં આવેલી મોહર નદીના પટમાંથી તેમજ શહેરની ઉત્તરે લગભગ 20 કિમી દૂર આવેલી માઝમ નદીમાંથી એકત્ર કરવામાં આવ્યા હતા (કાયદો, 2013).

ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકા સિવાય કોઈ મોટું જંગલ નથી જ્યાં સાગ, બબુલ, લીમડો, મહુડા અને આંબાના વૃક્ષો જોવા મળે છે. એકંદરે જમીન હજુ પણ રેતાળ, અલગ અને ખડકાળ છે. કેટલાક ભાગો, જે માણસો માટે સહેલાઈથી પહોંચવું શક્ય નથી, ત્યાં વૃક્ષોની વૃદ્ધિ હજુ પણ ટકી રહી છે, પરંતુ બાકીના ભાગો વૃક્ષવિહીન છે. કપડવંજ તાલુકાના ચીખલોડ ગામમાં સાવલી નામનો કુંડ આવેલો છે. કુંડનું બાંધકામ 1902 માં દુષ્કાળ રાહતના પગલા તરીકે કરવામાં આવ્યું હતું, જે વર્ષ 1910 (રાજ્યગોર, 1977) સુધીમાં પૂર્ણ થયું હતું.

પ્રાગૈતિહાસિક, પ્રોટો-ઐતિહાસિક પુરાવા

લોઅર પેલેઓલિથિક એટલે કે નીચલો પુરાપાષાણયુગ *(2 mya - 400 kya)*

લોઅર પેલેઓલિથિક એટલે કે નીચલો પુરાપાષાણયુગ એ પેલેઓલિથિક એટલે કે પાષાણયુગનો અથવા જૂના પથ્થરોના યુગનો સૌથી પહેલો પેટાવિભાગ છે. તે ભારતીય ઉપખંડમાં આશરે 1.5 મિલિયન વર્ષ જૂનો છે, જે પથ્થરના સાધનોના ઉત્પાદન (હેન્ડેક્સીસ અને ક્લીવ્સ) તેમજ હોમિનિન દ્વારા ઉપયોગના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે (પડ્ડાય્યા, 2008). ખેડા જિલ્લામાં મહી નદીના કિનારે નીચલો પુરાપાષાણયુગ જોવા મળે છે, જે પડાવ માટેની ખુલ્લી જગ્યાઓ જેવો લાગે છે. નદીના ખડકોમાં પીળા પડની નીચે કાંકરીના ઉપરના સ્તરમાંથી વિવિધ પુરાતત્વવિદો દ્વારા અગાઉના સંશોધનમાં પથ્થરના સાધનો મળી આવ્યા હતા (નૂરમોહમદ, 1979). તેઓ કાં તો સિમેન્ટવાળી કાંકરીઓમાં અથવા છૂટક કાંકરીઓની ઢગલીઓમાં જોવા મળે છે. ક્યારેક તે ગોળ ખડકોના સમૂહમાં પણ જોવા મળે છે. કપડવંજ ક્ષેત્રમાં ખાસ કરીને એવા કોઈ પુરાવા નથી મળતા કે જે કોઈ સાધનો બનાવવાની પ્રવૃત્તિઓ અથવા નીચલા પુરાપાષાણયુગની વસ્તીનો વ્યવસાય સૂચવતા હોય.

મિડલ પેલેઓલિથિક એટલે કે મધ્ય પુરાપાષાણયુગ *(400 kya- 10 kya)*

મિડલ પેલેઓલિથિક એટલે કે મધ્ય પુરાપાષાણયુગ એ પેલેઓલિથિક એટલે કે પાષાણયુગનો અથવા જૂના પથ્થરોના યુગનો બીજો પેટાવિભાગ છે. આ સમયગાળો 350-400 હજાર વર્ષ પહેલાના (350-400 kya) સમયની વચ્ચેનો છે. તેને મોટેભાગે પ્રિપેર્ડ કોર ટેક્નોલોજી દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે, જેમાં બોરર્સ, સ્ક્રેપ્સ અને અમુક અંશે પોઇન્ટ્સનો સમાવેશ થાય છે. અહીં જે સાધનો મળી આવ્યા છે, તેમનું અવલોકન કરતા તે સાધનો કદમાં નાના અને સરળ તેમજ વધુ કાર્યક્ષમ હોય એવું લાગે છે (ઝ્યુનર, 1950). કપડવંજ તાલુકામાં આવા સાધનો ધરાવતી એકમાત્ર જગ્યા મોહમ્મદપુરા છે. નગરથી ચાર કિલોમીટરના અંતરે આવેલા મોહમ્મદપુરામાં સ્થાનિક કાચા માલમાંથી બનેલા મધ્ય પુરાપાષાણયુગના સાધનોના પુરાવા છે. કે.વી. સુંદર રાજન દ્વારા થયેલા સંશોધનો પણ આ જ બાબત સૂચવે છે.

મેસોલિથિક અને નિયોલિથિક યુગ *(10 kya - 7000 BCE)*

મધ્ય પુરાપાષાણ યુગ પછી બ્લેડ ટેક્નોલોજીનો સમયગાળો આવે છે અને મેસોલિથિક યુગ એટલે કે મધ્ય પાષાણયુગમાં આપણને સમાન ટેક્નોલોજી (માઈક્રોલિથ્સ)માંથી બનાવેલી ખૂબ જ નાની કલાકૃતિઓ મળે છે. આ માઇક્રોબ્લેડ/માઈક્રોલિથ ટેક્નોલોજી મેસોલિથિક યુગમાં લગભગ 10 હજાર વર્ષ પહેલા (10 kya) હોલોસીનમાં શરૂ થાય છે અને નિયોલિથિક યુગ સુધી ચાલુ રહે છે. નિયોલિથિક એટલે કે નવપાષાણયુગ એ ફૂડ પ્રોસેસિંગ સ્ટેજ હતો અને માઈક્રોલિથ્સ અને ગ્રાઇન્ડીંગ સ્ટોન્સની સાથે ખાદ્ય ઉત્પાદન અને પ્રક્રિયાના સાધનો હતા (પડ્ડાય્યા, 2011). આ સાધનો સાથેની મોટાભાગની આવી સાઇટ્સ આ ક્ષેત્રમાં નદી કિનારે અને રેતીના ટેકરાઓ પર જોવા

મળે છે. કપડવંજમાં માઇક્રોલિથ અને સંબંધિત સાધનોની હાજરીના વ્યાપક પુરાવા છે. કપડવંજના નદીના પટમાં સરળતાથી ઉપલબ્ધ કાચા માલના કારણે સંખ્યાબંધ સાઇટ્સ જોવા મળે છે.

કપડવંજમાંથી મધ્ય પુરાપાષાણયુગના સાધનો તેમજ દક્ષિણ ભાગમાંથી માઇક્રોલિથિક સાધનો પ્રાપ્ત થયા છે. કપડવંજના ઉત્તર-પશ્ચિમમાં લગભગ અઢાર કિલોમીટરના અંતરે આવેલા નાનકડા ગામ બોભામાં નદી અને ગામની વચ્ચે રેતીના ટેકરાઓની શ્રેણીમાંથી બ્લેડ્સ, સ્ક્રેપર્સ અને કોર મળી આવ્યા છે. આ ઉપરાંત પુરાતત્વવિદો (નૂરમોહમદ, 1979) દ્વારા મોટી સંખ્યામાં ફ્લેક્સ જોવામાં આવ્યા હતા. કપડવંજ શહેરની દક્ષિણ-પશ્ચિમમાં આવેલા દસલવાડામાં નડિયાદ-કપડવંજ રોડ દ્વારા કાપવામાં આવેલ ટેકરા છે જેમાંથી લ્યુનેટ્સ, ટ્રાએંગલ્સ, પોઇન્ટ્સ અને બ્યુરીન્સ તેમજ સ્ક્રેપર્સ અને કોર્સ મળે છે. કપડવંજની ઉત્તરે થોડે દૂર આવેલા ફુલજીનું મુવાડુ નામના અન્ય વિસ્તારને એક્સપ્લોર કરવામાં આવ્યો હતો, જ્યાં વિવિધ પ્રકારના સ્ક્રેપર્સ જોવા મળ્યા હતા. તેવી જ રીતે, નગરથી પાંચ કિલોમીટર દૂર મોટા રત્નાકરમાં નીચાણવાળા ટેકરા પર કેટલાક સાધનો હોવાનું બહાર આવ્યું છે. ટેલનાર પાસે બ્લેડ અને વિવિધ પ્રકારના સ્ક્રેપર્સ અને કોરો પણ મળી આવ્યા છે, જે આ ક્ષેત્રની લાક્ષણિકતા છે (નૂરમોહમ્મદ, 1979).

ચાલ્કોલિથિક અને હડપ્પન *(5000 BCE- 600 BCE)*

આ પ્રદેશમાં ટેકરાઓની આજુબાજુ મોટાભાગની ચાલ્કોલિથિક સાઇટ્સ જોવા મળે છે. પાણીના સ્ત્રોતોમાંથી, અરે નાના તળાવોમાંથી પણ તેના અવશેષો મળે છે. ખેડા જિલ્લાના પ્રદેશમાં ચાલ્કોલિથિક સાંસ્કૃતિક અવશેષો હોવાના પુરાવા છે, પરંતુ કપડવંજ તાલુકામાં ચાલ્કોલિથિક વ્યસાય હતો તેવું સાબિત કરતા કોઈ ખાસ પુરાવાઓ મળતા નથી. એ જ રીતે, કપડવંજ પાસે કોઈ હડપ્પન વસાહત અથવા કાર્યશાળા ચાલતી હોવાના પુરાવા નથી, પરંતુ આ ક્ષેત્ર નિશ્ચિતપણે હડપ્પન વસાહતીઓ માટે કાચા માલનો મુખ્ય સ્ત્રોત હતો.

માઇક્રોક્રિસ્ટલાઇન સિલિકેટ્સ સમગ્ર ગુજરાત પ્રદેશમાં જોવા મળે છે, પરંતુ માત્ર થોડાક જ એવા સ્ત્રોતો છે જ્યાંથી પર્યાપ્ત ગુણવત્તા અને કદના કાર્નેલિયન (અથવા તો વિવિધ પ્રકારના બ્રાઉન-યેલો અગેટ, જેને હીટ ટ્રીટમેન્ટ કરીને તેમાંથી કાર્નેલિયનનું ઉત્પાદન થઈ શકે છે), કે જે હડપ્પન-શૈલીના મણકાઓ બનાવવા માટે જરૂરી છે, તે પ્રાપ્ત થાય છે (કાયદો, 2013). આમાં કપડવંજના ઐતિહાસિક રીતે મહત્વના સ્ત્રોતોનો સમાવેશ થાય છે જે પૂર્વીય ગુજરાતમાં કેટલાક વસાહત સ્થળોની નજીક હતા.

ઐતિહાસિક પુરાવાઓ

પ્રદેશના પ્રારંભિક ઇતિહાસનું પુનર્નિર્માણ કરવા માટે, આપણે મુખ્યત્વે સાહિત્યિક સ્ત્રોતો અને કેટલાક પુરાતત્વીય સ્ત્રોતો પર નિર્ભર રહેવું પડશે. આ માટે ઘણા વિદેશી અહેવાલો, પ્રાચીન નગરો વિશે વાત કરતી પૌરાણિક દંતકથાઓ, બૌદ્ધ અને જૈન ગ્રંથો વગેરેને ધ્યાનમાં લઈ શકાય છે. પુરાતત્વીય પુરાવાઓમાં શિલાલેખો અને અનુદાન, સ્થાપત્ય અને સ્મારકો તેમજ સિક્કાઓનો સમાવેશ થાય છે.

મૌર્ય, સુંગા અને સાતવાહન *(3જી સહસ્ત્રાબ્દી બીસીઈ - પહેલી સહસ્ત્રાબ્દી બીસીઈ)*

ગુજરાતનો ઇતિહાસ મૌર્ય શાસનથી શરૂ થાય છે. ચંદ્રગુપ્ત મૌર્ય વંશના પ્રથમ શક્તિશાળી શાસક અને ભારતીય ઇતિહાસના સૌથી અગ્રણી શાસકોમાંના એક હતા, જેમણે ઉત્તર ભારતનો મોટા ભાગનો હિસ્સો જીતી લીધો હતો (305 બીસીઈ) (મજમદાર, 1951). જૂનાગઢ પથ્થરનો શિલાલેખ જેવા એપિગ્રાફિક પુરાવાઓ સૂચવે છે કે ગુજરાત અને સૌરાષ્ટ્રનો પ્રદેશ તેમના શાસન હેઠળ હતો, જે તેમના ગવર્નરો દ્વારા સંચાલિત હતો (સરકાર, 1949). કપડવંજ સહિતનો આ પ્રદેશ અંત સુધી મૌર્ય સામ્રાજ્યનો ભાગ રહ્યો. મૌર્યોના પતન સાથે, સુંગાઓએ મગધ (187 બીસીઈ) ની ગાદી સંભાળી. સુંગાઓએ આખરે મૌર્ય શાસકો દ્વારા કબજે કરવામાં આવેલા સમગ્ર પ્રદેશ પર શાસન કર્યું અને ભારતીય ઉપખંડના ઉત્તર પશ્ચિમી પ્રદેશોમાં વધુ વિસ્તરણ કર્યું (થાપર, 2012). તેના પરથી એ પ્રદર્શિત થાય છે કે, ગુજરાતના પ્રદેશો, જેમાં કપડવંજના વિસ્તારોનો પણ સમાવેશ થતો હતો, તે સુંગા સામ્રાજ્યનો પણ એક ભાગ હતો.

સાતવાહન કે જેમણે પોતાનું સ્વતંત્ર આંધ્ર સામ્રાજ્ય ડેક્કનમાં સ્થાપ્યું હતું તેઓએ ગુજરાત પર પણ શાસન કર્યું હતું, જે ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર અને દક્ષિણમાં કામરેજના તેમના સિક્કાઓથી સાબિત થાય છે. તેના પરથી આપણે એમ માનવું જોઇએ કે ગુજરાતનો પૂર્વોત્તર પ્રદેશ પણ આ જ વંશના શાસકો પાસે હતો. વધુમાં, શિલાલેખો અને સિક્કાઓ દ્વારા એવું અનુમાન કરવામાં આવ્યું છે કે ગુજરાતની પૂર્વ સીમા અમુક સમયે તેમના શાસન હેઠળ હતી. શ્રી સતકર્ણીને આપવામાં આવેલું 'પશ્ચિમના રક્ષક' તરીકેનું બિરૂદ પણ આવા દાવાઓને મજબૂત બનાવે છે (158 બીસીઈ) (સરકાર ડી.સી., 2008).

ઈન્ડો-ગ્રીક, શકો અને પાર્થિયન્સ *(પહેલી સહસ્ત્રાબ્દી બીસીઈ)*

ભારતીય ઉપખંડની ઉત્તર-પશ્ચિમ સરહદો વિદેશી હુમલાઓથી અસુરક્ષિત બની જતાં, ઈન્ડો-ગ્રીક, બેક્ટ્રીયન અને પાર્થિયનોએ ઉપખંડમાં વિસ્તરણ કરવાનું શરૂ કર્યું. ડેમેટ્રિયસે પશ્ચિમ ભારતમાં દરિયાકાંઠાના પ્રદેશો જીતી લીધા હોવાનું કહેવાય છે; જેમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થાય છે જેમાં નિ:શંકપણે ખેડા અને કપડવંજ પ્રદેશનો પણ સમાવેશ થાય છે (મજમદાર, 1951). ખેડા જિલ્લામાંથી મળી આવેલા એક પુરાતન કટકા પર બ્રાહ્મી ભાષામાં પૂર્વ ઇરાનના શાસક વોનોન્સનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે આ બે પ્રદેશો વચ્ચેના કેટલાક સંપર્કો દર્શાવે છે (નૂરમોહમ્મદ, 1979).

ક્ષત્રપ અને ગુપ્ત *(પહેલી સદી CE - 6ઠ્ઠી સદી CE)*

ક્ષત્રપ તેમના મુદ્રાશાસ્ત્ર અને શિલાલેખ માટે જાણીતા છે. ખેડા જિલ્લામાં જુદા જુદા તાલુકામાંથી સિક્કાના બે કોથળા મળી આવ્યા છે, જે આ જિલ્લા પર તેમની હકુમત દર્શાવે છે. ગુપ્ત શાસકોએ તે જ રીતે તેમના શિલાલેખો અને મુદ્રાશાસ્ત્રીય રેકોર્ડ દ્વારા તેમના રાજ્યના વિસ્તરણ પર પ્રકાશ પાડ્યો; જે આ પ્રદેશો પર તેમનું શાસન સૂચવે છે, જે અભ્યાસ હેઠળ છે (મજુમદાર, 1954).

મૈત્રકો *(6ઠ્ઠી સદી CE - 7મી સદી CE)*

ગુપ્તોના પતન પછી તરત જ, આખો ઉપખંડ પ્રાદેશિક સત્તાઓ અને વલ્લભીના મૈત્રકો, જેઓ તેમના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરનારા પ્રથમ લોકોમાંના એક હતા, તે બંનેમાં વિભાજિત થઈ ગયો. મૈત્રકોએ અનેક તામ્રપત્રોનું અનુદાન જારી કર્યું, જે તેમના શાસનકાળની માહિતીનો મુખ્ય સ્ત્રોત છે (સાંકલિયા, 1941). તેમાંથી લગભગ 14 તામ્રપત્રો મૈત્રક સામ્રાજ્યના ભાગ તરીકે ખેટકા મંડલાનો ઉલ્લેખ કરે છે. આ ખેટકા એટલે ખેડા જિલ્લો, જેમાંથી રાજા ઘુહસેનાએ 564 CE (શાસ્ત્રી, 2001)માં બે ગામો એક મઠને દાનમાં આપ્યા હતા.

આજની જેમ જ, કપડવંજ શહેર તેની આસપાસના ગામડાઓ સહિત આ ખેટકા મંડલાનો જ એક ભાગ જણાતો હતો અને કપડવંજમાંથી મળી આવેલ તામ્રપત્ર પોતે આ વાતનો પુરાવો છે. 653-654 CE (સોનાવણે, 2018) ની રાજા ધ્રુવેસેન ત્રીજાનું કપડવંજનું તામ્રપત્ર કપડવંજ તાલુકામાંથી મળી આવ્યું હતું અને તેનાથી સ્પષ્ટ સંકેત મળે છે કે આ વિસ્તાર પર મૈત્રકનું શાસન હતું.

રાષ્ટ્રકૂટો *(7મી સદી CE)*

વલ્લભીના મૈત્રકોનું સામ્રાજ્ય 788 સીઈમાં સમાપ્ત થયું અને તે જ સમયે આ સત્તાનું સ્થાન રાષ્ટ્રકૂટોએ લીધું. દક્ષિણ ગુજરાતમાં, ચાહમાના રાજા ભર્તૃદુર્ગ બીજો પ્રતિહાર રાજા નાગભટ્ટ પહેલા હેઠળ શાસન કરી રહ્યો હતો. પરંતુ, વલ્લભીના પતન સાથે, રાષ્ટ્રકૂટોના રાજા કક્કરાજાએ ચાહમાના રાજ્ય પર કબજો જમાવ્યો અને પોતાની રાજધાનીને ખેટકા (ખેડા)માં સ્થાનાંતરિત કરી. ઉત્તર ગુજરાતના રાજ્યપાલ, મહાસામંત ચંદ્રાદિત્યએ આ દરમિયાન રાષ્ટ્રકૂટ રાજા (મજુમદાર, 1955)ના સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો હતો.

પશ્ચિમ ચાલુક્ય / સોલંકી વંશ *(આશરે 950 CE- 1300 CE)*

પાટણમાં ચાલુક્ય શાસનના સ્થાપક મૂળરાજનું ખેટકા મંડલ પર કોઈ નિયંત્રણ નહોતું કારણ કે તે સમયે આ પ્રદેશ માળવાના પરમાર (સાંકલિયા, 1941)ના શાસન હેઠળ હતો. તે પછીથી સોલંકી સામ્રાજ્યની આ સીમાઓ વિસ્તારવામાં આવી હતી. તે પછી આ વંશમાં શ્રેણીબદ્ધ સતત અનેક મહાન શાસકો આવ્યા, પરંતુ તેમાંથી એકને તેની રાજકીય, આર્થિક અને કલાત્મક સિદ્ધિઓ માટે સૌથી વધુ ખ્યાતિ મળી. કર્ણ પહેલાના પુત્ર સિદ્ધરાજ જયસિંહ (1094-1143 CE), ગુજરાતને તેના રાજકીય અને સાંસ્કૃતિક ગૌરવના શિખર સુધી લઈ ગયા. તેમણે પાટણ ખાતે સહસ્ત્રલિંગ તળાવનું નિર્માણ કરાવ્યું, અને આ ઉપરાંત તેમણે રૂદ્રમહાલય મંદિર સહિત અને મંદિરો અને ઘણા કીર્તિ તોરણો બંધાવ્યા તેમજ કપડવંજ સહિત સમગ્ર ગુજરાતમાં ઘણી વાવ અને કુંડ (કૂવાઓ) બંધાવ્યા (મજુમદાર એ., 1956).

તેમણે ગુજરાતની કેટલીક સુંદર ઇમારતોનું નિર્માણ કર્યું. કપડવંજના જૂના શહેરની મધ્યમાં, તેમણે કેટલાક સુંદર બાંધકામો બાંધ્યા હતા. કપડવંજ પ્રાચીનકાળથી વેપારનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. કેમ્બે બંદરથી અંતરિયાળ માર્ગ પર, કપડવંજ એક વેપારનું કેન્દ્ર હતું, અને સિદ્ધરાજ જયસિંહ સોલંકીના શાસન દરમિયાન વેપારી પ્રવૃત્તિએ શહેરના મહત્વ અને સમૃદ્ધિમાં વધારો કરવામાં મદદ કરી (મજુમદાર એ., 1956). વાવ બનાવવા માટે તે એક આદર્શ સ્થાન હોવું જોઈએ, કારણ કે વાવ સામાન્ય રીતે નગરમાંથી પસાર થતા પ્રવાસીઓ અને વેપારીઓ માટે બાંધવામાં આવે છે. અહીંનું મુખ્ય આકર્ષણ કુંડવાવ છે, જે એક લંબચોરસ માળખું ધરાવે છે, જેની ડિઝાઇન મોઢેરા સૂર્યમંદિરની વાવ જેવી છે (બર્ગેસ એન્ડ કઝન્સ, 1903). આ વાવ મોઢેરાની વાવ કરતા નાના પાયે બાંધવામાં આવી છે, જોકે આર્કિટેક્ચરની સમાનતા બંને બાંધકામો માટે સમાન સમયમર્યાદા દર્શાવે છે. સ્થાનિક દંતકથાઓમાં જણાવવામાં આવ્યું છે કે સિદ્ધરાજ જયસિંહ જ્યારે કપડવંજ

શહેરમાં આવ્યા ત્યારે તે જંગલોથી ભરેલું હતું. કુંડવાવની જગ્યાએ પાણીનો ખાડો હતો જે બાદમાં રાજાના આદેશથી વાવમાં ફેરવવામાં આવ્યો હતો. જાળવણીની સમસ્યાઓના કારણે કૂવામાંના ગોખલાઓને નાબૂદ કરવામાં આવ્યા છે, વધુમાં કૂવાની સપાટી પર શેવાળ અને અન્ય વનસ્પતિઓ ફરી વળી છે।

કુંડવાવ ખાતેનું તોરણ સોલંકી શાસકો દરમિયાન બાંધવામાં આવેલ ગુજરાતના કીર્તિ તોરણોમાંનું એક છે (રાજ્યગોર, 1977). આ તોરણ હવે કુંડવાવના પ્લેટફોર્મ અથવા માર્કેટ પ્લેસમાં આવેલા જળાશયની પૂર્વ બાજુએ છે. આ તોરણ વડનગર અને સિદ્ધપુરના કીર્તિ તોરણ જેવું જ છે, જે એ બાબતને વધુ સ્પષ્ટ કરે છે કે તોરણ અને તેનું સમકાલીન કુંડ રાજા સિદ્ધરાજના શાસનકાળના છે. બંને કમાનો, જેમાંની એક આર્કિટ્રેવની ઉપર અને બીજી બે થાંભલા વચ્ચે છે, તે બંને પાંચ અલગ-અલગ વળાંકો સાથે ત્રિકોણાકાર છે. જોકે કપડવંજનું તોરણ આર્કિટ્રેવ પરના નાના સ્તંભો વચ્ચેના સ્તંભો અને આકૃતિઓને કારણે વડનગર અને સિદ્ધપુરના તોરણો કરતા અલગ પડે છે. અહીંયા કેન્દ્રમાં રહેલી આકૃત એ નૃત્યની મુદ્રામાં ઉભેલા શિવજી છે, જ્યારે આસપાસના ગોખલામાં ઢોલ વગાડનારાઓની આકૃતિઓ છે. સ્તંભો ઉપર વિશિષ્ટ કોતરણીવાળા પાંદડા વડનગર અને સિદ્ધપુર ખાતેના સ્તંભોમાં પણ જોવા મળે છે (સેનપ્રમાણિક, 2009). આ કારણોસર કપડવંજ તોરણ 12મી કે 13મી સદીમાં બંધાયેલું જણાય છે.

આ સમયગાળામાં ઘણી વાવ બાંધવામાં આવી હતી, જેમાંની કેટલીક કપડવંજમાં આવેલી છે. 13મી સદી દરમિયાન બાંધવામાં આવેલી આવી જ એક મહત્વની વાવ છે, બત્રીસ કોઠાની વાવ, જે નગરની મધ્યમાં આવેલી છે. આ વાવને સ્થાનિક રીતે જે નામ આપવામાં આવ્યું છે, તેનો અર્થ છે, '32 કોઠા અથવા માળની વાવ'. આ વાવનું બાંધકામ અલ્પવિકસિત હોવાનું જણાય છે, અને તેમાં પાર્શ્વીય કંપિત સીડીઓ જેવી પ્રારંભિક વિશેષતાઓ છે, પરંતુ અન્ય વિશેષતાઓ પ્રાથમિક તબક્કામાં વાવના બાંધકામ સાથે સુમેળ ધરાવે છે. વાવમાં પાર્શ્વીય પગથિયા ઉપરાંત સમાંતર ઉતરતા પગથિયાં છે અને તેમાં બહુવિધ 'કૂટ' આવેલા છે. જોકે, વાવનું સમગ્ર માળખું સમજવું મુશ્કેલ છે કારણ કે તે તૂટી ગયું છે અને તેની આસપાસ અન્ય આધુનિક બાંધકામો કરી દેવામાં આવ્યા છે. કૂવાના શાફ્ટને અડીને આવેલા છેલ્લા મંડપના થાંભલાઓ અને દીવાલ સ્તંભોની ડિઝાઇન રાજાસેનકા, વેદિકા, આસનપટ્ટ અને કાકસાસ્નાની ડિઝાઇન સાથે અકબંધ છે, જે 12મી-13મી સદી CE માં અમદાવાદમાં બાંધવામાં આવેલી માતા ભવાનીની વાવ જેવી વાવ સાથે સુસંગત છે (જૈન 1981).

સ્થાનિક ઇતિહાસકારો અને નગરના વૃદ્ધ રહેવાસીઓ કપડવંજની આસપાસની કિલ્લેબંધી દીવાલ વિશે વાત કરે છે. નગરના જુદા-જુદા ભાગોમાં કિલ્લેબંધીની દીવાલ હજુ પણ વિખરાયેલા સ્વરૂપમાં છે. એવું નોંધવામાં આવ્યું છે કે આ કિલ્લાનું બાંધકામ સોલંકીકાળના બાંધકામના આધારે કરવામાં આવ્યું છે, જેમાં લાલ રંગના ખડકોના મોટા પથ્થરોથી દીવાલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ લાલ રંગનો ખડક કદાચ બોક્સાઇટ છે, જે આ પ્રદેશ માટે સ્થાનિક ખડક છે, અને તે મોહર નદીના પટનું નિર્માણ કરે છે. એવો પણ દાવો કરવામાં આવે છે કે ત્યાં પાંચ દરવાજા હતા, જે નગરની અંદર જતા હતા. આ કિલ્લેબંધીના પાંચ દરવાજા હાલ ક્ષતિગ્રસ્ત છે અને ઓળખી શકાતા નથી. એવું જોવામાં આવ્યું છે કે બહારના રસ્તાઓ જે આપણને નગરની અંદર લઈ જાય છે તે આ દરવાજાઓની યાદ અપાવે છે. વધુમાં, કપડવંજના ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણમાં થોડા વર્ષો પહેલા નગરના આ દરવાજાઓમાંથી એક દરવાજો કેદ થયો હતો, જે તે સમયે કદાચ તૂટ્યો ન હતો.

અન્ય પુરાતત્વીય શોધો

કપડવંજમાં અન્ય ત્રણ વાવ જોવા મળી છે, પરંતુ તેમના માટે જણાવવામાં આવેલી સમયમર્યાદા અચોક્કસ છે. આમાંની એક વાવ કપડવંજથી 6 કિલોમીટર દૂર આવેલા સોરણામાં સ્થિત છે. શેષનાગની શૈયા પર સૂતા શ્રી વિષ્ણુ ભગવાનની છબિ આ વાવના એક ગોખલામાં કોતરવામાં આવી છે, અને તેની સાથે એક તૂટી ગયેલા પથ્થર પર મહિષાસુરમર્દિનીની છબિ જોવા મળે છે (નૂરમોહમ્મદ, 1979). કેટલાક વિદ્વાનોના અભિપ્રાયના આધારે, આ વાવની રચના લગભગ પહેલી સહસ્ત્રાબ્દી CEની આસપાસ થઈ હોઈ શકે છે. વાવ ઘણીવાર ફળદ્રુપતાની થીમ પર આધારિત હોય છે, અને સામાન્ય રીતે કાચબો અને માતૃકા જેવા ફળદ્રુપતાના પ્રતીકો તેમની સાથે સંકળાયેલા હોય છે. વૈજનાથ વાવ કે જેમાં માતા દેવીની પૂજા માટીના વાસણો સાથે કરવામાં આવે છે (જૈન, 1981), તેને સિંગરાણી પણ કહેવામાં આવે છે. તે જૂના સમયમાં રેશમને ચમકદાર બનાવવાની તેની પાણીની ગુણવત્તા માટે જાણીતી હતી. અન્ય એક વાવ નગરની બહાર સ્થિત છે, જેનું નામ છે બેનજીરાજ વાવ. આ વાવ સંપૂર્ણપણે વનસ્પતિથી ઢંકાયેલી છે, જે તેની જર્જરિત અવસ્થાને કારણે ઓળખી શકાય તેમ નથી.

કપડવંજમાં આવેલ ટાકલી માતાનું મંદિર શક્તિની ઉપાસનાને સમર્પિત છે. મુખ્ય મંદિરનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે પરંતુ, આસપાસમાં તૂટી ગયેલા મંદિરના અવશેષો જોઈ શકાય છે. હાલના મંદિરની નજીક ઇંટની થેલીઓનો એક ટેકરો જોવા મળે છે, જે મંદિરનો નીચલો ભાગ ઇંટોનો બનેલો હોય તેવો સંકેત આપે છે. મંદિરના પૂજારીના જણાવ્યા મુજબ, નજીકના તળાવના કિનારે પહેલાના મંદિરના ઘણા અવશેષો હતા. જ્યારે તેની શોધખોળ કરવામાં આવી ત્યારે તે જ વિસ્તારમાં તૂટેલી અમલાકા મળી આવી હતી. તેવી જ રીતે, અગાઉના સંશોધનોમાં પીઠેશ્વરી માતાના નામથી એક મંદિરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જ્યાં વિષ્ણુ, ઉમા મહેશ, સપ્તમાત્રિકા, નરસિંહ



વગેરેના શિલ્પો જોવા મળે છે. અહીંના નાનકડા ગામ વડધ્રામાં સપ્તનાત્રિકા પેનલ અને નંદી તૂટેલી હાલતમાં જોવા મળે છે. આ મંદિરો અને તેમાં રહેલી છબિઓની ખંડિત સ્થિતિને કારણે તેમનો સમયગાળો જાણવો મુશ્કેલ છે, પરંતુ વિદ્વાનોના મંતવ્યો અને આ રચનાઓની વિશેષતાઓના આધારે તેમને 1લી-2જી સહસ્ત્રાબ્દી CEના સમયગાળામાં મૂકી શકીએ છીએ (નૂરમોહમ્મદ, 1979).

કપડવંજમાં નવ જૈન મંદિરો છે, જેમાં ચિંતામણી પાર્શ્વનાથ મંદિર, અષ્ટપદ મંદિર, શાંતિનાથનું કાચનું મંદિર તેમાંથી પ્રખ્યાત છે. આ મંદિરોનો સમયગાળો અનિશ્ચિત છે. કાચના આંતરિક ભાગ સાથે બનાવવામાં આવેલા જૈન મંદિરમાં અકબરની ગુજરાતમાં મુલાકાત અને જૈન ધર્મ અને ઉચ્ચ જૈન સાધુઓની આસપાસ ફરતી અન્ય મહત્વપૂર્ણ ઘટનાઓ સંબંધિત અનેક ભીંતચિત્રો પણ છે.

મધ્યકાલીન ઈસ્લામિક શાસન *(13મી સદી CE - 18મી સદી CE)*

કપડવંજમાં મધ્યકાલીન સમયગાળો 1299 CEમાં દિલ્હીના સુલ્તાન અલાઉદ્દીન ખિલજી દ્વારા ગુજરાત પર વિજય મેળવવા સાથે શરૂ થાય છે (મજુમદાર આર., 1967). તે મરાઠાઓ દ્વારા મુસ્લિમ ગવર્નરની હાર સાથે જ સમાપ્ત થયો. ઈસ્લામિક શાસનની આ સાડા ચાર સદીઓ કપડવંજના ઇતિહાસનો હિસ્સો રહી છે. આપણે વિવિધ સ્ત્રોતોમાં આ પ્રદેશનો ઉલ્લેખ થયેલો શોધી શકીએ છીએ જેના પરથી અનુમાન કરી શકાય છે કે તે સમયગાળાના તમામ મુખ્ય શાસકોએ સમગ્ર ખેડા જિલ્લા પર શાસન કર્યું હતું. તેમ છતાં, અમદાવાદના સુલતાનોનું શાસન કપડવંજના ઇતિહાસમાં અત્યંત મહત્વ ધરાવે છે કારણ કે ખેડા જિલ્લાનું અમદાવાદને અડીને આવેલું સ્થાન આ વિસ્તાર પર તેમના સતત શાસનની પુષ્ટિ કરે છે. અમહદ શાહના શાસને (1411-1442 CE) સમગ્ર પ્રદેશ પર સંપૂર્ણ નિયંત્રણ સુનિશ્ચિત કર્યું, કારણકે નડિયાદમાં થયેલા બળવાઓને સરળતાથી દબાવી દેવામાં તે સક્ષમ હતો અને પ્રદેશ પર તેની મજબૂત પકડ હતી (નૂરમોહમ્મદ, 1979).

કુતુબુદ્દીન શાહના શાસન દરમિયાન 1452 CEમાં કપડવંજનું યુદ્ધ લડવામાં આવ્યું હતું. આ તે સમય હતો જ્યારે યુવા શાસક સામે તેની કારકિર્દીની શરૂઆતમાં જ મહમૂદ ખિલજીના હુમલાઓ સામે તેના સામ્રાજ્યનો બચાવ કરવાનો પ્રચંડ પડકાર હતો. ખિલજી એક વિશાળ સૈન્ય સાથે ગુજરાતમાં પ્રવેશ્યો અને ગુજરાતની રાજધાનીને કબજે કરવા માટે તેણે કપડવંજ તરફ કૂચ કરી. મહી નદીના કિનારે ખાનપુર-વાંકાનેરના કિલ્લા સુધી આગળ વધતા મેદાનમાં સુલતાન આક્રમણખોર સામે ઊભો રહ્યો. કપડવંજની આજુબાજુના વિસ્તારોમાં ફરી વળીને તેણે યુદ્ધ લડ્યું અને વિજયી થયો (રાજ્યગોર, 1977). સ્થાનિક ઇતિહાસકારો અને રહેવાસીઓ દ્વારા જે કિલ્લેબંધીની વાત કરવામાં આવે છે તે નગરની મધ્યકાલીન વસાહતો સાથે પણ સંકળાયેલી છે. કપડવંજમાં મળી આવેલ ખંડિત કિલ્લેબંધીનો ઉપરનો ભાગ સોલંકી લેયર કરતા સામગ્રી અને પેટર્નમાં અલગ છે. આ લેયર નાની ઇંટો અને મજબૂત મોર્ટાર સાથે સારી રીતે બનાવવામાં આવ્યું

છે, જે સમગ્ર સ્ટ્રક્ચરને એકસાથે પકડી રાખે છે. હાલમાં, આ કિલ્લેબંધીના બાકીના ભાગો મોટા વિસ્તારોની સીમાઓ તરીકે કાર્ય કરે છે અને દીવાલની સામે બાંધવામાં આવેલા કેટલાક મકાનોએ તેને પોતાના કેમ્પસમાં આવરી લીધી છે.

ભારતમાં લીડ-આધારિત અરીસાઓનું ઉત્પાદન પ્રારંભિક મુગલ સમયગાળા (1526-1857) નું છે, જ્યારે પર્શિયન કારીગરો દ્વારા હસ્તકલા રજૂ કરવામાં આવી હતી. સત્તરમી સદીમાં, મુગલોએ તેમના મહેલોને સજાવવા માટે તેનો ઉપયોગ કર્યો, એક એવી પરંપરા જે ઓગણીસમી સદી સુધી ચાલુ રહી (કોક, 2021). કપડવંજ (ગુજરાત, ભારત) ખાતે છેલ્લી હયાત વર્કશોપ વિશિષ્ટ રીતે એક સંયુક્ત કાચ બનાવવાની અને વર્કિંગ ટેંક ફરનેસનું સંચાલન કરે છે. અહીં કારીગરો હજુ પણ વિશિષ્ટ બહિર્મુખ, ગરમ લીડ કોટેડ અરીસાઓનું ઉત્પાદન કરે છે જે થોડી સદીઓ પહેલા સુધી વિપુલ પ્રમાણમાં હતા (કાનુન્ગો, 2021). કાચ બનાવવા માટે વપરાતી વિશિષ્ટ રેતી પણ અહીં જોવા મળે છે, જે આ પ્રદેશમાં અગાઉ કાચ બનાવવાનો ઉદ્યોગ હોવાના દાવાને નક્કર કરે છે, અને આ સમાન તકનીકનો આજે પણ ઉપયોગ કરવામાં આવે છે તેવા સમકાલીન પુરાવાઓ પણ છે.

લાકડાના શિલ્પો અને બોહરા / વોહરા સમુદાયની વસાહત

પ્રાચીનકાળથી માનવ વસવાટના નિર્માણમાં તેની પ્રાચીનતાને કારણે દેશના તમામ ભાગોમાં લાકડા પર કોતરકામ એ ઘરના બાંધકામનું એક સામાન્ય લક્ષણ છે. તે પછીથી ઘરોના સ્ટ્રક્ચરને વધુ ટકાઉપણું સુનિશ્ચિત કરવા માટે ઈંટ અને પથ્થરનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો. ગુજરાતમાં લાકડાના કોતરણીકામની અનન્ય પ્રકૃતિ અને તેની લોકપ્રિયતાને ઘણા કલા અને સ્થાપત્યના ઉત્સાહીઓ દ્વારા વખાણવામાં આવી છે, પરંતુ સૌથી અગત્યનું એ છે કે લોકો તેની પાછળ રહેલા સંસ્કૃતિ અને ઇતિહાસની પ્રશંસા કરે છે (ત્રિવેદી, 1961). સમગ્ર કપડવંજ શહેરમાં લાકડાનું સ્થાપત્ય અદ્ભૂત આકર્ષણ ધરાવે છે. વેપારી માર્ગ પર તેનું પ્રાથમિક સ્થાન હોવાને કારણે આ શહેરમાં લાંબા સમયથી મોટી સંખ્યામાં વેપારી વર્ગના સમુદાયો વસવાટ કરી રહ્યા છે. આ વસાહતીઓએ સ્થાપત્ય વૈભવ માટે ખૂબ ખર્ચાળ રોકાણો કર્યા છે, જે તેમની રહેણાંક જગ્યાનો એક હિસ્સો છે. કોતરણીની ડિટેઇલ્સ પર ખૂબ જ ધ્યાન રાખીને તેમજ લાકડાના અગ્રભાગ અને કેટલીકવાર લાકડાના આંતરિક ભાગો સાથે બનાવવામાં આવેલા આ લાકડાના મકાનો હજુ પણ મજબૂત છે. જોકે, આ બાંધકામો નગરમાં એક સદી કરતા પણ વધુ સમયથી અસ્તિત્વમાં છે; જેમાંથી ઘણા ત્યજી દેવામાં આવ્યા છે અથવા તો કોઈપણ જાળવણી વિના ખાલી છોડી દેવામાં આવ્યા છે, અને તેથી તેને નુકસાન થવાની અને આખરે તેમનું પતન થવાની સંભાવના છે.

ભારતમાં બોહરા અથવા વ્હોરાઓની ઉત્પત્તિ અંગે વિવિધ માન્યતાઓ છે, જેમાંથી એક પોતાના ધર્મનો પ્રચાર કરવાના ઉદ્દેશથી મૌલાઈ અબ્દુલ્લાનું ગુજરાતના પોર્ટ સિટીમાં આગમન અને તેમના પ્રભાવ હેઠળ થયેલા ત્યારપછીના ધર્માંતરણો પર આધારિત છે. નવા ધર્માંતરણ કરનારાઓની સંખ્યા આગામી 250 વર્ષ સુધી, એટલે કે લગભગ 1380 CE સુધી સતત વધતી રહી. વ્યવસાય માટેની યોગ્યતા ધરાવતો આ સમુદાય કપડવંજ સહિત ગુજરાતના તમામ વેપાર આધારિત નગરોમાં વિકસ્યો હતો. તેમાંના મોટા ભાગના વેપારીઓ હોવાથી, અને અવારનવાર ધંધા માટે અન્ય નગરોમાં જતા હોવાથી, તેઓ ઈચ્છે છે કે તેમના પરિવારના સભ્યો તેમના સમુદાયના સભ્યોની વચ્ચે રહે. સમયાંતરે વ્હોરાઓ એક તદ્દન નાનકડો લઘુમતી સમુદાય બની ગયો અને તેઓએ પોતાના જ પડોશમાં સ્થાયી થવાનું શરૂ કર્યું, જેને વ્હોરાવાડ તરીકે ઓળખવામાં આવે છે. લગભગ તમામ વ્હોરાવાડ, જે 100 વર્ષોથી પણ વધુ જૂના છે, જેમાં કપડવંજના વ્હોરાવાડનો પણ સમાવેશ થાય છે, તે કિલ્લેબંધીવાળા શહેરમાં ઉપલબ્ધ જમીનની મર્યાદામાં વ્યવસ્થિત રીતે વિકસિત થયા હતા (બાલકૃષ્ણ).

19મી સદીના ઉત્તરાર્ધમાં જ્યારે ભારત પર બ્રિટિશનો ગઢ મજબૂત બન્યો, ત્યારે વ્હોરાઓ તેમના વિદેશ પ્રવાસ દ્વારા બ્રિટિશ સંસ્કૃતિથી પરિચિત થયા. તેના કારણે નવા વ્હોરાવાડોના લાકડાના મકાનના આર્કિટેક્ચરમાં યુરોપિયન પ્રભાવ જોવા મળ્યો. કપડવંજમાં, મોટાભાગના વ્હોરાઓ મોટી શહેરી વસાહતોમાં સ્થળાંતર કરી ગયા છે. અહીંના વ્હોરા નિવાસો બે અલગ-અલગ સમાજમાં જૂથબદ્ધ છે. આ બે જૂથોમાંથી, પહેલાના સમયની નાની વ્હોરાવાડમાં ઘૂમરાતી શેરીઓ સાથે વધુ ઓર્ગેનિક કેરેક્ટર જોવા મળે છે. મોટી વ્હોરાવાડ, જે પાછળથી આવી હતી, તેનું આયોજન વધુ યોગ્ય રીતે કરવામાં આવ્યું હોય તેમ જણાય છે, જેમાં પેટાશેરીઓ મુખ્ય શેરીને કાટખૂણે આવેલી છે (બાલકૃષ્ણ).

બે વ્હોરાવાડ વચ્ચે ઈન્ટરનલ લિંક ત્યારે બનાવવામાં આવી, જ્યારે તે બંનેને નગર સાથે જોડતા દરવાજા બંધ કરવામાં આવ્યા. બે કમાનવાળા પ્રવેશદ્વાર સાથેના વિશાળ ડબલ ગેટમાંથી આ બે વ્હોરાવાડમાં પ્રવેશ કરી શકાય છે. પોર્ચ પાસે પીવાના પાણીની જગ્યા રાખવામાં આવી છે. વોહરા ભારતમાં લઘુમતી સમુદાય છે અને એટલે તેઓ ભારપૂર્વક સુરક્ષાની જરૂરિયાત અનુભવે છે. તેમની સામાજિક-સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથાઓને કારણે તેઓ તેમના પાદરીના નિવાસસ્થાન, મસ્જિદ અને કોમ્યુનિટી હોલની નજીકમાં જ તેમના ઘરોના સ્થાન હોવાની પણ માંગ કરે છે. સમુદાયની બુરહાની મસ્જિદ પ્રવેશ બંદર પર પ્રભુત્વ ધરાવે છે જ્યાં સ્થાનિક પાદરીનું ઘર પણ જોઈ શકાય છે. નગરમાં અન્ય મુસ્લિમ સમુદાયોની અન્ય મસ્જિદો છે, જેમાંથી એકમાં વિશિષ્ટ કેલિગ્રાફી જોવા મળે છે, જે ગુજરાતમાં ઉદ્ભવી હતી, જેને 'ખત-એ-બહાર' કહેવામાં આવે છે. આ કેલિગ્રાફી અરબી લિપિમાં સ્થાનિક તત્વોને મિશ્રિત કરે છે.

નિષ્કર્ષ

કપડવંજ નગરનો ઈતિહાસ લાંબો છે, જે મધ્ય પુરાપાષાણયુગની સાધનો બનાવવાની સંસ્કૃતિઓ સુધીનો છે. કપડવંજના વિસ્તારોના વ્યવસાયને કારણે તેને સમૃદ્ધ વારસો ધરાવતા નગરનું સ્થાન પ્રાપ્ત થયું છે. આ હેરિટેજ એટલે કે વારસો, જે ભૌતિક બંધારણના સ્વરૂપમાં અથવા પરંપરાઓ, તેમને સંલગ્ન મૂલ્યોના રૂપમાં અનિવાર્યપણે કપડવંજના ઇતિહાસની નિશાનીઓની આસપાસ ફરે છે, તે લોકોમાં સ્થાપિત થયેલ છે. કપડવંજની દરેક શેરી- શેરીમાં રહેલી દરેક વ્યક્તિ એ તેના ભૂતકાળની વાર્તા છે. જ્યાં બે માળના સ્ટોર કમ હાઉસ સ્ટ્રક્ચર્સ આપણને બિઝનેસ સમુદાયો સાથેના તેના ભૂતકાળની વાર્તા કહે છે, ત્યાં કપડવંજના કાચના કામદારો આપણને આ મુગલ આર્ટવર્કના કામ વિશે વાત કરે છે. કપડવંજના કૂવા-વાવ આપણને સોલંકી સામાજિક-રાજકીય માળખાની ઝલક આપે છે, જ્યારે વ્હોરાવાડ આપણને શહેર પરના ઈસ્લામિક અને યુરોપિયન પ્રભાવો દર્શાવે છે. સમગ્ર રીતે જોતા, કપડવંજ શહેરની આસપાસ ફરવાથી આપણે આપણા દેશના સાંસ્કૃતિક અને ધાર્મિક ભૂતકાળના સમન્વયના સાક્ષી બનીએ છીએ.

સંદર્ભો

• બાલકૃષ્ણ, વી.ડી. (એન.ડી.). વ્હોરા હાઉસીસ ઓન ગુજરાત, વાસ્તુ શિલ્પ ફાઉન્ડેશન, 52-63.• બર્ગેસ, જે. એન્ડ કઝન્સ, એચ. (1903). ઉત્તર ગુજરાતની સ્થાપત્ય પ્રાચીન વસ્તુઓ. મુંબઈ: ઠાકર એન્ડ કંપની લિ. • ચૌધરી, એ., અને સરીન, બી. (1990). અમદાવાદ અને ખેડા વિસ્તાર, ગુજરાતના ભાગોનું ક્વાર્ટરનરી જીઓલોજિકલ અને જીઓમોર્ફોલોજિકલ મેપિંગ. જયપુરઃ જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા. • જૈન, જે. (1981). ગુજરાતના સ્ટેપવેલ. દિલ્હીઃ અભિનવ પબ્લિકેશન્સ. • કનુન્ગો, એ.કે. (2021, જૂન 1). મેપિંગ કપડવંજ ગ્લાસઃ ધ લાસ્ટ સરવાઇવિંગ ટ્રેડિશનલ ટેન્ક ફરનેસ ઇન ઈન્ડિયા. hss.iitfn.ac.in: https://hss.iitgn.ac.in/k-event/mapping- kapadvanj-glass-the-last-surviving-traditional-tank-furnace-in-india/ માંથી મેળવેલ છે. • કોક, જે.એસ. (2021). ભારતમાં ગુજરાતના કપડવંજમાં પરંપરાગત કાચના અરીસાઓનું ઉત્પાદન અને તેના ઉપયોગની રૂપરેખા, કનુન્ગોમાં છે, 'એન્શિયેન્ટ ગ્લાસ ઓફ સાઉથ એશિયા'. સિંગાપુરઃ સ્પ્રિંગર • કાયદો, આર. (2013). હડપ્પન સમયગાળા દરમિયાન ગુજરાતના મહત્વના પથ્થર અને ધાતુના સંસાધનો. હેરિટેજઃ જર્નલ ઓફ મલ્ટીડિસિપ્લીનરી સ્ટડીઝ ઇન આર્કિયોલોજી, 319-343. • મજુમદાર, આર. (1951), ધ એજ ઓફ ઈમ્પિરિયલ યુનિટી. બોમ્બેઃ ભારતીય વિદ્યાભવન • મજુમદાર, આર. (1956), ચાલ્યુક્યાઝ ઓફ ગુજરાત. મુંબઈઃ ભારતીય વિદ્યાભવન • મજુમદાર, આર. (1954), ધ ક્લાસિક એજ. મુંબઈઃ ભારતીય વિદ્યાભવન • મજુમદાર, આર. (1955), ધ એજ ઓફ ઈમ્પિરિયલ કનૌજ. મુંબઈઃ ભારતીય વિદ્યાભવન • મજુમદાર, આર. (1967),• ધ દિલ્હી સલ્તનત. મુંબઈઃ ભારતીય વિદ્યાભવન • નૂરમોહમ્મદ, એમ.કે. (1979). આર્કિયોલોજી ઓફ ધ ખેડા ડિસ્ટ્રિક્ટ અપટુ 1300 એ.ડી. વડોદરાઃ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા • પડ્ડ્યા, કે. (2008). એનસાયક્લોપીડિયા ઓફ આર્કિયોલોજી. કેમ્બ્રિજઃ એકેડેમિક પ્રેસ. • પડ્ડ્યા, કે. (2011). ભારતના પ્રારંભિક કૃષિ-પશુપાલન સંસ્કૃતિઓની શોધ-તપાસમાં નવા પરિપ્રેક્ષ્ય. મેન એન્ડ એન્વાયર્મેન્ટ, 01-19. • રાજ્યગોર, એસ. (1977). ગુજરાત સ્ટેટ ગેઝેટિયર્સઃ ખેડા ડિસ્ટ્રિક્ટ. અમદાવાદઃ ભારત સરકાર • સાંકલિયા, એચ. (1941). ધ આર્કિયોલોજી ઓફ ગુજરાત (ઇન્ક્લુડિંગ કાઠિયાવાડ). મુંબઈઃ નટવરલાલ એન્ડ કું. • સેનપ્રમાણિક, એસ. (2009). ગુજરાતનું તોરણ સ્થાપત્ય. જર્નલ ઓફ ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, 85-103. • શાસ્ત્રી, એચ. (2001). ગુજરાત અંડર ધ મૈત્રકાસ ઓફ વલ્લભી. વિઝબેડેન. • સિરકાર, ડી. (1949). ઈન્સ્ક્રિપ્શન્સ ઓફ અશોકા. દિલ્હીઃ માહિતી અને પ્રસારણ મંત્રાલય.










કપડવંજની **પોળો**



હસમુખ ગોહિલ
નિવૃત્ત લેક્ચરર
શ્રી પી. એન. ટેક્નિકલ હાઇસ્કૂલ, કપડવંજ

ગુજરાતનાં તમામ પ્રાચીન નગરોમાં અમદાવાદની જેમ પોળની સંસ્કૃતિ જોવા મળે છે અને તેમાં કપડવંજ પણ બાકાત નથી. અહીંની ખાસિયત એ છે કે અહીં પોળનાં પ્રમાણમાં ઓળ પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. પોળ એ પારંપરિક રહેઠાણની વ્યવસ્થા છે જ્યારે ઓળ એ રહેઠાણની સાથે દુકાન પણ હોય એ પ્રકારની વ્યવસ્થા છે. કપડવંજ વૈપારિક મથક હોઈ, અહીં ઓળ શૈલીમાં મકાનો વધુ સંખ્યામાં જોવા મળે છે. જ્ઞાતિ, વ્યવસાય મુજબ અલગ અલગ પ્રકારની પોળો રહેતી અને એ મુજબ દરેક પોળને પોતાનો દરવાજો, નાની બારીઓ, કૂવાઓ, મંદિર, જિનાલય, ઉપાશ્રયો હતા. એ જ રીતે વાડાઓ અને નાની નાની ખડકી આ નગરમાં જોવા મળે છે. કપડવંજ શહેરમાં નાની-મોટી થઈને આશરે ૧૦૦ ની આસપાસ શેરીઓ આવેલી છે તથા હાલમાં કપડવંજ શહેરના બહારના વિસ્તારમાં ઘણી બધી સોસાયટીઓ બનેલી છે, જે અંગેની માહિતીનો આમાં સમાવેશ કર્યો નથી.

કાછીયાવાડઃ ગાંધીજીના સ્ટેચ્યૂથી વ્હોરાવાડ તરફ જતા રસ્તાની જમણી બાજુએ જે રસ્તો જાય છે, તે બાજુ કાછીયાવાડ આવેલી છે. અહીંયા કાછીયા પટેલ જ્ઞાતિના આશરે ૧૦૦ કુટુંબો રહે છે. આ જ્ઞાતિનો મુખ્ય વ્યવસાય શાકભાજી વેચવાનો છે.

તોતરા માતાની ખડકીઃ કાછીયાવાડમાં જતા પહેલાં ડાબા હાથે આ ખડકી આવેલી છે. અહીં કાછીયા પટેલ જ્ઞાતિના કુળદેવી 'તોતરા માતાજી' નું મંદિર આવેલું હોવાથી તેને 'તોતરા માતા' ની ખડકી કહે છે. આ ખડકીમાં હાલ તપોધન બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબો વસે છે. મંદિરના પૂજારીશ્રીના કહેવા પ્રમાણે જે છોકરાઓ બોલી શકતા ન હોય, તેઓ આ માતાજીની બાધા રાખવાથી બોલતા થાય છે.

કારખાનાની વાડઃ કાછીયાવાડમાંથી આગળ જતા કારખાનાની વાડની શરૂઆત થાય છે. અહીં મુસ્લિમ જ્ઞાતિની વસ્તી છે. જો કે હાલમાં અહીં હિન્દુભાઈઓની બે સાબુ બનાવવાની ફેક્ટરીઓ કાર્યરત છે.

નરસિંહ શિવશંકરની ખડકીઃ વ્હોરવાડ પાસે જમણા હાથે આ ખડકી આવેલી છે. આ ખડકીના પ્રતિષ્ઠિત શ્રી નરસિંહભાઈના નામથી આ ખડકી ઓળખાય છે. અહીં બ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબ વસે છે. આ પોળમાંથી તોતરા માતાની ખડકીમાં જઇ શકાય છે.

બ્રહ્માણી માતાનું ફળિયુંઃ વ્હોરવાડમાં પ્રવેશતાં જમણી બાજુએ જે નાનું ફળિયું આવેલું છે તેને બ્રમાણી માતાનું ફળિયું કહે છે. અહીં બ્રાહ્મણ જ્ઞાતિનો વસવાટ છે. અહીં એક કૂવો આવેલો છે. આ ફળિયામાં બ્રહ્માણી માતાનું મંદિર આવેલું છે. આ ફળિયામાં 'મોઢ બ્રાહ્મણ મહિલા સમાજ' સંસ્થાનું એક મકાન આવેલું છે.

ભૂધરભાઈની ખડકીઃ કપડવંજના સપૂત શ્રી ભૂધરભાઇ ત્રિવેદીના નામ ઉપરથી આ ખડકી ઓળખાય છે. તેમનું પહેલાનાં જમાનાનું રજવાડાના નમૂના જેવું ભવ્ય મોટું મકાન 'ભૂધરભાઈની હવેલી' ના નામથી ઓળખાય છે. આ મકાનની કોતરણી બેનમૂન છે. અહીં મ્યુનિસિપલ પ્રાઈમરી સ્કૂલ બેસતી હતી. હાલમાં આ હવેલી તોડીને નવું બાંધકામ થવા જઈ રહ્યું છે.

નાનો નાગરવાડોઃ આ નાનો નાગરવાડો ગાંધી બાવલાથી બત્રીસકોઠાની વાવ તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે આવેલો છે. અહીં પહેલાં વીસનગરા નાગરોની વસ્તી હતી. અહીં તેમના કુળદેવતા શ્રી હાટકેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. હાલમાં અહીં બધી જ જ્ઞાતિના કુટુંબો રહે છે. કપડવંજમાંથી પ્રથમ I.P.S. અધિકારી બનનાર સ્વ.વિનુભાઈ કાશીરામ ત્રિવેદી નાના નાગરવાડામાં રહેતા હતાં.

સલાટવાડોઃ ગાંધી બાવલાથી બત્રીસ કોઠાની વાવ તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે, બત્રીસકોઠાની વાવ સામે સલાટવાડો આવેલો છે. આ પોળમાં પહેલાનાં જમાનામાં સલાટ જ્ઞાતિના આશરે ૩૦૦ થી ૪૦૦ જેટલાં માણસોની વસ્તી હતી. એવું કહેવાય છે કે કુંડવાવ અને બત્રીસકોઠાની વાવ બનાવવા સિદ્ધરાજે આ લોકોને અહીં વસાવ્યા હતા. આ લોકો પથ્થરો ઘડવાનું કામ કરતા હતાં. સમય જતા આ લોકો સ્થળાંતર કરી ગયા. હાલમાં મોઢ બ્રાહ્મણોની વસ્તી છે. આ પોળમાં એક કૂવો છે તથા ખોડીયાર માતાજીનું નાનું મંદિર છે.

ઊડાપાડાની પોળ (હનુમાનવાળી ખડકી): ગાંધી પ્રતિમાથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપરજમણા હાથે આ ખડકી આવેલી છે. આ ખડકીના પ્રવેશદ્વાર પાસે હનુમાનજીનું

નાનકડું મંદિર આવેલું હોવાથી તેને હનુમાનવાળી ખડકી પણ કહે છે. આ ખડકીમાં પહેલાં બ્રાહ્મણોની વસ્તી હતી. હાલમાં બ્રાહ્મણો, વણિકો તથા અન્ય જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે.

પીપળા ખડકીઃ ગાંધીજીની પ્રતિમાથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે આ પીપળા ખડકી આવેલ છે. આ ખડકીમાં જબેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. કપડવંજના ચાણક્ય સમા, ગૌરવશાળી પનોતા પુત્ર શ્રી રાવ બહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી અહીં રહેતા હતા.

ભટ્ટવાડોઃ ગાંધી બાવલાથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે બત્રીસ કોઠાની વાવ સામેઆ ખડકી આવેલી છે. આ પોળમાં લક્ષ્મીસંપન્ન ભટ્ટ અટકવાળા બ્રાહ્મણોની વસ્તી છે. તેઓની ફાઈનાન્શિયરોની પેઢીઓ હતી. આ પોળમાં દાખલ થતાં એક કૂવો છે. તેની બાજુમાં માતાજીનું નાનકડું મંદિર છે.

પટેલવાડોઃ ગાંધીબાવલાથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે સ્વામીનારાયણ મંદિર પાસેમોઢ બ્રાહ્મણ પંચની વાડી સામે પટેલવાડો આવેલો છે.

પટેલવાડામાં આવેલ કૂવા પાસે રત્નાગીરી માતાજીનું મંદિર આવેલું છે. અહીંયા કડવા પટેલના કુટુંબો વસે છે, જેમનો મુખ્ય વ્યવસાય ખેતીવાડી અને પશુપાલનનો છે. જો કે હાલમાં ઘણા બધાં પટેલ કુટુંબો ધંધા ઉદ્યોગોમાં સ્થાયી થયેલાં છે.

પટેલવાડામાં બે પ્રવેશદ્વાર આવેલાં છેઃ 1) કસ્બા મંસ્જિદ બાજુએ આવેલો પ્રવેશદ્વાર જે હાલ નવો બનાવેલો છે. પ્રવેશદ્વાર પાસે પટેલવાડી' આવેલી છે. 2) પટેલવાડાનો બીજો દ્વાર લાંબી શેરી તરફ જતા રોડ ઉપર સ્વામીનારાયણ મંદિર પાસે આવેલો છે, જે હાલ નવો બનાવેલો છે.

પટેલવાડાના એક વડીલ સ્વ. આદિતરામ નારણદાસ પટેલ, ઓવરસિયર તરીકે નગરપાલિકામાં હતા. સ્વ. મફતભાઈ અંબાલાલ પટેલ પીપલ્સ બેંકના ચેરમેન, દૂધ મંડળીના સંસ્થાપક હતા. તેઓએ નગરપાલિકાના સભ્ય તરીકે ઘણા વર્ષો સેવાઓ આપી હતી. પટેલવાડાના પૂનમચંદ અંબાલાલ પટેલે (લાટી વાળા) નગરપાલિકા કપડવંજના પ્રમુખ તરીકે લાંબા સમય સુધી સેવાઓ આપી હતી.

શંકર શેઠનું ડહેલુંઃ બત્રીસકોઠાની વાવથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર ડાબી બાજુએ શંકર શેઠનું ડહેલું આવેલું છે. તેઓ કપડવંજ શહેરના એક અગ્રગણ્ય નાગરિક હતા. આ ખડકીમાં એક નાનકડો કૂવો છે. આ નાનકડી ખડકીમાં આશરે ચૌદ જેવાં મકાનો છે. અહીં દશા પોરવાડ પંચનું ભવ્ય અતિથિ ગૃહ આવેલું છે.

દયા ડાહ્યાની ખડકીઃ બત્રીસ કોઠાની વાવથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર ડાબી બાજુએ આ ખડકી આવેલી છે. આ ખડકીનું નામ દયાભાઈ ડાહ્યાભાઈના નામ ઉપર પડેલું છે. અહીં વણિક અને બ્રાહ્મણોના આશરે વીસેક જેવાં મકાનો છે.

લાંબી શેરીઃ હોળી ચકલાથી શરૂ કરી બત્રીસ કોઠાની વાવ તરફ જતા માર્ગને લાંબી શેરી કહે છે. હોળી ચકલાથી બત્રીસ કોઠાની વાવ તરફ જતા જમણા હાથે પ્રથમ આવે છે 'અષ્ટાપદજી'નું ભવ્ય દેરાસર! ઉત્તમ કલા કારીગરના વારસારૂપ ધર્મભાવનાની પવિત્ર યાદગીરી રૂપ આ દેરાસર નગરશેઠના કુટુંબનું નામ અમર કરનાર અમૃત શેઠાણીએ બંધાવ્યું હતું.

આ દેરાસરથી આગળ વધતા નગરશેઠ કુટુંબના શેઠશ્રી શામળદાસ નથુભાઈનું સુંદર કોતરણી કરેલું ભવ્ય હવેલી જેવાં મોટા મકાનનું પ્રવેશદ્વાર આવેલું છે. હાલમાં તેમનાં વંશજો આ હવેલીમાં વસવાટ કરે છે. આ પ્રવેશદ્વાર દ્વારા શ્રી હરસિદ્ધ માતાજીના મંદિરમાં દર્શન કરવા જઈ શકાતું હતું.

શેઠના મકાનની સામે જૂના સમયના પ્રસિદ્ધ જૈન શ્રેષ્ઠીઓમાંના રાજ-કુટુંબો સાથે સંબંધિત એવાં મહેતા કુટુંબનું ભવ્ય મકાન છે. નગરશેઠના ભવ્ય મકાનો, તે સમયની જાહોજલાલીની યાદ અપાવે છે. તેઓની કીર્તિ ગુજરાત અને માળવા સુધી ફરકતી હતી.

શેઠના મકાનની સામે બાદશાહના હુલામણા નામે ઓળખાતા શ્રી જયંતિલાલ શંકરલાલ બાદશાહનું મોટું મકાન આવેલું છે. આ જયંતિલાલ બાદશાહના ભાગીદાર શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ શાહ દ્વારા કપડવંજને 'શ્રી જયંત સાર્વજનિક' હોસ્પિટલની ભેટ મળેલ છે. તેનાથી આગળ વધતાં ડૉ.માણેકલાલ પ્રેમચંદ શાહ (ઇંદોરવાલા) નું ભવ્ય મકાન આવેલું છે. આ મકાનથી થોડાં અંતરે ''શ્રી બાબુની હવેલી'' અથવા ''પિતાંબરબાબુની હવેલી'' નામે ઓળખાતું મોટું મકાન આવેલું છે. શ્રી પીતાંબર ત્રિવેદી (નગર શેઠ) કલકત્તામાં પેઢીના મુનિમ હતા. તે સમયે શેઠની પેઢીનું વર્ચસ્વ હતું. હાલ આ મકાન જમીનદોસ્ત છે.



મહાદેવવાળુ ફળિયું અને નીલકંઠ મહાદેવઃ ગાંધી બાવલાથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર ડાબા હાથે બહેનોના સ્વામીનારાયણ મંદિર પાસે આ ફળિયું આવેલું છે. અહીં મોઢબ્રાહ્મણ જ્ઞાતિના કુટુંબો રહેતા હતા. હાલમાં સર્વ જ્ઞાતિના લોકો રહે છે. આ ફળિયામાં નીલકંઠ મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે.આ મંદિરમાં પ્રવેશવાના બે દ્વાર છે. (૧) બહેનોનાં સ્વામીનારાયણ મંદિર પાસે આવેલા મહાદેવવાળા ફળિયામાંથી આ મુખ્ય દ્વાર છે. (૨) કુંડવાવ ટાવર પાસે આવેલો નાનો પ્રવેશદ્વાર, જે પાછળનો રસ્તો છે. હાલમાં જ્યાં મહાદેવનું સ્થાન છે ત્યાં પ્રથમ જંગલ હતું. તે સમયે ગામ મહોર નદીના સામે કર્પટવાણિજ્યના નામે વસતું હતું. આ નીલકંઠ મહાદેવના મંદિરમાંથી પાછળના બારણેથી નીકળતા, કુંડવાવ ટાવર પાસે, ગોલવાડની સામે નીકળાય છે. આ મંદિરમાં ટાવર પાસેના પ્રવેશદ્વાર પાસે નાની મેડાબંધી ધર્મશાળા છે, જેમાં અભ્યાગતો, સાધુ-સંતોપ્રસંગોપાતરોકાતાઅનેધર્મપ્રવચનોકરતાહતા.આસ્થળેશારદાપીઠના જગદ્‌ગુરુ શંકરાચાર્ય શ્રી ઓમનાથ સચ્ચિદાનંદ સરસ્વતીએ ચતુરમાસ દરમ્યાન મુકામ કર્યો હતો.

કાંટાવાળાની ખડકીઃ ગાંધી બાવલાથી કુંડવાવ ટાવર તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે પરબડી પાસે આ ખડકી આવેલી છે. આ સ્થળે ઓચ્છવલાલ લાલચંદ કાંટાવાળાનો ઘી-તેલ તોલવાનો કાંટો હતો. હાલ આ ખડકીમાં ઓચ્છવલાલ કાંટાવાળાના કુટુંબો વસવાટ કરે છે તથા આ ખડકીમાં અન્ય જ્ઞાતિના કુટુંબો પણ વસવાટ કરે છે. આ ખડકીમાં એક કૂવો છે. આ ખડકીમાંથી શેઠવાડામાં જઈ શકાય છે. આ ખડકીમાં મુરબ્બી સ્વ. ધીરુભાઈ ઓચ્છવલાલ કાંટાવાળા ઇ.સ. ૧૯૫૭-૫૮ થી સતત ત્રણ ટર્મ મ્યુનિસિપાલિટીના પ્રમુખ રહ્યા હતા. પોતાની નિઃસ્વાર્થ સેવા, બુદ્ધિકૌશલ્ય અને કર્તવ્યનિષ્ઠાથી તેમણે કપડવંજ શહેર સુધરાઈને અગ્રિમ સ્થાને પહોંચાડી હતી. તેમના પ્રમુખપદ હેઠળ શહેર સુધરાઈએ ઘણો વિકાસ કર્યો હતો. જે.બી. હોસ્પિટલનું બાંધકામ, ટાઉનહોલ તથા ગટર લાઈનનું આયોજન કરી નગરજનોની સેવાઓમાં વધારો કર્યો હતો. દાતાશ્રીઓ પાસેથી દાન મેળવીને તથા દાન કરીને શહેરના વિકાસમાં અનન્ય સેવાઓ આપી હતી. સામાજિક ક્ષેત્રે પણ તેઓએ હોમિયોપેથિક દવાખાનું, મહાજન લાયબ્રેરી, કપડવંજ કેળવણી મંડળ, શારદા મંદિર સ્કૂલ, લાયન્સ ક્લબ, કપડવંજ જેવી સંસ્થાઓમાં ઉદાર હાથે ફાળો તથા પોતાની સેવાઓ આપી હતી. આવા કપડવંજ શહેરના સાચા લોક-સેવક શ્રી ધીરુકાકા ઇ.સ.૧૯૯૫ માં ૮૫ વર્ષની ઉંમરે દેવલોક પામ્યા હતા.

શેઠવાડોઃ કુંડવાવ, પરબડીથી સીધો ગાંધીચોક તરફ જે રસ્તો જાય છે, તે રસ્તાના ડાહ્યાલાલ પંડ્યાની દુકાનથી શેઠવાડા પરબડી સુધીના વિસ્તારને 'શેઠવાડા' કહે છે અને તે રસ્તાની બજારને શેઠવાડા બજાર કહે છે.


અહીં 'શેઠ' અટકવાળા વણિકોનો વસવાટ હતો. હાલમાં પણ ઘણા રહે છે. અહીં વણિકોના સુંદર ભવ્ય મકાનો આવેલાં છે. અહીંની એક ખડકી (ફળિયા) માંથી નાના સાંકડા રસ્તા દ્વારા કોઠા ફળિયા-અંધારિયા વડ તરફ જવાનો રસ્તો છે.

શેઠવાડા વિસ્તારમાં નીચેની ત્રણ પોળો આવેલી છે, જ્યાં સર્વે જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. (૧) ગાયની પોળ (૨) ડાહ્યાલાલ પંડ્યા રહેતા હતા તે પોળ (નાથજી મહાદેવની ખડકી) (૩) ભોગીલાલ દેસાઈની ખડકી.

અહીં એક પરબડી આવેલી છે. જેને 'શેઠવાડા-પરબડી' કહે છે.

હોળી ચકલા (કંસારવાડા): અંતિસરિયા દરવાજેથી સીધા પશ્ચિમ તરફ જતા ડાબા હાથે જ્યાં લાંબી શેરીનો રસ્તો શરૂ થાય છે, તે ચકલામાં (ચોગાનમાં) કપડવંજની સૌથી મોટી હોળી પ્રગટાવવામાં આવે છે. તેથી તેને 'હોળી ચકલા' કહે છે. આ સ્થળ 'કંસારવાડાના ચકલા' તરીકે પણ ઓળખાય છે. અહીં પહેલાં કંસારા કુટુંબો રહેતાં હતાં. આ કંસારા જ્ઞાતિના કુટુંબો બાબીવંશના સમયમાં ગામ છોડીને નડિયાદ, વીજાપુર તથા અન્યત્ર સ્થળે સ્થળાંતર કરી ગયા. હાલમાં ચકલા વિસ્તારમાં જૈન જ્ઞાતિના તથા અન્ય જ્ઞાતિના લોકો વસવાટ કરે છે.

ગોરવાડોઃ હોળી ચકલાની જમણીબાજુએ આવેલા ખાંચાના વિસ્તારને 'ગોરવાડો' કહે છે. અહીં પહેલાં બ્રાહ્મણોની વસ્તી હતી. આ સ્થળે કપડવંજના નગરશેઠ કુટુંબના શ્રી શામળભાઈ નથુભાઈ શેઠનું ડહેલું તથા બગીચો હતો. આ સ્થળે કપડવંજમાં સૌપ્રથમ છાત્રાલય અને ક્રીડાંગણની શરૂઆત થઈ હતી. ગોરવાડામાં વૈષ્ણવ સંપ્રદાયનું 'ગોકુલનાથજી'નું મંદિર હતું, જે મંદિર હાલ 'દરજીવાસ' માં ભવ્ય નવું બનાવ્યું છે. ગોરવાડામાં 'તાપેશ્વર મહાદેવ'નું મંદિર આવેલું છે. હાલમાં ગોરવાડામાં મુસ્લિમ કુટુંબો વસવાટ કરે છે. તાપેશ્વર મહાદેવની ખડકી પાસે થોડાં બ્રાહ્મણ, વાળંદ જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે. ગોરવાડાના રસ્તે આગળ વધતાં કાચના કારખાના અને કસ્બા તરફ જવાય છે.



ગિરધર તેલીની ખડકી: આ ખડકીનું નામ તેમાં રહેતાં સ્વ. ગિરધર તેલીના નામ ઉપરથી પડેલ છે. આ નાનકડી ખડકીની સામે કપડવંજની પ્રાચીન મૂર્તિઓમાંની એક શ્રી ખેરવાડીયા હનુમાનજીનું તથા ગણપતિનું મંદિર આવેલું છે. અહીં પહેલાં જૈન જ્ઞાતિના લોકો રહેતા હતા. હાલમાં થોડાં જૈન કુટુંબો અને એક દરજી કુટુંબ રહે છે.

રૈયા ગાંધીની પોળ (ખડકી): આ ખડકીમાં ગાંધી હંસરાજભાઇના સુપુત્ર રહિયાભાઇ ગાંધીના વારસદારોનાં મકાનો છે. 'રહિયા' નું અપભ્રંશ 'રૈયા ગાંધી'ના નામ ઉપરથી આ ખડકીને 'રૈયા ગાંધીની પોળ' કહે છે. આ ખડકીમાં થોડાં ઘરોને બાદ કરતાં બધાં જ ઘર જૈનોના છે. પોળમાં પ્રવેશતાં જ ડાબા હાથે એક કૂવો આવેલો છે. કૂવા ઉપરના ગોખમાં 'કુશળ કલ્યાણી' માતાજીની પ્રતિમા હતી. (હાલ નથી.)

મહંમદ મુરાદનો ખાંચો (નાના સુથારવાડ): અહીં થોડાંક પંચાલભાઇઓના તથા એકાદ પ્રજાપતિભાઇના ઘર છે. ખડકીમાં પ્રવેશતાં જમણીબાજુએ કાંતિલાલ મગનલાલ મહેતાનું મેડીબંધ મોટું ડહેલું હતું, જ્યાં પહેલાં આ કુટુંબના ઘોડા તથા ગાડીઓ રહેતી હતી. આ ખાંચામાંથી એક નાનકડા રસ્તા દ્વારા ઊંડાપાડાની પોળમાં જઇ શકાય છે. આ ખડકીમાં પંચાલ જ્ઞાતિમાંથી જોઇતારામ નામના ભાઇ 'ભગત' થઇ ગયા હતા.

વૈદ્યની ખડકી: આ નાનકડી ખડકીમાં સૈકાઓ પહેલાં પ્રજાપતિનાં મકાનો હતાં, ત્યારબાદ ત્યાં જૈનાચાર્યના આશીર્વાદ સાથે આયુર્વેદની ઉપાસના કરનાર વૈદ્ય કુટુંબો વસેલા છે. તે સમયના જાણીતા વૈદ્ય 'દોલતરામ વૈદ્ય'ના નામથી આ ખડકી 'વૈદ્યની ખડકી' તરીકે ઓળખાય છે. આ ખડકીમાં ગામના પ્રતિષ્ઠિત શ્રી રતિલાલ હરિલાલ વૈદ્ય રહેતા હતા. હાલમાં તેમના વારસદારો રહે છે. આ ખડકીમાં વસવાટ કરનારા સ્વ. નગીનદાસ વાડીલાલ ગાંધી ધારાસભ્ય રહી ચૂક્યા છે.

ચિંતામણીદાદાની ખડકી (વાઘવાળી ખડકી): આ ખડકીમાં પ્રવેશતાં જમણા હાથે શ્રી ચિંતામણીદાદાનું જૈન દેરાસર છે. ખડકીના દરવાજા પાસે બેઠેલા વાઘનું પૂરા કદનું પૂતળુ હતું, તેથી તેને વાઘવાળી ખડકી કહે છે. આ ખડકીમાં પહેલાં જૈન કુટુંબો વસવાટ કરતાં હતાં. હાલ જૈન કુટુંબો સાથે અન્ય જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે. પ.પૂ.શ્રી પુણ્યવિજયજી મહારાજનો જન્મ આ ખડકીમાં થયો હતો.

શામળદાસ શેઠની ખડકી (હર્ષદ પોળ): આ પોળમાં હાલ જૈન કુટુંબો વસવાટ કરે છે. આ પોળમાં પહેલાનાં જમાનામાં શેઠિયાઓનાં મોટા મહેલ જેવાં ભવ્ય સરસ મકાનો હતાં. તેમાનાં અમુક ભવ્ય મકાનો આજે હયાત છે. થોડાં મકાનો પાડીને નવાં બનાવેલાં છે. થોડાં મકાનો ભગ્ન અવસ્થામાં છે.

આ પોળમાં ભવ્ય દેરાસર અષ્ટાપદજીનો પાછળનો ભાગ પડે છે. અહીં હર્ષદમાતાનું પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિર તાજેતરમાં જ રિનોવેટ કરવામાં આવ્યું છે. હર્ષદમાતાજી (હરસિદ્ધ માતા) ગુજરાતી દરજી તથા અમુક બ્રાહ્મણોનાં કુળદેવી છે. ઇ.સ.૨૦૨૨માં રૂ.૧૮ લાખના ખર્ચે આ મંદિરનો જીર્ણોદ્ધાર કરીને તેને ભવ્ય બનાવ્યું છે. હાલમાં આ મંદિરનો વહીવટ શ્રી યોગેશભાઇ રમેશચંદ્ર પારેખ, શ્રી રાજુભાઇ એમ. પારેખ તથા શ્રી વિનયકાંત જાની (પૂજારી) કરે છે. હાલમાં આ ખડકીના મોટાભાગના મકાનો બંધ હાલતમાં છે. હાલમાં ફક્ત પાંચ કુટુંબો (ચાર જૈન પરિવાર અને એક સોની પરિવાર) રહે છે.

શાંતિનાથજીની પોળ (ઢાકવાળી ખડકી): આ પોળ હોળી ચકલામાં આવેલી છે. અહીંયા જૈન જ્ઞાતિના પરિવાર રહે છે. આ ખડકીમાં પ્રવેશતાં જ એક કૂવો છે. આ ખડકીમાં શાંતિનાથજી પ્રભુજીનું કાચનું સુંદર દેરાસર આવેલું છે. તેની સાથે મરાઠા યુગના ન્યાયાધીશ મહેતા કુટુંબનું સુંદર મકાન હતું. દેરાસરની સામે જૈન પંચનો ઉપાશ્રય આવેલો છે, જ્યાં સત્તરભેદી પૂજાનું ઉદ્‌ગમ સ્થાન છે. અહીં સ્વ. શેઠાણી શ્રી માણેકબાઇએ પંચ માટે બંધાવેલી સરસ સગવડતાવાળી ધર્મશાળા (વાડી) આવેલી છે, જે હાલ રિનોવેટ કરવામાં આવેલ છે.

આ ખડકી પહેલાં 'ઢાકવાળી ખડકી'ના નામે ઓળખાતી હતી. પહેલાનાં જમાનામાં ટપાલ (ડાક) વહેંચવાનું કામ કરનાર માણસો પગે ઘૂઘરા બાંધીને જતા, જેથી ગામમાં પેસતાં જ ખબર પડે કે કાસદ (સમાચાર લાવનાર) આવ્યો છે. આ ખડકીમાં પહેલાં આ કાસદ કુટુંબોના વંશજો રહેતા હતા. તેથી આ ખડકીને 'ડાકવાળી' કે 'ઢાકવાળી' ખડકી કહેવાતી હતી. હાલમાં શાંતિનાથજીની પોળના નામે ઓળખાય છે. આ ખડકીમાં 'વી.એસ.ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ' વાળાનું (રોયલ કેમિસ્ટ, મુંબઇ) મકાન આવેલું છે.

જેસીંગભાઇ શેઠની ખડકી: શેઠ વ્રજલાલ મોતીચંદના વારસદારોમાં નગરશેઠ શ્રી જેસીંગભાઇ પ્રેમાભાઇના નામ ઉપરથી આ ખડકીનું નામ પડેલ છે. આ પોળ પહેલાં તેની ભવ્યતાથી ઓળખાતી હતી. આ પોળમાં હાલમાં પણ અમુક ભવ્ય મકાનો છે. અમુક મકાનો જમીનદોસ્ત થયેલાં છે. જયંત હોસ્પિટલ અને મેનાબેન પારેખ આંખની હોસ્પિટલ આ ખડકીમાં આવેલ છે. આ ખડકીમાં જૈન સમાજના 'સંત' નામની ઓળખ ધરાવતા સદ્‌ગૃહસ્થ શ્રી વાડીલાલ મનસુખરામ પારેખ રહેતા હતા, જેઓ કોમર્સ કોલેજ, જૈન લાયબ્રેરી તથા મેનાબેન આઇ હોસ્પિટલના દાતા છે.

આ ખડકીમાં એક કૂવો આવેલો છે. કૂવા ઉપર પ્રાચીન સમયની ફૂલબાઇ માતાજીની મૂર્તિઓ હતી. હાલમાં નાનકડું દેરું બનાવી તેમાં મૂર્તિઓની સ્થાપના કરેલ છે. માજી ધારાસભ્ય સ્વ.કસ્તૂરભાઇ નગીનદાસ દોશીનું મકાન આ પોળમાં આવેલું છે. હાલમાં આ પોળમાં જૈન, વાળંદ, દરજી, બ્રાહ્મણ તથા અન્ય જ્ઞાતિના પરિવારો રહે છે.

મોદીયાની ખડકી (આદીનાથની ખડકી): કાપડ બજારમાંથી લાંબી શેરી તરફ જતા રસ્તા ઉપર ડાબા હાથે આ ખડકી આવેલી છે. આ ખડકીને આદિનાથની ખડકી પણ કહે છે. આ ખડકીમાં પ્રવેશતાં ડાબા હાથે ભગવાન શ્રી આદિનાથજીનું દેરાસર આવેલું છે. આ દેરાસરને 'મોદીયાનું દેરાસર' પણ કહે છે.

અહીં પહેલાં લાકડાનું શ્રી આદિશ્વર ભગવાનનું પૂર્વ સન્મુખનું દેરાસર હતું. સમય જતા જૂનું થતાં તેનો જીર્ણોદ્ધાર કરાવીને આરસ તથા પથ્થરોનું નવું ભવ્ય મોટું દેરાસર બનાવ્યું છે. આ માટે શ્રી કેશવલાલ સોમેશ્વર શાહ (આર્ટસ કોલેજના દાતાશ્રી), વાડીલાલ સોમેશ્વર શાહ, પાનાચંદ મગનલાલ શાહ તથા શાંતિલાલ ચુનીલાલ શાહ વગેરેએ ખૂબ જ યોગદાન આપ્યું હતું. આ ખડકી અને દલાલવાડાનું જોડાણ એક નાનકડી શેરી દ્વારા થયેલું છે. આ ખડકીની સામે 'કાચા શેઠ'ની ખડકી આવેલી છે.

ક્ષોત્રિય વાડો: લાંબી શેરીથી કાપડ બજાર જવાના રસ્તા ઉપર ડાબા હાથે આ ફળિયું આવેલું છે. અહીં હાલ ક્ષોત્રિય લોકોની જૂજ વસ્તી છે. હાલમાં સર્વે જ્ઞાતિના પરિવારો વસવાટ કરે છે.

આ સ્થળ શહેરમાં ઉંચામાં ઉંચી સપાટી ઉપર આવેલું છે. ક્ષોત્રિય જ્ઞાતિના કપડવંજના સંતશ્રી રેંડા ભગતને (વિઠ્ઠલરાય પ્રભુના અનન્ય સેવક હતા) પ્રભુનો સાક્ષાત્કાર થયેલો હતો. આ ભગત ત્યારે દલાલવાડામાં રહેતા હતા. તત્કાલીન સમયે અહીં 'ઉર્દુમ્બર' બ્રાહ્મણોની સારી એવી વસ્તી હતી.

દલાલવાડો: દલાલવાડામાં પ્રવેશવા માટેના બે પ્રવેશદ્વાર છે. (૧) કાપડ બજાર પરબડી પાસેના ખાંચામાંથી દલાલવાડામાં જઇ શકાય છે. (૨) લાંબી શેરી અને કાપડબજારને જોડતા રસ્તાની મધ્યમાં, ક્ષોત્રિયવાડાની સામે આવેલા પ્રવેશદ્વારમાંથી દલાલવાડામાં જઇ શકાય છે.

આ પોળમાં પહેલાં દલાલોની વસ્તી હશે, તેથી 'દલાલવાડો' કહેવાયો હશે એમ માનવામાં આવે છે. હાલમાં મોટેભાગે જૈન કુટુંબો રહે છે.

આ પોળમાં દાખલ થતાં બહારથી જમણી તરફ એક નાનકડો રસ્તો છે, જે કાપડબજારમાં જવા માટેનો છે અને તે રસ્તો પરબડી પાસેના પથિકાશ્રમ પાસે નીકળે છે.

આ પોળમાં ત્રણ દેરાસરો આવેલાં છે. (૧) શ્રી અજીતનાથજીનું દેરાસર (૨) શ્રી આદિનાથજીનું દેરાસર (૩) શ્રી વાસુ પૂજ્યજીનું દેરાસર તથા ત્રણ ઉપાશ્રયો: (૧) શ્રી શેઠ મીઠાભાઇ ગુલાબચંદ (૨) શેઠ વ્રજલાલ હરિભાઇ અને (૩) લોઢી પોસાળ નામના ઉપાશ્રયો આવેલાં છે. આ પોળમાં બે કૂવા આવેલાં છે. આ પોળમાં બે રસ્તેથી જઇ શકાય છે. એક દરવાજો બહેનોના ઉપાશ્રય પાસેના ક્ષોત્રિયવાડ પાસેનો છે. બીજો રસ્તો નાનકડી શેરી મારફતે મોદિયાની ખડકીમાનાં દરવાજે નીકળાય છે, જે દરવાજો કાચા શેઠની ખડકી સામે આવેલો છે.

અમથા પારેખની ખડકી: કાપડ બજારમાંથી નારણદેવ મંદિર તરફ જતા જમણી બાજુએ આ ખડકી આવેલી છે. સંવત ૧૯૫૦ માં આ શહેરમાં અમથાભાઇ પારેખ નામના મોટા શરાફ થઇ ગયા. તેમના નામ ઉપરથી આ ખડકીનું નામ પડ્યું છે.
આ ખડકીમાં ત્રણ નાની ખડકીઓ આવેલી છે: (૧) રાજારામ ખુશાલદાસની ખડકી (૨) શેઠ જમનાદાસ કરમચંદની ખડકી (૩) માણેકચંદ ધરમચંદની ખડકી.

આ ખડકીમાં જૂના સમયના કોતરણીવાળા ભવ્ય મકાનો આવેલાં છે, જે તે સમયની ભવ્યતાનો ખ્યાલ આપે છે. આ ખડકીમાં પ્રવેશતાં પહેલાં જમણીબાજુએ મોટો પરથાળવાળો કૂવો આવેલો છે. તેના ઉપર 'બુઢેશ્વરી માતા'નું મંદિર છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર નટવરલાલ લલ્લુભાઇ નામના વણિકે તેમના સ્વ. માતાજી ડાહીબેનના સ્મરણાર્થે કરાવેલ છે. આ અમથા પારેખની ખડકી એક જ કુટુંબની ખડકી હતી. તેથી અહીં એક ઘરમાંથી બીજા ઘરમાં જવાનાં બારણાં હતાં. એટલે કે એક ભાઇના ઘરમાંથી બીજા ભાઇના ઘરમાં જવાતું હતું.

હાલમાં સર્વે જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે.

જોષીની ખડકી: શ્રી નારણદેવ ભગવાનના મંદિરની સામે એક નાનકડી ખડકી આવેલી છે. જેમાં જોષી કુટુંબોના ઘરો છે.

રસિક દેસાઇની ખડકી: જોષીની ખડકીની બાજુમાં આ ખડકી આવેલી છે. ભગવાન

નારણદેવના પરમ ભક્ત અને મંદિરના મૂળ સ્થાપક રસિકભાઇ દેસાઇનું અહીં રહેઠાણ હતું. આ ખડકીમાં વણિક કુટુંબો સાથે અન્ય જ્ઞાતિના કુટુંબો રહે છે.

હાથી કંદોઈની ખડકી: નારણદેવ મંદિરથી ઝાંપલી પોળવાળા રસ્તે જમણા હાથે આ ખડકી આવેલી છે. વર્ષો જૂના કપડવંજના જાણીતા જૈન કંદોઇ હાથીભાઇ સુખડીયા અહીં રહેતા હતા. તેથી આ ખડકીને 'હાથી કંદોઇ' ની ખડકી કહે છે. આખા કપડવંજ શહેરમાં તે સમયે મીઠાઇ બનાવનાર આ એક જ કુટુંબ હતું. હાલમાં પણ સુખડીયા પરિવારના વારસદારની આઠમી પેઢીના કુટુંબો રહે છે. આ ખડકીમાંથી મોદીવાડા સામે નીકળાતું હતું.

હાથીભાઇ કંદોઇએ શરૂ કરેલી દુકાનો તેમના વારસદારોએ ૩૭૦ વર્ષ સુધી ચલાવી હતી. છેલ્લા ૩૦ વર્ષથી કંદોઇની દુકાનો બંધ કરેલ છે.

જૂની અદાલતનો ખાંચો (ખડકી): નારણદેવ મંદિરથી ઝાંપલીપોળ વાળા રસ્તે ડાબા હાથે તથા હાથી કંદોઇની ખડકીની સામે આ ખડકી આવેલ છે. અંગ્રેજોના સમયમાં અહીં કોર્ટ બેસતી હતી. આ ખડકીમાં આઠેક ઘરો છે. કપડવંજના લોકસેવક, માજી નગરપતિ સ્વ.વિનોદ ગાડીનું અહીં નિવાસ સ્થાન છે.

'જૂની અદાલત' નું જૂનું ભવ્ય મકાન અતીતની યાદ અપાવતું હતું. આ મકાન ખૂબ જ સુંદર અને લાકડાની કોતરણીવાળું ભવ્ય હવેલી જેવું હતું. હાલમાં આ જૂના ખખડધજ મકાનની જગ્યાએ નવું મકાન બનેલ છે. આ મકાનમાં સી.એન.વિદ્યાલય, કપડવંજના નિવૃત્ત શિક્ષક શ્રી એલ.સી. પરમાર રહે છે. આ મકાન કપડવંજની બધી જ ખડકીઓના મકાનોની સરખામણીમાં ઘણી ઊંચાઇ ઉપર આવેલું છે.

વહેરાઈ માતાનું ફળિયું: ઝાંપલી પોળનો રસ્તો અને મોટા નગરવાડાનો રસ્તો જ્યાં ભેગો થાય છે,ત્યાંથી ચોતરા તરફના રસ્તે (મોટા કુંભારવાડા તરફ) જતા ડાબા હાથે આ ફળિયું આવેલું છે. આ ફળિયામાં વહેરાઈ માતાનું સ્થાનક હોવાથી તેને 'વહેરાઈ માતાનું ફળિયું'કહે છે. અહીં પહેલાં પ્રજાપતિ, ભોઈ, બ્રાહ્મણ અને પંચાલ જ્ઞાતિના કુટુંબો વસતા હતા. હાલમાં પ્રજાપતિ અને ભોઈ કુટુંબના એક એક પરિવાર રહે છે તથા થોડાં મુસ્લિમ પરિવારો રહે છે. આ ફળિયાના પાછળના ભાગેથી'જટવાડા'અને 'પુનિત મંદિર' તરફ જઈ શકાય છે.

લુહારવાડો: કપડવંજના મોટા કુંભારવાડા પાસે આ પોળ આવેલી છે. અહીં લુહાર-સુથાર (પંચાલ) જ્ઞાતિના લોકો રહેતા હતા. આ લોકો પહેલાં લોઢું ગાળવાનું કામ કરતા હતા. આ સ્થળે જટવાડા પાસે તેમના કુળદેવી ચામુંડા માતાનું મંદિર આવેલું છે. હાલમાં લુહાર, પંચાલ અને વાળંદ જ્ઞાતિના પરિવારો વસે છે.

મોટો કુંભાર વાડો: ગોસાંઈ વાડાથી નદી દરવાજા તરફ જતા આ વિસ્તાર આવેલો છે. અહીં પહેલાં પ્રજાપતિ જ્ઞાતિના પરિવારો રહેતાં હતાં. હાલમાં પણ આ જ્ઞાતિના થોડાં પરિવારો રહે છે. આ જ્ઞાતિના લોકો પહેલાં માટી કામ કરીને માટલા તથા અન્ય ચીજવસ્તુઓ બનાવતા હતા. હાલમાં અહીં કોઈ પરિવાર આ ધંધો કરતા નથી. આ જ્ઞાતિના ઘણાંબધાં પરિવારો નોકરી-ધંધાને કારણે બહાર વસે છે. હાલમાં આ જ્ઞાતિના ઘણાબધા લોકો ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરે છે. આ જ્ઞાતિના શ્રી કનુભાઈ આર. પ્રજાપતિ કે જેવો મેજીસ્ટ્રેટના હોદ્દા ઉપર હતા, તેઓ હાલ નિવૃત છે, તેમજ નટવરલાલ સાકરચંદ પ્રજાપતિ કે જેઓ એન્જિનિયર હતા અને વિદ્યાનગરની પ્રખ્યાત એલિકોન કંપનીમાં તેઓ ઉચ્ચ પદ ઉપર હતા, તેઓ હાલમાં નિવૃત છે. હાલમાં આ જ્ઞાતિના યુવાનો ઉચ્ચ શિક્ષણ લઈને નોકરી કરે છે.

હાલમાં આ ફળિયામાં થોડો આ જ્ઞાતિના લોકો રહે છે. બાકીના મુસ્લિમ પરિવારો તથા થોડાં અન્ય જ્ઞાતિના પરિવારો વસે છે.

અહીં કબીર સંપ્રદાયના બે મંદિરો આવેલાં છે. બન્ને મંદિરો હાલ જર્જરિત અવસ્થામાં બંધ છે. એકનો વહીવટ શ્રી ગોલા (રાણા) ના જ્ઞાતિ ભાઈઓ કરે છે, જ્યારે બીજા મંદિરનો વહીવટ શ્રી નાઈ પંચ કરે છે. (વાળંદ નીતિ પંચ)

કુંભારવાડાને છેડે જટવાડા અને નદી દરવાજા તરફના રસ્તા પાસે એક પીપળો છે અને ચોતરો પણ છે. આ ચોતરાનો જીર્ણોદ્ધાર શ્રી કાંતિલાલ જયસ્વાલના સ્મરણાર્થે તેમના પરિવારે કરાવેલ છે.

જટવાડો: બાબી વંશના સમયમાં પ્રજાના રક્ષણ માટે 'જટ'જ્ઞાતિના મુસ્લિમ પરિવારોને મીઠા તળાવના દરવાજા પાસે વસાવેલા હતા, તેથી આ વિસ્તાર 'જટવાડા" તરીકે ઓળખાય છે. જો કે હાલમાં અહીંયા આ જ્ઞાતિના લોકોની વસ્તી નથી.

કપડવંજમાં આ વિસ્તાર મોટા કુંભારવાડાથી ચાંદની બ્યુટી પાર્લરની સામેના રોડ સુધીનો છે. એટલે કે એક રસ્તો ચાંદની બ્યુટી પાર્લર સામે અને બીજો રસ્તો મોટા કુંભારવાડાના પીપળાવાળા ચોતરા પાસે છે.

અહીં પહેલાં ઠાકોર જ્ઞાતિના પરિવારો રહેતા હતા. હાલમાં આશરે દસેક ઘરો આ પરિવારના છે. હાલમાં અહીં ઠાકોર, મુસ્લિમ પરિવારો રહે છે. જૂજ ઘરો પંચાલ અને બ્રાહ્મણ પરિવારોના પણ છે. અહીં મોટા કુંભારવાડા પાસે લુહાર જ્ઞાતિના કુળદેવી ચામુંડા માતાજીનું મંદિર, હનુમાનજીનું મંદિર તથા ભાથીજીનું મંદિર છે. બધાં જ મંદિરો પુનઃનિર્માણ પામેલા છે.

ધોળીકુઈ: કુંડવાવથી સુથારવાડા તરફ જતા રસ્તા ઉપર આ વિભાગ આવેલો છે. અહીં બહુચરમાતાજીનું મંદિર અને કૂવો આવેલો છે. તેની સામે રાધા-કૃષ્ણનું મંદિર આવેલું છે.

આ ધોળીકુઈ વિસ્તારમાં બે નાનકડી પોળો (ખડકીઓ) આવેલી છે. તેમાંની એક ધોળીકુઈના ખાંચાવાળી 'ઝવેરી પોળ', જ્યાં પહેલાં રાવલ અટકના તપોધન બ્રાહ્મણોની વસ્તી હતી. આ પોળમાં ખડાયતા વણિક જ્ઞાતિની વાડી આવેલી છે. તેની બાજુમાં આવેલી પોળને કૂવા ફળિયું કહે છે. હાલમાં આ વિસ્તારમાં વણિક જ્ઞાતિ સાથે અન્ય જ્ઞાતિના લોકો વસવાટ કરે છે.

ઝવેરી પોળના નાકે "શ્રીમતી વિમળાબેન મફતલાલ સ્મૃતિભવન" નું મકાન આવેલું છે. અહીં "શ્રી દરિદ્રનારાયણ સેવા મંડળ ટ્રસ્ટ, કપડવંજ" તથા "શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ, કપડવંજ" દ્વારા નિરાધાર ગરીબોને વિનામૂલ્યે તથા ઓછા દરે અનાજ તેમજ જીવનજરૂરિયાતની ચીજોનું વિતરણ કરવામાં આવે છે.

ખડાયતા વાડ: ધોળીકુઈથી મહાજન લાયબ્રેરી તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે ધોળીકુઈથી નજીકમાં 'ખડાયતા વાડ'આવેલી છે. પહેલાં અહીંયા દશા ખડાયતા વણિક જ્ઞાતિના કુટુંબોનો વસવાટ હતો. હાલમાં આ જ્ઞાતિના થોડાં કુટુંબો તથા અન્ય જ્ઞાતિના લોકો રહે છે.

તલાટીની કુઈ: ધોળીકુઈ મહાજન લાયબ્રેરી તરફ જતા રસ્તા ઉપર ડાબા હાથે આ વિસ્તાર આવેલો છે. આ કુઈ પાસે આવેલી ખડકીને 'તલાટીની ખડકી'કહે છે. તલાટીની કુઈ પાસેના નાના રસ્તા મારફતે રંગીલા પોળમાં જઈ શકાય છે. અહીં પહેલાં વણિક જ્ઞાતિના લોકો રહેતા હતા. હાલમાં વણિકજ્ઞાતિ સાથે અન્ય જ્ઞાતિના લોકો વસવાટ કરે છે.

અંધારિયો વડ: બહુચરમાતાના મંદિરથી મહાજન લાયબ્રેરી તરફ જતા રસ્તા ઉપર ડૉ.બાવીસીના દવાખાના સામે આવેલા વિસ્તારને 'અંધારિયો વડ'કહે છે. આ જગ્યાએ પહેલાં એક વડ હતો (જે હાલ નથી), તેથી આ વિસ્તારને 'અંધારિયો વડ'કહે છે. પહેલાં અહીં પોરવાડ વણિક જ્ઞાતિના કુટુંબોનો વસવાટ હતો. હાલમાં અહીં સર્વે જ્ઞાતિના લોકો રહે છે. આ ખડકીમાં આશરે ૨૫ જેટલાં ઘર આવેલા છે. આ જગ્યાએ આવેલી પોળમાંથી શેઠવાડા વિસ્તારમાં જઈ શકાય છે.

કોઠા ફળિયું: ધોળીકુઈથી મહાજન લાયબ્રેરી તરફ જતાજમણા હાથે મહાજન લાયબ્રેરીને અડીને આ નાનકડું ફળિયું (ખડકી) આવેલું છે. અહીં ભરૂચી સંપ્રદાયનું શ્રી બહેનજીરાજના પ્રાગટ્ય સ્થળે મંદિર ફળિયું આવેલું છે. અહીં શ્રી ગોકુલનાથજીના ભરૂચી સંપ્રદાયના મહેદમણી શ્રી બહેનજીરાજનું જન્મસ્થળ છે. ત્યાં પોષ સુદ તેરસના દિવસે નિયમિત રીતે સેવા થાય છે.

કોઠા ફળિયામાં જ્યારે ગોકુલેશ પ્રભુ ગુજરાત પધાર્યા ત્યારે આ જ સ્થળે પધાર્યા હતા અને તે સમયે ખુરશીમાં બિરાજમાન થયા હતા અને 'સુબોધનિજી'ગ્રંથ ઉપર બહેનજીરાજના પરિવારને હસ્તાક્ષર આપ્યા હતા. આ પ્રસાદીનો ગ્રંથ અને ખુરશી આજે પણ આ કોઠા ફળિયામાં બિરાજમાન છે.

શ્રી બહેનજીરાજનો જન્મ પોષ સુદ તેરસ, વિ.સં.૧૬૯૫ માં થયો હતો. ગોકુલેશ પ્રભુ વિક્રમ સંવત ૧૯૪૭ માં કપડવંજ પધાર્યા હતા.



આ ફળિયામાં વૈષ્ણવજનના ઉતારા માટે વૈષ્ણવ સદ્ગૃહસ્થો દ્વારા આર્થિક યોગદાનથી વિશ્રાંતિગૃહ બાંધવામાં આવેલ છે. હાલમાં શ્રી બહેનજીરાજના પ્રાગટ્ય સ્થળે આવેલા મંદિરમાં પ.ભ.ડૉ.નિતાબેન શાહ અને પ.ભ. શ્રી હિતેશભાઈ શાહ સેવા કરે છે.

મહેતા પોળ: કપડવંજની મહાજન લાયબ્રેરી સામે મહેતા પોળ આવેલી છે. અહીં પહેલાં મહેતા અટકવાળા શ્રીમાળી વણિક જ્ઞાતિના કુટુંબો રહેતા હતા, તેથી તેને 'મહેતા પોળ'કહે છે. હાલમાં આ જ્ઞાતિના થોડાં કુટુંબો સાથે અન્ય જ્ઞાતિના કુટુંબો અહીં રહે છે. આ પોળમાં પ્રવેશતા, જમણા હાથે 'આલેપી'માતાનું નાનું મંદિર આવેલું છે. અહીં એક કૂવો પણ આવેલો છે. આ પોળમાંથી પીપળા ખડકીમાં જઈ શકાય છે.

કપડવંજના સપુક્ષ અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ગુરૂવર્ય સ્વ. રાજેન્દ્ર શાહનું પૈતૃક મકાન મહેતા પોળમાં આવેલું છે, જે હાલ એક સોનીભાઈએ વેચાણે લીધેલ છે.

દરજી વાડો: મહાજન લાયબ્રેરી પાસેના ચાર રસ્તેથી ગોકુલનાથજી મંદિર તરફ જવાના રસ્તાને (વિસ્તારને) 'દરજી વાડો'કહે છે. અહીં દરજી જ્ઞાતિના કુટુંબોને વસવાટ હતો. હાલમાં પણ થોડાં દરજી કુટુંબો રહે છે.

દરજીવાડાની શરૂઆતમાં જ શ્રી ગોકુલનાથજીનું નવું બનેલું ભવ્ય મંદિર આવેલું છે. આ મંદિરથી થોડા આગળ જતા'દરજી પંચ'ની વાડી આવેલી છે. તેનાથી થોડા આગળ જતા 'ચુડગરની ખડકી'આવેલી છે. આ ખડકીમાં સાતેક મકાનોમાં સર્વે જ્ઞાતિના લોકો રહે છે. આ ચુડગરની ખડકીમાં શારદા મંદિર સ્કૂલના પાયાના એક ટ્રસ્ટી અને સ્કૂલની જમીનના દાતા, ચુસ્ત ગાંધીવાદી એવાં મુ.સ્વ. ગીરધરકાકા રહેતા હતા.

પીપળા ખડકી: મહાજન લાયબ્રેરી પાસેના ચાર રસ્તેથી ડાબી બાજુએ જતા ડાબા હાથે આ ખડકી આવેલી છે. પહેલા આ ખડકીનું જોડાણ મહેતા પોળના પાછળના ભાગે હતું. અહીં પહેલાં વણિક જ્ઞાતિના લોકો રહેતા હતા. હાલમાં સર્વે જ્ઞાતિના લોકો રહે છે.

દેસાઈ વાડો: મહાજન લાયબ્રેરી પાસેના ચાર રસ્તેથી ડાબી બાજુએ આગળ જતા આ વિસ્તાર આવે છે. આ ખડકીમાં શહેરના પ્રતિષ્ઠિત દેસાઈ વણિક કુટુંબો વસવાટ કરે છે. અહીં ખોડિયાર માતાજી મંદિર આવેલું છે તથા એક કૂવો પણ આવેલો હતો. હાલ કૂવાને પૂરી દીધેલ છે. કહેવાય છે કે ખોડિયાર માતાજીની મૂર્તિ પોળમાં આવેલા કૂવામાંથી નીકળી હતી. ખડકીના કોઈ સજ્જનને આ મૂર્તિનું સ્વપ્નું આવ્યું હતું. પછી આ મૂર્તિને પ્રગટ કરીને, સ્થાપના કરી નાનું મંદિર બનાવ્યું. હાલનું જીર્ણોદ્ધાર પામેલું આ મંદિર મુંબઈમાં રહેતા કપડવંજના વતની અને દેસાઈ પરિવારના સજ્જન શ્રી અમરિષભાઈ દેસાઈએ બનાવ્યું છે.

આ જ ખડકીના સપૂત અને અમેરિકાની નાસા સંસ્થામાં કામ કરી ચૂકેલ વૈજ્ઞાનિક શ્રી ડી.ઓ.શાહનું પૈતૃક મકાન આ ખડકીમાં આવેલું છે, જે હાલ વેચાઈ ચૂક્યું છે. શ્રી શાહસાહેબ આ જ ખડકીમાં ઉછરીને મોટા થયા છે.

કિશોર મંદિર સ્કૂલના દાતા સ્વ. માણેકલાલ દેસાઈનું મકાન પણ આવેલું છે, જે મકાન હાલ એક સોની પરિવારે વેચાણે લીધું છે. કપડવંજના પ્રખ્યાત ડૉ. સ્વ. પ્રધાન સાહેબ પણ આ ખડકીમાં રહેતા હતા.

આ ખડકીની સામે 'ઢાળનો કૂવો'નામનો વિસ્તાર આવેલો છે તથા ખડકીની નજીકમાં ભગિની સેવા સમાજનું મોટું મકાન આવેલું છે તેમજ ઢાળકૂવા પાસે 'મહાલક્ષ્મી ભંડાર'નું નવું બનાવેલું મકાન (દૂધ સેન્ટર) આવેલું છે.

ઢાળ કૂવો: દેસાઈવાડાની સામે એક મોટા થાળવાળો કૂવો આવેલો છે, જેને 'ઢાળ કૂવો'કહે છે. તથા તેની પાસેના ફળિયાને પણ 'ઢાળ કૂવો'કહે છે. આ કૂવાની સામે ભગિની સેવા સમાજનું મોટું ભવ્ય મકાન અને બાજુમાં 'મહાલક્ષ્મી દૂધ ભંડાર'નું મકાન આવેલું છે.

મોટો નાગરવાડો: ભગિની સેવા સમાજ બિલ્ડીંગથી જમણી તરફ જતા રસ્તા ઉપર નજીકમાં ડાબા હાથે આ ખડકી આવેલી છે. અહીં મુખ્યત્વે વીસનગરા નાગરોની વસ્તી હતી. હાલમાં આશરે ૧૦ જેટલાં નાગર પરિવારો રહે છે. બાકીના અન્ય જ્ઞાતિના પરિવારો રહે છે. આ પોળમાં પ્રવેશતા એક કૂવો તથા નાગરોના કુળદેવી વાઘેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે, જે ૩૦૦ વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર ૨૦૦ વર્ષ પહેલાં થયો હતો. ત્યારબાદ ૯૬ વર્ષ પછી ઈ.સ. ૨૦૨૨ માં ફરીથી જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

આ નાગર જ્ઞાતિનું જૂના જમાનામાં કપડવંજ પ્રાથમિક શિક્ષણમાં ખૂબ જ યોગદાન રહેલું છે. કપડવંજમાં સૌપ્રથમ ગામઠી શાળાઓની શરૂઆત તત્કાલીન સમયના ચાર નાગર સદ્ગૃહસ્થો દ્વારા કરવામાં આવી હતી. આ સજ્જનો વિદ્યાર્થીઓ પાસેથી મહિનામાં માત્ર બે વાર પાકું 'સીધુ' લઈને શિક્ષણ આપતા હતા.

આ ખડકીમાં પ્રવેશતા જ જમણી બાજુએ સુરેશભાઈ વૈદ્યનું જૂનું હવેલી જેવું ભવ્ય મકાન આવેલું છે. આ ખડકીમાં અમદાવાદ શારદા હૉસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી ઈન્દ્રવદનભાઈ જોષીનું મકાન આવેલું છે. હાલમાં તેમના બે સુપુત્રોમાંથી એક ડૉ. મનોજ જોષી અમદાવાદમાં ઓર્થો સર્જન છે, જ્યારે બીજા પુત્ર વ્યોમેશ જોષી ઈન્ટરનેટની દુનિયા સાથે સંકળાયેલા છે.

લીમડા પોળ: દેસાઈવાડાથી સુથારવાડાના ચકલા તરફ જતા ડાબી બાજુએ આ પોળ આવેલી છે. અહીં પહેલાં હિંદુ વાળંદ જ્ઞાતિના કુટુંબો વસવાટ કરતા હતા. હાલમાં થોડાં વાળંદ જ્ઞાતિના, એક વણિક કુટુંબ તથા અન્ય જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. મહાલક્ષ્મી સહકારી ભંડારના પાયાના સ્થાપકોમાંના એક એવા ભાઈલાલ ચુનીલાલ શાહ આ પોળમાં રહેતાં હતા. હાલમાં તેમનો પરિવાર અહીં રહે છે. તેમના નાના પુત્ર શ્રી દિનશા નાનપણથી જ સામાજિક કાર્યો, સેવા કરતા રહ્યા છે. તેઓ હાલ મુંબઈમાં રહે છે. પરંતુ વતનને ભૂલ્યા નથી. મુંબઈ રહીને પણ વતનમાં જુદા-જુદા સદકાર્યો દ્વારા કપડવંજની સેવા કરે છે. તેઓએ કપડવંજ તાલુકા વિદ્યાર્થી સંઘમાં ઘણા વર્ષો સુધી પ્રમુખપદ સંભાળ્યું હતું. એજ રીતે તેમના મોટાભાઈ શ્રી મહેશભાઈ (બોસ) વર્ષો પહેલાં, જુનિયર ચેમ્બર્સ દ્વારા ૧૯૪૦ માં પ્રાઈવેટ બ્લડ બેંક ચાલતી હતી, તેના પાયાના કાર્યકર હતા અને જરૂરિયાતવાળાને લોહી ઉપલબ્ધ કરાવતા હતા. તેઓશ્રીએ પણ આશરે ૭૫ વખત રકતદાન કર્યું છે.

સી.પારેખની હવેલી: દેસાઈવાડાથી સુથારવાડાના ચકલા તરફ જતા શ્રીમાળીવાડામાં આ ભવ્ય મકાન આવેલું છે, તે લગભગ ૮૦ થી ૯૦ વર્ષ પહેલાં બન્યું હોવાનું કહેવાય છે. એવું કહેવાય છે કે તે સમયે કપડવંજમાં સૌથી ઉંચામાં ઉંચુ અને બાંધકામની દૃષ્ટિએ પણ સૌથી મોટું મકાન હતું.

આ મકાન સ્વ. ચંદુલાલ પિતાંબરદાસ પારેખે બંધાવ્યું હતું. તેઓ ઉદ્યોગપતિ હતા. તેઓ પહેલાં યુગાન્ડામાં રૂનો વેપાર કરતા હતા તથા અમદાવાદમાં કાપડની મિલો ધરાવતા હતા. તેઓ અમદાવાદની જ્યુપીટર મિલના માલિક હતા. તેઓએ વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રે સારો એવો વિકાસ કર્યો હતો. તેઓ તત્કાલીન ભારત સરકારની જુદી જુદી સમિતિઓના સભ્ય પણ હતા. અમદાવાદની જુદી જુદી વ્યાપાર કંપનીઓના ડાયરેક્ટર પદે પણ રહ્યા હતા. તેઓ પાર્લામેન્ટની રાજ્ય સભાના સાંસદ પણ રહી ચૂક્યા હતા.

સી.પારેખ પરિવારે કપડવંજની સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઉદાર હાથે સખાવતો કરેલી છે. કપડવંજની સાયન્સ અને કોમર્સ કોલેજ, સી.એન વિદ્યાલય, પી.એન. ટેક્નિકલ હાઈસ્કૂલ, શેઠ એમ.પી. હાઈસ્કૂલ, કપડવંજ ટાઉનહોલ, કન્યાશાળા, જડાવબા શિશુ મંદિર, ભગિની સેવા સમાજ, બહેનજીબેન પ્રસૂતિગૃહ તથા અન્ય સેવાકીય સંસ્થાઓમાં પણ આર્થિક યોગદાન આપ્યું છે. હાલમાં આ મકાન બલભદ્રભાઈ પૂજાલાલ શાહ (ગીતા ડાઈંગ મિલ, મુંબઈવાળા) પાસે છે.

શ્રીમાળી વાડો: દેસાઈવાડાથી સુથારવાડા ચકલા તરફ જતા ડાબા હાથે આ ફળિયું આવેલું છે. અહીં શ્રીમાળી વણિક જ્ઞાતિના ઘણા કુટુંબો વસેલા છે. તેથી તેને 'શ્રીમાળી વાડો'કહે છે. આ ફળિયામાં પ્રવેશતા જ એક કૂવો આવેલો છે.

આ ફળિયામાં અમીચંદ ઝવેરભાઈ પારેખનું રહેઠાણ હતું. તેઓ કપડવંજના નગરશેઠના મુનિમોમાંના એક હતા. કપડવંજ સેવા સંઘના તથા શહેરના સેવકોમાંના શ્રી ચંદ્રકાન્ત મણિલાલ પરીખ તથા પ્રિયકાન્ત ઓચ્છવલાલ પરીખ અહીં રહેતાં હતાં. શ્રી પ્રિયકાન્ત પરીખ તે સમયમાં મુંબઈમાં સાત મિલોના માલિક હતા. આ પોળના અંબાલાલ શામળદાસ શાહ (લોઢી તાવડીવાળા) જે મહાલક્ષ્મી ગ્રાહક ભંડારના પાયાના કાર્યકર હતા. આ સ્થળે 'સી.પારેખ'પરિવારનું ભવ્ય મકાન આવેલું છે. શ્રીમાળી વાડાના અમુક મકાનોમાંથી મહેતાપોળમાં તેમજ રંગીલાપોળમાં જઈ શકાય છે. હાલમાં અહીં થોડા વણિક જ્ઞાતિના કુટુંબો તથા અન્ય જ્ઞાતિના લોકો રહે છે.

ઈમાનદારનું ડહેલું: દેસાઈવાડાથી સુથારવાડા ચકલા તરફ જતા, સુથારવાડા ચકલા પાસે આ ફળિયું (ડહેલુ/ખડકી) આવેલું છે. અહીં લગભગ ૪૦૦ વર્ષ જૂની હવેલી જેવું ભવ્ય મકાન આવેલું છે, જે તત્કાલીન ભવ્યતાની સાક્ષી પૂરે છે. આ હવેલી લાકડાની સુંદર કોતરણી વાળું મનોહર ભવ્ય મકાન છે. હાલમાં આ ડહેલામાં લગભગ પાંચમી પેઢીના વારસ વસવાટ કરે છે.

કૂવા ફળિયું: લીમડા પોળથી સુથારવાડા ચકલા તરફ જતા જમણા હાથે પરબડીની પાસેના ખાંચામાં આ ફળિયું આવેલું છે. ત્યાં એક નાનકડો કૂવો આવેલો હોવાથી તેને 'કૂવા ફળિયું' કહે છે. અહીં સુથાર અને બ્રાહ્મણ પરિવારો રહે છે.

સુથારવાડા ચકલું: કુંડવાવથી ધોળીકુઈ તરફ જતા રસ્તા ઉપર આગળ જતા આ ફળિયું આવે છે. આ સ્થળ પહેલાં રાજાશાહી જેવો ભવ્ય દેખાતું હતું. અહીં તે સમયે વૈશ્ય, સુથાર અને બ્રહ્મભટ્ટ કુટુંબો રહેતાં હતાં.

અહીં મોટા રામજી મંદિર આવેલું છે, જે આશરે ૨૦૦ વર્ષ જૂનું હોવાનું કહેવાય છે. આ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે આ વિસ્તારના અગ્રગણ્ય વ્યક્તિ સ્વ. વિનોદભાઈ સુથારે લાંબા સમય સુધી પોતાની સેવાઓ આપી હતી. હાલમાં જ તેઓનું અવસાન થયેલ છે.

આ ચકલામાં એક પરબડી આવેલી છે, જેને 'સુથારવાડા પરબડી'કહે છે. અહીંથી બે રસ્તા પડે છે. એક રસ્તો બારોટવાડા થઈને જૂના પાવર હાઉસ તરફ અને બીજો રસ્તો દેસાઈવાડા તરફ જાય છે.

અહીંની જૂના જમાનાની માંડવડી પ્રખ્યાત છે. કહેવાય છે કે વર્ષો પહેલાં આ ફળિયાના સુથારો દ્વારા લાકડાની કોતરણીવાળી માંડવડી બનાવવામાં આવી હતી. સુથારવાડા ચકલાના યુવક-મંડળ દ્વારા દર નવરાત્રીએ આ માંડવડીને સુંદર રીતે શણગારી, લાઈટ ડેકોરેશન કરી તેમાં માતાજીની સ્થાપના કરવામાં આવે છે. અહીંના યુવાનોનું 'સુથારવાડા નવયુવક મંડળ' નામનું એક મંડળ છે, જે નવરાત્રી, ગણપતિ અને રામ નવમી મહોત્સવનું સુંદર આયોજન કરે છે. અહીં દર વર્ષે ચૈત્ર સુદ આઠમથી ચૈત્ર સુદ નોમ સુધી રામનવમીની પ્રભાતફેરી નિયમિત નીકળે છે.

આ ચકલામાંથી શ્રીમતી ગીતાબેન વિનોદભાઈ સુથાર કપડવંજ નગરપાલિકાના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા હતા.

અહીં મુખ્યત્વે ત્રણ જ્ઞાતિના કુટુંબો વસવાટ કરતા હતા. (૧) વડાદરા બ્રાહ્મણ (૨) સુથાર (૩) બારોટ. હાલમાં આ ત્રણ જ્ઞાતિ સાથે અન્ય જ્ઞાતિના લોકો વસવાટ કરે.

શ્રી મોટા રામજી મંદિર: સુથારવાડા ચકલામાં આ મંદિર આવેલું છે. તેની સ્થાપના તા.૦૯/૧૦/૧૮૧૩ ના રોજ ઈમાનદાર પથુભાઈએ કરી હતી. તેમાં શ્રીરામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનજીની પ્રતિમાઓની સ્થાપના કરી હતી. આ મંદિરમાં પ્રવેશતા જ જમણી બાજુએ શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર આવેલું છે, જેની સ્થાપના શ્રી ગુલાબચંદ કાકુજી બારોટે કરી હતી. આ મહાદેવનું મંદિર શ્રી પથુભાઈના ભાઈ ગલાભાઈએ બંધાવ્યું હતું. આ મંદિરમાં બે પ્રવેશદ્વાર છે, એક ઉત્તરાભિમુખ અને બીજું પૂર્વાભિમુખ અને પશ્ચિમાભિમુખ છે. આ મંદિરનો વહીવટ ઈમાનદાર મુળજીભાઈ વહાલાભાઈના કુટુંબજનો કરે છે. આ મંદિરના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સ્વ. વિનોદભાઈ સુથારે વર્ષો સુધી સેવાઓ આપી હતી.

બારોટ વાડો: સુથારવાડાથી ટેલિફોન ઓફિસ તરફ જતા રસ્તા ઉપર ડાબા હાથે આ પોળ આવેલી છે. આ પોળમાં બારોટ (બ્રહ્મભટ્ટ) જ્ઞાતિના લોકો વસવાટ કરતા હતા. આ પોળમાં જવા માટે બે રસ્તા છે, એક મુખ્ય રસ્તા ઉપરથી અને બીજું સિદ્ધવાવ માતાજીની મંદિર બાજુએ આવેલી સોની જ્ઞાતિની વાડી પાસેથી પણ બારોટવાડામાં જઈ શકાય છે.

હરીશ પોળ (રાવલ પોળ): ધોળીકુઈથી સુથારવાડા ચકલા તરફ જતા સિદ્ધવાવ માતાજીના મંદિરથી થોડાં આગળ જતા ડાબા હાથે આ પોળ આવેલી છે. અહીં પહેલાં રાવલ અટક ધરાવતા બ્રાહ્મણોની વસ્તી હતી, તેથી તેને રાવલ પોળ પણ કહે છે. આ પોળમાં પહેલાં વિદ્વાન અને જ્યોતિષશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસી એવા રાજ્ય જ્યોતિષોનો વસવાટ હતો.

હાલ આ પોળ કપડવંજના દાનવીર શેઠ શ્રી હરીશચંદ્ર વાડીલાલ જાળીવાલાના નામ ઉપરથી 'હરીશ પોળ'તરીકે ઓળખાય છે. આ પોળમાંથી બારોટવાડામાં જઈ શકાય છે. અહીં એક કૂવો આવેલો છે.

જૂના જમાનામાં આ પોળમાંથી સુથાર જ્ઞાતિની વાડીમાં, બ્રાહ્મણોને જમવા જવા માટેનો ખાસ રસ્તો હતો. જે સમયાંતરે હરીશ ભુવનમાં સંકળાઈ ગયો. સુથારજ્ઞાતિની વાડીમાં હજુ પણ એક બારણું છે જે હરીશ પોળ બાજુ ખુલે છે.

શ્રી સિદ્ધવાવ માતાજીનો ખાંચો તથા માતાજીનું મંદિર: ધોળીકુઈથી સુથારવાડા ચકલા તરફ જતા રસ્તાની ડાબી બાજુએ (રંગીલા પોળની સામે) શ્રી રણછોડરાયનું મંદિર આવેલું છે. તેની બાજુના ખાંચામાં શ્રી સિદ્ધવાવ માતાજીનું વાવની અંદર મંદિર આવેલું છે. માતાજીનું મંદિર વાવમાં આવેલું હોવાથી વાવને પણ 'સિદ્ધ વાવ'કહે છે.

આ મંદિર અતિપ્રાચીન છે. ચૈત્ર નવરાત્રીએ માતાજીના ચોકમાં નવે નવ દિવસ ગરબા થાય છે. આ મંદિરમાં સેવાપૂજાનું કાર્ય સ્વ. મધુભાઈ ભટ્ટના વારસદારો કરે છે.

આ વાવની સામે સુથાર જ્ઞાતિની વાડી આવેલી છે, તથા વાવની પાછળની બાજુએ સોની જ્ઞાતિની વાડીનું નવું મકાન આવેલું છે. અહીંથી બારોટવાડામાં જઈ શકાય છે.

રણછોડરાયનું મંદિર: ધોળીકુઈથી સુથારવાડાના ચકલા તરફ જતા રસ્તાની ડાબી બાજુએ (રંગીલા પોળની સામે) શ્રી રણછોડરાયનું મંદિર આવેલું છે. તેની બાજુના ખાંચામાં શ્રી સિદ્ધવાવ માતાજીનું વાવમાં મંદિર આવેલું છે.

આ મંદિર લગભગ ૧૦૦ વર્ષથી વધારે જૂનું છે. આ મંદિરની સેવાપૂજા ખડાયતા ગોર સ્વ. ચંદ્રશંકરભાઈ દવે કરતા હતા. હાલમાં તેમના વંશજો કરે છે. આ મંદિર મૂળ ચંદ્રશંકરભાઈના મામા સ્વ. ગંગાશંકરનું હતું. તેમણે મંદિરનો વહીવટ અને સેવાપૂજાનું કામ પોતાના ભાણેજ સ્વ. ચંદ્રશંકરભાઈને સોંપ્યું હતું.

સ્વ. ગંગાશંકરના જમાનામાં એક જોડકણું પ્રખ્યાત હતું. "ગંગાશંકરની કથા......... કુંડવાવની હવા........... અને ગોપાલપુરાની છાસ....... મફતમાં મળતું હતું."

રંગીલા પોળ: ધોળીકુઈથી સુથારવાડા ચકલા તરફ જતા જમણા હાથે આ પોળ આવેલી છે. રંગીલદાસ નામના વડીલના નામથી આ પોળને 'રંગીલા પોળ'કહે છે. આ પોળમાં એક પરબડી તથા મહાદેવનું મંદિર આવેલું છે. આ ખડકીમાં મોટા રત્નાગીરી માતાજીના પરમ ઉપાસકશ્રી મગનલાલ નરસિંહદાસ શેઠ રહેતા હતા. આજે તેમના વારસદારો હયાત છે. આ પોળના એક નાનકડા રસ્તેથી તલાટીની ખડકીમાં જઈ શકાય છે.

પાડા પોળ: ધોળીકુઈથી સુથારવાડા ચકલા તરફ જતા રંગીલાપોળની સામે આ પોળ આવેલી છે. આ પોળ બહુ જ જૂની છે. કહેવાય છે કે અહીં પહેલાં વ્હોરાભાઈઓની વસ્તી હોવાની સંભાવના છે. હાલમાં આ સ્થળે હિંદુભાઈ વસવાટ કરે છે.

આ પોળની સામે A.C. હોસ્પિટલ આવેલી છે, જ્યાં ડૉ.તલાટી સાહેબ સેવા આપી રહ્યા છે. આ હોસ્પિટલમાં ફક્ત રૂ.૧૦ માં દવા આપવામાં આવે છે. અહીં ડેન્ટલ ક્લિનિકમાં દાંતની સારવાર પણ ફક્ત રૂ.૨૦ માં જ કરવામાં આવે છે. કપડવંજની ગરીબ પ્રજા આ હોસ્પિટલનો સારો એવો લાભ લે છે. અહીંથી એક રસ્તા દ્વારા નટરાજ ટોકીઝવાળા રોડ ઉપર નીકળી શકાય છે.

સોનીની ખડકી: કુંડવાવથી બે રસ્તા પડે છે. તેમાંનો એક રસ્તો ધોળીકુઈ થઈને સુથારવાડા તરફ જાય છે. તે રસ્તા ઉપર ડાબી બાજુએ આ ખડકી આવેલી છે. અહીં સોની જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે.


સોનીની ખડકીની બાજુમાં 'માનવ સેવા મંડળ'નું મકાન છે. આ સંસ્થા નિરાધાર, ગરીબ વૃદ્ધોને ૧ રૂપિયાના ટોકનથી સ્વમાન સચવાય તે રીતે સાંજ-સવાર પૌષ્ટિક ભોજનનું ટીફિન આપે છે/ પહોંચાડે છે.

આ માનવ સેવા મંડળના મેડા ઉપર સિનિયર સિટીઝન મંડળ, કપડવંજની ઓફિસ તથા હોલ આવેલો છે. ત્યાં દર પંદર દિવસે આ મંડળ પોતાની મિટીંગ કરે છે. અન્ય કાર્યક્રમ પણ અહીંયા જ કરે છે. માનવ સેવા મંડળે ટોકન ભાડે આ મેડો સિનિયર સિટી મંડળને વાપરવા આપેલો.

અંબામાતાનો ખાંચો (ભડકણની ખડકી) અને અંબા માતાજીનું મંદિર: કુંડવાવ પરબડીથી એક રસ્તો ધોળીકુઈ તરફ જાય છે અને બીજો રસ્તો તલાટીની કુઈ તરફ જાય છે. આ બીજા રસ્તાની શરૂઆતમાં જમણા હાથે આ ખડકી તથા જમણી બાજુએ ગૃહમંદિર જેવું મંદિર આવેલું છે. તેનું પ્રવેશદ્વાર પૂર્વાભિમુખ છે. મંદિરમાં જગદંબા, સરસ્વતી, કામાક્ષીમાતા, શ્રી લક્ષ્મી-નારાયણ તથા હનુમાનદાદાની પ્રતિમાઓ આવેલી છે. આ જ મંદિરમાં 'રામેશ્વર મહાદેવ'નું મંદિર પણ આવેલું છે. કહેવાય છે કે આ મંદિર આશરે ૪૦૦ વર્ષ જૂનું છે. તેમાં આવેલી કામાક્ષી માતાની પ્રતિમા ગુજરાતમાં બીજે ક્યાંય નથી. આ મંદિરનો વહીવટ તથા સેવાપૂજા નટવરલાલ મણિલાલ ત્રિવેદી કરે છે.

અહીં વણિક, બ્રાહ્મણ તથા સોની જ્ઞાતિ વસવાટ કરે છે.

છબીલદાસની ખડકી તથા તાપીની ખડકી: અંબામાતાવાળા ખાંચાથી તલાટીની કુઈ તરફ જતા પહેલાં જમણા હાથે પ્રથમ છબીલદાસની ખડકી આવે છે. ત્યારબાદ તાપીની ખડકી આવે છે. આ બન્ને ખડકીમાં વણિક, સોની, બ્રાહ્મણ તથા અન્ય જ્ઞાતિના કુટુંબો રહે છે.



દાણીવાડા: ગાંધી ચોકથી ગોકુલનાથજી મંદિર તરફ જવાના રસ્તે ડાબા હાથે દાણીવાડો આવે છે. દાણીવાડામાં રોડ ઉપર પીપલ્સ કો.ઓ.બેંક આવેલ છે.દાણીવાડાની સામે પંજાબનેશનલ બેંક આવેલી છે. પહેલાં અહીં 'દાણી'અટક ધરાવતા દશા શ્રીમાળી પોરવાડ વણિકો રહેતા હતા. હાલમાં થોડાં વણિક અને સોની પરિવાર વસે છે. હાલમાં મોટાભાગના ઘરો બંધ હાલતમાં છે. દાણીવાડામાં જૂના જમાનાના થોડાં ભવ્ય મકાનો આવેલાં છે. અહીં એક કૂવો પણ આવેલો છે. કપડવંજના કેળવણીકાર સ્વ. શંકરલાલ હરજીવનદાસ શાહનું મકાન આ ખડકીમાં હતું. આ ખડકીમાં આશરે ૧૨ થી ૧૩ મકાનો આવેલા છે.

ગાંધીવાડા: ગાંધી ચોકથી ગોકુલનાથજી મંદિર તરફ જતા જમણાં હાથે ગાંધીવાડો આવેલો છે. અહીં થોડાં જૂના જમાનાના મકાનોની લાકડાની કોતરણી ખૂબ જ સરસ છે. ગાંધીવાડાની બહારની બાજુએ હોમિયોપેથી દવાખાનું આવેલું છે, જે સી. પારેખ કુટુંબનું મકાનહતું. આ પરિવારે પોતાનું મકાન સેવા સંઘને આપી દીધું હતું. આ રોડ ઉપર સવારે શાક-ભાજીનું બજાર ભરાય છે. અહીંયા પહેલાં વણિક લોકો રહેતાં હતા. ગાંધીવાડામાં એક કૂવો આવેલો છે. હાલમાં અહીં સર્વે જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. અહીં આશરે ૨૫થી ૩૦ મકાનો આવેલા છે.

ગોલવાડ: કપડવંજમાં બે ગોલવાડ આવેલી છે.(૧)મોટી ગોલવાડ અને(૨)નાની ગોલવાડ; ગાંધી બાવલાથી કુંડવાવ તરફના રસ્તે જતા પ્રથમ મોટી ગોલવાડ આવે છે. આ ફળિયામાં પ્રવેશતાં ડાબા હાથે ગોખમાં રત્નાકર માતાનું સ્થાનક છે. મોટી ગોલવાડમાંથી વીંછીવાડામાં જઈ શકાય છે.

એ જ રીતે કુંડવાવ ટાવર તરફથી ગાંધી બાવલા તરફ આવતા જમણા હાથે (નીલકંઠ મહાદેવ સામે) નાની ગોલવાડ આવેલી છે. નાની ગોલવાડના બીજે છેડેથી મોચી વાડા સામે મુખ્ય રોડ ઉપર નીકળાય છે.આ બન્ને ફળિયામાં ગોલા (રાણા) પરિવારો વસે છે. આ કુટુંબના લોકો પહેલાં (જ્યારે અનાજ દળવા-ખાંડવાના મશીન ન હતા ત્યારે) દળવા-ખાંડવાનો ધંધો કરતા હતા.હાલમાં આ સમાજના લોકો અનાજ, ફરસાણ વેચવાનો ધંધો કે અન્ય વ્યવસાય કરે છે તથા આ સમાજના ભણેલાં યુવાનો નોકરીઓ પણ કરે છે.

મોચીવાડ: ગાંધીજીના બાવલેથી કુંડવાવ તરફ જતા રાજમાર્ગ ઉપર જમણા અને ડાબા હાથે આવેલી નાની નાની પોળમાં મોચી કુટુંબો વસવાટ કરે છે. પહેલાનાં જમાનામાં તેઓ બુટ-ચંપલ બનાવવાનું કામ કરતા હતા. હાલમાં આ જ્ઞાતિના લોકો તૈયાર બુટ-ચંપલ લાવીને વેચે છે. આ જ્ઞાતિના ઘણા લોકોની બુટ-ચંપલ વેચવા દુકાનો તથા શો રૂમ આ રાજમાર્ગ ઉપર આવેલા છે. હાલમાં આ જ્ઞાતિના જૂજ લોકો જ પોતાનો ધંધો કરે છે. ઘણાબધા લોકો સારી નોકરીઓ પણ કરે છે. મોચીવાડમાં મોચી સમાજની નવી બનેલી વાડી આવેલી છે.

વીંછી વાડો: ગાંધીજીના બાવલાથી નટરાજ ટોકીઝવાળા રોડ તરફ તથા જમણા હાથે જડાવબા બાલમંદિર પાસે આ ફળિયું આવેલું છે. અહીં પટેલ પરિવારના કુટુંબો વસે છે. તેઓનો મુખ્ય ધંધો ખેતીવાડી અને પશુપાલનનો હતો.દશા ખડાયતા વણિક જ્ઞાતિની વાડીનો પાછળનો દરવાજો આ ફળિયામાં પડે છે. આ ફળિયામાંના એક જ પટેલ પરિવારના બે યુવાનો અક્ષરપુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થામાં સંતો બન્યા છે.

ઘાંચી વાડા: કાપડબજારથી કચેરી તરફ જતા રસ્તે મહમદઅલી ચોક પાસે જમણા હાથે ઘાંચીવાડો આવેલો છે. અહીંયા મુસ્લિમ ઘાંચી જ્ઞાતિના કુટુંબો રહે છે. અહીંયા પહેલાં તેલ કાઢવાની ઘાણીઓ હતી. અહીંના ઘાંચી કોમના મુસ્લિમો પહેલાં રૂ પીંજવાનો તથા ઘાણી દ્વારા તેલ કાઢવાનો ધંધો કરતા હતા.

ઘાંચીવાડામાં આગળ નદી દરવાજા તરફ જતા'ઘાંચી બારી' નામનો પ્રાચીન નાનો દરવાજો આવેલ હતો,તથા ઘાંચી બારી પાસે જમણી બાજુએ અંગ્રેજોના સમયની 'ચોકીદારી' ચોકી (પોલીસ ચોકી) હતી. હાલમાં આ બન્ને નાશ પામેલ છે. ઘાંચી બારી પાસે કપડવંજના પૌરાણિક કોટના થોડાં અવશેષો બચેલા છે.

માળીવાડો: કાપડબજારથી મહમદઅલી ચોક (કચેરી) તરફ જતા જમણી બાજુએ માળીવાડો આવેલો છે. અહીં પહેલાં માળી જ્ઞાતિના લોકો રહેતાં હતાં. હાલમાં આ વિસ્તારમાં મુસ્લિમ લોકો રહે છે.

ડબગરવાસ: ઘાંચી બારીથી જમણા હાથે જતા ડબગરવાસ આવે છે. અહીં ચામડાના ઉદ્યોગ પર ટકનાર (ઢોલ-નગારા બનાવનારા) ડબગર કુટુંબો વસવાટ કરતાં હતાં. હાલમાં અહીં ઘાંચી મુસ્લિમ કુટુંબો વસવાટ કરે છે.

મલેકવાડા: માળીવાડામાં અંદરની તરફ આગળ જતા અથવા કંસારવાડાના (હોળી ચકલા) ચકલેથી ગોરવાડાના માર્ગે કાચના કારખાના તરફ ગયા બાદ ત્યાં ચોગાનમાં એક ભગ્ન ખંડેર આવેલ છે,જે 'મલેક દરબાર' કે 'મલેક દરબાર ગઢ' ના નામે ઓળખાય છે. આ ભવ્ય ખંડેર ઇમારતની નજીકના ભાગને 'મલેકવાડા' કહે છે. અહીં મલેક કુટુંબો વસવાટ કરે છે.

આ મલેક કુટુંબ 'અલવા'ની ઇનામદારી ભોગવતા પ્રતિષ્ઠિત મુસલમાન બિરાદર હતા. આ જ્ઞાતિની પહેલાં એક રાજવી જેવી જાહોજલાલી હતી. આ ઇનામદારો ઉદાર અને વીર હતા. મલેકવાડાની નજીક કાલુ સૈયદનો રોજો આવેલો છે.

સીસગરવાડા: આ વિભાગમાં વસનારા મુસ્લિમભાઇઓ કાચના કારખાનામાં ગોળામાં સીસુ રેડવાનું કામ કરતા હતા. સીસુ રેડનાર કારીગર સીસગર તરીકે ઓળખાયા. તેથી આ વિસ્તારને સીસગરવાડ કહે છે. પાસેના વિભાગમાં કાચના કારખાનામાં બંગડીઓ બનાવનાર જ્યાં વસે છે તે વિસ્તારને 'બંગડીવાડ' કહે છે.

સૈયદવાડ: મુસ્લિમ જગતનાં સન્માનિત હઝરત સૈયદ મુબારક સાહેબના પવિત્ર સૈયદ વંશના વારસદારોનાં કુટુંબો અહીં વસે છે. અંતિસરિયા પાસેના કસ્બામાં આ વિભાગ આવેલો છે. હાલમાં પણ એક વિશાળ 'સૈયદની હવેલી' ના નામે ઓળખાતું મકાન છે.

કસ્બો: આ સ્થળે સૈયદ તથા મલેક કુટુંબો વસવાટ કરે છે

કડિયાની મસ્જિદથી નદી દરવાજા તરફના રસ્તા ઉપર આવતી પોળો/ખડકીઓ: કડીયાની મસ્જિદ (શામ શહીદ મસ્જિદ) થી સીધા નદી દરવાજા તરફ જતા પ્રથમ જમણા હાથે શામશહીદ મસ્જિદ (કડિયાની મસ્જિદ) આવે છે અને ત્યાં થોડાં આગળ વધતા'ધોબીફળી' આવે છે. અહીંયા પહેલાં ધોબી જ્ઞાતિના ઘરો હતા. ત્યાંથી આ જ રોડ ઉપર આગળ વધતા ડાબી બાજુએ ફૂલબાઇ માતાજીનું મંદિર આવે છે. ત્યાંથી આગળ વધતા કડિયાવાડ ચકલું આવે છે. કડિયાવાડ ચોકથી ડાબી તરફ જતો રસ્તો ગોકુલનાથજી મંદિર તરફ જાય છેઅને જમણી તરફ જતો રસ્તો છીપવાડમાંથી મહમદઅલી ચોક તરફ જાય છે. આ કડિયાવાડ ચોકથી સીધા નદી દરવાજા તરફ થોડાંક આગળ વધતા ભાવસાર વાસ ખડકી આવે છે.

ભાવસાર વાડ: ફૂલબાઇ માતાના મંદિરથી ભાવસારવાસની ખડકી સુધીના વિસ્તારને ભાવસાર વાડ કહે છે. આ વિસ્તારમાં અને આ ખડકીમાં પહેલાં ભાવસાર જ્ઞાતિના લોકો વસવાટ કરતાં હતાં. પહેલાં આ હિંદુ ભાવસાર જ્ઞાતિના ભાઇઓ કપડાં રંગવાનું કામ કરતા હતાં, તેથી તેઓને 'છીપા' પણ કહેવામાં આવતા હતા. ધીમે ધીમે આ ઉદ્યોગ નરમ બનતો ગયો. તેથી હાલમાં આ જ્ઞાતિના લોકો નોકરી તથા અન્ય ધંધા તરફ વળ્યા છે. હાલમાં ભાવસાર વાડ વિસ્તારમાંથી આ જ્ઞાતિના લોકો સ્થળાંતર કરીને અન્યત્ર રહેવા ગયા છે. હાલમાં આ વિસ્તારમાં મુસ્લિમ કુટુંબો રહે છે.

તાઇવાડા: ભાવસાર વાડાથી આગળ વધતાં જમણા હાથે મદરેસા આવે છે. મદરેસાથી થોડાં આગળ વધતાં જમણા હાથે તાઇવાડો અને તેની સામે ડાબા હાથે તાઇવાડ મસ્જિદ આવેલી છે. અહીં પહેલાં મુસલમાન જ્ઞાતિના ભાઇઓ કપડાં તુણવાનુંકામ કરતા હતાં. હાલમાં અહીં કોઇ જ આ કામ કરતું નથી. પણ તાઇઓની યાદમાં તે સ્થળે તાઇવાડ મસ્જિદ આવેલી છે.

કડિયાવાડ: કડિયાની મસ્જિદથી થોડાં આગળ જતા કડિયાવાડ ચકલું આવે છે. ત્યાનાં ડાબી તરફના વિસ્તારને કડિયાવાડ કહે છે. અહીં મુસ્લિમ કડિયા ભાઇઓનો વસવાટ છે. તેઓ મકાનો, મંદિરો તથા મસ્જિદો ચણવા-બાંધવાનુંકામ કરે છે. શહેરમાં અને આસપાસના મોટાભાગના મકાનો તેઓના હાથે બંધાયેલા છે. જેમાંના ઘણા બાંધકામના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે.

જોઇઆવાડ: તાઇવાડાથી થોડા આગળ જતા જમણા હાથે આ વિસ્તાર આવેલો છે. બાલીવંશના સમયમાં અહીં 'જોઇઆ' જ્ઞાતિના મુસલમાનો વસેલા હતા. તે સમયે આ જ્ઞાતિના મુસલમાનોએ પ્રજાને રંજાડતાં, બાલીવંશના લાડણી બેગમે તેઓને હદપાર કર્યા હતા. અહીં પહેલાં વણકર જ્ઞાતિના લોકો રહેતાં હતા. તેઓ વણાટકામ કરતાં હતાં. હાલમાં અહીં વણકર પરિવારો રહેતા નથી. હાલમાં આ વિસ્તારમાં મુસ્લિમ પરિવારો રહે છે.

રાવળવાસ: જોઇઆવાડથી થોડાં આગળ જતા જમણા હાથે રાવળવાસ આવે છે. અહીં પહેલાં રાવળ જ્ઞાતિના લોકો રહેતાં હતાં. રાવળવાસના નાકે આ જ્ઞાતિના કુળદેવી શ્રી જોગણીમાતાજી મંદિર આવેલું. હાલમાં અહીં મુસ્લિમ પરિવારો રહે છે.

રાવળવાસની સામે (જમણી બાજુએ) કુંભારવાડો આવેલો છે. આજ રોડ ઉપર આગળ જતા, કુંભારવાડથી આગળ ડાબા હાથે જે રસ્તો જાય છેતે જટવાડા તરફ જાય છે. ત્યાંથી થોડાં આગળ જતા નદી દરવાજા વિસ્તાર આવે છે. અહીંથી જમણી તરફ જતો રસ્તો મામલતદાર કચેરી તરફ જાય છે. ત્યારબાદ મેઇન રોડ આવે છે. અહીં જમણી તરફ જતો રસ્તો મહોર નદી તરફ જાય છે,જ્યારે ડાબી તરફ જતો રસ્તો ત્રિવેણી પાર્ક તરફ જાય છે.

કડિયાની મસ્જિદથી નદી દરવાજા તરફ જતા રસ્તા ઉપર તાઇવાડા મસ્જિદની બાજુએ આવેલા એક નાના ખાંચા મારફતે ડૉ.કુંડલીયા સાહેબના દવાખાના બાજુએથી ઝાંપલી પોળ તરફ જવાય છે.

કપડવંજના પરાંઓ: પરાં વિસ્તાર એટલે એવા વિસ્તાર કે જે શહેરની મ્યુનિસિપલ સીમાની બહાર હોવા છતાં સાંસ્કૃતિ અને આર્થિક દ્રષ્ટિએ તે શહેર ઉપર અવલંબિત હોય.શહેરનો આ એવો વિસ્તાર છે કે જ્યાં ગ્રામજનો ગ્રામીણ જીવનશૈલીમાં જીવતા હોય અને શહેરી શૈલીમાં પરિવર્તીત થયા હોય. પરાં વિસ્તાર એટલે કે શહેરથી નજીક આવેલો વિસ્તાર, કે જે શહેરની તુલનામાં ઓછો વિકસિત હોય છે.વસ્તી ઓછી હોય છે,સુવિધાઓ ઓછી હોય છેઅને પ્રદૂષણ પણ ઓછું હોય છે.

કરસનપરૂ (તૈયબપરુ): અંતિસરિયા દરવાજા બહાર માણેકબાઈ શેઠાણીની ધર્મશાળા તરફ જતા ડાબી બાજુના રસ્તે કરસનપરૂ આવેલું છે. કરસનપરા જવાના રસ્તે એક જીનીંગ ફેક્ટરી હતી. હાલ ત્યાં શ્રીનાથ પાર્ક સોસાયટી બનેલ છે. આ જીનીંગ મિલની ડાબી બાજુએ તેલની (એમ.કે. ઓઈલ) મિલ આવેલી હતી. હાલમાં ત્યાં પણ સોસાયટી બનેલ છે. તેની બાજુમાં (જૂના સમયમાં) લલ્લુપરૂ તથા કેરણ ખાણની તલાવડી (એમ.પી.હાઈસ્કૂલ પાસેનું તળાવ) આવેલી હતી. અહીંથી કરસનપરૂ શરૂ થાય છે.

કરસનપરામાં પ્રવેશતાં જમણી બાજુએ હનુમાનજીની પ્રતિમા (મંદિર) આવેલી છે. અહીં વીર ભાથીજી મહારાજનું મંદિર આવેલ છે,જ્યાં બેસતા વર્ષના દિવસે મેળો ભરાય છે. તેની બાજુમાં બળિયા દેવનું મંદિર અને સિકોતર માતાનું મંદિર આવેલાં છે. વર્ષો પહેલાં મંદિરની સામે રખડતાં ઢોર પૂરવાનો ડબ્બો હતો. કપડવંજ શહેરમાં રખડતાં ઢોર અહીં પૂરવામાં આવતા હતા. સિકોતર માતાના મંદિરની બાજુમાં ગ્રામ પંચાયત ઓફિસ આવેલી છે.

ઈ.સ.૧૮૫૧ ની આસપાસ કપડવંજમાં શ્રી ગોપાળરાવ લક્ષ્મણરાવ નામના લોકપ્રિય મામલતદાર હતા. તથા આ સમયમાં કપડવંજના મુખી તરીકે શ્રી કરસનદાસ હતા. આ કરસનદાસ મુખી લોકો પાસેથી તેમનો હક્ક ઉઘરાવવા હાલ જ્યાં આ પરૂ છે તે સ્થળે માંડવો બાંધીને મુકામ કરતા હતા. આ સ્થળેથી મુખીને ઘરે આવવા-જવામાં તકલીફ પડતી હતી. તેથી તેમણે ગોપાળરાવ મામલતદારને પોતાની તકલીફની વાત કરી. તેથી ગોપાળરાવે તેમને અહીં કેટલીક જમીન આપી. ત્યારબાદ મુખીએ આ સ્થળે લોકોને વસાવ્યા અને ગામનું નામ કરસનપરા રાખ્યું. તેને તૈયબપુરા કહે છે.

કપડવંજની પોળોની વિશેષતાઓ:

કપડવંજની પોળોના નામ, જે-તે પોળના મહાન સપૂતોના નામ ઉપરથી પડેલાં છે. કેટલીક પોળોના નામ તેમાં વસતાં જે-તે જ્ઞાતિના નામથી ઓળખાય છે.

કપડવંજની લગભગ બધી જ પોળોમાં એક નાનકડું મંદિર (માતાજી/શંકર ભગવાનનું, જૈન દેરાસર) આવેલું છે. આ ધાર્મિક સ્થાનોમાંથી મોટાભાગનાં પુનઃ નિર્માણ પામેલાં છે. જૂજ ધાર્મિકસ્થળો જે-તે સમયની સ્થિતિમાં યથાવત છે.

કપડવંજની દરેક પોળમાં એક કૂવો આવેલો છે. તેમાનાં ઘણા કૂવા હાલ ચાલુ સ્થિતિમાં છે. તેના પાણીનો ઉપયોગ જે-તે પોળના લોકો હાલ પણ કરે છે. જૂજ ફળિયાના કૂવા પુરી દીધેલાં છે અથવા બિનઉપયોગી છે.

કપડવંજની ઘણી બધી પોળોના પ્રવેશદ્વાર મુખ્ય રસ્તા ઉપર આવેલાં છે. કેટલીક પોળોમાં પ્રવેશવા માટે બે માર્ગ છે. એક મુખ્ય રસ્તા ઉપર આવેલ પ્રવેશદ્વારથી અને બે, પોળની પાછળની બાજુએ આવેલા રસ્તા દ્વારા.

અમુક પોળોની રચના એવી છે કે, એક પોળમાંથી બીજી પોળમાં સરળતાથી જઈ શકાય છે.

કેટલીક પોળો તોતિંગ દરવાજાવાળી છે. તે દરવાજાઓમાં નાનકડી બારીઓ પણ છે. કેટલાક દરવાજા પર મેડીઓ પણ છે. પ્રાચીન સમયમાં હુલ્લડ, લૂંટ, કે ધાડપાડુઓના સમયમાં પોળના દરવાજા બંધ કરી મેડી પર બેસીને શત્રુઓનો સામનો કરવામાં આવતો હતો. હાલમાં કેટલીક પોળોના પ્રવેશદ્વાર નવા બનાવેલાં છે. કેટલીક પોળોના પ્રવેશદ્વાર નામશેષ થયેલાં છે, તો કેટલાક પ્રવેશદ્વાર યથાવત સ્થિતિમાં છે.

કરસનપુરા પાસે ટેકરા ઉપર ટંકલઈ માતાજીનું મંદિર છે. આ મંદિર કેટલાક દરજીભાઈઓના કુળદેવી છે.

અહીં પટેલો, ઠાકોર, પંચાલ, રબારી તથા અન્ય જ્ઞાતિના લોકોનો વસવાટ છે.

ગોપાલપરૂં: ઈ.સ.૧૮૫૪ ની આસપાસના સમયમાં કપડવંજના લોકપ્રિય મામલતદાર શ્રી ગોપાલરાવ લક્ષ્મણરાવે લોકોને અહીં વસાવ્યા હતા. તેથી તેમના નામ ઉપરથી આ વિભાગ ગોપાલપરાના નામથી ઓળખાય છે.

આ ગોપાલપરૂં, કરસનપરાના સમકાલીન હોવાનું મનાય છે. આ ગોપાલપરૂં ઐતિહાસિક સીંગરવાવની દક્ષિણે, રેલવે સ્ટેશનની જમણી બાજુએ આવેલું છે.

આ પરામાં એક ધર્મશાળા તથા એક કૂવો આવેલો છે.અહીં શ્રી રણછોડજી મંદિર તથા પંચમુખી હનુમાનજીનું મંદિર પણ આવેલ છે. અહીં હાલ ચવાણું બનાવવાની ફેક્ટરી તેમજ ગજેન્દ્ર રાઈસ મિલ આવેલી છે. બાજુમાં મીઠાભાઈ ગુલાબચંદ ચેરિટેબલ ટ્રસ્ટની પાંજરા પોળ આવેલી છે,જ્યાં ખોડા ઢોરને રાખવાની સુંદર વ્યવસ્થા છે. ગોપાલપરામાં શેઠ હરીશચંદ્ર જાળીવાલાની જાળીઓ બનાવવાનું કારખાનું આવેલું છે.

લલ્લુપરૂં: કરસનપરામાં જતા ડાબી બાજુએ તેલની મિલ તથા કેરણ ખાણની તળાવડી (એમ.પી.હાઈસ્કૂલની પાછળની તળાવડી) પાસે તે સમયે શ્રી લલ્લુભાઈ મુખીએ પોતાની જમીનમાં લોકોને વસાવ્યા હતા. તેથી તેને લલ્લુપરૂં કહે છે. આ પરૂં ઈ.સ.૧૮૫૧ માં વસાવ્યું હતું.

મહમદપરૂં(ઈનામી ગામ): ઈ.સ.૧૭૮૮-૮૯ ની આસપાસ તલાઈઓએ કૂવો બંધાવ્યો. ત્યારબાદ ઈ.સ.૧૯૦૩ ની આસપાસ શ્રી આણંદરાવ ગાયકવાડે તથા તેમના દીવાન સીતારામ બાપુએ શ્રી ગુલાબસીંગ કાકુભાઈને આ મહમદપરૂં ખુશીથી સિરપાવમાં આપેલું.

મુખીપરૂં:મુખીપણું એ રાજય હક્ક માફક વારસાઈ હક્ક છે. આ પરૂં ઈ.સ.૧૭૫૩ માં કડવા પટેલ કેશવજીના હાથમાં ગાયકવાડી સમયમાં આવ્યું હતું. બાબીવંશના સમયમાં ગામની મુકાદમી મોઢ વણિકોના હાથમાં હતું.

હનુમાનપુરાઃ કપડવંજ શહેરની (તત્કાલીન સમયમાં) કપડવંજ-મોડાસા હાઈવેની ડાબી બાજુએ આ વિસ્તાર આવેલો છે. અહીં હિંદુ-મુસ્લિમ કુટુંબો વસવાટ કરે છે.

ઈસ્લામપુરાઃ ગાંધી બાવલાથી યમુના ટોકિઝ તરફ જતા રસ્તાની જમણી બાજુ તરફના વિસ્તારને ઈસ્લામપરા કહે છે. અહીં મુસ્લિમ કુટુંબો વસવાટ કરે છે. અહીં મદરેસા આવેલી છે. યમુના ટોકીઝ પછીના સાતફળિયાને ઈસ્લામપુરા કહે છે. અહીં આશરે ૩૫૦ જેટલા ઘરો આવેલાં છે.

કપડવંજનું વ્હોરવાડ

ગાંધીજીની પ્રતિમાથી બત્રીસ કોઠાની વાવ તરફ જતા રસ્તા ઉપર જમણા હાથે કપડવંજની ભવ્ય વ્હોરાવાડ આવેલી છે. અહીં દાઉદી વ્હોરા જ્ઞાતિના પરિવારો રહે છે.વ્હોરા જ્ઞાતિ સૌમ્ય, શાણી પ્રજા છે. તેઓ સ્વભાવે શાંત અને મિલનસાર, નમ્ર અને ઉદાર છે. વ્હોરાવાડમાં પ્રવેશતાં જ તેની ભવ્યતાનો ખ્યાલ આવી જાય છે. મોટાં ભવ્ય મહેલો જેવાં આલીશાન મકાનો, ભવ્ય મસ્જિદો, જુમાતખાનું વગેરે જોતાં આ સ્થળની જાહોજલાલીનો ખ્યાલ આવે છે.લાકડાના સુંદર નકશીકામથી બનાવેલાં મકાનો, ઝરૂખાઓ, દરવાજા, મેડીઓ જોતાં જ વ્હોરાવાડની ભવ્યતાના દર્શન થાય છે. તેમાંય કલાત્મક કોતરણીવાળી કાષ્ટકલા ઉડીને આંખે વળગે તેવી છે. અહીંના મકાનોના એલિવેશન, ડિઝાઈન, લાકડાના બીમ-કોલમ (પાટડા અને ટેકા) ઝરૂખાઓ, બારી-બારણાઓ આજના આર.સી.સી ના મકાનોને ટક્કર મારે તેવા છે. વ્હોરાવાડમાં ભવ્ય મકાનોની જેમ જ ભવ્ય રાચરચીલાથી પોતાના મકાનો સજાવેલા છે. ઘણા મકાનોની આગળ-પાછળ બાગ-બગીચા, ફુવારા પણ હતા. અહીં વર્ષો જૂના મકાનોની બાંધણી, ગલીઓ, રસ્તા વગેરેનું સુંદર આયોજન કરેલ છે. તેમાં પર્યાવરણથી લઈને સૂર્યપ્રકાશ, હવા-પાણી વગેરે બાબતોને ધ્યાનમાં લેવામાં આવેલી છે. આમ અહીંના બાંધકામમાં સ્થાનિક પરંપરાઓના સમૃદ્ધ વારસાના દર્શન થાય છે.

વ્હોરાવાડમાં પ્રવેશતાં જ સામે એક ભવ્ય મકાન નજરે પડે છે. આ મકાન "સૈફી લાયબ્રેરી" નું મકાન છે. આ જૂના ઢબનાં બાંધકામવાળું મકાન એ વ્હોરાવાડનું નાક છે. આ મકાનમાં ઉપરના માળે લાયબ્રેરી છે અને નીચેના ભાગે દવાખાનું છે. તત્કાલીન વ્હોરા સદગૃહસ્થોએ ફાળો એકત્રિત કરીને આ મકાન બનાવેલું છે. પુસ્તકોથી સમૃદ્ધ આ લાયબ્રેરીનો લાભ સમગ્ર કપડવંજની પ્રજા લઈ રહી છે. આ મકાનમાં આવેલું દવાખાનું હાલ બંધ સ્થિતિમાં છે.



આ લાયબ્રેરીથી થોડે આગળ જઈએ એટલે વ્હોરાવાડમાં પ્રવેશવાના બે જોડીયા પ્રવેશદ્વાર આવે છે, જેમાંથી નાની વ્હોરવાડ અને મોટી વ્હોરવાડમાં જઈ શકાય છે.

મોટી વ્હોરવાડમાં પ્રવેશતાં જ ડાબા હાથે ભવ્ય મસ્જિદ આવેલી છે. આ મસ્જિદ ઉપર એક ટાવર આવેલું છે. જેનું નિર્માણ વ્હોરા સદગૃહસ્થોએ ફંડમાંથી કપડવંજના તત્કાલિન મુલ્લાજી ઈબ્રાહીમભાઈ સાહેબના હસ્તે કરવામાં આવ્યું હતું.

બન્ને વ્હોરવાડમાં પ્રવેશતાં જ તેમાં આવેલાં ત્રણથી ચાર માળના સુંદર આયોજનપૂર્વકની બાંધણીવાળા ભવ્ય આલીશાન મકાનોના દર્શન થાય છે. બન્ને વ્હોરાવાડમાં આયોજનપૂર્વકની શેરીઓમાં બન્ને તરફ યોગ્ય અંતરે સામ સામે મકાનોની હાર દેખાય છે. ઘણા મકાનો ખખડધજ થઈ ગયા છે. ઘણા મકાનો તોડીને નવા બનાવેલાં છે. ઘણાં હેરિટેજ મકાનો આશરે ૧૫૦ થી ૨૦૦ વર્ષ પુરાણા હજુ યથાવત સ્થિતિમાં છે.

વ્હોરવાડની અંદર નાની મોટી ઘણી શેરીઓ આવેલી છે. કપડવંજના વ્હોરા જ્ઞાતિના કુટુંબો ત્રણ મહોલ્લામાં વસેલા છે. (૧) મોટી વ્હોરવાડ (૨) નાની વ્હોરવાડ અને ત્રણ સૈફી મહોલ્લા (વાડી)

મોટી વ્હોરવાડમાં આવેલી શેરીઓ:

(૧) બદરી શેરી (૨) કુત્બી શેરી (૩) તક્તાની શેરી (૪) હુસેની શેરી (૫) છીલનું ડહેલું (૬) સીતાતખાનની શેરી (૭) તજુભાઈની શેરી (૮) મુલ્લા રાજબુની શેરી (૯) હાતીની શેરી (૧૦) તૈયબશેરી (જુમાતખાનની શેરી) (૧૧) મહંમદી શેરી (૧૨) સસુરની શેરી (૧૩) જૈની શેરી (૧૪) આમુખજીની શેરી (૧૫) બીગની શેરી (૧૬) મસ્જિદની શેરી (૧૭) હકીમી શેરી (૧૮) ઈસુફી શેરી (૧૯) નફરની ગલી

નાની વ્હોરવાડમાં આવેલી શેરીઓ:

(૧) નાની વ્હોરવાડમાં રોડ ઉપર આવેલા મકાનો (૨) ઈસ્માઈલી શેરી (૩) બંદૂકવાલાની શેરી (૪) બંગાળી શેરી (૫) બાકરભાઈની શેરી

દાઉદી વ્હોરા જ્ઞાતિની મસ્જિદો:

કપડવંજના દાઉદી વ્હોરા જ્ઞાતિની કુલ આઠ મસ્જિદો આવેલી છે. જેમાંની નીચેની ત્રણ ભવ્ય મસ્જિદો વ્હોરવાડામાં જ આવેલી છે. (૧) મોટી વ્હોરવાડામાં કુત્બી શેરી પાસે મોટી મસ્જિદ આવેલી છે. (જે મોટી મસ્જિદ તરીકે ઓળખાય છે.) (૨) મસ્જિદની શેરીમાં એક મસ્જિદ આવેલી છે. (જે શેખપુરાની મસ્જિદ તરીકે ઓળખાય છે.) (૩) નાની વ્હોહરવાડમાં એક મસ્જિદ આવેલી છે. (જે તૈયબપુરાની મસ્જિદના નામે ઓળખાય છે.)

આ ઉપરાંત બાકીની મસ્જિદો નીચેના સ્થળે આવેલી છે:

(૧) પલૈયા બજારમાં કુંડવાવ પાસે આવેલી મસ્જિદ, કુંડવાવની મસ્જિદના નામે ઓળખાય છે. (૨) સુથારવાડા ચકલા પાસે આવેલી મસ્જિદ, જે ભણકારા મસ્જિદના નામે ઓળખાય છે. (૩) આઝાદ ચોકમાં ગાંધીજીની પ્રતિમા પાસે દાઉદી વ્હોરા મુસાફરખાનામાં પણ એક મસ્જિદ આવેલી છે. (૪) કપડવંજના મીઠા તળાવ દરવાજા પાસે (એસ.ટી. સ્ટેન્ડ પાસે) એક મસ્જિદ આવેલી છે. (જે ખોજબીન મલેક સાહેબની મસ્જિદના નામે ઓળખાય છે.) (૫) ઝેર-નિરમાલી રોડ ઉપર ખોજબીન મલક સાહેબ મઝાર (વ્હોરા કબ્રસ્તાન) આવેલી છે. તેમાં પણ મસ્જિદ આવેલી છે.

કપડવંજ દાઉદી વ્હોરા જ્ઞાતિના અગ્રગણ્ય સદગૃહસ્થો:

આ જ્ઞાતિના નીચેના સદ્‌ગૃહસ્થોનો કપડવંજ શહેરના વિકાસમાં અને વ્હોરા જ્ઞાતિની સેવામાં મુખ્ય ફાળો રહેલો છે. (૧) ઈસ્હાકભાઈ અબ્બાસભાઈ બંદૂકવાલાઃ તેઓ મુંબઈના ભૂતપુર્વ મેયર અને મુંબઈ રાજ્યનાં ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ મુંબઈમાં બંદૂકો સહિત તમામ પ્રકારના હથિયારો અને તેને લગતા સામાનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. (૨) સ્વ. જાબીરભાઈ બદરૂદ્દીનભાઈ મહેતાઃ કપડવંજના વતની અને મુંબઈ સ્થિત સ્વ. જાબીરભાઈ મહેતા વ્હોરા જ્ઞાતિના એક અગ્રગણ્ય દાનવીર હતા. તેઓએ કપડવંજની કોલેજમાં સભાખંડ, જે બી. હોસ્પિટલ બંધાવી, તથા પ્રાથમિક સ્કૂલનું મકાન બંધાવી આપ્યું છે. તેમણે વ્હોરા જ્ઞાતિના કલ્યાણ માટે ઘણું દાન કરેલ છે. તેઓ મુંબઈમાં કાગળના ધંધા સાથે સંકળાયેલા હતા. (૩) પદ્મભૂષણ તૈયબજી કલીમુદ્દીન મહેતાઃ તેઓ કપડવંજના દાનવીર શ્રી જાબીરભાઈ મહેતાના ભત્રીજા હતા. મુંબઈ સ્થિત તેઓ સારા ચિત્રકાર હતા. તેઓએ દોરેલું એક ચિત્ર 'મહિષાસુર'સાત કરોડમાં વેચાયું હતું. વર્ષ 2007માં ભારત સરકાર દ્વારા તેમનું પદ્મભૂષણ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત આ જ્ઞાતિના અગ્રગણ્ય સદગૃહસ્થોના નામ નીચે મુજબ છે:

(૪) શ્રી કીકાભાઈ મહમદઅલી બોટીઃ જેઓ ૧૯૩૨ થી ૧૯૩૫ ના વર્ષ દરમ્યાન કપડવંજ શહેર સુધરાઈના પ્રમુખપદે હતા. (૫) મુલ્લા કીકાભાઈ જાફરજી રાવત (૬) મુલ્લા ફકરૂદ્દીન તૈયબભાઈ બાકીર ભાઈવાળા (૭) ફજલેહુસેન શફરઅલી ફતેહી (૮) મુલ્લા અબ્બાસભાઈ યુ. મહેરું (૯) શેઠ ઈનાયતહુસેન અબ્દુલકાદર છીલ (૧૦) શેઠ હકીમુદ્દીન અસરઅલી રંગવાલા (૧૧) યુસુફભાઈ બાકરભાઈ (૧૨) ખદીજાબાઈ ખલીલ

આ વ્હોરવાડમાં આશરે ૩૦૦ જેટલાં મકાનો આવેલાં છે. અહીં બહુ ઓછા વ્હોરા કુટુંબો રહે છે. આ જ્ઞાતિના ઘણાબધા કુટુંબો કપડવંજની બહાર રહેતા હોઈ, ૧૦૦ જેટલાં મકાનો બંધ હાલતમાં છે. થોડા મકાનો ભગ્ન અવસ્થામાં છે. થોડાં મકાનો વેચાઈ ગયા છે. થોડાં મકાનો પાડીને નવા બન્યા છે.

કપડવંજ વ્હોરા જ્ઞાતિના ઘણાં બધાં કુટુંબો મુંબઈ તથા અન્ય શહેરોમાં ઉદ્યોગધંધા સાથે સંકળાયેલાં છે. આ જ્ઞાતિના ઘણાં બધાં લોકો ઉચ્ચ શિક્ષણ લઈને ડોક્ટર/એન્જિનિયર બનીને દેશ-વિદેશમાં પોતાની સેવાઓ આપે છે. ભલે આ જ્ઞાતિના લોકો કપડવંજની બહાર રહેતા હોય, પરંતુ પોતાના વતનને ભૂલ્યા નથી. તેઓ પ્રસંગોપાત કે ધાર્મિક તહેવારોમાં અચૂક પોતાના વતન કપડવંજમાં જરૂર આવે છે.

સંદર્ભ સાહિત્ય

1 'કપડવંજની ગૌરવ ગાથા' પુસ્તક, પોપટલાલ વૈદ્ય.

2 કપડવંજ શહેર સુધરાઈનો શતાબ્દિ મહોત્સવ ૧૯૬૨

3 શેઠ એમ.પી. મ્યુનિ. હાઈસ્કૂલનો 'વાર્ષિક મુખપત્ર' અંક વર્ષ ૧૯૬૧-૬૨

4 કપડવંજ કેળવણી મંડળનો 'પ્રસ્થાન-પ્રગતિ' ૧૯૬૫

5 કપડવંજ કેળવણી મંડળનો ''રૌપ્ય મહોત્સવ સ્મૃતિગ્રંથ'' વર્ષ ૧૯૬૫

6 મહાજન લાયબ્રેરી સુવર્ણ મહોત્સવ સ્મૃતિગ્રંથ વર્ષ ૧૯૭૦

7 'શ્રી શંકરલાલ હ. શાહ સન્માનગ્રંથ', વર્ષ ૧૯૭૦

8 શ્વેતપત્ર 'વ્યક્તિ વિશેષ વિશેષાંક' વર્ષ ૨૦૦૮

9 'કપડવંજ કેળવણી મંડળ, સુવર્ણ જયંતિ સ્મરણિકા' વર્ષ ૧૯૯૧

10 'સ્મૃતિ અને સંવેદન' લેખક શંકરલાલ હ. શાહ.

11 'આગમ જ્યોતિર્ધર' પુસ્તક રમણલાલ જેચંદભાઈ શાહ, વર્ષઃ ૧૯૭૭.

12 'માનવતાની મહેંક' શ્વેતપત્ર વિશેષાંક ૨૦૨૦

કપડવંજનો ભવ્ય ભૂતકાળ





વિષ્ણુસિંહ ચાવડા
લેખક અને સંશોધક, ગાંધીનગર

પૌરાણિક કપડવંજ

પ્રાચીન-અર્વાચીન કપડવંજનું અસ્તિત્વ કયા કાળમાં થવા પામ્યું? કયા ચોક્કસ દિવસે અને કોણે વસાવ્યું? તેનો ઈતિહાસ અથવા તો કોઈ દંતકથા ક્યાંય મળતી નથી. છેક પુરાણકાળમાં પ્રાતઃ સ્મરણીય ભગવાન રામચંદ્રજીએ પિતૃ આજ્ઞાને આધીન ચૌદ વરસ વનવાસના દિવસોમાં આ ધરતીને પાવન કરેલી, એવું માનવામાં આવે છે. અવધપુરી થઈને લુણપુરમાં મહારાજા દશરથનું શ્રાદ્ધ કરી તેને પાવન કરેલું, ત્યાં શ્રાદ્ધ માટે ભૂદેવોને આમંત્રણ આપેલું. પણ તે સમયે પાણીનું મહાસંકટ હતું. આથી સ્વયં ભગવાને રામબાણ વડે તે સંકટ દૂર કરેલું. ત્યારથી આ સ્થળને રામક્ષેત્ર કહેવામાં આવે છે. રામક્ષેત્ર તે જ હાલનું આપણું લસુન્દ્રા.

રામાયણ કાળમાં શ્રી ઉત્કંઠેશ્વર મહાદેવ જાંબલી ઋષિ-મુનિ ઉત્કંઠાથી વેત્રવતી (વાત્રક)ને કાંઠે પ્રગટ થયા. મહાભારત કાળમાં શ્રી કેદારેશ્વર મહાદેવની સ્થાપના થઈ, પરંતુ એ કાળમાં કપડવંજનું અસ્તિત્વ હતું કે કેમ તેનો કોઈ ખાસ ઉલ્લેખ નથી.

(કાશ્યપ ગંગા) વેત્રવતીના કિનારા ઉપર આ સમયે ઋષિ-મુનિઓના આશ્રમ જ હતા. કપડવંજ અને તેની આજુબાજુની ધરતી વરલીથી આચ્છાદિત લીલીછમ રહે છે. ઊંચા-ઊંચા વૃક્ષોની ઘેરી ઘટાઓથી કુદરતી સૌ કોઈને અપૂર્વ શાંતિ મળે તેવી સગવડ કરી આપેલ છે. કપડવંજની આસપાસના જંગલો, જ્યાં હિંસક રાની પશુઓ વાસ કરતા હતા, તેને કેટલાક લોકોએ હેડંમ્બા વન તરીકે ઓળખાવ્યા છે. પણ ખરેખર આ સ્થળ (જંગલ) હેડંમ્બા વન નથી.

સોલંકી કાળમાં કર્પટવાણિજ્ય

કપડવણજ જૂના કાળથી વસેલું છે. તામ્રપત્રોથી જાણવા મળે છે કે તે સમયે 'કર્પટવાણિજ્ય' ના નામે તે પ્રચલિત હતું. અનુ મૈત્રક કાળમાં નકશા જોતા તથા જૂના લશ્કરના માર્ગો જોતા 'કર્પટવાણિજ્ય' શબ્દ જડે છે. તામ્રપત્રોમાં પણ કર્પટવાણિજ્ય શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે. ગુજરાતના મુખ્ય વ્યાપારી શહેરોમાં લશ્કરોની અવરજવર માટે પણ આ સ્થળ ગણનામાં આવતું હતું. આથી કપડવંજ મોખરાનું સ્થાન ધરાવતું હતું. વિ.સં ૧૧૫૦-૧૧૯૯, ઈ.સ. ૧૦૯૪-૧૧૪૩, ગુજરાતના ભલા ન્યાયી રાજમાતા મયલ્લા દેવી (મીનળદેવી) અને રાજકુમાર સિદ્ધરાજ જયસિંહ તીર્થયાત્રાએ નીકળ્યા ત્યારે રસ્તામાં કર્પટવાણિજય આવતું. તે સમયે આ શહેર અર્ધક હતું, જે અર્ધ ગોળાકારે નદીના સામાકાંઠા ઉપર હતું એમ મનાય છે. રાજમાતાના સૈન્યએ વનમાં તંબુ તાણ્યા. આ સૈન્યનો એક અશ્વરક્ષક વિભુદાસ કોઢથી પીડાતો હતો. તે બપોરની અસહ્ય ગરમીથી બચવા જળ શોધતો પાસેના નાના ખાડામાં સ્નાન કરવા ગયો. સ્નાન બાદ તેણે જોયું કે તે કોઢરહિત થયો છે. આ વાતની જાણ તેણે રાજમાતા મીનળદેવીને કરી. આ ચમત્કાર જોઈ તેમને પણ આશ્ચર્ય થયું. આ વિશે તેમણે પોતાના વિદ્વાન કવિ ચંદ્રશર્માને પૂછ્યું. કવિ ચંદ્રશર્માએ જણાવ્યું કે આ જળના ભૂગર્ભમાં જરૂર ભગવાન પુરૂષોત્તમનો વાસ હોવો જોઈએ. રાજમાતાએ ખાડામાં વધુ ખોદવાનો આદેશ આપ્યો. ખાડો મોટો ખોદાતા તળાવ જેવો આકાર થયો. વધુ ખોદતા ત્યાંથી ભગવાનની પ્રતિમાના દર્શન થયા.

આ તળાવના ભૂગર્ભમાંથી ભગવાન શ્રી નીલકંઠેશ્વર, શ્રી નારાયણ દેવ, શ્રી ગુપ્તેશ્વર અને શ્રી મહાલક્ષ્મીજીની પ્રતિમાઓ મળી. રાજમાતા અને સિદ્ધરાજ જયસિંહે પ્રતિમાઓનું ભાવભર્યું પૂજન કર્યું. આસપાસના વનનો નાશ કરાવ્યો અને ત્યાં મંદિરોની સ્થાપના કરી તેમજ કલા સ્થાપત્ય નમૂનારૂપ જળકુંડ કિર્તી તોરણ તથા ૩૨ કોઠાની વાવ અને વધેલા પથ્થરોમાંથી અન્ય બે વાવ બંધાવી. જંગલો નાશ થતાં અને જળાશયો બંધાતા લોકોએ વસવાટની પણ શરૂઆત કરી.

કાપડ વણાટ અને વેપાર એ તો અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય હતો. તેથી પ્રાચીન સમયમાં વિદ્વાનોએ કર્પટવાણિજ્ય નામ આપ્યું. આ નામ દસમી સદીની પહેલાનું છે. બાદમાં અપભ્રંશ થઈને નામ કપડવણજ થયું અને આજે કપડવંજ નામે ઓળખાય છે.

આજે હયાત છે તે સોલંકી કાળના સુવર્ણ કાળના યશગાથા ગાનારા કલાના નમૂના રૂપ કુંડવાવ, તેના મુખ આગળ દ્વાર રૂપે ગુજરાતની સ્થાપત્ય કલાના નમૂનારૂપ કમાન બંધાવી, જે આજે કીર્તિ તોરણના નામે ઓળખાય છે. સાથે-સાથે એક ભવ્ય બત્રીસ કોઠાની વાવ બંધાવી, જેનો સંબંધ કુંડવાવ સાથે જોડાયેલો છે. બત્રીસ કોઠાની વાવનો ફક્ત એક જ કોઠો આપણે જોઈએ છીએ. બાકીના ૩૧ કોઠાઓ નાશ પામેલા છે. સૌપ્રથમ કોઠો હાલની પીપડા ખડકી સુધી હોવો જોઈએ. ઘણી વખત ખોદકામ વખતે તેના અવશેષો વટવાળા, સલાટવાડા વગેરે સ્થળેથી મળે છે. બત્રીસ કોઠાનો એક મોટો પથ્થર કે જેની ઉપર શ્રી મોઢેશ્વરી માતાજીનું મંદિર છે, ત્યાંથી સળંગ નાની વહોરવાડની ખડકી સુધીની તમામ દુકાનો એક જ પથ્થર પર હોય તેમ લાગે છે.

આ બાંધકામથી વધેલા પથ્થરોમાંથી મહારાણીએ પણ એક વાવ બંધાવી હતી, જે હાલ પૂર્વ તરફ અંતિસર દરવાજા બહાર શાળાની પાછળના ભાગે 'રાણીની વાવ' તરીકે ઓળખાય છે. બીજી એક વાવ તેમની વફાદાર દાસીના નામ પરથી બંધાવવામાં આવી હતી. તેનું નામ 'સિંગર વાવ', જે હાલ મ્યુનિસિપલ હાઈસ્કૂલ પાસે વૈજનાથ મહાદેવની પછીતે છે. જરૂરી સગવડો થવાથી મહોર નદીની સામે બાજુ રહેલા લોકોએ પોતાનો મુકામ આ બાજુએ કર્યો. આ ગામ બાજુ ઈ.સ.૧૧૫૬ અને ૧૨૧૨ મહાવદ ચોથથી વિકસાવવા માંડ્યું અને શરૂઆતમાં ભાવસિંગ ના પુત્ર અંબઈદાસ કપડવણજમાં આવ્યા.

કપડવંજના સ્થાપત્યો

કુંડ વાવ, બત્રીસ કોઠાની વાવ, રાણીની વાવ, સિંગર વાવ, બીડીની વાવ, સૈયદની વાવ, કાપડીની વાવ, વહોરી વાવ, નીશાળિયા વાવ, શિવશંકર મહેતાની વાવ, સીધવાવ માતાજી વાવ વગેરે.

કપડવંજનું તોરણ

સુંદર ભદ્રશ્રેણીની કુંભી, ઉપરથી શોભતા એ જ શ્રેણી દોઢીઆ, સ્તંભો ઉપર આખું તોરણ ઉભું છે. આ દોઢીઆ સ્તંભ ઉપર પાઠ ગોઠવી તેના ઉપર છજુ અને છજા ઉપર ઉત્તર ચક્ર, પાંચ ઈલ્લિકા લવણો, બે તિલકો અને મકર મુખોથી આખુંયે તોરણ શોભી રહેલ છે. કુંભી ઉપર શરૂઆત થતાં ભદ્રમાં ચાર દિશાએ પરિકરને મળતા ગવાક્ષોમાં એક એક દેવમૂર્તિ ગોઠવાયેલ છે. આ રીતે સ્તંભ ઉપરની આઠ-આઠ દેવ મૂર્તિઓથી તોરણનો નીચલો ભાગ શોભી રહ્યો છે. એ પૈકી દેવમૂર્તિઓ આમાં દ્રશ્યમાન થાય છે. તેના ઉપરના ટેકાના નીચલા ભાગને ચારે દિશાની અપ્સરા કે ગાંધર્વીઓની મૂર્તિઓની નીચલી ચાર બેઠકો દેખાય છે. ઉપર તે નર પક્ષીઓની હરોળ તેના ઉપર વક્ષથી સુશોભિત સ્તંભની ઠેકીનું મથાળું આવેલ છે. સ્તંભનો આકાર વર્તુળાકાર બની જાય છે. આ વર્તુળાકાર અંદરના ભાગેથી તોરણની ગોળ કમાનનું તોરણીયું બની જાય છે. બહારની ત્રણ દિશાની ત્રણ મૂર્તિઓ દેખાય છે. ગુજરાતની તોરણ સૃષ્ટિમાં કપડવંજનું તોરણ આગલી હરોળમાં મુકાય છે. જો આ તોરણમાં ગેરુઆ રંગની ઝાંખવાળો ખારો પથ્થર વપરાયો ન હોત તો હવા વરસાદે આ તોરણને નુકસાન કર્યું હોત.

આ કીર્તિસ્તંભ ૧૨ ચો.ફુટમાં ૨૩ ફુટ ૧૦ ઈંચની લંબાઈમાં છે, અને કુંભીઓ ૪ ચાર ફૂટની જાડાઈમાં છે. બે સ્તંભો છજુ અને તોરણો કલાના નમુનારૂપ છે. ઉપરના મધ્યમાં શિવની તાંડવ નૃત્યની પ્રતિમા છે. અને બંને બાજુ કમળ ઉપર બ્રહ્મા અને ગરુડ ઉપર શ્રી વિષ્ણુની પ્રતિમા છે. શિલ્પકળાના ૪ પ્રકારના નમૂનાઓમાં આ કીર્તિસ્તંભ ઉતંગત પ્રકારનું શિલ્પ છે. આ કીર્તિસ્થંભ તરફ જતાં, પગથિયાની પરથાર પર જતાં, બંને બાજુ સુંદર કલાત્મક મૂર્તિઓ છે.

બત્રીસ કોઠાની વાવ-કુંડ વાવ

ઐતિહાસિક પાર્શ્વભૂમિકા: વાવનું નામ સૂચવે છે કે આ વાવ 32 કોઠા એટલે કે માળની છે. મોહર નદીને કાંઠે આવેલી આ વાવ તે સમયે પાણીપુરવઠા માટે અગત્યનો સ્રોત હતો. આ વાવ સિદ્ધરાજ જયસિંહના ઈ. સ. 1094 થી 1143ના શાસનકાળમાં બંધાયેલી છે. આ સિવાય પણ કપડવંજમાં અન્ય ઐતિહાસિક બાંધકામો કરવામાં આવેલાં છે, જેમાં અન્ય વાવ ઉપરાંત શહેરની મધ્યમાં કુંડવાવ કે જેના પ્રવેશ માટે વડનગર જેવું જ તોરણ બાંધવામાં આવ્યું છે તે અદ્ભુત છે. ગુજરાતના 13 કીર્તિસ્તંભોમાંનું આ તોરણ વડનગરની માફક સારી હાલતમાં સચવાયેલું છે.

સ્થાપત્ય

વાવમાં ઊતરવા માટે સીધાં તથા આડાં પગથિયાંનું બાંધકામ કરવામાં આવેલું છે. વાવ ઘણી ખંડિત હાલતમાં હોવાથી તેની ઉપર કેટલા કૂટ-પેવેલિયન બાંધવામાં આવ્યાં હતાં તે સ્પષ્ટ થતું નથી. ફક્ત નીચેના કૂવા પાસે રહેલા કૂટ સલામત હાલતમાં છે. અંદરની સ્તંભ અને દીવાલો પરની કોતરણી અણખોલ માતાની વાવ-દાવડ તથા અમદાવાદની દાદા હરિરની વાવને મળતી આવે છે. વાવના સ્તંભ, બ્રેકેટ્સ અને પેરાફિટ દીવાલો ઉપરની કોતરણીમાં દર્શાવેલાં ઘરેણાં, વાવ 13મી સદીમાં બંધાયેલી હોય તેમ દર્શાવે છે. પગથિયાંઓની વચ્ચેની પરસાળ કે ઓટલો વિશિષ્ટ છે, જે મુખ્યત્વે પેવેલિયન કે છત્ર ધરાવતા કૂટમાં જોવા મળે છે. કૂવા પાસેના છેલ્લા કૂટમાં બેસવાની જગ્યાઓ ટેકા દેવાની બેઠક ધરાવે છે. ભૌમિતિક આકારો અને કુદરતી વિષયવસ્તુવાળી કોતરણી વચ્ચેની પરસાળો અને થાંભલાઓ ઉપર જોવા મળે છે.

કપડવંજ ગામની વચ્ચે મુખ્ય રસ્તા ઉપર જ આ વાવ રહેલી છે. નાનકડો જાળીવાળો દરવાજો રસ્તા ઉપરથી દેખાય છે, જેની ઉપર આ વાવનું નામ લખવામાં આવેલું છે. આ નાનકડો જાળી દરવાજો ખોલતાં જ વાવમાં ઊતરવાનાં પગથિયાં ચાલુ થાય છે, જેની પહોળાઈ 10થી 12 ફૂટ હશે. બન્ને બાજુ ખાનગી મકાનોની દીવાલો રહેલી છે. વાવમાં પગથિયા ઉપર પુષ્કળ ગંદકી અને ઘાસ-વનસ્પતિ ઊગી નીકળેલાં છે અને જીવજંતુ રહેતા હશે તેવું લાગ્યું. પગથિયાંની ઉપર કોઈ પેવેલિયન-કૂટ બચ્યાં નથી. બધા જ પથ્થરો તૂટીને પગથિયા ઉપર વેરવિખેર પડેલાં છે. લગભગ 100-150 ફૂટ નીચે પગથિયા પાસે પાણી ભરેલું હતું, જેની ઉપર એક કૂટ ખંડેર હાલતમાં હજી ઊભો છે. બાકી આ વાવ બિલકુલ ખંડેર હાલતમાં છે.



વાવથી 100 મીટર નજીકમાં જ મુખ્ય બજારના રસ્તાની બાજુમાં ચંચળબાઈ ટાવરની પાછળ અને મહાલક્ષ્મી માતાના મંદિર પાસે કુંડવાવ નામનું સ્થળ રહેલું છે, જે એક લંબચોરસ વિશાળ કુંડ કે હોજ જેવી ખુલ્લી વાવ કે કુંડ છે. કુંડ એક કૂવા જોડે સંકળાયેલો છે, જે મુખ્ય પ્રવેશદ્વાર ઉપર રહેલા જર્જરિત ફુવારાની બરાબર નીચે રહેલો છે. કુંડમાં ઊતરવા ચારેબાજુ સીધાં અને આડાં પગથિયાંઓ છે. પગથિયાંઓમાં વચ્ચે ગોખલા આવેલા છે, જેમાં કદાચ અગાઉ મૂર્તિઓ હોઈ પણ શકે, જોકે અત્યારે તમામ ખાલી છે. કુંડની ત્રણ બાજુ જમીનની સપાટી ઉપર દેરીઓ રહેલી છે, જેના ઉપર કોતરણી કામ જોવા મળે છે. ખાસ કરીને દેરીના ઉપરના છત્રિના ભાગ ઉપર વિશેષ જોવા મળે છે. કુંડના મુખ્ય પ્રવેશદ્વારની જમણી બાજુ કુંડને અડીને જમીનની સપાટી ઉપર વિશાળ પથ્થરનું તોરણ બનાવેલું છે, જે આબેહૂબ વડનગરના તોરણ જેવું છે. આ તોરણ કોતરણીથી ભરપૂર છે. વાવના પ્રવેશદ્વારને અડીને વિશાળ પથ્થરનું ટાવર બંધાયેલું છે, જે જોવા લાયક છે.

કપડવંજના ધાર્મિક સ્થળો

શ્રી નીલકંઠેશ્વર મંદિર, શ્રીનારાયણ દેવ મંદિર, શ્રી મહાલક્ષ્મી મંદિર, શ્રી ગોકુલનાથજી મંદિર, કોઠા નું મંદિર, શ્રી હર્ષદ માતાનું મંદિર, શ્રી મોટું રામજી મંદિર, શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી કુબેરજી મહાદેવ મંદિર, શ્રી સંત કબીર મંદિર, શ્રી ચામુંડા માતા મંદિર, શ્રી વૈજનાથ મહાદેવ, શ્રી સોમનાથ મહાદેવ, શ્રી છોટેશ્વર મહાદેવ, સુરેશ રત્નાગીરી માતાજી મંદિર, શ્રી ટાકલી માતાજી મંદિર

કપડવંજની પોળો

કપડવંજમાં ઘણી પોળો, ખડકીઓ, શેરીઓ અને વાડાઓ આવેલા છે. સામાન્ય રીતે કેટલીક પોળો તો પોતાના સપૂતના જ્ઞાતિના નામથી ઓળખાય છે. કેટલીક ખડકીઓ પણ લોકોના નામે ઓળખાય છે. કપડવંજની શેરીઓ ઉપર તો સરસ ગીત પણ બનેલું છે. અહીં ખાણીપીણી બજાર પણ સારું એવું વખણાય છે.

કપડવંજની શૈક્ષણિક સંસ્થાઓ, વેપાર ઉદ્યોગ

કપડવંજમાં ઘણી શૈક્ષણિક શાળાઓ, હાઈસ્કૂલો અને કોલેજો આવેલી છે. શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય, શ્રી શામળદાસ અમીચંદભાઈ હુન્નર ઉદ્યોગ શાળા, શ્રી પી.એન ટેકનિકલ હાઇસ્કૂલ, કોમર્સ સ્કૂલ વગેરે આશરે ૩૦થી પણ વધુ શૈક્ષણિક સંકુલો અત્યારે કાર્યરત છે. હાલમાં કપડવંજમાં શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આરોગ્ય ને લગતા દવાખાનાઓ, લાઈબ્રેરીઓ, મંદિરો, જૈન દેરાસરો, દરગાહ, આશ્રમ, થિયેટર, અહીંની કલાત્મક નાની-મોટી વોહરવાડ જેની કલાત્મક હવેલીઓ સિધ્ધપુર ની યાદ અપાવે છે, તે લોકો દેશ-પરદેશથી જોવા માટે આવે છે. બીજું અહીંનું કાચનું કારખાનુ જોવાલાયક છે. કપડવંજની દુધિયા બંગડીઓ એક સમયે પૂર્વજર્મની, ઝેકોસ્લોવાકિયા અને જાપાનના માલ કરતાં સારી ગણાતી. હાલ પણ તેના કારખાના છે. તેલની મિલો, કપાસની જિનિંગ ફેક્ટરીઓ, ગૃહ ઉદ્યોગો, દવા બનાવવાની કંપની, મીનાકારીગરી, માટીકામ, દીવાસળીનું કારખાનુ, સાબુનું કારખાનું, ડેરી ઉદ્યોગ વગેરે મુખ્ય ઉદ્યોગો અત્યારે ચાલે છે.

રાજપૂત કાળથી સલ્તનત કાળ, બાદમાં બાબી વંશ, બાદમાં ગાયકવાડ સરકાર, ત્યારબાદ અંગ્રેજ સત્તા આ કપડવંજની જનતાએ જોયેલી છે. ઘણો ખરો વણઉકેલ્યો ઈતિહાસ સંઘરીને આ નગર બેઠું છે. તો આપ આની ચોક્કસ મુલાકાત લેજો આભાર.

સાંસ્કૃતિક વારસાથી સમૃદ્ધ નગર કપડવંજ

દહેગામથી આગળ આતરસુંબા ગામ વટાવી, મહોર નદીને ઓળંગી, કોટની દીવાલના અવશેષોને સમાંતર રસ્તા પરથી પસાર થઈ, અચાનક એક વળાંક લઈ પહોંચી જઈએ છીએ. ચારેબાજુ ચહલ-પહલ છે. જાત-ભાતની પ્રવૃત્તિઓના અવાજના ધબકારથી જીવંત બજારમાં ક્યાંક ગરમાગરમ ભજીયા તળાઈ રહ્યા છે, તો વળી ક્યાંક આજુબાજુના ગામડામાંથી આવેલા પરિવારો જીવનજરૂરિયાતની –રોજબરોજની ચીજવસ્તુઓની ખરીદી કરી રહેલ છે, તો વળી ક્યાંક ચાની દુકાને ગરમા-ગરમ 'ચા' ઉકળી રહી છે, જેને જોતાં જ આ શિયાળાની ઠંડી ભાગી જતી લાગે છે. તો વળી આગળ જતા અહીંના સ્થાપત્યકીય સિમાચિહ્ન સમા ગાંધી ચોક પાસે તાજા શાકભાજી-ફળોની લારીઓ અને વર્ષો જૂની કપડવંજની ઓળખ સમી 'ગાયત્રી ખમણ'ની નાની-અમથી પણ 'હુંફાળી' દુકાનની ગરમાવટ એ જાણે આવી રહેલા 'આગંતુક'નું ભવ્ય સ્વાગત કરે છે.

ફોરમ એન. ભટ્ટ
આર્કિટેક્ટ, હેરીટેજ પ્રોફેશનલ
અમદાવાદ




અહીંથી જાણે કે ઐતિહાસિક નગર કપડવંજ કે જેની સ્થાપના કાપડના વેપારના કેન્દ્ર તરીકે થયેલી, તેની શરૂઆત થાય છે. ટાવર રોડ ને નગરનો મુખ્ય માર્ગ કહી શકાય કે જેની બંને તરફ ઓટલાવાળા, જૂના બાંધકામની શૈલીવાળા લાકડા, પથ્થર અને ઈંટથી બનેલ મકાનો છે. આ મકાનોના વિભિન્ન ભાગો, મુખ્યત્વે બારીબારણા, ઝરૂખા વગેરે કાષ્ઠકલાની સુંદર કોતરણીઓથી અલંકૃત છે. સંયુક્ત દીવાલના સિદ્ધાંતથી બનેલા આ મકાનો બે-ત્રણ માળની ઊંચાઈ ધરાવે છે. તેના મોભ, ટોડલા, આધારસ્તંભ અને ઝરૂખાઓ ફૂલ, પર્ણ, મોર, પોપટ એવી પ્રકૃતિની વિભિન્ન રચનાઓથી શોભિત છે. ઉપલા માળે આવેલા આ ઝરૂખાઓનો બેઠક તરીકે સુંદર ઉપયોગ થાય છે. આ દરેક 'Space Making elements' એમની વિશિષ્ટતાઓથી ઐતિહાસિક મૂલ્યોના પુરાવા આપે છે. મુખ્ય માર્ગ પર નીચે દુકાનો અને ઉપરના માળનો રહેઠાણ તરીકે ઉપયોગ એ 'mixed lancluse ' ના સિદ્ધાંત પર આધારિત છે. આ મુખ્ય માર્ગોની બંને તરફ વાડ કે પોળ આવેલ છે, જે કોઈ એક વિભિન્ન સાંસ્કૃતિક, સામાજિક કે વ્યવસાયિક વ્યવસ્થા માટેના સામૂહિક વસવાટનું સ્થળ છે. ઉદાહરણ તરીકે 'ગોલવાડ', અહીં મુખ્યત્વે 'ગોલા રાણા' સમુદાયના પરિવાર વસે છે, જેમનો વંશ-પરંપરાગત વ્યવસાય અનાજ, તેમજ મસાલા ખાંડવા-ચાળવા સાથે સંકળાયેલ હતો. તે ઉપરાંત, તેઓ પાઘડી બનાવવાના વ્યવસાય સાથે પણ સંકળાયેલા હોવાથી 'પાઘડીવાળા' તરીકે પણ ઓળખાતા.

દરેક આવા વાડા-પોળ એ મુખ્યત્વે સ્વાવલંબી નગરીની રચના કહી શકાય કેમ કે અહીં ચોક, કૂવો, કૂઈ, વાવ, ધાર્મિક આસ્થાના પ્રતીક સમા દેરી કે મંદિર, તદુપરાંત સલામતી માટે દરવાજાની રચના કરવામાં આવેલ છે. ચોકમાંથી આગળ શેરીઓ ખડકી તરફ લઈ જાય છે કે જે કોઈ એક સમયે એક જ પરિવારના રહેવા માટે બનેલી સાંસ્કૃતિક-સામાજિક કે પછી આર્થિક-ધાર્મિક પ્રવૃત્તિઓ સામૂહિક રૂપે સરળતાપૂર્વક થઈ શકવા બનેલી, તેવી આ વાડામાંની ખુલ્લી જગ્યાઓ આજે રોજબરોજના જીવનમાં પાર્કિંગ તરીકે વપરાવા પૂરતી સીમિત રહી છે. જોકે આજે પણ ધાર્મિક-સામાજિક પ્રસંગોમાં માંડવા રોપી તેઓનો સદુપયોગ થાય છે.

રસપ્રદ વાત એ છે કે, આ બધા જ વાડ મુખ્ય બજારથી થોડી ઉંચાઈએ એવી રીતે ગોઠવાયેલ છે, કે વરસાદી પાણીનો નિકાલ બહાર તરફ થઈ જાય અને પાણીનો ભરાવો ન થાય. આ અવલોકન પરથી એમ વિશ્લેષણ કરી શકાય કે કપડવંજના નગરને નિશ્ચિત સ્થાને વસાવવાનો નિર્ણય એ નદી કિનારાની ભૌગોલિક રચનાના અનુસંધાનમાં તેને અનુરૂપ કરવામાં આવેલ છે. અહીંની શેરીઓ અને ગલીઓની પહોળાઈ તેમજ ઘરની અંદર આવેલ ચોકની રચના અહીંની આબોહવાને અનુરૂપ છે. આ ઉપરાંત મહોર નદીના પટમાંથી મળતા લાલ પથ્થરનો મકાનના બાંધકામમાં ઉપયોગ પ્રાદેશિક રૂપે મળી આવતી સામગ્રીના વારસાકીય મૂલ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

અહીંની બજારો કાપડ, ઝવેરાત, કાચ, સાબુ, મગફળી, બીડી, તમાકુ તેમજ એની અન્ય ઉપજો જેમ કે છીંકણી વગેરે માટે પ્રખ્યાત હતી, જેની જીવંત પ્રણાલી આજે પણ જોઈ શકાય છે. આ વ્યવસાયિક સંસ્કૃતિનું પ્રતિબિંબ રહેઠાણ/આવાસીય રચનામાં પણ જોઈ શકાય છે. જેમ કે, સીસગર વાડ એ સમુદાયના પરિવારોનો રહેણાંક વિસ્તાર છે જેઓ વર્ષોથી કાચના આભલા બનાવવાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. એક સમયે અહીંના કાચ અને તેની વિવિધ ઉપજોની વિદેશમાં નિકાસ થતી હતી. તેના કારખાના તેમજ ભઠ્ઠીઓ આજે પણ જોઈ શકાય છે. આ ઉપરાંત વ્હોરા વાડ, ભટ્ટવાડ, પટેલ વાડ, સલાટ વાડ, નાગર વાડ જેવા નામો સાંસ્કૃતિક સમુદાયને સમર્પિત રહેઠાણ વ્યવસ્થાનું સૂચન કરે છે.

દરેક વાડા વસાહતોમાં ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમા મંદિરો, દેરાસરો, ઉપાશ્રયો, મસ્જિદો તેમજ સાંસ્કૃતિક સંસ્થાઓ આ વાડના જાણે ધબકાર છે, જે અહીંના લોકોને સાંકળે છે, અને અહીંની શેરીઓને જીવંત રાખે છે. સ્થાપત્યના બેનમૂન નમૂના (ઉદાહરણ) સમું કીર્તિ તોરણ, કુંડવાવ, બત્રીસ કોઠાની વાવ, ક્લોક ટાવર, કોટની રાંગના અવશેષ, કોટનો દરવાજો, વાડના દ્વાર એ બધા જ સમયાંતરે બદલાયેલ રાજવંશ, સત્તા કાળક્રમની સાક્ષી પૂરે છે, જ્યાં સોલંકીકાળ, મુઘલ કાળ, મરાઠાકાળ તેમજ બ્રિટીશ કાળના વિશિષ્ટ પુરાવા મળે છે. અહીં આવેલ ઘણી બધી વાવ, દરવાજા, કોટની દીવાલ સમય સાથે નષ્ટ પામ્યા છે, પરંતુ કાળાંતરે આજે પણ અડીખમ ઉભેલી ઉત્તમ, શ્રેષ્ઠ, સ્થાપત્ય અને કલાના સંગમ સમી આ રચનાઓ કપડવંજના બહુમૂલ્ય ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક, વ્યવસાયિક અને સ્થાપત્યકીય મૂલ્યોની સાક્ષી પૂરે છે.



બદલાતા જતા સમય સાથે આ અમૂલ્ય સ્થાપત્યકીય વારસાનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. અતિક્રમણ, બેદરકારી, નિયમિત દેખરેખની ગેરમોજૂદગી, અસંવેદનશીલ સુધારા વધારા, અલંકારિક કોતરણીકામથી સજ્જ એવા કાષ્ઠના ભાગોની વેચાણ પ્રવૃત્તિ, તૂટતી જતી આ ઐતિહાસિક ઈમારતો તેમજ બંધ પડી રહેલ મકાનો જેવી ગંભીર સમસ્યાઓને સ્વીકારી, સમજી અને તેને અનુરૂપ પગલા લઈ, આ ભવ્ય વારસાને હજીપણ ઉજાગર રાખવાની અખૂટ સંભાવાનાઓ છે. ચાલો, આપણે સૌ નગરજનો, અધિકારીઓ, યુવાઓ, વિદ્વાનો, સ્વયંસેવકો અને ઈતિહાસપ્રેમીઓ સાથે મળી આ સુંદર નગરીની સુંદરતાને કાયમ રાખવા કટિબદ્ધ થઈએ.

જળ સ્થાપત્યનો બેજોડ નમુનો એટલે કપડવંજનો **શુભદ્રક શૈલીનો શિવકુંડ**

જળાશયોના મુખ્ય બે પ્રકાર હોય છે (૧) કુદરતી (૨) માનવરચિત. સામાન્ય રીતે પ્રત્યેક નગર/ગામ નજીક કુદરતી જળાશયનું સાધન હોય છે. નદી, સરોવર, તળાવ વગેરે. જ્યાં કુદરતી સુવિધા ન હોય ત્યાં કુત્રિમ જળાશયોની રચના કરવામાં આવે છે જેવા કે વાવ, કૂવા, કુંડ, તળાવ, સરોવર વગેરે. માનવસભ્યતાનાં વિકાસ સાથે માનવરચિત જળાશયોના પણ નિર્માણ થતા રહ્યા છે.




કપિલ ઠાકર
તંત્રી, અતુલ્ય વારસો
પ્રા.ભાવિન પરમાર
પ્રાધ્યાપક, ગુજરાત કોલેજ,
અમદાવાદ

ચિત્ર સંદર્ભઃ મુકેશ પટેલ



પ્રાચીન ભારતમાં અન્ય જળાશયોની માફક કુંડ બાંધવાની પરંપરા ઘણી જૂની છે. સિંધુ ખીણ સભ્યતાનાં પ્રમુખ નગર મોહેન્જોદડોનો કુંડ જગવિખ્યાત છે. સામાન્ય રીતે કુંડ ચાર પ્રકારના હોય છે (૧) ભદ્રક (૨) સુભદ્રક (૩) નંદ અને (૪) પરિઘ. આ કુંડો શાંતિની કામનાથી મોટા મંદિરની પાસે કે સન્મુખ બાંધવાનો રીવાજ હતો. ભદ્રક કુંડ ચોરસ હોય છે. સુભદ્રકની અંદર ભદ્રક પ્રકારના કુંડ આવી જાય છે અને દરેક પ્રતિભદ્રની અંદર કુંડો હોય છે તેને નંદ પ્રકારનો કુંડ કહેવાય છે જ્યારે વર્તુળાકારની મધ્યમાં ભદ્ર હોય તો તે પરિઘ કહેવાય છે. કુંડ ચારે તરફથી ખુલ્લા ગવાક્ષયુક્ત તથા પગથીયાવાળો હોય છે. ગવાક્ષોમાં વિવિધ દેવી-દેવતાઓની પ્રતિમાઓ સ્થાપવામાં આવે છે. પડથારોનાં ખૂણાઓ ઉપર પણ પ્રતિમાઓ સ્થાપવામાં આવે છે. કુંડની ઉપર પણ જગ્યાની અનુકુળતાએ નાની દેરીઓ બાંધવામાં આવે છે.

કપડવંજ અને તેના આસપાસનાં વિસ્તારમાં પણ એક હજાર વર્ષથી પણ પ્રાચીન સમયથી બાંધવામાં આવેલા અનેક માનવરચિત જળાશયો જેમ કે કૂવા, કુંડ, વાવ જોવા મળે છે, જેમાં કુંડવાવ સૌથી અગત્યનો અને શિલ્પસ્થાપત્યથી સમૃધ્ધ જળ સ્થાપત્ય છે.કપડવંજમાં મુખ્યત્વે કિર્તીતોરણ યુક્ત કુંડવાવ સ્થાપત્ય પ્રેમીઓમાં સુપ્રસિધ્ધ છે જે સોલંકી શાસન (ઈ.સ. ૧૧મી સદી) દરમ્યાન બંધાયેલ શુભદ્રક શૈલીનો શિવકુંડ છે. કુંડનું કુલ ક્ષેત્રફળ ૧૩૨૮ ચોરસ વાર છે અને અહીં એક કિર્તી તોરણ પણ છે. કુંડની મધ્યમાં નાનકડી કૂઇ આવેલી છે. કૂઈની ફરતે બેઠક જેવો પટશાલ છે. પટશાલ પર ચોકીઓ આવેલી છે. કુંડમાં ઊતરવા માટે પટશાલ પર ચોકીઓની સાથે ગોખથી શોભતાં પગથિયાં બાંધવામાં આવેલાં છે.ગોખથી શોભતાં આ પટશાલની ત્રણ હરોળ દેખાય છે. પ્રથમ હરોળમાં 41, બીજી હરોળમાં 32 અને ત્રીજી હરોળમાં 33 ગોખ અને તેની બંન્ને બાજુએ ચાર-ચાર પગથિયાં છે. કેટલાક ગોખ પર શિલ્પકૃતિઓ ખંડિત અવસ્થામાં જોવા મળે છે. કુંડના ઉપરના ભાગમાં છત્રી તથા ત્રણ દિશામાં ત્રણ શૃંગાર ચોકીઓ આવેલી છે. પશ્ચિમ અને દક્ષિણ દિશાની શૃંગારચોકીઓ પરના ઘુમ્મટોમાં નર્તક-નર્તકીઓ,ગવાક્ષો,ફૂલ-વેલની ભાતનાં શિલ્પકોતરાયેલાં છે.ઉત્તર દિશાની શૃંગારચોકી પરનો ઘુમ્મટ તૂટી ગયેલ છે. આ શૃંગારચોકીની નીચે એક અવાવરૂ કૂવો છે. આ શૃંગારચોકી પૈકીની માત્ર દક્ષિણ દિશાની ચોકીનાં પગથિયાં પર બે શિલ્પાકૃતિઓ જોવાં મળે છે, જ્યારે અન્ય બે દિશાની ચોકીઓ પર આવાં શિલ્પો જોવાં મળતાં નથી.

કુંડની પૂર્વ દિશામાં(મુખ પર) તોરણ આવેલું છે, જેને ‘કીર્તિતોરણ’ કહેવામાં આવે છે. સોલંકી વંશના રાજાઓએ વડનગર,દેલમાલ અને કપડવંજમાં તોરણો બંધાવ્યાં હતાં. કુંડના મુખ પર આવેલું આ તોરણ કલા-સ્થાપત્યનો સુંદર નમૂનો છે. એમ કહેવાય છે કે સિદ્ધરાજે બાર વર્ષ સુધી માળવાના રાજા યશોવર્મા સામે લડાઇ કરેલી અને તેના વિજયચિહ્ન તરીકે કુંડવાવની પડથાળમાં આ કીર્તિતોરણ બંધાવ્યું હતું. આ તોરણ 12 ચોરસ ફૂટનો વિસ્તાર ધરાવે છે. તેની ઊંચાઇ 23 ફૂટ છે. તોરણના બંને સ્તંભો વર્તુળાકાર છે અને તેની જાડાઇ 4 ફૂટ છે. તોરણના સૌથી ઉપરના ભાગે મધ્યમાં ઈલ્લીકાલવણમાંનુ શિલ્પ છે. આવું શિલ્પ બીજા તોરણોમાં જોવા મળતું નથી. આ શિલ્પની નીચે શિવની તાંડવ નૃત્ય કરતી પ્રતિમા છે અને બંને બાજુ કમળ પર બ્રહ્મા તથા ગરૂડ પર શ્રી વિષ્ણુની પ્રતિમાઓ છે.એક જ શ્રેણીના બે દોઢીઆ સ્તંભો પર આખું તોરણ ઊભું છે. આ સ્તંભો પર પાટ ગોઠવાયેલ છે. તેના પર છજું અને છજા પર ઉત્તર ચક્ર, પાંચ ઈલ્લીકા લવણો, બે તિલકો અને બે મકરમુખોથી આખું તોરણ શોભે છે. સ્તંભની ઉપરથી શરૂ થતા મધ્યમાં સ્તંભની ચાર દિશાએ પરિકરને મળતા ગવાક્ષોમાં એક એક દેવમૂર્તિ ગોઠવાયેલ છે. આ રીતે બંન્ને સ્તંભો પરની આઠ આઠ દેવ મૂર્તિઓથી તોરણોનો નીચલો ભાગ શોભે છે. ઉપરના ટેકાના નીચલા ભાગને જોડતી ચારે દિશામાં અપ્સરા કે ગાંધર્વીઓની મૂર્તિઓની નીચલી ચાર બેઠકો જોવા મળે છે. તે પર નર પક્ષીઓની હરોળ, તેના પર હીરાકણીનું શિલ્પ અને તેના પર અશોક વૃક્ષથી સુશોભિત સ્તંભની ઠેકીનું મથાળું આવેલ છે. સ્તંભના અંદરના વર્તુળાકાર ભાગેથી તોરણની ગોળ કમાનનું તોરણિયું બની જાય છે. બહારની ત્રણ દિશાએ ત્રણ મૂર્તિઓ આવેલી છે. કુંડનાં પગથિયાંથી તોરણ તરફ જતા બંન્ને બાજુએ સુંદર કલાત્મક મૂર્તિઓ હતી પરંતુ અત્યારે જોવા મળતી નથી. તોરણના નિર્માણમાં ગેરીયા રંગના ઝાંખવાળા ખારા પત્થરનો ઉપયોગ થયો હોવાથી આજ દિન સુધી હવા-વરસાદે તેને નુકશાન પહોંચાડ્યું નથી.આ પથ્થરો ધ્રાંગધ્રા,જોધપુર, આબુ, ડુંગરપુર,સોનગીર,ગોધરા,ચાંપાનેરથી લાવ્યા હોવાનું અનુમાન છે. કપડવંજનો સોલંકીકાલીન કુંડવાવ અને તોરણ સ્થાપત્યની સૌંદર્યકલાના અદ્વિતીય નમૂનારૂપ છે.આ તોરણના સ્થાપત્યને ગુજરાત યુનિવર્સિટીએ પોતાના શિલ્ડમાં અપનાવ્યું છે.




હાલમાં કુંડનાં ગોખલામાં એકાદ અને અન્યત્ર ચાર-પાંચથી વધારે કોઈ પ્રતિમાઓ જોવા મળતી નથી. જો કે કીર્તિ તોરણમાં કંડારેલી પ્રતિમાઓ સચવાયેલી છે.

આ કુંડવાવની દંતકથા એવી છે કે જ્યારે સિદ્ધરાજ જયસિંહ કપડવંજ આવ્યો ત્યારે હાલના શહેરનું સ્થળ લશ્કરને સહીસલામત રહેવાનું અનુકૂળ સ્થાન હતું. એટલે કે વનરાજીથી ભરપૂર હતું, જ્યા કુંડવાવ છે ત્યાં પાણી હતું. સિદ્ધરાજના પંડિત સોમદત્તને રક્તપિત્તનો રોગ થયો હતો તે આ ખાબોચિયામાં અકસ્માતે પડી જતા તેના પાણીના સ્પર્શથી તેનો રોગ મટી ગયો. આ ચમત્કાર જોઈ તે ધર્મિષ્ઠ રાજાએ સહસ્ત્રલિંગની અનુકૃતિ રૂપે કુંડવાવ તથા બાજુમાં બત્રીસ કોઠાની વાવ બંધાવી. ચોમાસા દરમિયાન કુંડ પાણીથી ભરાયેલો રહે છે. સમયાંતરે પાણી સૂકાતું જાય છે. કુંડના પાણીની બાબતમાં એક લોકકથા એવી છે કે પહેલા આ કુંડમાં બારેમાસ પાણી રહેતું. સંતો કુંડની છત્રીઓ નીચે બેસી તપશ્ચર્યા કરતા. આજુબાજુના રહેવાસીઓ કુંડના પાણીમાં સ્નાન કરતા અને કપડાં ધોતાં. એકવાર એક મહાત્મા તપશ્ચર્યામાં લીન હતા અન ૠતુસ્નાતા બહેન કપડાં ધોવાં આવ્યાં. બહેનના કપડાં ધોવાના અવાજથી મહાત્માની તપશ્ચર્યામાં ખલેલ પડી. મહાત્માએ બહેનને દૂર જઈ કપડાં ધોવાની વિનંતી કરી પરંતુ બહેન તે જગ્યાથી ન હટ્યાં. મહાત્મા તે જગ્યાથી હટ્યા તેની સાથે પાણી હટ્યાં, ત્યારથી આ કુંડમાં બારેમાસ પાણી રહેતું નથી.



નગરના મુખ્ય સાત રસ્તા પર આવેલ ગાંધીજીની પ્રતિમાથી નગરમાં પ્રવેશતા ચંચલબાઈ ટાવર પાસે આ કુંડ આવેલો છે. તત્કાલીન સમયે ટાવર નાનો જ હતો પાછળથી વધારાનું બાંધકામ કરી ટાવરને ઊંચો કરવામાં આવ્યો અને ઘડિયાળ મુકવામાં આવી. ટાવર વચ્ચેથી કુંડમાં પ્રવેશતા વિશાલ કુંડ આપણી નજર સમક્ષ દેખાઈ આવે છે. એ અગાઉ કુંડનો મુખ્ય કૂવો આવે છે અને આ કૂવાનું મુખ્ય કુંડનાં એકદમ સમાંતર વચ્ચે આવેલ કુંડનાં કૂવા સાથે સીધું જોડાણ છે. વધુમાં સ્થાનિકોનાં જણાવ્યા અનુસાર અહી આસપાસ પાણીના હવાડા તત્કાલીન સમયે હયાત હતા તો બની શકે મુખ્ય કુંડ જન સમૂહ માટે અને આવનાર યાત્રાળુઓ માટે હોય અને વચ્ચે આવેલ કુંડની રચના મુજબ ચારે તરફ પગથીયા અને પગથીયાઓ વચ્ચે વચ્ચે ગોખલા અને ક્યાંક ક્યાંક દેવ-દેવીઓની મૂર્તિની સ્થાપના. જો કેપ્રવેશદ્વાર આગળનાં કૂવાથી આસપાસના જોડાણ વાલા હવાડામાં પાણી પહોચે અને પશુઓ તેનો સરળતાથી ઉપયોગ કરી શકે તેમજ વડીલબંધુ કે બાધા આખડી વાલા અશક્ત લોકો પણ કે જેઓ કુંડમાં ન ઉતરી શકે તે અહીથી પાણીનો ઉપયોગ કરી શકે. સામાન્ય રીતે ધર્મસ્થાન નજીક જળ સ્થાપત્ય બાંધવાની પ્રથા હોય છે જે અનુસરીને અહી પણ નીલકંઠ મહાદેવનાં પુરાતન દેવાલય નજીક આ ભવ્ય કુંડ અને નજીકમાં બત્રીસ કોઠાની વાવ બાંધવામાં આવી હોય. વળી, કુંડને સંલગ્ન જાણવા મળતી કથાઓ અનુસાર આ કુંડનાં પાણીથી ચર્મ રોગનું નિવારણ થતું, તો બની શકે કે મુખ્ય કુંડ, બહારની ભાગમાં કૂવો અને આસપાસ હવાડા હોવાની સાબિતી મુજબ અહી પણ પાણીના વપરાશ માટે ખાસ પ્રકારની વ્યવસ્થા ઊભી કરાયેલી હોય જેમ કે પશુ-ઢોર માટે અલગ વ્યવસ્થા, ચર્મ રોગીઓ માટે અલગ વ્યવસ્થા અને જનસામાન્ય, ધાર્મિક વપરાશ માટે અલાયદી વ્યવસ્થા...

કપડવંજ નગરના **શ્રેષ્ઠીઓ**



સુરેશ પારેખ
તંત્રી, શ્વેતપત્ર સાપ્તાહિક

સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ કપડવંજમાં નળગટર યોજના લાવનાર

સ્વ. શ્રી રાવબહાદુરવલ્લભરામ છોટાલાલ ત્રિવેદી

ઈશ્વર જ્યારે સમાજને કંઈક બક્ષિસ આપવા માંગે છે, ત્યારે એ ગૌરવદાર ગજાના માનવીની ભેટ જગતને આપે છે. સ્વ.શ્રી રાવબહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદી કપડવંજ માટે સાચા અર્થમાં ઈશ્વરે આપેલી ભેટ પુરવાર થયા છે.

સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ કપડવંજમાં નળ-ગટરની સુવિધા અપાવનાર શ્રી રાવબહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદીએ કપડવંજ નગરપાલિકાના ઉપપ્રમુખ પદે ૧૯૧૫-૧૬ થી ૧૯૧૭-૧૮ અને પ્રમુખ તરીકે ૧૯૧૭-૧૮ થી ૧૯૨૮-૨૯ સુધી સેવા આપીને કપડવંજના વિકાસ અને પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

અજબની શ્રદ્ધા અને ગજબનો આત્મવિશ્વાસ ધરાવતાં શ્રી રાવબહાદુર ત્રિવેદીએ નળ-ગટરની આ યોજના કપડવંજ જેવા નાના શહેરમાં શરૂ કરવા માટેનો વિચાર આગળ ધપાવ્યો. ત્યારે આ કામ ખૂબ અઘરૂં હતું. પરંતુ સબળ વિચાર અને વિચારને મૂર્તિમંત બનાવવાના અડગ નિર્ધારના કારણે કપડવંજને પાણી પુરવઠા અને ગટરયોજનાનો લાભ ૧૯૨૮થી જ પ્રાપ્ત થયો હતો.

કપડવંજની પ્રજાને વરાંસીનું મીઠું પાણી પહોંચાડવા માટેનો પ્રશ્ન સુધરાઈની સ્થાપનાથી ચાર વરસમાં જ વિચારણામાં લેવામાં આવ્યો હતો. તે દિશામાં ચક્રો ગતિમાન કરતાં ૧૯૦૬માં હિન્દના શ્રેષ્ઠ માનવ ડૉ. શ્રી વિશ્વ સરૈયા જેઓ મુંબઈ વિસ્તારના સેનેટરી એન્જિનિયર હતા, તેઓએ કપડવંજ પધારી યોજના તૈયાર કરી. લોકફાળાની રકમ એકત્રિત કરવામાં આવશે તો સરકાર પચાસ ટકા ગ્રાન્ટ આપવા તૈયાર હોવાનું જણાવતાં શ્રી રાવબહાદુર અને અન્ય સદ્ગૃહસ્થોની મહેનતથી ફાળો એકત્રિત કરવામાં આવ્યો. સરકારે આ યોજના ૧૯૨૪માં મંજૂર કરી. ૧૯૨૫માં આ યોજનાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું અને ૧૯૨૮માં સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ આ યોજનાનો લાભ કપડવંજને મળવાનો શરૂ થયો.આ ગટર યોજના કપડવંજના માર્ગથી એક માળ નીચે બનાવેલી છે, જેમાં માણસ આરામથી ચાલતા પસાર થઇ શકે છે. ઉપરાંત, આ યોજના શ્રેષ્ઠ એન્જિનિયર શ્રી વિશ્વ સરૈયાએ એવી અદ્ભુત ટેક્નિકથી બનાવી છે કે ગટરનું તમામ પાણી ગામને છેડે સુએઝ ફાર્મમાં આપોઆપ જતું રહે અને કોઈ જગ્યાએ અટકતું નથી. આ યોજનાને તે સમયે રૂા. ૪,૫૭,૨૯૮ના ખર્ચે પૂરી કરવામાં આવી હતી. તે વખતે બોર્ડના પ્રમુખ તરીકે રાવબહાદુર ત્રિવેદી અને ઉપપ્રમુખ તરીકે ચુનીલાલ વિઠ્ઠલદાસ દેસાઈ હતાં.

જીવન જીવવાની કલા શીખવનાર અને સાચા અર્થમાં સમાજરત્ન સાબિત થયેલ શ્રી રાવબહાદુર ત્રિવેદીએ તેમના જીવનના ૩૫ વર્ષ કપડવંજની સેવા પાછળ ખર્ચી નાંખ્યા હતાં. નળ- ગટરની ઐતિહાસિક યોજના ઉપરાંત તેઓએ હાઈસ્કૂલ શરૂ કરાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી.

સ્વ. શ્રી રાવબહાદુર વલ્લભરામ છોટાલાલ ત્રિવેદીની કપડવંજ પ્રત્યેની નિઃસ્વાર્થ સેવા અને યોગદાનના કારણે તેમના પ્રત્યે આદર અને પૂજ્યભાવથી મોડાસા રોડ પર આવેલ ગાંધી ઉદ્યાનમાં તેમની પ્રતિમાની સ્થાપના કરી છે, જેની અનાવરણવિધિ ભારતના પૂર્વ યુદ્ધ સલાહકાર તથા પંજાબ અને આંધ્રના ગવર્નરપદને શોભાવી ચૂકેલ પદ્મવિભૂષણ સ્વ.ચંદુલાલ માધવલાલ ત્રિવેદીના હસ્તે કરવામાં આવી હતી.

જે.બી.મહેતા હોસ્પિટલના દાતા

સ્વ. જાબીરભાઈ બદરૂદ્દીન મહેતા

અનેક ગુણોથી વિભૂષિત, સૌજન્યશીલ,દાનવીર અને સંસ્કાર સંપન્ન શેઠ શ્રી જાબીરભાઈ મહેતા સમગ્ર દાઉદી વ્હોરા કોમનું એક ઝળહળતું રત્ન છે. કપડવંજની પ્રજાને "શ્રી જાબીરભાઈ બદરૂદ્દીન મહેતા જનરલ હોસ્પિટલ" આપી ગરીબ પ્રજાના આશીર્વાદ મેળવનાર શેઠ જાબીરભાઈ મહેતાનો જન્મ ઈ.સ. ૧૮૯૬ની ૨૮ ફેબ્રુઆરીએ કપડવંજમાં સુખી,પ્રતિષ્ઠિત એવી વ્હોરા કોમમાં થયો હતો.બાલ્યજીવનના દસ વર્ષ માતા અમતુલ્લાબુ સાથે કપડવંજમાં ગાળ્યા બાદ ૧૯૦૭માં તેમના પિતાશ્રી બદરૂદ્દીનભાઈએ તેઓને મુંબઈ બોલાવી લીધા, અને ત્યાં તેમને બોરીબંદરની પ્રતિષ્ઠિત ભરડા હાઈસ્કૂલમાં દાખલ કર્યા. ત્યાં પાંચ ધોરણ પૂરા કરી તાપી નદીને કિનારે આવેલ બરહાનપુર શહેરની મદ્રેસા - એ - હકીમિયામાં 1913 થી 1918 સુધી રહ્યાં. અહીં એમણે અરબી અને ઉર્દૂ ભાષા શીખી.

આ અરસામાં પિતાશ્રી બદરૂદ્દીનભાઈ કાગળના ધંધામાં મુંબઈમાં "કાગળ બજારના રાજા"નું બિરૂદ મેળવી ચૂક્યા હતાં. તેમના પિતાએ મુંબઈમાં ગ્લોબ સિનેમા બાંધ્યું. કપડવંજમાં "બદરી મંઝિલ"નામનું ત્રણ માળનું આલીશાન મકાન બાંધ્યું. ધંધામાં પ્રગતિ થતાં પિતાએ જાબીરભાઈને "બદરૂદ્દીન એહમદજી"ની પેઢીમાં ભાગીદાર તરીકે નહીં પણ વીસ રૂપિયાના માસિક પગારે દસ વર્ષ સુધી રાખ્યા, જેમાં તેઓએ ગોડાઉન કીપર,ઉઘરાણી કરવી વગેરેની જવાબદારી નિભાવી.

૧૯૦૭ થી મુંબઈને કર્મભૂમિ,સંસ્કારભૂમિ અને વ્યાપાર ભૂમિ બનાવનાર જાબીરભાઈના લગ્ન ૧૯૨૨માં એમના કાકા અબ્દેઅલીની પુત્રી હુસેનાબાઈ સાથે થયા હતાં. લગ્નવિધિ વ્હોરા કોમના ધર્મગુરૂ નામદાર સ્વ.સૈયદના તાહેર સૈફિદ્દીન સાહેબે કરાવી હતી.

૧૯૨૪માં પુત્રી આમેનાનો જન્મ થયો હતો. ૧૯૨૬માં ધંધામા મંદી આવતા શેઠ બદરૂદ્દીન દેવામાં સપડાયા. ૧૯૩૦માં હજ કરવા જતાં તેઓનું અવસાન થયું.પિતાનું સાડા છ લાખનું દેવું ચૂકવવાનું શેઠ શ્રી જાબીરભાઈએ સ્વીકાર્યું અને જરાપણ નાહિંમત થયા વગર કુનેહ,ધીરજ અને સખ્ત મહેનતથી ધીમે-ધીમે દેવું ચૂકવ્યું.

પિતાજીએ બનાવેલી બદરી મંઝિલ સહીતની કેટલીક મિલકતો ગુમાવવી પડી. ૧૯૩૨માં શ્રી જાબીરભાઈએ ગ્રાન્ટરોડ પર આલ્ફ્રેડ થિયેટર ભાડે લીધું.કાગળનો ધંધો પણચાલુ રાખ્યો. બંને ધંધામાં ધીરેધીરે સફળતા મળતી ગઈ. ૧૯૪૮માં તેઓએ કપડવંજમાં "મહેતા મંઝિલ"નામે આલીશાન મકાન બનાવ્યું, જે સૈફી લાયબ્રેરીની સામે આજે હયાત છે. તેઓએ ૧૯૪૬માં વડોદરામાં રાજમહેલ રોડ ઉપર અદ્યતન અને આલીશાન થિયેટર "મહારાણી શાંતિદેવી ટોકીઝ" બનાવ્યું.આ ઉપરાંત ૧૯૪૯ની ૮ જૂને કપડવંજમાં "યમુના ટોકીઝ"નવી બનાવીને કપડવંજની પ્રજાને ઉત્તમ મનોરંજન મળી રહે તે માટે પ્રયત્ન કર્યો.

વ્યવસાયમાં પૈસા કમાતા ગયા એમ તેઓએ દાનની સરવાણી પણ ચાલુ રાખી.તેઓ અનેક નાના-મોટા ગુપ્ત તેમજ જાહેર દાન કરતા ગયા. ૧૯૪૫માં તેઓએ કપડવંજમાં બે લાખ રૂપિયાના ખર્ચે "શ્રી જાબીરભાઈ બદરૂદ્દીન મહેતા જનરલ હોસ્પિટલ"બંધાવીને કપડવંજ નગરપાલિકાને સોંપી. અદ્યતન સાધન સગવડોથી સજ્જ એવી આ હોસ્પિટલ આજે પણ કપડવંજ તથા આજુ બાજુના ગામડાઓની પ્રજા માટે આશીર્વાદ સમાન સાબિત થઈ છે. આ હોસ્પિટલનું ખાતમુહુર્ત મુંબઈ રાજ્યના તે વખતના મુખ્યપ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતુંતથા ઉદ્ઘાટન કપડવંજના ભાગ્યશાળી પુત્ર નિવૃત્ત રાજ્યપાલ સર ચંદુલાલ ત્રિવેદીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે "અમતુલ્લાબ બદરૂદ્દીન મહેતા એક્સ રે યુનિટ"નું ઉદ્ઘાટન અને શેઠ શ્રી જાબીરભાઈની પ્રતિમાની અનાવરણ વિધિ પણ કરવામાં આવી હતી. હોસ્પિટલના ઉદ્ઘાટનમાં ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. યમુના ટોકીઝથી હોસ્પિટલના રસ્તાને ધજાપતાકાથી શણગારવામાં આવ્યો હતો. આ ઐતિહાસિક દિવસને સમગ્ર શહેરે એક મોટા મહોત્સવની જેમ ઉજવ્યો હતો. આ પ્રસંગે સર ચંદુલાલ ત્રિવેદી, તેમના ધર્મપત્ની કુસુમબેન ત્રિવેદી,શંકરલાલ શાહ,કપડવંજ નગરપાલિકાના પ્રમુખ કાન્તિલાલ દેસાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. તેઓએ ૧૯૬૯માં અંતિસર દરવાજા પાસે મોટી રકમનું દાન આપી "શ્રી જાબીરભાઈ મહેતા પ્રાથમિક શાળા" પણ બંધાવી હતી.

શ્રી જાબીરભાઈએ પોતાની કોમ માટે પણ ઘણું દાન આપ્યું છે. તેઓએ ૧૯૪૯માં "શ્રી જાબીરભાઈ મહેતા સર્જિકલ એઈડ અને ચેરિટેબલ ટ્રસ્ટ"ની રચના કરી. જેમાં પ્રતિવર્ષે શરૂઆતમાં ૨૪,૦૦૦ રૂપિયા અને પછીથી વધારીને ૩૬,૦૦૦ રૂપિયા કરી કોમના ગરીબ દર્દીઓ માટે મફત સારવારની વ્યવસ્થા કરી આપી હતી. શેઠ શ્રી જાબીરભાઈએ કપડવંજના થવાદ ગામે "શ્રી જાબીરભાઈ બદરૂદ્દીન મહેતા હાઈસ્કૂલ"ચાળીસ હજાર રૂપિયાનું દાન આપીને બંધાવી આપી.આ હાઈસ્કૂલનું ઉદ્ઘાટન ૧૯૬૬ની ૧૫ જૂનના રોજ તે વખતના ઉત્સાહી મુખ્યપ્રધાન હિતેન્દ્રભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.તેઓએ મહુધા તાલુકાના નાની ખડોલમાં શાળામાં હોલ બનાવવા માટે રૂ.૧૦,૦૦૦નું દાન આપ્યુ હતું અને ત્યાં જાબીરભાઈ હોલમાં તેમનું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે.કપડવંજ કોલેજમાં એસેમ્બલી હોલ અને પુસ્તકાલય માટે તેઓએ દાન આપ્યું છેઅને ત્યાં પણ તેમનું અને તેમના ધર્મપત્નીનું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે.તેઓએ વડોદરામાં પણ અનેક સંસ્થાઓમાં દાન આપ્યું છે. આ ઉપરાંત તેઓએ ડભોઈ,ઉમરેઠ,જામનગરમાં પણ ખુલ્લા હૃદયથી દાનની સરવાણી વહેતી રાખી હતી.

શેઠ શ્રી જાબીરભાઈએ મુંબઈમાં ઈસ્લામ જીમખાના મધ્યે નવું "સ્પોર્ટસ પેવેલિયન"બાંધવા માટે પણ દાન આપ્યું છે.પેવેલિયનના પહેલા માળે આવેલા વિશાળ અને કલાત્મક હોલને "જાબીર હોલ"નામ આપવામાં આવેલ છે.આ સ્પોર્ટ્સ પેવેલિયનનું ઉદ્ઘાટન મહારાષ્ટ્ર સરકારના નાણાપ્રધાન શ્રી વાનખેડે સાહેબે કર્યું હતું.શેઠ શ્રી જાબીરભાઈએ પિતાજીની યાદમાં ૧૯૬૧ની ૨ ફેબ્રુઆરીના રોજ કપડવંજમાં "બદરૂદ્દીન અહેમદજી આઉટડોર ક્લિનિક"બંધાવ્યું, જેનું ઉદ્ઘાટન ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેદી નવાઝ જંગના હસ્તે કરવામાં આવ્યું હતું. તેઓએ માતૃશ્રી અમતુલ્લાબુની સ્મૃતિમાં અહીંની હોસ્પિટલને એક્સ-રે મશીન ભેટ આપ્યું.આમ, માતાપિતાનું ઋણ ચૂકવવાને તેઓ ભાગ્યશાળી બન્યા.તેઓએ મુંબઈની સૈફી હોસ્પિટલમાં પોર્ટેબલ એક્સ-રે મશીન ભેટ આપ્યું હતું.તે ઉપરાંત, મુંબઈની જ નૂર હોસ્પિટલ અને વડોદરાની કલ્પના ક્લિનિકમાં પણ નિયમિત દાન આપતા રહ્યા હતાં.

શેઠ શ્રી જાબીરભાઈએ મુંબઈમાં વાડી બંદર ખાતે "મહેતા મેન્શન"નામનું આલીશાન મકાન બનાવ્યું હતુંઅને મકાન તેઓએ કેન્દ્ર સરકારને મહિને ૩૦,૦૦૦ રૂપિયાના ભાડે આપેલ છે. તેનું તમામ ભાડું દર વર્ષે જુદી-જુદી અનેક શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓમાં નિયમિતરૂપે આપવામાં આવે છે.શેઠશ્રી જાબીરભાઈએ હજયાત્રા કરી છે. આ ઉપરાંત તેઓએ કરબલાની મુસાફરી બે વખત, ઈરાક, બેહરૂત,જોર્ડન,કેરો,દમાસ્કસની મુસાફરી કરી હતી.

પરમપૂજ્ય સંત

શ્રી નરહરિભાઇ ભગત

સંત પરંપરાએ ભારતની સંસ્કૃતિને દરેક યુગે નવજીવન આપ્યું છે અને તેની પ્રજાને ધાર્મિક પ્રેરણાના પિયુષ પાયા છે, તેમજ નૂતનપ્રકાશ દ્વારા પ્રજાને સાચું જ્ઞાન કરાવ્યું છે. ઘણા સંતો સમાજના નીચલાવર્ગમાંથી આવતા હોવા છતાં તેમની ભાષા સંસ્કારી હોય છેઅને તેના કારણે તેઓ લોકહૃદયમાં ખૂબ ઊંચુ સ્થાન પામ્યા છે.

સને ૧૪-૬-૧૯૨૭ને જેઠ સુદ -૧૫ના દિવસે કપડવંજમાં જડાવબાને કૂખે જન્મેલા અને પિતા ત્રિકમલાલ ગિરધરલાલના સુપુત્ર અને શ્રી સંત પુનિત સંકીર્તન ભવન-કપડવંજના આદ્ય સ્થાપક અને પ.પૂ. સંત શ્રી પુનિત મહારાજશ્રીના શિષ્ય સંત શ્રી નરહરિભાઈ ભગત.

તેઓ ગુજરાતી સાત ચોપડી અને અંગ્રેજી ત્રણ ચોપડી ભણ્યા હતાં. અહીંની મદ્રેસામાં વ્યાયમ શિક્ષક તરીકે વર્ષો સુધી શિક્ષણક્ષેત્રે પ્રવૃત્ત રહ્યા હતાં. તે અરસામાં પ.પૂ. સંતશ્રી પુનિતમહારાજશ્રીના સાંનિધ્યમાં આવ્યા અને માતૃશ્રીના સુસંસ્કારને કારણે તે ધાર્મિકક્ષેત્ર તરફ આવ્યા. ત્યારબાદ નોકરીમાંથી રાજીનામુ મૂકી ભજન-કીર્તન અને આખ્યાન દ્વારા ગામે-ગામ,દેશ-વિદેશમાં ભારતની સંસ્કૃતિ અને સનાતનધર્મના પ્રચારનું બીડું ઝડપી લીધું અને સંતશ્રી પુનિત મહારાજશ્રીની પંક્તિ "સેવા સ્મરણ કરવા છે જગમાં બે કામ"ને સાર્થક કરી બતાવી. મહાવીર સિનેમામાંથી સત્સંગ હોલ સને ૧૯૬૬માં શ્રાવણ સુદ -૧૨ના શુભદિને સંતશ્રી પ્રેમભિક્ષુજીની અધ્યક્ષતામાં શ્રી પુનિત આશ્રમની સ્થાપના થઈ. એની સેવાકીય અને ધાર્મિક પ્રવૃત્તિની સુવાસ આજે દેશ વિદેશમાં ફેલાયેલી છે. શ્રી પુનિત આશ્રમમાં એમના જય ભજન કીર્તનના આંદોલન હજી પણ પ્રવર્તે છે. સાચા અર્થમાં આ ભૂમિ સત્સંગથી પુનિત થઈ છે. આ ધરામાં યોગીવર્ય શ્રી અવધૂતજી પધારેલા અને પ.પૂ. સંતશ્રી નરહરિભાઈ એમના કૃપાપાત્ર બનેલા. અનેક સંત- મહંતોથી આ ધરા કૃતાર્થ થઈ છે. પ.પૂ. સાવલીવાળા સ્વામીજીની પણ કૃપા પ્રાપ્ત થયેલ છે.

સને ૧૯૭૨ માં સાઉથ આફ્રિકામાં પ્રથમ ધર્મપ્રચાર યાત્રા શરૂ કરીને ઈંગ્લેન્ડ,અમેરિકા અને યુગાન્ડામાં ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરવા અનેક વિદેશયાત્રા કરી હતીઅને ત્યારથીતેમના કીર્તનોની કીર્તિ વ્યાપેલી રહી છે. તેઓશ્રીએ ભક્તિની પાવનગંગા વહાવી આ ધરતીને અને સર્વેને રસતૃપ્ત કર્યા છે.તેઓશ્રીએ ભાવનાથી ભરપૂર ભજનો, કિરતારના કીર્તનોઅને ખ્યાતનામ સર્વાંગી આખ્યાનોથી જનતાનાં મન, હૃદય અને આત્મા નિર્મળ બનાવ્યા છે. તેઓશ્રી દૈવી સંપત્તિથી અલંકૃત હતા. તેઓશ્રીએ નરમાં પણ હરિદર્શન કરવાની અભિપ્સા જગાડી હતી. તેઓશ્રીએ સરળ, નિઃસ્વાર્થ અને સેવાભાવી ચરિત્રની સુવાસ સર્વત્ર પ્રસરાવી છે.

શ્રી તુલસીદાસના રામચરિત્રની એક ઉક્તિ "સરલ સ્વભાવ નાં મન કુટિલાઈ" એ વચનોને સાર્થક કર્યા છે.

તેઓશ્રી રામાયણ, મહાભારત, ઉપનિષદ આદિ ધર્મગ્રંથોના અભ્યાસી હતાં, છતાંપણ તેઓશ્રીના આખ્યાન અને ભજન સાદીભાષામાં અને સરળ રીતે સચોટ દ્રષ્ટાંત દ્વારા શ્રોતાઓના મનને સમજાઈ જતા હતા. મધુર બુલંદ કંઠથી જ્યારે તેઓ ચોપાઈ કે ભજન ગાય ત્યારે ધન્યતાની લાગણી અનુભવાતી. સર્વધર્મ સમભાવની ભાવનાથી સાદગીપૂર્ણ અને સરળતાથી આખી જિંદગી નિભાવી હતી. એની પ્રતીતિરૂપે જ્યારે તેઓ તા.૨૬-૦૧ને ગુરૂવારે સવારે ૬-૧૫ કલાકે બ્રહ્મલીન થયા ત્યારે હિંદુ-મુસ્લિમ સર્વેએ પોતાની અશ્રુભીની અંજલિ એમને સમર્પિત કરી હતી.

એમની આ પંક્તિઓ હજીય કર્ણપટમાં ગૂંજે છે કે, "જીવન સદાય એવું જીવો કે જીવનારા જોયા કરે

હવન સદાય એવું કરો કે સૌના મન ડોલ્યા કરે

તું હસતો હસતો જાય, અને જગત આખું રોયા કરે"

આવા નિઃસ્વાર્થી,પરોપકારી અને સરળ,સાચા સંત આપણી વચ્ચેથી હસતાં હસતાં અનંતયાત્રાએ ચાલી નીકળ્યા, પરંતુ તેમની આશિષરૂપ આપ સર્વેમાં તેમની ભક્તિરૂપિ સુવાસ હજુ પણ તાજી છે. એટલે જ આજે પણ તેમણે સ્થાપેલ શ્રી પુનિતઆશ્રમમાં છેલ્લા ૫૫ વર્ષોથી નિયમિત રીતે રાત્રીના ૮ઃ૩૦ થી ૯ઃ૩૦ સુધી સંત્સગ થાય છે અને સત્સંગીઓ તેમને યાદ કરે છે. પ.પૂ શ્રી નરહરિભાઈ ભગતના ભજન-કીર્તનોથી સમાજમાં ધાર્મિક વાતાવરણ બનતું રહેશે તેમાં કોઈ બેમત નથી.

પૂ.આ.આગમોદ્ધારક હસ્તદીક્ષિત શિષ્ય ગીતાર્થ રાષ્ટ્રીય સંત-ગચ્છાધિપતિ, વડલાસા ઘેઘૂર પૂ.આચાર્ય

શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરચ્છમહારાજ સાહેબ

- દીક્ષાઃ અ.સુ. ૫, ૧૯૮૦
- જન્મ ફા.સુ.૧૨,૧૯૮૦(કપડવંજ) ગણિઃ મા.સુ. ૬, ૨૦૨૫
- ઉપાધ્યાયઃ અ.સુ. ૭ ૨૦૩૮
- ગચ્છાધિપતિઃ મા.સુ.૨,૨૦૫૦
- પંન્યાસઃ મહા સુ.૩,૨૦૨૮
- આચાર્યઃ આ.વ.૮ ૨૦૩૮

વડલાની ઓળખ

- ૯ વર્ષની વયે સંયમ સ્વીકાર-પિતા-માતા-બેન સાથે પરિવારમાંથી ૨૨ દીક્ષા
- ગુજરાત-કપડવંજનું ગૌરવ
- આગમો દ્વારકશ્રીના હસ્ત દીક્ષિત,લઘુવયે,અંતિમ શિષ્ય.
- વ્યાકરણ - સાહિત્ય -આગમ -કર્મગ્રંથના પ્રખર અભ્યાસુ.
- પૂ.પ. ગુરૂદેવશ્રી અભયસાગરજી મ.ના પરમમિત્ર.
- પૂ.ગચ્છાધિપતિ માણિક્યસાગર સૂ.મ.ના કૃપાપાત્ર.
- ૩૨વર્ષની વયથી પ્રાયશ્ચિત આપવાના અધિકારી.
- શતાધિક દીક્ષા હતા.માંડવગઢ-અયોધયાપૂરમ-ઉવસગ્ગહર-નાગેશ્વર ૨૪ જિનાલય આદિ અનેક તીર્થોના પ્રતિષ્ઠાકારક.
- જંબુદ્વીપ મંદિરના સ્વપ્ન શિલ્પી.
- પિતા મુનિ લબ્ધિસાગરજીની આજીવન વૈયાવચ્ચ.
- ૮૧ વર્ષની વયે પણ અપ્રમત્ત,જ્ઞાનમગ્ન,સ્વાધ્યાયી.
- ગીતાર્થતા - વાત્સલ્યતા - સરલતા - સહજતાના સ્વામી.
- કપડવંજના પૂ. સાગરજી મ.ના ભવ્ય સ્મારકના પ્રણેતા.
- બાંસવાડા- બિબડોદ જીર્ણોદ્ધારના પ્રેરક.
- દેવસૂરી સમાચારીના સંરક્ષક- સંવાહક.

શ્રી પૂ.મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ

પૂ.મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજનો જન્મ ૧૮૯૬ના રોજ માતા માણેકબેનની કૂખે થયો હતો. તેમનું મૂળ નામ મણીલાલ ડાહ્યાભાઈ દોશી હતું. તેઓએ છ ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ ધાર્મિક શિક્ષણ પંડિત શ્રી સુખલાલજી તથા અન્ય અધ્યાપકો પાસેથી મેળવ્યું હતુંઅને ધર્મ માટે જીવવાનો નિશ્ચય કર્યો હતો. ચૌદ વર્ષની કુમળી વયે માતા-પિતાના સંસ્કારો અને ગુરૂઓની પ્રેરણાથી ૧૯૦૯માં છાણી (વડોદરા)ખાતે પૂ.મુનિ.શ્રી ચતુર વિજયજી મહારાજ પાસે ઉમંગભેર દીક્ષા સ્વીકારી હતી. તેના બે જ દિવસ પછી તેમના માતાજીએ પણ પાલિતાણામાં પૂ.શ્રી મોહનલાલજી મહારાજ પાસે દીક્ષા લીધી. તેમનું નામ સાધ્વી રત્નશ્રીજી રાખ્યું.

શ્રી પુણ્યવિજયજી મહારાજને પાટણમાં ૧૮ વર્ષ રહેવાનું થયું. ત્યાં તેઓએ જૈન ભંડારોનું ઝીણવટભર્યું અવલોકન કર્યું.જૈન ભંડારોના પુસ્તકોનું સુચિપત્ર તૈયાર કર્યું. પાટણમાં હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરની સ્થાપના કરી. તેઓએ પ્રાચીન હસ્તલિખિત પ્રતો વાંચવાનો ખંત આરંભ્યો. અભ્યાસ,વિવિધ લિપિઓનો ઉકેલ તથા જ્ઞાન ભંડારોના અસ્તવ્યસ્ત રૂપે પડેલ હસ્તલિખિત પ્રતોના સંગ્રહને સુવ્યવસ્થિત રીતે, સુરક્ષિત રીતે જાળવવાની હથોટી મેળવી. દાદાગુરૂ શ્રી કાન્તિ વિજયજીમહારાજ અને ગુરૂદેવની દેખરેખ હેઠળ અનેક જ્ઞાનભંડારોને પુનઃસ્થાપિત કર્યા.કેટલાક અપ્રકાશિત મહત્વપૂર્ણ ગ્રંથોને વ્યવસ્થિત રીતે સંપાદિત કરી છપાવવાની પ્રવૃત્તિમાં નિપુણતા મેળવી અને પાટણ, ખંભાત,લીંબડી,અમદાવાદના સેંકડો જ્ઞાનભંડોરોમાંથી હસ્તલિખિત પ્રતોને અસ્તવ્યસ્ત દશામાંથી સરખી રીતે ગોઠવી પુનર્જીવન આપ્યું.વળી, કુમારપાળ મહારાજાના સ્વર્ગવાસ પછી ગુજરાતમાં ફેલાયેલ રાજકીય અંધાધૂંધીના કારણે તે વખતના શ્રમણ સંઘે અમગચેતી વાપરીને જેસલમેર જેવા દૂરના પ્રદેશમાં ઉંટો ઉપર પાટણના મહત્વભર્યા વિશાળ જ્ઞાનભંડારોને સ્થળાંતરિત કરેલા અને જેસલમેર શ્રીસંઘે ઉધઈ,પાણી,જીવાત આદિથી નુકસાન ન થાય તે રીતે આ ભંડારોને સુરક્ષિત રાખેલા. છેલ્લે છેલ્લે પૂ.મહારાજે વૃદ્ધાવસ્થામાં પણ લાંબો વિહાર ખેડીનેજેસલમેર જઈને બે વર્ષના લાંબા ગાળે સમસ્ત જ્ઞાનભંડારોનો વ્યવસ્થિત જીર્ણોદ્ધાર કર્યો હતો. જેસલમેરમાં તે ભંડારની ૨૧૪ જેટલી દુર્લભ પ્રતોની ફોટો ફિલ્મ લેવડાવી હતી. જેમાં જૈન,બ્રાહ્મણ અને બૌધ્ધ સાહિત્યના અમૂલ્ય ગ્રંથોનો સમાવેશ થાય છે. તેમણે બિકાનેર,નાગોરના જ્ઞાનભંડારો અને બૌદ્ધ સાહિત્યના મુખ્ય રાજકીય સંગ્રહો પણ તપાસ્યા છે.

તેઓ પ્રાચ્ય વિદ્યાના મહાન પંડિત અને પ્રાકૃત ભાષાના અભ્યાસી હતાં. ડૉ.ભોગીલાલ સાંડેસરા, શ્રી જગદીશચંદ્ર જૈન, વિક્ટોરિયા મ્યુઝિયમના ક્યુરેટર શ્રી શાંતિલાલ છગનલાલ ઉપાધ્યાય વગેરે તેમનાં શિષ્યો હતા.ડૉ. વેડર,ડૉ.આલ્સફોર્ડ,મધુસૂદન મોદી,પ્રો. કાન્તિલાલ વ્યાસ, ડૉ. જીતેન્દ્ર જેટલી વગેરે વિદ્વાનોને તેઓએ માર્ગદર્શન આપેલું છે.

તેઓએ જૈન આગમોના સંશોધન અને સંપાદનનું કામ કર્યું હતું. તેમની કૃતિ મૌલિકઃભારતીય જૈન શ્રમણ નિબંધ-સંસ્કૃતિ અને લેખન કળા સંશોધનઃ કૌમુદિ મિત્રાનંદ (નાટક)વસુદેવ દિણ્ડી-ભાગ૧,૨,કર્મગ્રંથ ૧થી૬ ભાગ,બૃહત્કલ્પ ૧થી૬ ભાગ, કલ્પસૂત્ર,જેસલમેરની સમૃદ્ધિ વગેરે આવા બીજા અનેક મહત્વના કાર્યોથી પૂ.મહારાજશ્રીનું નામ ઈતિહાસમાં અમર બની ગયું છે. પૂ.મહારાજશ્રીનો કાળધર્મ વિ.સ.૨૦૨૦ના રોજ મુંબઈ વાલકેશ્વરમાં થયો હતો.

આગમોદ્ધારક પ.પૂ.આચાર્ય દેવ શ્રી 1008 મ.સા.

શ્રી આનંદસાગર સૂરીશ્વરજી

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવ શ્રી 1008 શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે સમગ્ર જૈન જગતને શીલા ઉપર અને તાંબાના પતરા ઉપર આગમોના ઉદ્ધાર કરાવી ચિરકાળ માટે આગમની સામગ્રી પૂરી પાડી છે. તેમનો વિસ્તાર પણ ખૂબ બહોળો હતો. તેઓએ જૈન જગતને કપડવંજની ઓળખ આપી છે. આવા સમર્થ જ્યોતિર્ધરનું સંસારી નામ શ્રી હેમચંદ્રભાઈ મગનલાલ હતું.તેઓનો જન્મ વિક્રમ સંવત 1931 માં કપડવંજમાં થયો હતો. તેમના માતાનું નામ શ્રીમતી જમનાબાઈ હતું.તેઓએ વિક્રમ સંવત 1947 મહાસુદ -૫ ના રોજ લીંબડીમાં દીક્ષા ગ્રહણ કરી હતી.

તેઓએ 8,24,457 શ્લોક પ્રમાણે આગમ-ટીકા આદિ પ્રાચીન ગ્રંથોનું સૌ પ્રથમવાર સંપાદન કરી મુદ્રણ કરાવ્યું હતું. એક લાખ શ્લોક સાથે સંસ્કૃત-પ્રાકૃત નવા ગ્રંથોની રચના કરી અને આગમો પૈકી 52 વિષયના વિભાજનરૂપબાવન ગ્રંથોનું નવીનતમ સર્જન કર્યું હતું. તેમણે 83 ગ્રંથોની વિસ્તૃત પ્રસ્તાવના સંસ્કૃતમાં લખી હતી. 45 આગમ્ય નિયુક્તિ તથા પ્રાચીન પુણ્યનામધેય મહર્ષિ ગ્રંથોને પાલીતાણામાં શીદોત્કીર્ણ તથા સુરતમાં તામ્રપત્ર પર ઉપસાવી અમરબનાવ્યા. આગમ ગ્રંથો તથા પ્રાચીન ગ્રંથોના પ્રકાશન માટે દેવચંદભાઈ લાલભાઈ સંસ્થા, જૈનાનંદ પુસ્તકાલય, આગમોદય સમિતિ ઋષભદેવ કેસરીમલ પેઢી (રતલામ),આદિ સાતેક સંસ્થાઓ સ્થાપીને મુદ્રણનું કાર્ય કર્યું હતું. શૈલાના સેનલિયા પંચેડ રાજાઓને પ્રતિબોધ્યા અને અમારીપટ્ટક લીધો. સંમેતશિખર,અંતરિક્ષજી, કેસરિયાજી તીર્થ રક્ષા જાનના જોખમે કરી.અંજન શલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, સંઘો જેવા વિભિન્ન અસંખ્ય પ્રભાવક અનુષ્ઠાનો કરાવ્યા. એકમાંથી 700 જેટલા વિશાળ સમુદાય શાસનને ચરણે ધર્યા. બાળ દીક્ષા પ્રતિબંધ, પરદેવ દ્રવ્ય ચર્ચા તથા તિથિ વિષયક અનેક શાસનને બાધક પંથો, વિચારો, પ્રતિબંધો પર વેધક પ્રતિકાર આપ્યો. સંવત 1990 ના સંમેલનમાં જેઓની પ્રતિભા એક બહુશ્રુત રૂપે જાહેર થઈ અને શાસ્ત્ર પાઠોના આધારભૂત એકમેવરૂપે રહ્યા. ગોડીજીમાં 1974/ 2044 ચતુર્માસ કર્યા, અને શ્રી ગોડીજી મિત્ર મંડળની સ્થાપના કરીતથા ગોડીજી સંસ્કૃત પાઠશાળાના પ્રેરણાદાતા રહ્યા. આમ પરમ પૂજ્ય શ્રી આનંદ સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાનું નામ લાંબા સમય સુધી સ્મરણમાં રહે તેવું કાર્ય કરી સંવત 2005 વૈશાખ વદ પાંચના રોજ કાળધર્મ પામ્યા હતાં. તેઓનું નામ આગમ મંદિરોમાં જૈન સમાજના હૃદયમાં હંમેશને માટે કાયમ રહેશે.

રાજયપાલ,મુખ્યમંત્રી,સંરક્ષણ મંત્રી જેવા પદે રહીને રાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર પદ્મવિભૂષણ

સર શ્રી ચંદુલાલ માધવલાલ ત્રિવેદી

ભારત દેશના અનેક રાજ્યોમાં રાજ્યપાલ તરીકે રહીને ગૌરવ અને સન્માનભર્યુ સ્થાન શોભાવનાર,પદ્મવિભૂષણ શ્રી ચંદુલાલ માધવલાલ ત્રિવેદીનો જન્મ તા.૨-૭- ૧૮૯૩ના રોજ કપડવંજમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેઓએ કપડવંજમાં મેળવ્યું હતું. ત્યારબાદ વધુ શિક્ષણ અર્થે તેઓ મુંબઈ ગયા હતાં, જ્યાં એલ્ફિન્સ્ટન કોલેજમાં તેઓએ ઉચ્ચશિક્ષણ મેળવ્યું હતુંઅને બી.એમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવી અનેક સ્કોલરશીપ અને ઈનામો મેળવ્યા હતાં.

અભ્યાસમાં તેજસ્વી એવા શ્રી ચંદુલાલ ત્રિવેદી કંઈક બનવાની દ્રઢ મનોકામના સાથે વધુ અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડ ગયા, જ્યાં અંગ્રેજીના વિષયમાં સૌથી વધુ માર્કસ સાથે ૧૯૧૭માં આઈ.સી.એસ. (I.C.S.)ની પદવી મેળવી. આઈ.સી.એસ.ની ગૌરવશાળી પદવી ધારણ કરી ભારતમાં આવી તેઓ ૧૯૧૭માં જ આસિસ્ટન્ટ કમિશ્નર તરીકે નિમાયા.ત્યારબાદ ૧૯૨૧માં સ્વદેશ ખાતામાં ડેપ્યુટી સેક્રેટરી અને ૧૯૩૬માં વરાડના કમિશ્નર તરીકે બઢતી પામ્યા.આયોજન સમિતિના ઉપપ્રમુખની જવાબદારી પણ તેઓએ નિભાવી.

પોતાની કુનેહ,કૌશલ્ય અને કુશાગ્ર બુદ્ધિને પરિણામે શ્રી ચંદુલાલ ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરતા ગયા. ૧૯૩૮માં તેઓએ મધ્યપ્રાંત અને વરાડના મુખ્યમંત્રીની જવાબદારી નિભાવી પોતાની યશકલગીમાં વધુ એક પીંછું ઉમેરવા ભાગ્યશાળી બન્યા.૧૯૪૨માં તેઓએ સંરક્ષણમંત્રી તરીકેની જવાબદારી પણ સફળતાપૂર્વક નિભાવી. પોતાની કારકિર્દીમાં અનેક અગત્યના ઉચ્ચ સ્થાનો પર જવાબદારી નિભાવીને પોતાની વહીવટીસૂઝનો પરિચય આપનાર શ્રી ચંદુલાલ ત્રિવેદી ૧૯૪૬માં ઓરિસ્સાના રાજ્યપાલ તરીકે નિયુક્તિ પામીને એક ગૌરવશાળી અને સન્માનભર્યું સ્થાન શોભાવનાર કપડવંજી બન્યા.ત્યારબાદ ૧૯૪૭માં તેઓએ પંજાબના રાજ્યપાલ અને ત્યારબાદ આંધ્રપ્રદેશના રાજ્યપાલની જવાબદારી પણ નિભાવી હતી.

કપડવંજના રત્ન સમાન શ્રી ચંદુલાલ ત્રિવેદીએ જુદા-જુદા રાજ્યોના રાજ્યપાલ અને અનેક અગત્યના સ્થાનો પર સફળતાપૂર્વક નિષ્ઠાથી જવાબદારીઓ નિભાવી અને પદ્મવિભૂષણ એવોર્ડ મેળવવા શક્તિમાન બન્યા.

કપડવંજના આ પનોતા પુત્રને હાથે ૧૯૫૪માં જે.બી. હોસ્પિટલનું ઉદ્ઘાટન ચાંદીનું તાળું ખોલીને કરવામાં આવ્યુંઅને ૧૯૫૭માં તેઓના હસ્તે ગજરાબાઈ મહિલા વિદ્યાલયનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. ૧૯૬૫માં કપડવંજ કેળવણી મંડળ દ્વારા યોજાયેલ રોપ્ય મહોત્સવમાં તેઓએ પ્રમુખપદ શોભાવ્યું હતું. ૧૯૬૬માં જૂન ૧૫ના રોજ તેઓ થવાદ ગામે જાબીરભાઈ મહેતાના દાન દ્વારા બનાવેલ શાળાના ઉદ્ઘાટક રહ્યા હતાં. ૧૯૬૭ એપ્રિલ ૪ ના રોજ તેઓ જડાવબા શિશુકેન્દ્રના ઉદ્ઘાટનમાં પધાર્યા હતા.

શહેરમાં સ્વચ્છતા જાળવવાની જવાબદારી માત્ર નગરપાલિકાની જ નથી, પરંતુ પ્રત્યેક નાગરિકે પણ સ્વચ્છતાની જવાબદારી નિભાવવી જોઈએ તેવું માનતા શ્રી ચંદુલાલ ત્રિવેદીએ નિવૃતિનું જીવન કપડવંજમાં ગાળવાનો નિર્ણય કરીને તેમના ધર્મપત્ની સાથે કપડવંજમાં આવીને વસ્યા હતાં. તેઓનું નિવાસસ્થાન મોડાસા રોડ પર આવેલ બાગની બાજુમાં હતું. તેઓ અહીંયા જ અધિકારીઓ અને અગ્રણીઓ સાથે બેઠક યોજી તાલુકાના પ્રશ્નોની ચર્ચા કરતાં હતાં. કપડવંજ કેળવણી મંડળમાં ૧૯૬૬ થી ૧૯૭૯ એમ બાર વર્ષ

સુધી પ્રમુખપદે રહીને વિદ્યાર્થીઓના હિત અને શૈક્ષણિક વિકાસ માટે સેવાઓ આપી હતી. અજબ વ્યક્તિત્વ અને કુશળ વહીવટકાર તરીકે રાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર શ્રી ચંદુલાલ માધવલાલ ત્રિવેદીનું જીવનસૂત્ર છે, "My First Wife is my Life"

૪૭ વર્ષ સુધી બહેનજી બહેન પ્રસૂતિગૃહમાં ડોક્ટર તરીકે સેવા આપનાર

સ્વ. ડૉ. છોટુભાઈ બાપુલાલ દેસાઈ

જીવન એવું જીવીએ કે સૌ કોઈ યાદ રાખે.કેટલીક વ્યક્તિઓ તેમના જીવનમાં અન્યોને ઉપયોગી થાય તેવી કામગીરી કરીને મૃત્યુ પછી પણ સૌ કોઈના મન, હૃદયમાં બિરાજમાન રહે છે. આવા જ કર્મઠ સેવક, સૌ કોઈના આત્મીયજન અને બહેનજી બહેન હિન્દુ પ્રસૂતિગૃહમાં ૪૭ વર્ષ સુધી ડોક્ટર તરીકે સેવાઓ આપનાર સ્વ.ડૉ.છોટુભાઈ બાપુલાલ દેસાઈનો જન્મ કપડવંજમાં માતા ગંગાબેન બાપુલાલ દેસાઈની કૂખે થયો હતો. તેઓએ પ્રાથમિક શિક્ષણ કપડવંજમાં અને તબીબી શિક્ષણ બી.જે.મેડીકલ કોલેજ- અમદાવાદમાંથી પ્રાપ્ત કર્યું હતું. તેઓ તારાબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતાં અને બે પુત્રો વિરેન્દ્રભાઈ અને કિરીટભાઈ તથા ત્રણ પુત્રી પુષ્પાબેન, શાંતુબેન અને ઉષાબેન એમ પાંચ સંતાનોના પિતા હતાં.

ડોક્ટરની પદવી મેળવ્યા બાદ શરૂઆતમાં ૨૨ વર્ષની ઉંમરે પિતા શ્રી ડૉ.બાપુલાલ કેશવલાલ દેસાઈની સાથે રહી ડીસ્પેન્સરી સંભાળી. ત્યારબાદ ૧૯૩૪થી કપડવંજના બહેનજીબહેન હિન્દુ પ્રસૂતિગૃહમાં ડોક્ટર તરીકે જોડાયા હતા.

ખૂબ જ માયાળુ સ્વભાવ ધરાવતાં ડૉ. છોટુભાઈએ પોતાના વ્યવસાય દ્વારા શહેરની તથા આખા તાલુકાની સેવા કરી છે. તેમાંય બહેનજીબહેન હિન્દુ પ્રસૂતિગૃહમાં જોડાયા ત્યારથી પોતાના જીવનના અંત સુધી એટલે કે લગભગ ૪૭ વર્ષ સુધી, જેમાં ત્રણ પેઢીઓ આવરી લેવાય, ત્યાં સુધી પ્રસૂતિ સંબંધી એવી સુંદર સેવા આપી કે પહેલી પેઢીની સુવાવડવાળી બહેન પોતાનું સંતાન જો દીકરી હોય તો તેની પણ સુવાવડ આજ હોસ્પિટલમાં કરાવે. વળી તે બેનનું સંતાન પણ જો પુત્રી હોય તો તેની પણ સુવાવડ ડૉ. છોટુભાઈને હાથે થઈ હોય તેવાં ઘણાં દાખલાં જોવા મળ્યાં છે.

ભગવાન કરતાં પોતાના કામને વધુ પૂજતાં ડૉ. છોટુભાઈએ દિવસ-રાત જોયા વગર, ગરમી, ઠંડી કે વરસાદની ફિકર કર્યા વગર સેવા આપી છે. હોસ્પિટલનો ચાર્જ પણ નજીવો જ લેવામાં આવતો હતો,જે શરૂમાં હતો. તે ચાર્જ મોંઘવારી વધી પણ બિલકુલ વધારવામાં આવ્યો ન હતો. તે ઉપરાંત તેમની લોકચાહના અને માયાળુ સ્વભાવના કારણે દર્દીઓનો ધસારો એટલો વધુ રહેતો કે કોઈપણ દિવસ કે રાત્રિ એવી નહીં હોય કે ઘરે આવ્યા બાદ તરત જ વિઝિટે ન જવું પડ્યું હોય. રાત્રિએ પણ મોટેભાગે તેઓને જાગવું જ પડે. દર્દીના સગા બોલાવવા આવ્યા નથી કે તૈયાર થયા નથી. થાક, કંટાળો કે ગુસ્સો ક્યારેય નહીં. કેટલીકવાર તો જમવાનું પણ મુલતવી રાખવું પડે.

તેઓ પ્રસૂતિની પીડાને જાણતા અને તેથી બારે મહિના ઘરમાં નહીં પરંતુ બહાર ઓટલા ઉપર જ સૂઈ રહેતા. શિયાળામાં ઠંડીના કપડાં તૈયાર રાખતાઅને ચોમાસામાં છત્રી તૈયાર રાખતા. દવાની બેગ તો બાંકડા ઉપર જ ચોવીસ કલાક તૈયાર રખાવતા. ફી બાબતે ક્યારેય કોઈને પૂછવાનું નહીં. તેમની ત્વરિત સેવાને કારણે અનેક માતાઓ મોતના મુખથી બચી ગઈ છે.

ક્રિકેટનો શોખ ધરાવતા ડૉ. છોટુભાઈ ક્રિકેટ રમવા ઉમરેઠ જેવા શહેરોમાં જતા હતાં. તેમના પુત્રી શાંતુબેનના પુત્ર સંજયભાઈ દેસાઈ મુંબઈ ખાતે ક્લિનિક લેબોરેટરી ધરાવે છે.

મહાત્મા ગાંધીજીના સેક્રેટરી અને શહેરની અનેક સંસ્થાઓના સ્થાપક

શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ

મહાત્મા ગાંધીના સેક્રેટરી રહી ચૂકેલા સ્વ.હરિલાલ માણેકલાલ દેસાઈનો જન્મ કપડવંજમાં તા.૪-૯-૧૮૮૧ના રોજ થયો હતો. સામાન્ય વણિક કુટુંબમાં જન્મેલા શ્રી હરિલાલે પ્રાથમિક શિક્ષણ કપડવંજની ગામઠી શાળામાં મેળવ્યું હતું. ત્યારબાદ મેટ્રિક્યુલેશન સુરતની મિશન હાઈસ્કૂલમાં અને પછી અમદાવાદની ગુજરાત કોલેજ, વડોદરાની કોલેજ અને મુંબઈની સેંટ ઝેવિયર્સ કોલેજમાં અભ્યાસ કરીને ૧૯૦૩માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સહિત બી.એ.ની ડિગ્રી મેળવી હતી.

વ્યવસાયમાં પ્રારંભિક અનુભવ મેળવવાની દૃષ્ટિથી ૧૯૦૫માં તેઓ મુંબઈની પ્રાગજી સુરજી પેઢીમાં જોડાયા. પરંતુ તેમનું મન કેળવણી ક્ષેત્રે હોવાથી નોકરી છોડી ૧૯૦૬માં ઉમરેઠની જ્યુબલી હાઈસ્કૂલના આચાર્ય તરીકે જોડાયા.આ સમય દરમિયાન તેઓએ ફ્રેન્ચ ભાષાનો ઉંડો અભ્યાસ કર્યોઅને વડોદરા સરકારી હાઈસ્કૂલમાં ફ્રેન્ચ ભાષાના શિક્ષક તરીકે જોડાયા.ત્યાં તેઓએ ૧૩ વર્ષ સુધી શિક્ષક તરીકે સેવાઓ આપી.ફ્રેન્ચ ભાષાના શિક્ષક તરીકે તેઓએ એટલી ખ્યાતિ મેળવી કે વડોદરાના રાજા ગાયકવાડ કુટુંબના રાજકુમાર પણ જ્ઞાનોપાર્જન માટે શ્રી હરિલાલને ઘેર જતા. આચાર્ય વિનોબા ભાવે પણ તે વખતના એમના ફ્રેન્ચના વિદ્યાર્થી હતા.

વડોદરા રાજ્યે તેઓને ફ્રેન્ચ સાહિત્યના વધુ અભ્યાસ અર્થે ફ્રાન્સ મોકલવાની તૈયારી બતાવી જેથી તેઓને કોલેજમાં પ્રોફેસર તરીકે નીમી શકાય. પરંતુ તેમણે તે બહુમાનનો સ્વીકાર ન કર્યો, કારણકે તેઓને સરકારી નોકરી છોડી સેવાના કાર્યમાં જોડાવું હતું.છતાં ફ્રેન્ચ સાહિત્યનો તેઓએ ખૂબ ખૂબ અભ્યાસ કર્યો.

૧૯૬૧માં શ્રી હરિલાલે કપડવંજમાં નાના પાયે વાંચનાલય અને પુસ્તકાલય શરૂ કરાવ્યું. બજારમાં એક મેડી ભાડે લીધી. નાનું કબાટ ખરીદ્યું, થોડાંક પુસ્તકો ભેગા કર્યા.ત્યારબાદ અન્ય મિત્રો અને દાતાઓના સહયોગથી ૧૯૮૧ના સપ્ટેમ્બરમાં મહાજન લાયબ્રેરીની સ્વતંત્ર મકાનમાં સ્થાપના કરી.આજે કપડવંજની આ લાયબ્રેરી ગુજરાતની અગ્રગણ્ય લાયબ્રેરીમાં સ્થાન પામી છે.તેઓએ રાષ્ટ્રીય શાળા,મહાલક્ષ્મી ઉદ્યોગગૃહ,વિદ્યોત્તેજક ફંડ,વિદ્યાર્થી મંડળ,વ્યાયામ શાળા, વગેરે લોકઉપયોગી સંસ્થાઓ કપડવંજમાં સ્થાપી તથા ગાંધીજીની વિચારધારાને આગળ ધપાવવા તેઓએ કપડવંજમાં ખાદી, વણાટશાળા તેમજ બહેનોની સંસ્થા વિકસાવી.૧૯૭૧માં ૨૬ એપ્રિલના રોજ તેમના પ્રથમ પત્ની મહાલક્ષ્મીબેનનું અવસાન થયું હતું.

૧૯૨૦માં અસહકારના આંદોલનમાં જોડાઈ નોકરીમાંથી રાજીનામું આપી દીધું અને મહાત્મા ગાંધીજી સાથે રાષ્ટ્રસેવાની પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. ૧૯૨૦માં તેમણે મહાત્મા ગાંધીજીના સેક્રેટરી તરીકે સેવાઓ આપી. તેમની સાથે લાંબા પ્રવાસો કર્યા અને તેમના સાંનિધ્યમાં ઘણુંબધું શીખ્યા.

૧૯૨૧ના ડિસેમ્બરમાં શ્રી હરિલાલે કુસુમબહેનની માતા અને માસીના આગ્રહથી કુસુમબહેન સાથે બીજીવાર લગ્ન કર્યા.આ સમયે કુસુમબહેનની ઉંમર માત્ર ૧૩ વર્ષ અને શ્રી હરિલાલની ઉંમર ૪૦ વર્ષ હતી. પરંતુ કુસુમબહેનના આગ્રહ અને પોતાના અને કુસુમબહેનના જીવનને સેવામયતાનો નવો ઘાટ આપવાની દૃષ્ટિથી બીજીવાર લગ્ન કર્યું. નાની ઉંમરે પરણેલા કુસુમબહેને લગ્ન પહેલા શ્રી હરિલાલ સાથે રહીને સેવાના કાર્યોની તાલીમ લીધી હતી. તેથી તેમનું દાંપત્યજીવન ઉજ્જવળ નીવડયું. આ દંપતીનું આતિથ્ય જેમણે પણ ભોગવ્યું તે બધાં જ મુગ્ધ થયા છે. બંને સુંદરતા,સુઘડતા અને સંસ્કારિતાના પૂજારી હોઈ સ્વેચ્છાપૂર્વકની ગરીબાઈમાં પણ કલાદ્રષ્ટિ અને રસિકતાં સાચવી શકતાં. સ્નેહીઓને એમના મહેમાન થવું એ લ્હાવો હતો.

૧૯૨૭ની જુલાઈની ૨૭મી તારીખે શ્રી હરિલાલે પાંડુ અને જલંધરના વ્યાધિથી પાર્થિવ જીવનનો ત્યાગ કર્યો.પોતે કહેતા કે મરણનો મને ડર નથી અને મોક્ષ મને જોઈતો નથી. જ્યાં ખૂબ જનસેવા કરી શકુંઅને જ્યાં સેવામાં સાથ આપનાર સ્નેહીજનો હોય ત્યાં ભગવાન મને જન્મ આપે.આમ બીજા જન્મે પણ સેવાને ઝંખતા શ્રી હરિલાલે ભરૂચમાં દેહ છોડ્યો. તેમના અવસાન બાદ "નવજીવન"ના તા.૭-૮-૧૯૨૭ના અંકમાં ગાંધીજીએ "એક સત્યાગ્રહીનો દેહાંત"શીર્ષક હેઠળ હૃદયસ્પર્શી નોંધ લખી હતી. કપડવંજેતેમના સ્મરણમાં શ્રી હરિલાલ છાત્રાલય ઉભું કર્યું છે તથા ૧૬ જાન્યુઆરી, ૧૯૪૯ના રોજ તેમની પ્રતિમા કપડવંજમાં આચાર્ય વિનોબા ભાવેના હસ્તે ખુલ્લી મૂકાઈ હતી. દર વર્ષે તેઓની પુણ્યતિથિ ઉજવાય છે. કપડવંજની અનેક જાહેર સંસ્થાઓ અને સમગ્ર જાહેર સેવાના જીવનમાં આજે વર્ષો પછી પણ તેમનીઊંડી છાપ છે.

વી.એમ.પારેખ કોમર્સ કોલેજ, મેનાબેન પારેખ આંખની હોસ્પિટલ સહિત સંસ્થાઓ સ્થાપનાર દાનવીર, "વાડીલાલ સંત"- "સરદાર"નું બિરૂદ પામનાર

સ્વ. શ્રી વાડીલાલ મનસુખરામ પારેખ

શેઠ શ્રી વાડીલાલ મનસુખરામ પારેખનો જન્મ તા. ૧૩-૧૧-૧૮૮૭ના રોજ થયો હતો. તેઓએ પ્રાથમિક શિક્ષણ કપડવંજમાં તથા માધ્યમિક શિક્ષણ નડિયાદ અને અમદાવાદમાં લીધું હતું. સાધારણ કુટુંબમાં જન્મેલા વાડીભાઈએ નાનપણથી જ પિતાનું સુખ ગુમાવ્યું હતું. અમદાવાદમાં કોટન મિલમાં નોકરી કરતાં કરતાં એન્જિનીયરીંગનો અભ્યાસ કર્યોઅને બીજા વર્ગના બોઈલર એન્જિનીયર બન્યા. તેઓએ અમદાવાદની કોટન મિલમાં ફીટર તરીકે નોકરીનો પ્રારંભ કર્યો હતો. તેઓ હિસાબ અને નામાની જાણ અને ગૂંચો ઉકેલવામાં ઘણા હોંશિયાર હતાં.તેમના હાથમાં ચોપડો મૂકો અને તરત તેની ગૂંચ ઉકેલી આપતા. તેઓ અણીશુદ્ધ પ્રામાણિક હતાં.

પોતાની જાતમહેનત, આત્મબળ,શ્રદ્ધા અને પુરૂષાર્થથી પોતાનું જીવન ઘડનાર વાડીભાઈ ૧૯૨૦માં મુંબઈની બાટલીબોય કંપનીમાં ભાગીદાર તરીકે જોડાયા હતા.

તમામ પ્રકારની મશીનરી આયાત કરવાનો અને વેચવાનો ધંધો કરનારી દેશની અગ્રગણ્ય પેઢીઓમાંની બાટલીબોય એક હતી. તેની દસ જેટલી શાખાઓ પણ હતી. આ પેઢીના તેઓ ભાગીદાર અને મુખ્ય કર્તાહર્તા હતાં. તેઓએ વ્યવસાયના વિકાસ અર્થે છ વખત યુરોપનો પ્રવાસ પણ કર્યો છે તથા અમેરિકાની પણ મુલાકાત લીધી છે.

કેળવણીના તેઓ પ્રખર હિમાયતી હતા અને તેથી તેઓ "વાડીલાલ મનસુખરામ પારેખ કોમર્સ કોલેજ"ની સ્થાપનામાં મુખ્ય દાતા બન્યા.તેઓએ પુત્રના સ્મરણાર્થે "સ્વ.કસ્તૂરભાઈ વાડીલાલ મનસુખરામ પારેખ જૈન લાયબ્રેરી"ની સ્થાપના કરી હતી.પોતાના માતૃશ્રી ગજરાબાઈની યાદમાં "ગજરાબાઈ મહિલા વિદ્યાલય"નું સુંદર આલીશાન મકાન કપડવંજ કેળવણી મંડળને ભેટ આપ્યું હતું. બાલમંદિરમાં પણ તેઓએ અમૂલ્ય ફાળો આપ્યો હતો.

શ્રી વાડીલાલે પોતાની સંપત્તિ જનહિતાર્થે વાપરવામાં ક્યારેય પાછી પાની કરી નહોતી. તેઓએ તેમના પિતાશ્રીની યાદમાં એક દેરાસર એક લાખના ખર્ચે બંધાવ્યું છે. જેમાં "મનસુખ ભવન" નામનો જાહેર વ્યાખ્યાન હોલ પણ બંધાવ્યો છે. તેઓએ ક્ષત્રિયવાડામાં યશકલગી રૂપ "શ્રી અભયદેવ સુરીશ્વરજી જ્ઞાન મંદિર"માટે પણ દાન આપ્યું છે. તેઓએ તેમના પત્ની મેનાબેનના નામે "મેનાબેન પારેખ આંખની હોસ્પિટલ"પણ સ્થાપી છે, જેનો વર્ષોથી જનતા મોટો પ્રમાણમાં લાભ લે છે. હાલમાં જ જયંત હોસ્પિટલમાં અદ્યતન સુવિધા અને છેલ્લામાં છેલ્લી ઢબના સાધનો વસાવવા માટે સ્વ.મેનાબેન વાડીલાલ પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂપિયા ૩૦ લાખનું દાન આપવામાં આવ્યું છે.

શ્રી વાડીલાલ પારેખે કપડવંજ કેળવણી મંડળના પ્રમુખ તરીકે રહીને સેવાઓ આપી હતી અને દાનની સરવાણી પણ ઉદાર હાથે વહાવી હતી. જેથી કેળવણી મંડળે તેઓ પ્રત્યે સ્નેહ અને આદર વ્યકત કરવા પ્રવેશદ્વાર સામે તેઓની આરસની પ્રતિમા મૂકી ઋણ અદા કર્યું છે અને તેમની યાદ સદાય જીવંત રાખવા નમ્ર પ્રયાસ કર્યો છે.

શ્રી વાડીલાલે જ્ઞાતિના યુવાનોને રોજગારી અપાવવામાં પણ મહત્વનો ફાળો આપ્યો છે. કેળવણી માટે પણ મદદ કરી છે.તેઓએ જ્ઞાતિના લોન ફંડની યોજના શરૂ કરી. તે યોજનાના તેઓ જનક,પ્રેરક અને પોષક રહ્યા હતા. સ્વ.વાડીલાલ પારેખ શ્રી જૈન સમસ્ત જ્ઞાતિના એક સાચા હિતેચ્છુ હતાં, જ્ઞાતિએ તેઓને "વાડીલાલ સંત"ના નામ સાથે "સરદાર"નું બિરૂદ પણ આપ્યું હતું. શ્રી વાડીલાલનું અવસાન તા. ૯-૧-૧૯૬૧ના રોજ થયું હતું.

જેમના કુટુંબમાં શિક્ષણ, સંસ્કાર ને સમૃદ્ધિનો શુભ સમન્વય જોવા મળે છે

સ્વ. શેઠશ્રી છોટાલાલ પીતાંબરદાસ પરીખ

કપડવંજના અગ્રગણ્ય નાગરિકશ્રી પીતાંબરદાસ નંદલાલનું કુટુંબ સુપ્રસિદ્ધ છે.તેમના નામની પી.એન.ટેક્નિકલ સ્કૂલે કપડવંજ કેળવણીના ઉપક્રમે વર્ષો સુધી સારી પ્રગતિ સાધી હતી. આ કુટુંબના વડવા કપડવંજની પોરવાડ જ્ઞાતિમાં ઉમદા જીવન જીવી ચાર પુત્રોને મુકી સ્વર્ગવાસી થયા, અને એમનો પરિવાર વિવિધ દિશાઓમાં ખ્યાતિ મેળવશે અને ભવિષ્યમાં અઢળક સમૃદ્ધિ મેળવશે એની કોઈને કલ્પના નહોતી. આ ચારે પુત્રોમાં સૌથી જયેષ્ઠ શેઠ શ્રી બાપાલાલ પિતાંબરદાસ પરીખ, જેઓ જાણીતા એન્જિનિયર હતા અને નડિયાદની ન્યુ શોરોક મિલના ઘડતરમાં એમનો અગ્રગણ્ય ફાળો હતો. થોડાક વર્ષો પહેલાં જ તેઓ પોતાના ભાઈઓ તથા પુત્ર પૌત્રાદિનો ખૂબ જ સારો વિકાસ જોઈ સ્વર્ગવાસ પામ્યા છે.

તેમના બીજા ભાઈ શેઠ શ્રી ચંદુલાલ પિતાંબરદાસ બી.એ.એલ.એલબી. હોવા ઉપરાંત ભારતના એક અગ્રણી ઉદ્યોગપતિ,મીલ-માલિક અને કપડવંજ કેળવણી મંડળના પ્રમુખ રહ્યા હતા. પરિણામે સામાજિક, સંસ્કારિક તેમજ શૈક્ષણિક દ્રષ્ટિએ કપડવંજે સાધેલી પ્રગતિમાં એમનો અત્યંત મહત્વનો ફાળો છે.

શેઠ શ્રી ચંદુલાલભાઈ તથા શેઠ શ્રી ચીમનલાલ બાપાલાલ પરીખની સંયુક્ત રાહબરી હેઠળ સી.પારેખની કંપની મુંબઈ,અમદાવાદ તથા આફ્રિકામાં ઔદ્યોગિક તથા વેપારી ક્ષેત્રે પ્રથમ પંક્તિની હરોળમાં હતી. શેઠ શ્રી છોટાલાલ પિતાંબરદાસ પરીખનો જન્મ સંવત ૧૯૩૦ના જેઠ વદી ૮ ના રોજ થયો હતો. મુંબઇ ખાતે ૧૧-૧૧-૬૩ના રોજ તેઓનું અવસાન થયું હતું. સંસ્કાર અને શિક્ષણનો વારસો તેમને નાનપણથી જ મળ્યો હતો.

સ્વ.શેઠશ્રી છોટાલાલ પરીખે એલ.એલ.બી.થઈ સરકારી ન્યાયખાતામાં સિવિલ જજ તરીકે વર્ષો સુધી કામ કર્યું હતું અને સારી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. માત્ર ૩૭ વર્ષની વયે તેમની સૌપ્રથમ પૂનામાં ન્યાયાધીશ તરીકે નિમણૂંક થઈ. ત્યારબાદ ઉમરેઠ,અમદાવાદ,ગોધરા વગેરે શહેરોમાં પણ ન્યાયાધીશ તરીકે સારી નામના મેળવી હતી. સ્વ.શેઠશ્રી છોટાલાલ પરીખે ફર્સ્ટ કલાસ જજ તરીકે પણ સારી ખ્યાતિ મેળવી હતી. ૧૯૨૯ના ડિસેમ્બરમાં નિવૃત્તિ લીધા બાદ તેઓ સી.પારેખ કંપનીમાં જોડાયા હતાં.

કેટલાક માનવીઓ પોતાના કાર્યથી પ્રકાશી ઉઠે છે તો કેટલાક માનવી પોતાના મૂક કાર્યની સુવાસ જગતમાં વેરી આ ચૈતન્ય સૃષ્ટિમાં પ્રભુનું કાર્ય પૂર્ણ કરીને વિદાય લે છે. સ્વ. શેઠ શ્રી છોટાલાલ પી.પરીખે પણ હંમેશા મૂકપણે પોતાનું કર્તવ્ય બજાવ્યું છે. અનેકોને તેમના જીવનમાર્ગે ઉપકારક માર્ગદર્શન આપ્યું છે ને સેવાની પ્રત્યેક તકને તેમણે મૂકપણે પોતાની કરીને દીપાવી છે.આવી જીવન સુવાસનો ચીર અમર વારસો મૂકીને એમનો આત્મા અનંતમાં ભળી ગયો. સૌજન્ય મૂર્તિ શેઠ શ્રી છોટાલાલ પરીખને બે પુત્રો અને બે પુત્રીઓ છે. તેમનામાં પણ તેમણે જે સંસ્કાર રેડ્યા છે, એ સંસ્કાર ને શિક્ષણના કારણે કુટુંબ વધુ ઉજ્જવળ બન્યું છે.

સ્વ.શેઠશ્રી છોટાલાલભાઈના જ્યેષ્ઠ પુત્ર શ્રી ચંદ્રકાંતભાઈ વર્ષોથી સી.પારેખની કંપનીના એક અગ્રગણ્ય કાર્યકર છે અને પોતાના કાર્યભારના અનુલક્ષીને શ્રી ચંદ્રકાંતભાઈએ અનેક વખત આફ્રિકાનો પ્રવાસ કર્યો છે. શ્રી ચંદ્રકાંતભાઈ કુશાગ્રબુદ્ધિ ધરાવતા. તેઓ ખૂબ જ પ્રેમાળ, વિનમ્ર અને ઉમદા સ્વભાવના હતાં. તેઓ ઉત્તમ કુટુંબના નબીરા હોવા ઉપરાંત ખાનદાની તેમના તેજસ્વી ચહેરામાં, વાતચીતમાં તથા તેમની વર્તણુંકમાં સહેજે જણાઈ આવતી હતી.આટલી અઢળક સમૃદ્ધિ અને આવી ઉત્તમ કોટીની પેઢીના એક અગ્રગણ્ય સંચાલક હોવા છતાં તેમનામાં જે સાદાઈ સાથે વિનમ્રતા હતી, તે ખરેખર પ્રશંસનીય ગણી શકાય. સૌજન્યમૂર્તિ શ્રી ચંદ્રકાંતભાઈના સુપુત્રો પણ ઉચ્ચ કેળવણી માટે વિદેશયાત્રા કરી આવ્યા છે. સ્વ.શેઠ શ્રી છોટાલાલભાઈના પુત્ર-પૌત્રોના પરિવારમાં શિક્ષણ, સંસ્કાર અને સમૃદ્ધિનો શુભ સમન્વય હતો.

"કપડવંજની ગૌરવગાથા"ના લેખક

ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય

કપડવંજ શહેરનો હજારો વર્ષનો કડીબદ્ધ ઇતિહાસ અથાગ મહેનત કરી તૈયાર કરનાર સ્વ. પોપટલાલ દોલતરામ વૈદ્યનો જન્મ તા. ૯-૬-૧૯૧૩ના રોજ થયો હતો.બાળપણથી જ હોંશિયાર, પરગજુ અને સેવાભાવી ડૉ. પોપટલાલ વૈદ્યના પિતા શ્રી દોલતરામ વૈદ્ય આંબલીયારા સ્ટેટના રાજવૈદ્ય હતાં. પિતાશ્રી અને ભાઈઓની લાગણીથી તેઓએ ૧૯૪૪માં ડી.એ.એસ.એફ (મુંબઇ)ની ઉપાધિ મેળવીને વૈદ્ય કુટુંબમાં સોળ સોળ પેઢીઓથી ચાલી આવતી તબીબી પરંપરાને જીવંત રાખી હતી.

પૂ. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત ડૉ. પોપટલાલે ચાલુ શિક્ષણે ૧૮ વર્ષની વયે સત્યાગ્રહ ચળવળમાં ભાગ લઈ પોલીસના અમાનુષી અત્યાચાર સહન કર્યા અને જેલમાં ગયા હતાં. કપડવંજના ગૌરવ સમા મહાનુભાવો કવિ રાજેન્દ્રભાઈ શાહ, અંબુભાઈ પુરાણી, મધુસૂદનભાઈ પરીખ સાથે જેલ ભોગવી છૂટયા પછી ફરી અભ્યાસ શરૂ કર્યો. આર્થિક સ્થિતિ સારી નહીં હોવાથી તેમની આગવી પ્રતિભા નાટ્ય લેખન ઉપર હાથ અજમાવ્યો અને વીર પ્રતિભા,સાચોરાહ, યુગાવતાર જેવા નાટક લખ્યા, ભજવ્યા અને તેમાંથી મળેલ આર્થિક સહયોગથી અભ્યાસ ચાલુ રાખ્યો. ડી.એસ.એ.એફ. ની ડિગ્રી મેળવી રાજસ્થાનના એક ખાન્દુ નામના ગામમાં ડોક્ટર અને જેલરની બેવડી ભૂમિકા ભજવી અને પોતાની શરતો કે "ખાદી પહેરીશ અને દારૂ બંધીનો પ્રચાર કરીશ" સાથે પાંચ વર્ષ સેવાઓ આપી. કેદીઓને માનવતાના મૂલ્યો શીખવ્યા.તેઓએ રાજ્ય તરફથી મેળવેલ સુવર્ણચંદ્રક અને સેંકડો ભેટ સોગાદો ચીનના યુદ્ધ વખતે રાહતમાં આપી દીધી.

૧૯૫૦માં નડિયાદ મહાગુજરાત હોસ્પિટલમાં આર. એમ. ઓ. તરીકે નિયુક્તિ બાદ ત્યાંના ચેરમેનના જમાઈની જોહુકમી સહન ન કરતાં સ્વમાનના ભોગે કંઈ જ ના ખપે તેવી ખુમારી સાથે નોકરી છોડી દીધી અને બાયડ તાલુકાના ડેમાઈ ગામને કર્મભૂમિ બનાવ્યું.ડેમાઈમાં ડોક્ટરી વ્યવસાય સાથે જન્મભૂમિ કપડવંજ પ્રત્યે ભારોભાર આત્મીય ભાવના તથા જન્મભૂમિનું ઋણ ચૂકવવાના પ્રતીકરૂપે કપડવંજનો ઇતિહાસ પ્રકાશિત કરવા માટે બીડું ઝડપ્યું.આર્થિક રીતે તકલીફ હોવા છતાંય ખૂબ જ નાનામાં નાની માહિતી ચીવટપૂર્વક આવરી લઈ, અલભ્ય તસ્વીરો,લોથા, દંતકથા, વિદ્યમાન સાહિત્યકારોના સંગ્રહોમાંથી લેખો, તામ્રપત્રો, પ્રતિમાજીના લેખોમાંથી,મંદિર-મસ્જિદોની ભીંતોમાંથી તથા નગરજનોની વાણી મુખે જે કાંઈ જ્યાંથી મળે તેમ હતું ત્યાંથી પ્રાપ્ત કરી તેને "કપડવંજની ગૌરવ ગાથા"રૂપે પ્રકાશિત કરવાની લગભગ સંપૂર્ણ તૈયારી તેઓએ કરી દીધી હતી. "કપડવંજની ગૌરવગાથા" પુસ્તકની વિગતો મેળવવા માટે જીવનના ૪૦ વર્ષો ખર્ચી નાખનાર ડૉ. પોપટલાલ વૈદ્ય તેમના જીવનકાળ દરમિયાન આ પુસ્તક પ્રગટ ન કરી શક્યા. તેમના બાળસહાધ્યાયી પ.પૂ. કંચન સાગરજી મહારાજ સાહેબના સાથથી તેમના પરિવારજનોએ કપડવંજની ગૌરવગાથા"અવશેષની આરાધના" નામે પ્રગટ કરી. આ પુસ્તકની અમૂલ્ય માહિતી, સામગ્રી અને ફોટાઓ જોઈને સૌએ તેના ભરપૂર વખાણ કર્યા. તેમના પરિવારજનોને અભિનંદન પાઠવ્યા. આજે પણ નવી પેઢી આ પુસ્તક ગૌરવ અને હર્ષભેર વાંચી આનંદિત, પ્રફુલ્લિત અને રોમાંચિત થઈ જાય છે અને પોતાના વતનના

ભૂતકાળની માહિતી સભર આવા અલભ્ય,અમૂલ્ય પુસ્તકની ભેટ આપવા બદલ ડૉ. પોપટલાલ વૈદ્ય અને તેમના પરિવારજનોનો આભાર માને છે, તેઓને યાદ કરે છે,

સ્વાતંત્ર્ય સેનાની,વતનપ્રેમી અને સેવાભાવી ડૉ. પોપટલાલ વૈદ્યના દવાખાનામાં કોઈપણ દર્દી પૈસાના અભાવે સારવાર લીધા સિવાય પાછો જતો નહોતો.જરૂરિયાતમંદોને તેઓએ મફત સારવાર ઉપરાંત આર્થિક મદદ પણ કરી હતી. તેઓએ ડેમાઈમાં સંસ્કાર મંડળની સ્થાપના કરી હતી.ત્યાંના કેળવણી મંડળ અને લાયબ્રેરી જેવી સંસ્થાઓનું પ્રમુખસ્થાન પણ શોભાવ્યું હતું તથા શૈક્ષણિક અને સેવાકીય સંસ્થાઓમાં પણ સેવાઓ આપી હતી. રાત-દિવસ,ઠંડ, ગરમી કે વરસાદની ચિંતા કર્યા વગર જીવનભર લોકોની સેવા કરતા રહ્યા હતાં. તેમાં તેઓને તેમની ધર્મપત્ની સરસ્વતીબેનનો પણ સાથ મળતો હતો.

તા. ૨૭-૬-૧૯૮૧ના રોજ ડૉ. પોપટલાલ વૈદ્યના અવસાનથી સમગ્ર ડેમાઈ ગામ તથા આજુબાજુનો વિસ્તાર શોકમય બની જઈ આંસુના સાગરમાં ડૂબી ગયો હતો. તેમની સેવાની કદર રૂપે ગામના મુખ્ય પ્રવેશદ્વારને તેમના નામ સાથે જોડી "ડૉ. પોપટલાલ વૈદ્ય પ્રવેશદ્વાર" નામ આપવામાં આવ્યું. તે ઉપરાંત, ગામમાં ચાલતા અન્નક્ષેત્રને પણ તેમનું નામ આપી ડૉ. પોપટલાલ વૈદ્યનું નામ અમર કરી લાગણી પ્રદર્શિત કરી હતી.

સોળ સોળ પેઢીઓથી તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ વૈદ્ય પરિવારના ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્યના સુપુત્રોએ પણ આ પરંપરા જાળવી રાખી છે. પિતાશ્રીના અવસાન બાદ તેઓની અંતિમ ઇચ્છા "કપડવંજની ગૌરવગાથા" પ્રકાશિત કરવા માટે એટલો જ ઉત્સાહ અને ધગશ રાખનાર તેઓના સુપુત્રો ડૉ. અમિતભાઈ વૈદ્ય,ડૉ. વિનોદભાઈ અને ડૉ. પંકજભાઈ પણ પિતાના પગલે ગરીબ અને જરૂરિયાતમંદોની નિઃશુલ્ક સારવાર કરી રહ્યા છે. ડેમાઈ અને અમદાવાદ સ્થાયી થયેલ ડૉ.પોપટલાલ વૈદ્યના સુપુત્રો અવાર-નવાર કપડવંજ આવીને "મા લીંબચ"ના આશીર્વાદ મેળવી કપડવંજની ધરતી પર પગ મૂકી ધન્યતા અનુભવે છે.

ચિત્રકળાનું ઊંચું સીમાચિહ્ન

શ્રી સોમાલાલ સી. શાહ

કેટલાક માણસો આપણી સાંપ્રત સાંસ્કૃતિક ગતિવિધિમાં એવું તો સીમાચિહ્ન બની જાય છે કે એમની હાજરી વર્તાય તો ખરી જ, પણ એવું પણ ધારી લેવાય કે એ હાજરી ચીરકાળ સુધી હશે. આવા લોકોની આ પૃથ્વી પરથી વિદાય એમનું સાંસ્કૃતિક મૂલ્ય અનેકગણું વધારે હોવાનું આપણને ભાન કરાવે અને ત્યારે એ હવે નથી એ વાત ખૂંચે.

સોમાલાલ શાહ એ ઊંચા ગજાના ચિત્રકાર જ નહીં, પણ એક અદ્ભુત કળાશિક્ષક પણ હતાં. ૮૯ વર્ષની વયે નવેમ્બર, ૧૨, ૧૯૯૪માં એમનું અવસાન થયેલું,પણ એમની કળાપરાયણતાની મહેક આજે પણ એવી જ તાજી છે.

સોમાલાલ શાહ પાસે ગૌરવ અપાવે એવા વોટરકલર, રેખાચિત્રો અને શિષ્યો એટલી સંખ્યામાં છે કોઈ કળાગુરુ આનાથી વધુ અર્થસભર જીવનની કલ્પના જ ન કરી શકે. તેમની પાછળ ખોડીદાસ પરમાર, પ્રદ્યુમ્ન દવે, નટુ પરીખ, ઊર્મિ પરીખ જેવાં દિગ્ગજ કળામર્મીઓ અપરોક્ષ રીતે જીવી રહ્યાં છે.

ખેડા જિલ્લાના કપડવંજમાં એક નીચલા મધ્યમ વર્ગના દુકાનદારને ઘેર સોમાલાલ શાહનો જન્મ થયો હતો. સોમાલાલનું સૌથી મહત્વનું કળાપ્રદાન એમણે દોરેલાં સંખ્યાબંધ ચિત્રો અને રેખાચિત્રો છે, જે સૌરાષ્ટ્રની રોજિંદી ભાતીગળ જિંદગીની ઝાંખી કરાવે છે. સ્વતંત્રતા પહેલાંના યુગમાં જ્યારે ચિત્રકળા ધનવાન વર્ગની વિરાસત જેવી હતી તેવા સમયે સોમાલાલ પોતાનાં ચિત્રોમાં સામાન્ય માનવીને લઈ આવ્યા. એમનાં ચિત્રોમાં આપણી આસપાસની જિંદગી એવી કળાત્મક રીતે અભિવ્યક્ત થાય છે કે જે ૬૦-૭૦ વર્ષ પહેલાં સામાન્ય લોકો કેવી રીતે જીવતા હતાં તેનું દર્શન કરાવતા ઐતિહાસિક દસ્તાવેજો જેવાં છે. ઝવેરચંદ મેઘાણીએ લોકકળા માટે શબ્દોથી જે કંઈ કર્યુ, તેવું જ વિશાળ ફલકનું કામ ચિત્રોમાં સોમાલાલે કર્યું. કવિ પ્રહલાદ પારેખને સોમાલાલનાં ચિત્રોમાં કવિતાનુંસૌંદર્ય ઝળહળતું દેખાતું હતું. ત્રણ દાયકાથી વધુ સમય સોમાલાલે ભાવનગરમાં વીતાવ્યો અને તે ગાળા દરમિયાન કળાત્મક વોટરકલર ચિત્રોમાં કાઠિયાવાડી જીવનશૈલી જ નહીં, પણ પશુઓ ને પંખીઓ પણ કંડારાયા છે. સૌરાષ્ટ્રના મુખીઓનાં એમનાં ચિત્રો એટલાં તો રંગીન અને સુંદર છે કે કે આજે એની જોડનાં ચિત્રો મળતાં નથી. કુમાર ધર્મેન્દ્રસિંહજીનું સૌરાષ્ટ્રનાં પંખીઓનું પુસ્તક જેટલું જાણીતું છે એટલા જ જાણીતાં એ પુસ્તકમાંનાં સોમાલાલનાં પક્ષીચિત્રો છે. ગુજરાતના કળાગુરૂ તરીકે વિખ્યાત રવિશંકર રાવલની ઉત્તેજનાથી ગુજરાતને જે ઉત્તમ કલાકાર મળ્યા તેમાં રસિકલાલ પરીખ,કનુ દેસાઈ,યજ્ઞેશ્વર શુક્લ,છગનલાલ જાદવ અને સોમાલાલ શાહ હતાં.

એમને પોતાની કળાસાધનાનો રતીભાર પણ અહમ નહોતો, કે કળાકારોમાં જોવા મળતી તુમાખી પણ નહોતી. સોમાલાલ આંજી નાખે એવો દેખાડો કરવામાં પણ નહોતા માનતા. એમની એક શિષ્યા ઊર્મિ પરીખ એમને ખાદી-ઝભ્ભા,ધોતિયું અને ખાદીટોપીમાં સજ્જ, સહેજ શામળા રંગના એકવડિયા બાંધાના માયળુ કાકા તરીકે યાદ રાખે છે.

અમદાવાદના નિવૃત્ત કળાશિક્ષક નટુ પરીખ કહે છે, "અદ્ભુત કળાસૂઝ ઉપરાંત તેમનામાં શિષ્યો પ્રત્યેની મમતા ઠાંસી ઠાંસીને ભરેલી હતી. અગણિત જાણીતા ચિત્રકારો,જેઓને સોમાલાલ પાસે શીખવાનો મોકો મળેલો તેઓ એક અવાજે કહે છે કે જો તેમના નસીબમાં સોમાલાલ શાહ ન હોત તો તેઓ કદી ચિત્રકાર બની શક્યા જ ન હોત."

સોમાલાલને ચિત્રકળાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા જીવનમાં બહુ વહેલી મળવી શરૂ થયેલી,પણ આ માન-સન્માનનો ભાર અંત સુધી તેમનામાં ક્યારેય દેખાયો નહીં. ચિત્રકામ એમને મન શ્વાસ લેવા જેટલી સાહજિક ક્રિયા હતી.

૧૯૯૦માં એ જ્યારે ૮૫ વર્ષના થયા ત્યારે ગુજરાત સરકારે તેમને રૂા. એક લાખના રવિશંકર રાવલ રાજ્યકક્ષાના એવોર્ડથી નવાજેલા. ૧૯૮૮માં એમને ગુજરાત લલિતકલા અકાદમીનો એક એવોર્ડ મળેલો. એ જ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સોમાલાલનું નાગરિક અભિવાદન કર્યું હતું. એમને રણજિતરામ સુવર્ણચંદ્રક પણ મળ્યો છે.સોમાલાલનો જન્મ ફેબ્રુઆરી ૧૪, ૧૯૦૫ના રોજ ચુનીલાલ શાહ નામના કરિયાણા વેપારીના ઘેર થયેલો.દુકાનની વાર્ષિક આવક હતી રૂા. ૧૨૦. કુટુંબમાં ચિત્રકળાની કોઈ પરંપરા નહોતી અને દરેક વસ્તુની અછત હતી. માતા જેકોરબહેનને સોમાલાલ અને તેમની ત્રણ બહેનો માટે સવાસો ગ્રામ દૂધ લેવાનાં પણ ફાંફા પડતાં. ઘણી વખત શાકભાજી લેવાનાં પણ નાણાં નહોતાં અને રોટલાં ને અથાણાંથી ચલાવી લેવું પડતું.

નાનપણમાં સોમાલાલને ચિત્રો દોરવાનું ગાંડપણ હતું. મેટ્રિકની પરીક્ષા પાસ કર્યા પછી સોમાલાલ અમદાવાદ ભણવા આવ્યા, પણ એમનું મન રંગ અને પીંછીમાં હતું.એક શુભેચ્છક હરિલાલ દેસાઈએ આ શરમાળ, પણ કઠોર પરિશ્રમ કરનાર યુવાનને મુંબઈની જે.જે.સ્કૂલ ઑફ આર્ટસમાં મોકલ્યો.એની મુલાકાત રવિશંકર રાવલ જોડે પણ થઈ અને સોમાલાલનાં ચિત્રો કળાગુરુને ઘણા પ્રભાવિત કરી ગયાં.

મુંબઈમાં એક વર્ષ ગાળ્યા પછી તેમણે ૧૯૨૭માં વડોદરાના કળાભવનમાં સ્થળાંતર કર્યુ. તે વખતે વિખ્યાત બંગાળી કળાગુરુ પ્રમોદકુમાર ચેટરજી કળાભવનમાં ભણાવતા. એમણે સોમાલાલને વોશમેથડ અપનાવવા પ્રેરેલા. પછીથી કલકત્તામાં અવનીન્દ્રનાથ ટાગોરે સ્થાપેલી ઓરિયેન્ટલ આર્ટ સોસાયટીમાં શીખવા માટે આઠ મહિના સોમાલાલ ત્યાં રહેલાં. આ દરમિયાન એમણે દોરેલું નવવધૂનું ચિત્ર અવનીન્દ્રનાથની ઘણી પ્રશંસા પામેલું. આ ચિત્ર આજે ભાવનગરના ભૂતપૂર્વ રાજવી કુટુંબના સંગ્રહમાં છે. ૧૯૨૯માં નાનાભાઈ ભટ્ટ દક્ષિણામૂર્તિ શિક્ષણ સંસ્થા શરૂ કરી રહી ગયા અને ૩૦ વર્ષ સુધી કળાશિક્ષણ આપતા રહ્યાં. કળાકાર ખોડીદાસ પરમારને યાદ છે કે સોમાલાલની કળાસાધના અવિરત ચાલતી. એમની નજર એટલી તો તીવ્ર બની કે સૂર્યપ્રકાશથી સફેદ વસ્તુ સવારે,બપોરે અને સાંજે કેવી લાગે એનો ભેદ જોનારનેપણ એમનાં ચિત્રોમાંથી મળે.

નિવૃત્તિ પછી સોમાલાલ અમદાવાદમાં રહેવા આવ્યા. અહીં પણ તેમણે અસંખ્યચિત્રો કર્યાં.તેઓ એક સાથે ઘણાં બધાં ચિત્રો પર કામ કરતાં. ૮૫ વર્ષની ઉંમરે પણ એ કલાકો સુધી અવિરત ચિત્રકામ કરતા. પછી નબળી પડતી દૃષ્ટિએ એમની આ પ્રવૃત્તિ પર પૂર્ણવિરામ મૂક્યું. એમની જિંદગીની શરૂઆતમાં જ ચિત્રકામ એ કામ મટીને વળગણ બનેલું. આ વળગણ જિંદગીભર ચાલુ રહ્યું. આજે એમનાં અગણિત ચિત્રો જાણીતી અને ઓછી જાણીતી જગ્યાએ પ્રદર્શિત થાય છે. ઘણાં ચિત્રોની વચ્ચે પણ એમનું એકલું ચિત્ર અલગ તરી આવે. આજે આ ચિત્રો સોમાલાલ શાહનાં પ્રાણવાન સ્મારકો જેવાં છે.

કપડવંજમાં શિક્ષણ, સમાજ, સેવા અને સંસ્કારની અનેક પ્રવૃત્તિઓમાં અમૂલ્ય ફાળો આપનાર

શ્રી માણેકલાલ છોટાલાલ દેસાઈ

▪ જન્મ ૧૨-૧-૧૮૯૮ ▪ સ્વર્ગવાસ ૭-૧૧-૧૯૬૯

કપડવંજના વિકાસમાં અનેક મહાપુરૂષોનો ફાળો છેપણ કેળવણી ક્ષેત્રે તથા અન્ય સેવા ક્ષેત્રોમાં શ્રી માણેકલાલભાઈનો ફાળો અમૂલ્ય છે. કપડવંજમાં શિક્ષણ, સમાજ, સેવા અને સંસ્કારની અનેક પ્રવૃત્તિઓ પાંગરી. સેવાસંઘ,ભગિની સમાજ,મહાજન લાયબ્રેરી અને કપડવંજ કેળવણી મંડળ જેવી ગુજરાતભરમાં પ્રસિદ્ધ સંસ્થાઓની સ્થાપનામાં તેમનો મોટો ફાળો હતો.તેમની વ્યવહારકુશળ દ્રષ્ટિને કારણે જાહેર સંસ્થાઓમાં તેમનું માર્ગદર્શન તેમજ કીમતી સૂચનો ઉપયોગી થઈ પડતાં.

૧૯૩૦-૩૨ની રાષ્ટ્રીય લડત વખતે તેઓ અમદાવાદથી વારંવાર કપડવંજ આવતાં.

લસુન્દ્રા ગામે સરકાર વિરોધી ભાષણ કરવાના ગુના માટે તેમની કપડવંજમાંથી ધરપકડ થઈ, ખેડામાં મુકદમો ચાલ્યો અને ત્રણ માસની સજા થઈ.

માણેકલાલભાઈનું જીવન કર્મ અને ધર્મનો મધુર સુમેળ સાધનારૂં કસોટીભર્યું જીવન હતું.જીવનમાં સાદાઈ હતી તેટલી જ અડગતા હતી. નિખાલસતા-ઉદારતા સર્વેભણી વહેતી હતી.તેઓ સારા માર્ગદર્શક અને મિત્ર તરીકે કેટલાયના રાહબર બન્યા.

પ્રખ્યાત લોક સાહિત્યકાર જયભિખ્ખુ કહેતા કે માણેકલાલભાઈ એટલે ગુજરાતનાં પાટનગરનું બેનમૂન માણેક. શ્રીમંત અને પ્રામાણિક વેપારી તરીકે તેઓએ પોતાની મિલકતમાંથી સર્વ કલ્યાણ ટ્રસ્ટની સ્થાપના કરી.લોકોપયોગી પ્રવૃત્તિઓ માટે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને ગુપ્ત મદદ કરતા રહેતા હતા. તેમણે ચીંધેલા માર્ગે આજે પણ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ ચાલે છે. પૂજ્ય રવિશંકર મહારાજ કહેતા કે તેઓ પૈસા કમાતા,પણ તેમનો મોહ પૈસા તરફ ન રાખતા, પૈસાનો ઉત્તમ ઉપયોગ થાય તે દ્રષ્ટિ તેમની રહેતી.ગીતાજીના ઉલ્લેખ પ્રમાણે તેઓ નિષ્કામ જીવન જીવી લોકકલ્યાણ માટે તેજછાયા મુકી ગયા. શ્રી અને સરસ્વતીના સમન્વયરૂપે તેમનું જીવન વિવિધલક્ષી હતું. તેઓ વ્યકિત મટીને સંસ્થારૂપ બન્યા હતાં. મૂળ કેળવણીકાર જીવ આધ્યાત્મનો હતો. એટલે વારંવાર આત્મખોજમાં લાગી જતા. ખ્યાતનામ શ્રી યશવંતભાઈ શુક્લએ કહ્યું છે કે કપડવંજમાં સાંસ્કૃતિક જ નહિ, સાર્વત્રિક ઉત્કર્ષ સાથે તેઓ સમરસ થઈ ગયા હતા. આવી વિભૂતિઓથી જ સંસ્કાર પુષ્ટ થાય છેઅને નવજીવન નરવું બને છે.

સ્વ.શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર તથા સ્વ. શ્રી દેસાઈ માણેકલાલ છો. સાર્વજનિક વાંચનાલય તેમની સ્મૃતિરૂપ ચિહ્નો છે. પરંતુ કપડવંજના ઇતિહાસમાં તેમની સ્મૃતિ રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા કપડવંજના સર્વાંગી ઉત્કર્ષ માટે તન-મન-ધનથી અહર્નિષ જહેમત ઉઠાવનાર એક નિષ્ઠાવાન સેવક તરીકે અમર રહેશે તેમજ ભાવિ પેઢીઓને સુવાસ આપતી રહેશે. સંત સમાગમના પ્રેમી,ધર્માનુરાગી,સાત્વિક પરોપકારી જીવનના આગ્રહી આ પુણ્યાત્માએ સંવત ૨૦૨૫ના ધનતેરસના પવિત્ર દિવસે અંતિમ વિદાય લીધી હતી.

રાજ્યસભાના સભ્ય, ઉદ્યોગપતિ તથા સી.એન.વિદ્યાલયના દાતા

શ્રી ચંદુલાલ પિતામ્બરદાસ પારેખ

શ્રી ચંદુલાલ પિતામ્બરદાસ પારેખનો જન્મ ૧૮૯૫માં થયો હતો. કપડવંજના વતની શ્રી ચંદુલાલે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કપડવંજમાં તથા ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં લીધું હતું. ૧૯૧૬માં તેઓએ બી.એ. પાસ કર્યું અને ૧૯૧૮માં તેઓ એલ.એલ.બી.માં પ્રથમ આવ્યા હતાં.

વડીલોની સલાહ અને આગ્રહને માન આપી તેમની કુશાગ્રબુદ્ધિશક્તિનો ઉપયોગ કર્યો. વકીલાતના વ્યવસાયમાં ન જોડાઇને તેમણે માત્ર ૨૩ વર્ષની વયે વેપારમાં ઝંપલાવ્યુંઅને તેમના ભાઈના દીકરા ચીમનલાલ પરીખની સાથે એપોલો સ્ટ્રીટ,મુંબઈમાં સી.પારેખ કંપનીની સ્થાપના કરી.

મહત્વાકાંક્ષી, ઉદ્યમી અને સાહસિક એવા ચંદુલાલે ત્યારબાદ આફ્રિકાના યુગાન્ડામાં એક ઓફિસ શરૂ કરી, અને ધંધાનો સારો વિકાસ થયો. રૂની ખરીદી મોટા પાયે કરવા માંડી. અમદાવાદમાં ચાલતી જ્યુપીટર મિલ પણ ખરીદી અને ચંદુભાઈ શેઠ મોટા ઉદ્યોગપતિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

તેઓ જ્યુપીટર સ્પિનિંગ વીવિંગ એન્ડ મેન્યુફેક્ચરીંગ કુ. લિમિટેડ, જયભારત કોટન મિલ્સ લિ., જયભારત ઇન્શ્યોરન્સ કુ.લિ.,સી પારેખ એન્ડ કુ. લિ., બોમ્બે યુગાન્ડા કુ.લિ., માયસોર કોમર્શિયલ યુનિયન લિ., યુગાન્ડા કોટન યુનિયન લિ., નાકાસેરો ટ્રેડીંગ કંપની લિ.ના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે રહ્યા હતાં.વ્યાપાર અને ઉદ્યોગક્ષેત્રનો તેમનો અભ્યાસ તલસ્પર્શી હતો.એટલે ઈન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બરની કમિટિઓના તેઓ ૧૯૩૫ થી ૩૮ સુધી સભ્ય રહ્યા હતાં.૧૯૩૫ થી ૧૯૪૧ તેઓ અમદાવાદ મિલ માલિક મંડળના અધ્યક્ષ તેમજ ૧૯૩૬ થી ૧૯૪૧ઈન્ડિયન અને સેન્ટ્રલ કોટન કમિટિના સભ્ય રહ્યા હતાં. ૧૯૪૧માં ભારત-ચીનની વ્યાપારી મંત્રણા સમયે ભારત સરકારના ઓ. સલાહકાર,૧૯૪૦- ૪૨માં ભારત સરકારની નિકાસ અંગેની સલાહકારી કાઉન્સિલના સભ્ય,૧૯૪૮માં ક્લોથ કંટ્રોલ પ્રોડકશન કમિટિના સભ્ય, અમદાવાદ મિલ માલિક મંડળની મેનેજીંગ કમિટિના સભ્ય અને ૧૯૪૬માં મંડળના પ્રતિનિધિ તરીકે મુંબઈ ધારાસભામાં ગયા હતાં. તે ઉપરાંત, તેઓ વેસ્ટર્ન ઈન્ડિયા ટર્ફ ક્લબ લિ.,વિલિંગ્ડન સ્પોર્ટસ કલબ લિ., ક્રિકેટ કલબ ઓફ ઈન્ડિયા લિ.સાથે પણ સંકળાયેલા હતાં. તેઓને કોંગ્રેસની ટિકિટ પર રાજ્યસભાના સભ્ય તરીકે પણ ચૂંટાયા હતાં, જ્યાં તેઓએ સાતેક વર્ષ લોકઉપયોગી કાર્યો કર્યાં હતાં અને કમિટિના સેક્રેટરી પણ બન્યા. આમ વિવિધ ક્ષેત્રોમાં રહી તેઓએ ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

શ્રી ચંદુલાલને કપડવંજ પ્રત્યે ઘણી મમતા હતી અને એના વિકાસ માટે લોકઉપયોગી કાર્યો કરવાની તેઓને તમન્ના હતી. ૧૯૩૪માં 'બહેનજીબહેન હિંદુ પ્રસૂતિગૃહ'ની સ્થાપના કરી.ત્યારથી માંડીને કપડવંજમાં નાની-મોટી અનેક સેવા સંસ્થાઓને પોતાના ઉદાર હાથે દાન આપી સમૃદ્ધ કરી. લોક કલ્યાણની નવી સંસ્થાઓ સ્થાપી, જે સંસ્થાઓ આજે પણ સફળતાપૂર્વક ચાલી રહી છે.તેઓએ કપડવંજમાં સાયન્સ કોલેજ સ્થાપવા માટે ઉદાર હાથે ત્રણ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું, જ્યાં એમ.એસ.સી. સુધીના અભ્યાસની સગવડ છે. ૧૯૪૦માં પાડાપોળમાં મગનલાલ નરસિંહની ચાલીમાં ચાલતી શાળાને અદ્યતન સ્વરૂપમાં ફેરવવા માટે મોટી રકમનું દાન આપી શ્રીચંદુલાલે તેમના પુત્ર સ્વ.ચંપકલાલની સ્મૃતિમાં શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય શરૂ કરાવ્યું. ત્યાં પ્રાર્થનાખંડ માટે પણ પાંચ હજાર રૂપિયાનું દાન આપ્યું. તેમની બહેનના સ્મરણાર્થે ઓપનએર થિયેટર માટે પણ દાન આપ્યું હતું. ચંપકલાલ વિદ્યાલયને મલ્ટીપર્પઝ કરવાની તેમની ઈચ્છા હતી. તેમની પત્નીઇચ્છાબહેનની સ્મૃતિમાં "કૃષિ ભવન"ની સ્થાપના કરીને ૧૫,૦૦૦ રૂપિયાનું દાન આપ્યું. મણિલાલ પિતામ્બરદાસ નવચેતન કોમર્સ સ્કૂલ અને પિતામ્બરદાસ નંદુલાલ ટેક્નિકલ સ્કૂલ માટે એક લાખ રૂપિયાનું દાન આપ્યું. શેઠ એમ.પી. મ્યુનિસિપલ હાઈસ્કૂલને એમના ભાઈ દ્વારા ૫૦,૦૦૦ રૂપિયાનું દાન અપાવ્યું. આ ઉપરાંત, કપડવંજ નગરપાલિકાને ટાઉનહોલ માટે, ઈચ્છાબેન મણિલાલ પરીખ કન્યાશાળા માટે, જાબીરભાઈ હોસ્પિટલ, ઈચ્છાબેન આરોગ્ય ભવન તથા ટી.બી.ના દર્દીઓ માટે એમણે ઉદારહાથે દાનની ગંગા વહાવી હતી.

એમ.પી.હાઈસ્કૂલ, ટાઉનહૉલના મુખ્યદાતા

સ્વ.શેઠ શ્રી મણીલાલ પિતામ્બરદાસ પરીખ

શહેરની શેઠ એમ.પી.મ્યુનિસિપલ હાઈસ્કૂલના મુખ્યદાતા શેઠ શ્રી મણિલાલ પિતામ્બરદાસ પરીખે અનેક સંસ્થાઓમાં દાન આપી દાનની સરવાણી વહાવી હતી. સ્વ.મણિભાઈ તેમના જમાનામાં મિકેનિકલ એન્જિનીયરિંગનો અભ્યાસ કરી સમાજમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે પ્રસ્થાપિત થયા હતાં. તેઓ એન્જિનીયરિંગ ડિપાર્ટમેન્ટમાં શરૂઆતમાં જોડાયા હતા. ત્યારબાદ સી.પારેખ કુ. શરૂ થતાં તેઓ તેમાં જોડાયા હતાં. જેમાં તેઓએ જીનરીઓનું સફળ સંચાલન કર્યું હતું અને વ્યવસાય અર્થે સી.પારેખ કંપનીમાં રહીને અવારનવાર ઈસ્ટઆફ્રિકાનો પ્રવાસ તેઓએ કર્યો હતો. ત્યારબાદ તેઓએ જ્યુપિટર અને જયભારત મિલની વહીવટી કામગીરી પણ સફળતાથી બજાવી હતી. આમ વિવિધ ક્ષેત્રે વ્યવસાયમાં આર્થિક સ્થિતિ સદ્ધર થવાથી કપડવંજ તથા અન્ય જગ્યાઓની જાહેર પ્રવૃત્તિઓને તેઓશ્રીએ ખૂબ સારી મદદ કરી હતી.

સ્વ.મણિભાઈનું નામ મ્યુનિસિપલ હાઈસ્કૂલ સાથે જોડવામાં આવ્યું હતું. તે ઉપરાંત, તેઓએ હાઈસ્કૂલમાં તેમના સ્વર્ગસ્થ પત્નીઇચ્છાબેનની પુણ્યસ્મૃતિમાં રંગભવન માટે વીસ હજાર અને બીજા ઓરડાઓ માટે વીસ હજારનું દાન આપ્યું હતું. તેઓએ તેમના ભાઈઓ સાથે તેમના સ્વર્ગસ્થ માતૃશ્રી બેનજીબેનના પુણ્ય સ્મરણાર્થે કપડવંજ નગરપાલિકાને ટાઉનહોલ બાંધવા માટે ૬૦ હજાર રૂપિયાનું દાન આપ્યું હતું. તેઓએ કપડવંજ કેળવણી મંડળ સાયન્સ કોલેજ શરૂ કરવા માટે ત્રણ લાખ રૂપિયા ભાઈઓએ સાથે મળીને આપ્યા હતાં. તેઓએ બહેનજીબેન પ્રસૂતિગૃહમાં તથા અનેક સેવાકીય સંસ્થાઓમાં નાની-મોટી રકમનું દાન આપ્યું છે.

સ્વ.મણિભાઈ સાકોરી ખાતે પૂ.ગોદાવરી માતાજીના સાંનિધ્યમાં રહી ધાર્મિક નિવૃત્ત જીવન ગાળતા હતાં, અને સાકોરીથી મુંબઈ આવીને માંડ અઠવાડિયું વીતાવ્યું હશે ને માંદગીમાં પટકાયા.ટૂંકી માંદગી બાદ તેઓનું દેવઉઠી એકાદશીના પુણ્ય દિવસે ૭૮ વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

કપડવંજ ગૌરવ પુરસ્કારથી સન્માનિત,
કપડવંજ કેળવણી મંડળના પ્રમુખ મેધાવી વ્યક્તિત્વ

ડૉ. હરીશ કુંડલિયા

દિવ્યાંગોના પુનર્વસન ,પંથકમાં સ્વૈચ્છિક રક્તદાનનો પ્રચાર-પ્રસાર, શૈક્ષણિક ક્ષેત્રે ઘરઆંગણે સુવિધાઓ ઉભી કરવી, તબીબી ક્ષેત્રે જે.બી.મહેતા હોસ્પિટલ, ત્રિભુવનદાસ હોસ્પિટલ તેમજ વિનામૂલ્યે તબીબી ક્ષેત્રે સામાજિક સેવામાં નોંધપાત્ર કામગીરી કરનાર ડૉ.હરીશ કુંડલિયાનું અનેક સંસ્થાઓએ પુરસ્કાર આપી સન્માન કર્યું છે. સમાજમાં અમુક વ્યક્તિની કામ કરવાની પદ્ધતિ ખૂબ જ શાંત અને મજબૂત હોય છે.કોઈ જ પ્રકારના

શોરબકોર કે દેખાડો કર્યા સિવાય શાંતિથી કામ કરવું અને તે પણ પાકા પાયે એટલે કે મજબૂત કામ કરવું.

મૂળ જામનગરના વતની અને છેલ્લા ૫૦ વર્ષથી કપડવંજને કર્મભૂમિ બનાવનાર બહુમુખી અને મેધાવી વ્યક્તિત્વ ધરાવનાર,કપડવંજ ગૌરવ સહિત અનેક પુરસ્કારથી સન્માનિત ડૉ.હરીશ હરિલાલ કુંડલિયા પણ કોઈપણ પ્રકારના શોરબકોર કે દેખાડો કર્યા વગર શાંતિથી મજબૂત કામ કરી રહ્યા છે.પાકા પાયે અને મજબૂતાઈથી કરેલા તેઓના કાર્યનો લાભ આજે સમગ્ર કપડવંજ પંથક ઉપરાંત આજુબાજુના અનેક તાલુકાના લોકોને થઈ રહ્યો છે.કપડવંજમાં રહીને તેઓ કપડવંજની બહાર વસતા કપડવંજના વતનીઓ, દાતાઓના સતત સંપર્કમાં રહી વતનમાં દાન લાવવાની અને તેનો યોગ્ય ઉપયોગ થાય તે માટેની જવાબદારી નિભાવે છે. પંથકમાં કયા વર્ગના લોકોને, કઈ સંસ્થાને કઈ કઈ જરૂરુયાત છે તેનું તેઓ સતત નિરીક્ષણ કરે છે અને ગરીબ, જરૂરિયાતમંદ પ્રજાને તેનો વધુમાં વધુ લાભ મળે તે માટે દાતાઓ અને સંસ્થાઓ વચ્ચે કડીરૂપ ભૂમિકા નિભાવે છે.કપડવંજ બહાર વસતા વતનપ્રેમીઓ સ્વ. મુકુંદલાલ ગાંધી, તેમના પુત્રો મહેન્દ્રભાઈ ગાંધી, રાજેશભાઈ ગાંધી, અશ્વિનભાઈ દાણી (એશિયન પેઈન્ટસ), તેમના પુત્ર જલજ દાણી, સ્વ.ધનવંતભાઈ ગાંધીના પુત્ર કેયુરભાઈ ગાંધી સહિત અનેક દાતાઓ ડૉ. કુંડલિયાની ટહેલને તરત જ સ્વીકારી લાખો, કરોડોનું દાન આપી રહ્યા છે. જે ડૉ. કુંડલુયાની નિષ્ઠા, સમર્પિતતા, વિશ્વાસ અને પારદર્શી વહીવટની પરાકાષ્ઠા સાબિત કરે છે.

શૈક્ષણિક,આરોગ્ય, કલા, સાંસ્કૃતિક,રમતગમત,સ્વરોજગાર, કૌશલ્યવર્ધન, સામાજીક સેવા જેવા તમામ ક્ષેત્રોમાં ડૉ.હરીશ કુંડલિયાના કાર્યો

- વી.એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કપડવંજ સહિત અન્ય સાત તાલુકામાં વિકલાંગોના પુનર્વસનની કામગીરી જેમાં મેડિકલ ચેકઅપ, શિક્ષણ, સાધન સહાય, તાલીમ કેન્દ્રો, વાલી કેળવણી, સમાજમાં દિવ્યાંગો માટે નકારાત્મક વલણ બદલવા જનજાગૃતિ, સ્વરોજગાર વગેરે તેમજ સિવિલ સર્વિસીઝની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલયની વ્યવસ્થા કરાવી.
- ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, કપડવંજ શાખામાં સ્વૈચ્છિક રક્તદાનની જન જાગૃતિની પહેલ,૨૦૧૪માં સરકારની નવી ગાઈડલાઈન પ્રમાણે દાતાઓના સહયોગથી ૫૦ લાખથી વધુના ખર્ચે બ્લડબેંકનું નવીનીકરણ, ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપ સમયે રેડક્રોસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી, ૨૦૧૭માં દાતાઓના સહયોગથી મુકુંદલાલ વાડીલાલ ગાંધી એનેક્ષ, ૨૦૦૯માં રેડક્રોસને તેમના પ્રયત્નથી નેશનલ હેલ્થ મિશન (NHM) યોજના અંતર્ગત રૂ.૩૦ લાખની ગ્રાન્ટ મળી.
- શહેરમાં આવેલ ત્રિભુવનદાસ હોસ્પિટલમાં દાતાઓના સહયોગથી અનેક તબીબી સુવિધા ઉભી કરાવી, જેમાં વી.એસ.ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ અને કપડવંજ કેળવણી મંડળ દ્વારા સહાય આપવામાં આવી. તેઓએ દાતાઓના સહયોગથી અંદાજિત ૫૦ લાખના ખર્ચે અદ્યતન લેબોરેટરી તેમજ સોનાગ્રાફીની સુવિધા જૂના મકાનમાં રીનોવેશન સાથે કરાવી. (૨૦૧૪). મહેરૂનીશા બાળકોની હોસ્પિટલ શરૂ કરાવી.. (૨૦૧૮). મુકુન્દલાલ વાડીલાલ ગાંધી મેટરનીટી હોસ્પિટલ ૧ કરોડ ૫૦ લાખનો ખર્ચે, ૩૫ બેડ સાથે (૨૦૧૭), ભારત વિકાસ પરિષદ, જીવનશિલ્પ અને ૩૫૦ ટીફીન દાતાઓના સહયોગથી આ હોસ્પિટલમાં રોજ સવારે ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે "દર્દી ટીફીન સેવા" શરૂ કરાવવામાં ચાવીરૂપ ભૂમિકા, જ્યોત્સનાબેન હર્ષદભાઈ ત્રિવેદીના દાનથી કાંગારૂ માતા સંભાળ યુનિટ રૂ. ૩૦ લાખના ખર્ચે શરૂ કરાવ્યું. સ્વયં પોતે ડૉક્ટર તરીકે નિઃશુલ્ક સેવાઓ આપી.
- પંથકમાં મોતિયાના કેમ્પોની ઝુંબેશ ચલાવી હજારો લાભાર્થીઓના મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી.
- કપડવંજ કેળવણી મંડળમાં રહીને શૈક્ષણિક સુવિધાઓ ઉપરાંત શિક્ષણ સાથે સાંસ્કૃતિક, કલા, નૃત્ય, કલા સાહિત્ય, સંગીત વિગેરેની તાલીમ માટે દાતા યોગેન્દ્રભાઈ, સંજયભાઈના સહયોગથી રૂપિયા એક કરોડ ૫૦ લાખના ખર્ચે "સ્વ. શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્ર", દાણી ફાઉન્ડેશનના સહયોગથી વિજ્ઞાનના વિકાસ માટે અગત્સ્ય ફાઉન્ડેશન સાથે જોડાણ. રમત-ગમત ક્ષેત્રે રાજ્ય સરકારની સહાયથી ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલની સ્થાપના, કૌશલ્ય વિકાસ અભિયાન અંતર્ગત અભ્યાસક્રમો શરૂ કરાયા.
- શ્રી વલ્લભ સેવા કેન્દ્રના નેજા હેઠળ ૨૦ જેટલી વિધવા-ત્યક્તા મહિલાઓને ડૉ. પુષ્પાબેન દ્વારા સિલાઈ મશીન આપી સ્વરોજગારી અપાઈ.
- ભારત વિકાસ પરિષદ સાથે રહી ૧૦૦૦ થી વધુ મહિલાઓના મેમોગ્રાફી ટેસ્ટ કરવામાં મહત્વનું યોગદાન.
- શહેરની સેવાસંઘ, મહાજન લાયબ્રેરી, ભગિની સેવા સમાજ જેવી સંસ્થાઓમાં દાતાઓ દ્વારા મદદ કરાઈ.
- કપડવંજ પંથકના વિકાસ માટે તમામ સ્વૈચ્છિક સંસ્થાઓનું સંગઠન "કપડવંજ વિકાસ વર્તુળ"ની સ્થાપના કરાવી. જે અંતર્ગત વાવની સફાઈ, વ્યસન મુક્તિ અભિયાન જેવા કાર્યો થયાં.

શહેરમાં શૈક્ષણિક, આરોગ્ય, સામાજિક સેવાની અનેક પ્રવૃત્તિઓમાં ડૉ. હરીશ કુંડલિયાએ દાતાઓનો સહયોગ લઈને તન અને મનથી અને જરૂર પડે ધનથી પણ સેવા કરી ખૂબ જ ઉમદા અને પ્રેરણારૂપ કાર્યો કર્યા છે. તમામ ક્ષેત્રોમાં તેમના યોગદાનથી કપડવંજના ઈતિહાસમાં તેમનું નામ સુવર્ણ અક્ષરે લખાશે.

ડૉ. કુંડલિયાની નિષ્ઠા, સમર્પિતતા ઉપરાંત તેઓની દીર્ઘદ્રષ્ટિ, આવડત, સૂઝબૂઝ અને બહોળા અનુભવ સાથે કરેલા તેઓના સમાજ ઉપયોગી કાર્યોની યાદી હજી ખૂબ ખૂબ લાંબી થઈ શકે છે.

કપડવંજના વતની, કપડવંજ કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ, એશિયન પેઈન્ટ્સના કર્તા-હર્તા, વતનપ્રેમી, ભારતના ૨૪ મા નંબરના ધનિક અબજોપતિ ઉદ્યોગપતિ

શ્રી અશ્વિનભાઈ એસ. દાણી

કપડવંજના વતની, કપડવંજ કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ, એશિયન પેઈન્ટ્સના કર્તા-હર્તા, વતનપ્રેમી, ભારતના ૨૪ મા નંબરના ધનિક અબજોપતિ ઉદ્યોગપતિ અશ્વિનભાઈ એસ.દાણી

અશ્વિનભાઈને તેમની કંઈક નવું કરવાની ધગશ, સૂઝબૂઝ, આવડત, સખ્ત પરિશ્રમ, કામ પ્રત્યેની નિષ્ઠા, આયોજનપૂર્વકનું સાહસ, સુશાસનના કારણે બિઝનેસમાં મળેલ વૈશ્વિક સફળતા અને સામાજિક ક્ષેત્રે શિક્ષણ, આરોગ્ય જેવા તેઓના યોગદાનના કારણે અનેક પ્રતિષ્ઠિત સંસ્થાઓએ એવોર્ડ આપી સન્માનિત કર્યા છે. જેમાં

1. અર્નેસ્ટ & યંગ એન્ટરપ્રિન્યોર ઑફ ધ યર એવોર્ડ નવે.-૨૦૦૩માં મેન્યુફેક્ચર કેટેગરીમાં.
2. ઈન્ડીયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મટીરીયલ મેનેજમેન્ટ તરફથી 'Cheminor Award' ૨૦૦૨માં તેઓને ઉત્તમ ઉત્પાદક અને વિતરક માટે એવોર્ડ મળેલ છે.
3. કેમટેક ફાઉન્ડેશન તરફથી "એચીવર ઑફ ધ યર એવોર્ડ - કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ".
4. કોર્પોરેટ વર્લ્ડના 'Business India' મેગેઝીન દ્વારા 'Businessman of the Year' -૨૦૧૫
5. હૈદરાબાદ મેનેજમેન્ટ એસોસિયેશન અને સેન્ટર ફોર ઓર્ગેનાઈઝેશનલ ડેવલપમેન્ટ દ્વારા "કૃષ્ણમૂર્તિ એવોર્ડ"- સપ્ટેમ્બર-૨૦૧૭.
6. ઈન્ડિયન પેઈન્ટ એશોસીએશન (IPL) દ્વારા "લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ"-૨૦૧૧.
7. કલર સોસાયટી દ્વારા "લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ"-૨૦૧૨.

વિશ્વ વિખ્યાત એશિયન પેઈન્ટસ લિમિટેડના બિન એક્ઝીક્યુટીવ ચેરમેન, કપડવંજ કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ, ભારતીય અબજોપતિ ઉદ્યોગપતિ અશ્વિનભાઈ સૂર્યકાંતભાઈ દાણીનો જન્મ તા.૨૪ ઓક્ટોબર ૧૯૪૨ ના રોજ કપડવંજમાં (ગુજરાત) માતા કાંતાબેનની કૂખે થયો હતો. એકદમ સરળ અને નમ્ર સ્વભાવ ધરાવતા અશ્વિનભાઈનો ઉછેર મુંબઈમાં થયો હતો. પણ વતન કપડવંજમાં વેકેશન દરમિયાન મહિના સુધી રોકાતા હતાં. લગ્નગાળામાં કપડવંજના લાડુ અને મોહનથાળને તેઓ આજેય યાદ કરે છે. કપડવંજની ગલીઓથી પરિચિત અશ્વિનભાઈએ વરાંસી નદીમાં અનેક વખત નહાવાની મજા માણી છે. તેઓએ પ્રાથમિક શિક્ષણ ગુજરાતીમાં લીધું હતું પણ અંગ્રેજી શીખવા માટે કપડવંજના તે સમયના વ્હોરાજી પેપરવાળા પાસેથી ટાઈમ્સ ઑફ ઈન્ડિયા ખરીદતા હતાં. તેઓ શંકરકાકા (KKM ના સ્થાપક, પૂર્વ પ્રમુખ) સાથે પણ સમય વીતાવતાં અને તેમની પાસેથી પણ ઘણું બધું શીખ્યા હતાં. ૩૧-૫-૧૯૬૨ના દિવસે મહોર નદીમાં એસ.ટી.બસ અકસ્માત સમયે તેઓ કપડવંજમાં હતાં. ૬૨ પેસેન્જરોનો ભોગ લેનાર આ ગોઝારી ઘટનાને યાદ કરતાં આજે પણ કંપારી છૂટી જાય છે. તેમ તેઓએ "શ્વેતપત્ર"ને જણાવ્યું હતું. તેઓના પિતા શ્રી સૂર્યકાન્તભાઈ મિત્ર ભાઈલાલભાઈ ચોપડીવાળાની ગાંધીચોકની દુકાન અને અંતિસર દરવાજા બજાર જમનાદાસ બ્રહ્મક્ષત્રિયની "આપકી દુકાન"ની જરૂર મુલાકાત લેતા હતા.

તેઓએ બોમ્બે યુનિવર્સિટીની ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાંથી બી. એસ. સી. ની ડીગ્રી પ્રાપ્ત કરી હતી.આ ઉપરાંત બોમ્બે યુનિવર્સિટીના યુ. ડી. સી. પી. વિભાગમાંથી બી. એસ. સી. (ટેક) Piigments, Paint and Varnishesની ડીગ્રી મેળવી હતી. મુંબઈમાં છ વર્ષના અભ્યાસ બાદ ઉચ્ચ અભ્યાસ માટે યુ.એસ.એ.માં Ohio સ્થિત એક્રોન યુનિવર્સિટી ગયા. તેઓ એશિયન પેઈન્ટ્સના ચાર પ્રમોટરોમાંના સૌપ્રથમ સભ્ય હતા, જે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા. ત્યારના સમયમાં એક્રોન યુનિવર્સિટી યુ.એસ.એ.ના

રબ્બર કેપિટલ તરીકે ખ્યાતનામ હતી. ત્યાંથી તેઓએ પોલિમર સાયન્સમાં માસ્ટર ડીગ્રી મેળવી. ત્યાર બાદ ન્યુયોર્કમાં Renselaer Polytechnic ટ્રોય તરફથી "ડિપ્લોમાં ઈન કલર સાયન્સ"નો અભ્યાસ કર્યો. તેમની કંઈક નવુ શીખતા રહેવાની ઈચ્છાએ તે જમાનામાં શરૂ થયેલા કમ્પ્યુટર કોર્સ શરૂ કરવાની પ્રેરણા આપી. તે જાણતા હતા કે આ કોર્સ તેમની ડિગ્રી માટે મહત્વનો નથી, તે છતાંય ખૂબ જ દિલથી પૂર્ણ કર્યો. ત્યારથી આજ સુધી તેઓ નવી નવી ટેક્નોલોજીને સમજવાનો તથા તેનો ઉપયોગ કરવા તૈયાર રહે છે. અભ્યાસ કરવા દરમિયાન તેઓના લગ્ન ઈનાબેન સાથે થયા. તેઓ જલજ, માલવ, હસિત એમ ત્રણ પુત્રોના પિતા છે.

મુંબઈમાં રહેતા અશ્વિનભાઈએ તેમની કારકિર્દીની શરૂઆત ૧૯૬૭માં ઈનમોન્ટ કોર્પોરેશનમાં ડેવલપમેન્ટ કેમિસ્ટ તરીકે કરી હતી. હાલ બીએએસએફ તરીકે ઓળખાતી આ કંપની યુ.એસ.એ.ના ડેટ્રોઈટ સીટીમાં આવેલી છે.

અશ્વિનભાઈના પિતાશ્રી સૂર્યકાંત ચંદુલાલ દાણીએ મિત્ર ચંપકલાલ ચોક્સી, ચીમનલાલ એન.ચોક્સી અને અરવિંદ આર.વકીલ સાથે મળીને તા.૧ ફેબ્રુઆરી, ૧૯૪૨ ના રોજ એશિયન પેઈન્ટ્સ કંપનીની શરૂઆત કરી હતી. તેમના પિતા શિસ્ત અને નિયમમાં માનનારા હતા અને આ ગુણ પુત્ર અશ્વિનભાઈમાં આવે તેવી ખૂબ કાળજી રાખી હતી. જેથી વરસાદના સમયમાં પણ અશ્વિનભાઈને કારની સુવિધા છતાંય કોલેજના દિવસોમાં જાહેર પરિવહનમાં જવું પડતું.

કપડવંજના પનોતા પુત્ર સૂર્યકાંત દાણીએ એશિયન પેઈન્ટ્સની શરૂઆત કરી તે સમયમાં પેઈન્ટ્સ ઉદ્યોગમાં ધરખમ કંપનીઓનો મોટા મોટા શહેરોમાં દબદબો હતો. તેમની સામે ટકી રહેવું મુશ્કેલ હતું. છતાંય તેઓ તેમની ધીરજ, આયોજનપૂર્વકની વ્યૂહરચના અને ધીમી પણ મક્કમ ગતિથી આગળ વધતા રહ્યાં. તેમણે ગ્રામ્ય વિસ્તાર અને નાના શહેરોના ગ્રાહકોને આકર્ષવાની નીતિ અપનાવી. ધીમે ધીમે તેમાં સફળતા મળતાં કંપનીનો વિસ્તાર કરતાં રહ્યા.

કંપનીના સ્થાપક ચારેય મિત્રો, તેમના પરિવારજનો, મેનેજમેન્ટની પ્રામાણિકતા, સુશાસન અને પારદર્શિતા અને ગ્રાહકો માટે સતત રચનાત્મક સજાવટના ઉપાયો શોધવા પર વધારે ફોકસ કરતાં કરતાં અને પેઈન્ટ્સ ઈન્ડસ્ટ્રીઝમાં તેના નવા કોન્સેપ્ટ જેવા કે કલર આઈડિયા, હોમ સોલ્યુશન્સ, કલર નેક્સ્ટ, કિડ્સ વર્લ્ડ વગેરેના સંશોધનોની પહેલ થકી એશિયન પેઈન્ટ્સ કંપની ભારતની સૌથી મોટી અને એશિયાની ચોથી સૌથી મોટી કંપની બની ગઈ, જે રૂા.૧૯૮.૭ અબજ ટર્ન ઓવર ધરાવે છે. રોકાણકારો સાથે મજબૂત જોડાણ અને અન્ય અપેક્ષાઓના કારણે કંપનીનું માર્કેટ કેપ ૮૦ હજાર કરોડથી વધુ થઈ રહ્યું છે. એશિયન પેઈન્ટ્સ ૧૬ દેશોમાં લોકપ્રિય છે અને વિશ્વમાં તેની ૨૬ પેઈન્ટ મેન્યુફેક્ચરીંગ ફેસિલિટીસ છે, જે ૬૫ થી વધારે દેશોમાં તેના ગ્રાહકોને સર્વિસ પૂરી પાડે છે. ભારતીય મલ્ટીનેશનલ પેઈન્ટ કંપનીનું મુખ્યાલય મહારાષ્ટ્રના મુંબઈમાં છે. કંપની પેઈન્ટ્સ, કોટીંગ્સ, બાથ ફીટીંગ, ઘરની સજાવટના ઉત્પાદનોના વેચાણ અને વ્યવસાય સાથે સંકળાયેલી છે. કોટિંગ્સ વર્લ્ડ-ટોપ કંપની રિપોર્ટ-૨૦૧૯માં વિશ્વની ટોચની પેઈન્ટ કંપનીમાં એશિયન પેઈન્ટસ ૯ મા ક્રમે હતી. ફોર્બ્સની યાદીમાં વિશ્વની શ્રેષ્ઠ રેજર્ડ કંપનીઓમાં (સપ્ટેમ્બર-૨૦૧૯) બીજા ક્રમે, એશિયા પેસેફિક (સપ્ટેમ્બર-૨૦૧૯)માં ફોર્બ્સ એશિયાની બેસ્ટ ઓવર એ બીલીયન કંપનીઓમાં સમાવેશ થયો છે.

અશ્વિનભાઈ ઓક્ટોબર ૧૯૬૮માં એશિયન પેઈન્ટ્સમાં સિનિયર એક્ઝિયુટીવ તરીકે જોડાયા. કંપનીએ ભારતમાં પોતાનું સ્થાન મજબૂત બનાવી દીધું હતું. કંપની સાથે જોડાવા ઉપરાંત તેઓએ નવા વિચારો અને ટેક્નોલોજીની મદદથી નવી પ્રોડક્ટ્સ પર ખૂબ જ રસથી કામ શરૂ કર્યું. ઘણી બધી નવી પ્રોડક્ટ્સ ભારતમાં પ્રથમ વાર લોન્ચ કરવામાં અને તેનો નિકાસ કરવામાં અશ્વિનભાઈનો ફાળો રહ્યો છે. ભારતીય ઉદ્યોગમાં કમ્પ્યુટર કલર મેચિંગનો વિચાર સૌ પ્રથમ શ્રી દાણીએ આપ્યો હતો. એ જમાનામાં કોઈએ કમ્પ્યુટર દ્વારા કલર મેચિંગની કલ્પના પણ નહોતી કરી અને એ પદ્ધતિએ એશિયન પેઈન્ટ્સને બીજા હરીફો સામે ગૌરવ અપાવ્યું હતું.

તેઓની આ શરૂઆત બાદ હાલ ભારતીય ઉદ્યોગમાં પેઈન્ટ્સ, પ્લાસ્ટિક, છાપવાની શાહી અને કાપડના ક્ષેત્રમાં વ્યાપકપણે તેનો ઉપયોગ થઈ રહ્યો છે. એશિયન પેઈન્ટ્સ અને પી. પી. જી. ઈન્સ્ટ્રીઝ (અમેરિકા) વચ્ચે થયેલા ૫૦-૫૦ ટકા સંયુક્ત સાહસના જોડાણમાં અશ્વિનભાઈએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. પી.પી.જી. ઈન્ડસ્ટ્રીઝ (અમેરિકા) એ "ઓટોમેટીવ કોટીંગ"ની દુનિયામાં અગ્રણી બનાવટની કાર કંપની છે. આ સંયુક્ત ભારતીય કંપની એશિયન પી.પી.જી. લિ.ના નામથી કામ કરે છે. અશ્વિનભાઈ કોઈપણ નિર્ણય લેતા પહેલાં ૩૬૦ અંશે અવલોકન અને પરિસ્થિતિ સમજે છે અને નિર્ણય લીધા બાદ તેના પર ખૂબ જ ઝડપથી કાર્ય કરે છે. તેમની કંપની એમ.બી.એ.ને ભરતી કરવા માટે સીધા કેમ્પસમાં જવા માટેની શરૂઆતની કંપનીઓમાંની એક હતી. અશ્વિનભાઈએ કંપનીના સંવેદનશીલ સમયમાં પણ ખૂબ જ નીડરતા અને કુશળતાપૂર્વક નેતૃત્વ પૂરૂં પાડ્યું હતું. એશિયન પેઈન્ટ્સને ફક્ત ભારત જ નહીં પણ વિશ્વના અનેક દેશોમાં સફળતા અપાવવામાં અશ્વિનભાઈ અને એમના પિતા સૂર્યકાંતભાઈ દાણીનો સખત પરિશ્રમ અને કામ પ્રત્યેની સમર્પિતતા અને પુરૂષાર્થ સમાયેલો છે.

અશ્વિનભાઈ એશિયન પેઈન્ટ્સમાં ૫૦થી વધુ વર્ષો સુધી જોડાયેલ રહીને સિનિયર એક્ઝિયુટિવ, ડાયરેક્ટર આર એન્ડ ડી, વર્ક ડાયરેક્ટર, હોલ -ટાઈમ ડાયરેક્ટર ,વાઈસ ચેરમેન, મેનેજીંગ ડીરેક્ટર, ચેરમેન જેવા હોદ્દાઓ પર રહી સફળતાપૂર્વક એશિયન પેઈન્ટ્સને નેતૃત્વ પૂરૂં પાડ્યું હતું. તેઓએ એશિયન પેઈન્ટ્સ ઉપરાંત ૧,૪૦,૦૦૦ કરોડ રૂપિયા અને ૨ કરોડ ૬૦ લાખ સભ્યોના બનેલા પ્રોવિડન્ટ ફંડના કર્મચારી, પ્રોવિડન્ટ ફંડના ટ્રસ્ટીઓના સેન્ટ્રલ બોર્ડમાં રહીને સફળ સંચાલન કર્યું છે. આ ઉપરાંત, "ઓલ ઈન્ડિયા ઓર્ગોનાઈઝેશન ઓફ એમ્પ્લોયર્સ" ના પૂર્વ પ્રમુખ, "સન ફાર્માસ્યુટિકલ" કંપનીમાં જાન્યુ-૨૦૦૪ થી ૨૦૧૮, ઈન્ડિયન પેઈન્ટ એસોશિએશનના પૂર્વ પ્રમુખ, રીઝીન્સ એન્ડ પ્લાસ્ટિક લિ.ના ચેરમેન, ગુજરાત ઓર્ગેનિક્સ લિ.ના ચેરમેન, હાઈટેક પ્લાસ્ટ કન્ટેનર્સ (ઈન્ડીયા) લિ.ના ચેરમેન, "ટેક્સટાઈલ કલર ગ્રુપ ઓફ ઈન્ડિયા" ના સ્થાપક સભ્યો પૈકીના એક, કલર્સ ગ્રુપ ઓફ ઈન્ડિયા, ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ફિક્કી) નવી દિલ્હીના એક્ઝિક્યુટિવ કમિટિના સભ્ય, યુ. ડી. સી. ટી. એલ્યુમ્ની એસોસિએશન, મુંબઈ બોર્ડ ઓફ ગવર્નન્સના પ્રમુખ, કપડવંજ કેળવણી મંડળમાં પાંચ વર્ષ ઉપપ્રમુખ અને ૧૧ વર્ષ પ્રમુખ પદે રહી સફળતાપૂર્વક તમામ પ્રકારની જવાબદારી નિભાવી જાણી છે. તેઓ જગ વિખ્યાત યોગાચાર્ય શ્રી બી. કે. એસ. આયંગર અને તેમના અનુયાયીઓ દ્વારા સ્થાપવામાં આવેલ "લાઈટ ઓન યોગા ટ્રસ્ટ" માં મેનેજીંગ ટ્રસ્ટી રહી ચૂક્યા છે. આર્ટ અને યોગ તેમની હોબી છે. તેમના ધર્મપત્ની ઈના દાણી પણ તેઓના હોમવિલામાં યોગ, આસનો અને પ્રાણાયામના ક્લાસિસ થકી સૌને સ્વસ્થ રહેવા માર્ગદર્શન આપે છે.

વ્યવસાયમાં પરિવર્તન, પડકાર, હરિફાઈ, સર્જનાત્મકતા, હકારાત્મક વલણ, મહત્વકાંક્ષા, ત્વરિત નિર્ણય જેવા ગુણો ધરાવતાં અશ્વિનભાઈએ આત્મનિર્ભર બનવાનો દાખલો વર્ષોથી આપ્યો છે. કંપનીએ દેશ-વિદેશમાં સક્ષમ બની સફળ થવું હશે તો તમામ રીતે આત્મનિર્ભર બનવું પડે તેમ અમદાવાદ ખાતેના એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું અને તેથી જ એશિયન પેઈન્ટ્સે કોઈપણ પ્રકારની ટેક્નોલોજી માટે બીજા દેશો પર આધાર રાખ્યો નથી, છતાંય પૂરપાટ વેગે વિકાસ કરી બતાવ્યો છે.

ખેડૂતોને પૂરતું વળતર મળે, તેઓના ઉત્પાદનમાં વધારો થાય તે માટે ખેતીના ક્ષેત્રને વિકસાવવા અસરકારક પગલાં જરૂરી હોવાનું અશ્વિનભાઈએ જણાવ્યું હતું. શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય તે માટે સમય સાથે તાલ મિલાવતાં અભ્યાક્રમો ઘડવા જોઈએ. ખેતી, શિક્ષણ, ઉદ્યોગો વગેરે ક્ષેત્રોમાં સાતત્ય જાળવીશું તો ૨૦૩૫માં યુ. એસ. એ., ચાઈના સાથે ભારત વિશ્વની સૌથી મોટી આર્થિક સત્તા બની શકશે, તેમ તેઓએ અમદાવાદ ખાતેના આઈઆઈએમના કાર્યક્રમમાં (૨૦૦૬) જણાવ્યું હતું. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવી શિક્ષણ નીતિ, કૃષિ સુધારા બિલ, આત્મનિર્ભર ભારત, ઉદ્યોગોમાં ફેરફાર જેવા પગલાં લેવાઈ રહ્યા છે, જે અશ્વિનભાઈના ૨૦૦૬ના વિચાર અને વકતવ્યને સચોટ પુરવાર કરી રહ્યા છે.

સૂર્યકાંતભાઈ (દાદા),અશ્વિનભાઈ (પિતા) અને હવે જલજ (પૌત્ર)

દાણી પરિવારનો વતનપ્રેમ હંમેશા છલકતો રહ્યો

દાણી પરિવારનો વતન કપડવંજ પ્રત્યેનો પ્રેમ અવિરત છલકતો રહ્યો છે. અશ્વિનભાઈના પિતા સૂર્યકાંતભાઈ દાણીએ કપડવંજ કેળવણી મંડળ સંચાલિત પી.એન.ટેક્નિકલ હાઈસ્કૂલમાં ૧૯૮૩માં સાડા સાત લાખ રૂપિયાનું દાન આપી "શ્રીમતી કાન્તાબેન સૂર્યકાંત દાણી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર" ઉભું કરવામાં સહયોગ આપ્યો હતો. તેનું ઉદ્ઘાટન ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર કંચનલાલ સી. પરીખના હસ્તે કરવામાં આવ્યું હતું. આજે આ સેન્ટરમાં આઈ.ટી.આઈ.તથા અન્ય ઉપયોગી ઔદ્યોગિક કોર્સ ચાલી રહ્યા છે. સૂર્યકાંતભાઈએ ૧૯૭૮ થી ૧૯૯૨ સુધી કે.કે.એમ.ના ઉપપ્રમુખ પદે સેવાઓ આપી હતી. ત્યારબાદ અશ્વિનભાઈ પાંચ વર્ષ ઉપપ્રમુખ અને ૧૧ વર્ષ સુધી કે. કે. એમ.ના પ્રમુખપદે રહ્યા હતા. તેઓના નેતૃત્વ હેઠળ કે.કે.એમ.ના મુખ્ય કેમ્પસનું આધુનિકીકરણ કરવામાં આવ્યું હતું અને મંડળના ૭૫વર્ષની ભવ્ય અને શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી.

વતનપ્રેમી દાણી પરિવારે વર્ષોથી કપડવંજ કેળવણી મંડળ સાથે જોડાઈને રૂપિયા ૨૦ કરોડથી વધુનું દાન આપ્યું છે.અશ્વિનભાઈના પુત્ર જલજ દાણીએ પણ દાદા અને પિતાનો

વારસો જાળવી કપડવંજ કેળવણી મંડળમાં ઉપપ્રમુખ પદે હાલ કાર્યરત રહી મંડળમાં નવીન મકાનના બાંધકામ, રિનોવેશન, શિક્ષણ, આરોગ્ય , રમત-ગમત, સ્કિલ ડેવલપમેન્ટ તથા પંથકમાં અન્ય જરૂરી સામાજિક સેવા માટે રૂપિયા ૧૭ કરોડથી વધુ રકમનું દાન કર્યું છે. જલજ દાણીએ આરોગ્યની સેવા માટે ત્રિભુવન ફાઉન્ડેશનમાં પણ રૂપિયા ૧.૩૨ કરોડનું દાન આપ્યું છે. તેઓએ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, કપડવંજ સંચાલિત સી.આર.પરીખ બ્લડ બેંકમાં પણ દાનની સરવાણી વહાવી છે. જલજ દાણી હાલ કે.કે.એમ. માં ઉપપ્રમુખ અને ત્રિભુવનદાસ ફાઉન્ડેશનના નિયામક મંડળમાં છે. અશ્વિનભાઈના ધર્મપત્ની ઈનાબેન દાણી, તેમના પુત્રો જલજ ઉપરાંત હસિત અને માલવ દાણીનું પણ કે. કે. એમ.માં આર્થિક યોગદાન રહ્યું છે. ઈનાબેન હાલ કે. કે. એમ.માં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે.

કપડવંજ કેળવણી મંડળમાં દાણી પરિવારના આર્થિક સહયોગથી (૧) શ્રીમતી કાન્તાબેન સૂર્યકાન્ત દાણી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર (૨) શ્રી એસ. સી. દાણી પ્રાયમરી સ્કૂલ (૩) શ્રી એસ. સી. દાણી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (૪) શ્રી સૂર્યકાન્ત ચંદુલાલ દાણી સાયન્સ સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે.

દાણી પરિવારના શ્રી સૂર્યકાન્ત ચંદુલાલ દાણી સાયન્સ સેન્ટર દ્વારા બાળકોમાં વિજ્ઞાન વિષયમાં જિજ્ઞાસાવૃત્તિ વધે તેમ જ જાત પ્રયોગોથી વિજ્ઞાનને શીખે તે માટે પહેલ કરવામાં આવી હતી. ૨૦૧૩થી અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન સાથે જોડાઈને મંડળ સંચાલિત શાળાઓ ઉપરાંત કપડવંજ, કઠલાલ, મહુધા, મહેમદાવાદ, નડિયાદ, ઠાસરા તાલુકાની ૨૭૩ શાળાઓમાં વિજ્ઞાનને રચનાત્મક રીતે ભણાવવાની પદ્ધતિ પર કાર્ય થઈ રહ્યું છે. છેવાડાના ગામો સુધી વિજ્ઞાન વિષયને પહોંચાડવા જરૂરી માળખાકીય સુવિધા સાથે ત્રણ સાયન્સ ઓન વ્હીલ, ૧૪ લેબ ઓન બાઈક અને મંડળમાં એક સાયન્સ સેન્ટર કાર્યરત છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વિજ્ઞાનમેળાનું આયોજન, સાયન્સ કેમ્પ, મીટીંગો, વિજ્ઞાનના વિષયના શિક્ષકોની તાલીમ, વિજ્ઞાનના વિવિધ મોડલો તૈયાર કરાય છે, જેનો હજારો વિદ્યાર્થીઓ અને શિક્ષકો લાભ લઈ રહ્યા છે.

દાણી પરિવારના સૂર્યકાન્તભાઈ, અશ્વિનભાઈ બાદ ત્રીજી પેઢીના જલજ દાણી હાલ કપડવંજ માટે વિશેષ રસ લઈ રહ્યા છે અને તેઓ એફોર્ડેબલ અને ગુણવત્તાસભર શિક્ષણ, રોજગાર માટે તાલીમ તથા પોસાય તેવી સ્વાસ્થ્ય સુવિધા કપડવંજ તથા આસપાસના વિસ્તારોને મળી રહે તે માટે પ્રયત્નશીલ છે. દાણી પરિવાર વતનપ્રેમથી કપડવંજની સેવાઓમાં નવા રંગો ઉમેરાશે એ નક્કી છે.

ભગિની સેવા સમાજ

''સ્ત્રી શક્તિની નિઃસ્વાર્થ સેવાઓથી જેમ આપણું ઘર આનંદથી ભર્યું ભર્યું રહે છે. તેમ સમાજને પણ જો આ સ્ત્રી શક્તિની અનન્ય સેવાઓ પ્રાપ્ત થાય, તો સમાજ પણ ખીલી ઉઠે છે.'' પૂ.ગાંધીજીના રહસ્ય મંત્રી અને કપડવંજમાં જાહેર સેવાના મૂળ નાંખનાર સ્વ. હરિભાઈ દેસાઈએ સ્ત્રી શક્તિનો સમાજને લાભ મળે અને તેઓનો ઉત્કર્ષ થાય તે માટે સ્વ.માણેકલાલ બાપાલાલ પરીખની આર્થિક સહાયથી ૧૯૧૭માં શ્રી મહાલક્ષ્મી ઉદ્યોગ ગૃહની સ્થાપના કરી હતી. મહિલાઓના સ્વાશ્રય અને સ્વાવલંબનના આશયથી સ્થપાયેલ આ સંસ્થામાં બહેનો હાથથી ખાદી કાંતતી અને એની અનેક પ્રકારની સુંદર બનાવટો બનાવતી હતી.

પૂ.શ્રી હરિભાઇ દેસાઇનું ૧૯૨૭ માં અવસાન થતાં તેમના સ્મારક રૂપે ''સેવાસંઘ'' સંસ્થાની સ્થાપના થઈ. આ સંસ્થાએ ૧૯૨૮માં ''શ્રી હરિ ગૃહ ઉદ્યોગ'' વિભાગની શરૂઆત કરી. સેવાસંઘની આ પ્રવૃત્તિને સ્વ.શ્રી મણીલાલ બાપાલાલ પરીખ તરફથી સારી સહાય મળી હતી. બહેનોએ ''શક્તિમંડળ'' ના નામે આ સંસ્થા અને વિભાગો દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ વિકસાવી હતી.

બહેનોની આર્થિક, સામાજીક, સાંસ્કારીક અને કેળવણી વિષયક ઉન્નતિ થાય તે માટે ૧૯૪૮ના રેંટિયા બારસના પુણ્યદિને આ સંસ્થા ''શ્રી ભગિની સેવા સમાજ'' નામથી સ્થપાઇ, રજીસ્ટર્ડ થઇ અને તે બાદ અખિલ હિંદ મહિલા પરિષદ સાથે જોડાઇ. સંસ્થાની શરૂઆતના પાંચ વર્ષ સુધી સ્વ.હરિભાઇ દેસાઇના ધર્મપત્નિ કુસુમબેન દેસાઇએ પ્રમુખ પદે રહી સંસ્થાને દોરવણી આપી. જીવનના બધા ક્ષેત્રોમાં અને ખાસ કરીને કેળવણી, ઉદ્યોગ અને સામાજીક, નૈતિક તેમજ આર્થિક ક્ષેત્રમાં બહેનોની ઉન્નતિ થાય તેવા ઉદ્દેશ સાથે બહેનોએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓને ઉત્સાહભેર આગળ ધપાવી. અને ''સ્ત્રી ઉન્નતિમાં જ સમાજની ઉન્નતિ છે'' તેને સંસ્થાનો મુદ્રાલેખ બનાવ્યો.

સંસ્થાની બહેનોએ દળણાં, ખાંડણા, કાંતણ પ્રવૃત્તિ ઉપરાંત મોસમમાં અથાણાં, પાપડ, કાતરી, દાળ-શાકના ચોખ્ખા મસાલા, તેલ, ધૂપેલ, સાબુ, પતરાળાં-પડિયા, કાગળની કોથળીઓ બનાવવી, સીંગદાણા ફોલવાની પ્રવૃત્તિઓ હાથ ધરી. બજારમાં તેની સારી માંગ પણ રહેતી, જેથી બહેનો માટે નાની આવકની જોગવાઇ થઇ. સંસ્થાએ ગજરાબાઇ મહિલા ટ્રસ્ટની સહાયથી સિવણવર્ગ શરૂ કર્યું. ઉપરાંત સ્વેટર ગુંથવાના અને ભરતગુંથણના મશીન પણ વસાવ્યા. ઉપરાંત સંગીત વર્ગ, રાષ્ટ્રીય તેમજ ધાર્મિક પ્રસંગોના ઉત્સવોની ઉજવણી, ગરબા હરિફાઇ, ભજન હરિફાઇ, મહિલા સંમેલનો, પર્યટનો, રમત-ગમત, ઉજાણીઓ, ગૃહઉદ્યોગના હસ્તકળાના પ્રદર્શનો વગેરે પ્રસંગોપાત રાખવામાં આવતાં. અને રેડક્રોસ દ્વારા યોજાતા દંત-નેત્રયજ્ઞ, સર્જીકલ કેમ્પ, અધિવેશનોમાં મદદરૂપ થવા જેવા કામોમાં પણ બહેનો ઉત્સાહભેર જોડાતી હતી. તે જમાનામાં બહેનો ટેબલ ટેનિસ, કેરમ, ચેસ, જેવી રમતો રમતી હતી.

બૌદ્ધિક વિકાસની પ્રવૃત્તિઓમાં નિબંધ હરિફાઇ, સાહિત્ય વાંચનની પરીક્ષા, સ્ત્રી ઉપયોગી પુસ્તકો સાથે નાનું વાંચનાલય ચલાવાતું. મધ્યસ્થ સમાજ કલ્યાણ બોર્ડે આ સંસ્થાને માન્ય રાખી હતી. જેની ગ્રાન્ટ મળતાં સંસ્થા સારો વિકાસ સાંધી શકી હતી. બહેનોની અનેક સંસ્થાઓને મદદ આપતાં આ સમાજ કલ્યાણ બોર્ડની ગુજરાત શાખાના ઉપપ્રમુખ જેવા ઉચ્ચ સ્થાને સંસ્થાના પ્રાણ એવા કુસુમબેન દેસાઇ હતા. જેનું સંસ્થાને ગૌરવ હતું.

સંસ્થામાં હાલમાં પ્રમુખશ્રી નીલાબેન પંડ્યા તથા મંત્રીશ્રી નયનાબેન શાહ અને અન્ય સાથીદારો સાથે દળણાં વિભાગમાં મસાલા, મરચું, હળદર, ધાળાજીરૂ, કાતરી, પાપડ, ચીપ, સિવણ એમ્બ્રોયડરી વિભાગ, ઉનવિભાગ ઉપરાંત વ્યાખ્યાનો, વાર્તાલાપો, જુદી જુદી હરિફાઈના આયોજન દ્વારા બહેનોમાં આત્મવિશ્વાસ જગાડવો વગેરે જેવી પ્રવૃત્તિઓ થાય છે.

ભારત વિકાસ પરિષદ

ભારત વિકાસ પરિષદ સમાજના જુદા-જુદા વ્યવસાયો અને વિભિન્ન ક્ષેત્રોમાં કામ કરતા શ્રેષ્ઠતમ લોકોનું બિનરાજકીય, નિઃસ્વાર્થ, સમાજસેવી સાંસ્કૃતિક રાષ્ટ્રીય સંગઠન છે. આ સંસ્થાની સ્થાપનાનો ઉદ્દેશ ભારતીય સમાજનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. વિકાસની વ્યાખ્યામાં સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક, રાષ્ટ્રીય, આધ્યાત્મિક વગેરે તમામ પ્રકારના વિકાસનો સમાવેશ થાય છે. આ હેતુથી પ્રબુદ્ધ અને સાધન સંપન્ન વર્ગ સમાજ કલ્યાણના કામ માટે પ્રેરણા આપવાનું તથા સેવા અને સંસ્કાર દ્વારા ગરીબ વર્ગના ઉત્થાન માટે કામ કરે છે. ૧૯૬૩માં દિલ્હી ખાતે પહેલી શાખા શરૂ કર્યા પછી આજે સમગ્ર દેશમાં પરિષદની ૧૫૦૦ ઉપરાંત શાખાઓ છે. આજે દેશના ૬૯,૦૦૦થી વધુ પરિવાર એટલે કે લગભગ ૧,૪૦,૦૦૦ રાજ્યો નિઃસ્વાર્થભાવે સમાજ ઉત્થાન અને સેવા કાર્યો કરી રહ્યા છે. દેશને ૯ રીજીઓન અને ૦૩ પ્રાંતમાં કાર્યની દ્રષ્ટિએ વહેંચવામાં આવ્યો છે. આજે દેશનો એક પણ ભાગ એવો નથી જેમાં ભા.વિ.પ.ની શાખા ન હોય.

સંપર્ક, સહયોગ, સંસ્કાર, સેવા, અને સમર્પણના પંચ સૂત્રો પર આધારિત ભારત વિકાસ પરિષદ, કપડવંજ શાખાની શરૂઆત 2006-2007 માં કરવામાં આવી હતી. સ્થાપક પ્રમુખ સાયન્સ કોલેજના પ્રાધ્યાપક સ્વ. મુકેશભાઈ ભટ્ટ અને મંત્રી તરીકે બિમલભાઈ ગાંધી (ગોપાલ ઓફસેટવાળા)એ ચાર્જ સંભાળ્યો હતો. હાલ સંસ્થાના પ્રમુખ પદે પત્રકાર સુરેશ પારેખ (શ્વેતપત્ર), મંત્રી ગોપાલભાઈ ભટ્ટ (ઈન્કમટેક્સ પ્રેક્ટીશનર), ઉપપ્રમુખ સાયન્સ કોલેજના આચાર્ય ડો.અલ્પેશ રાવલ, બ્લડ બેન્કના ટેક્નિશિયન રાહુલ પરમાર, એપીએમસી ચેરમેન નીલેશ પટેલ, સહમંત્રી મનસુખભાઈ વાલાણી અને શાંતિલાલ પ્રજાપતિ, ખજાનચી પીપલ્સ બેંકના મેનેજર દીપકભાઈ શાહ તથા મહિલા સંયોજિકા તરીકે હેમલતા પટેલ અને જીજ્ઞા રાવલ સેવા આપી રહ્યા છે.


ભારત વિકાસ પરિષદ એક પારિવારિક સંસ્થા છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન થાય, દેશદાઝ પ્રગટે તે માટે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા, બાળ વેશભૂષા,ભારત કો જાનો સ્પર્ધા,ગુરુ વંદન છાત્ર અભિનંદન જેવા કાર્યક્રમો થકી હજારો વિદ્યાર્થીઓને જોડવામાં આવે છે. તેજસ્વી તારલાઓનું સન્માન કરી તેની શૈક્ષણિક સિદ્ધિનું સન્માન કરવામાં આવે છે.આ ઉપરાંત દર વર્ષે રક્તદાન કેમ્પ યોજાય છે, જે અંતર્ગત અત્યાર સુધી સંસ્થા દ્વારા 1700 થી વધુ યુનિટ રક્ત બ્લડ બેન્કમાં જમા કરાવવામાં આવ્યું છે. ઉપરાંત દર વર્ષે મહિલા સંમેલન અને મહિલાલક્ષી કાર્યક્રમો,વૃક્ષારોપણ, આરોગ્ય કેમ્પ, સફાઈ અભિયાન તથા સમયાંતરે પાણીની પરબ, ધાબળા વિતરણ, વાહનોની પાછળ રેડિયમ પટ્ટી લગાવવી, ટીબીના દર્દીઓને પોષણક્ષમ કીટ વિતરણ સહિત શહેરમાં થતી અનેક સામાજિક સેવાની પ્રવૃત્તિઓમાં પણ ભારત વિકાસ પરિષદ જોડાય છે. સંસ્થા દ્વારા દર વર્ષે પ્રવાસનું આયોજન પણ કરવામાં આવે છે.

કપડવંજ પંથકમાં વિવિધ ક્ષેત્રમાં અનેક હસ્તીઓએ પોતાનું નામ રોશન કરી કપડવંજને ગૌરવ અપાવ્યું છે. આ હસ્તીઓની જીવનની સિદ્ધિઓ અને યશોગાથા લખવા બેસીએ તો પાને પાના ભરાય. પરંતુ જગ્યાના અભાવે આ અંકમાં તેમની મુખ્ય વાતો રજૂ કરવામાં આવી છે. જગ્યાના અભાવે અન્ય હસ્તીઓનો પણ આ અંકમાં સમાવેશ કરી શક્યા નથી, તે બદલ અમે ખેદ વ્યક્ત કરીએ છીએ.

કપડવંજમાં શતાયુ વટાવી ચૂકેલી
જ્ઞાન પરબ પુ. હ. મહાજન લાઇબ્રેરી



મુકેશ વૈદ્ય
લાઇબ્રેરીયન
મહાજન લાઇબ્રેરી



ડિજિટલ યુગમાં દુનિયા નાની બની ગઈ છે અને ઇન્ટરનેટના માધ્યમથી માહિતી આંગળીના ટેરવે આવી ગઈ છે. છતાંય આપણને આપણી આસપાસની ઐતિહાસિક માહિતી કેટલીક વાર મળતી નથી.

કોઈપણ નગરના વિકાસમાં એક આત્માનો અગત્યનો ફાળો હોય છે, તેવી રીતે આજથી 141 વર્ષ પૂર્વે જન્મેલા પૂજ્ય હરિભાઈ માણેકલાલ દેસાઈ કપડવંજના આત્મા હતા. તેમની દીર્ઘદ્રષ્ટિએ આ શહેરને અનેક જાહેર પ્રવૃત્તિઓ અને જાહેર સંસ્થાઓ આપી.

ઈ.સ. 1881માં જન્મેલા હરિભાઈએ શહેરમાં વાંચનની ભૂખ જગાડવા માટે 37 વર્ષની ઉંમરે ધૂણી ધખાવી. હવે, સરસ્વતીના વિકાસ માટે લક્ષ્મીની જરૂર પડે પણ તે પહેલા આરાધના કરવી પડે. તે માટે તેમણે આજથી 105 વર્ષ પહેલા એક બાજઠ અને એક નાનું કબાટ લઇ તેમાં થોડા માંગીને ભેગા કરેલા પુસ્તકોની મદદથી એક ઓટલા પર લાઇબ્રેરી શરૂ કરી.

વડોદરાની સયાજી હાઈસ્કૂલમાં ફ્રેંચ શિક્ષણ આપતા અને ભૂદાન-પ્રણેતા પૂજ્ય વિનોબા ભાવે તેમના વિદ્યાર્થી હતા. તેવા હરિભાઈ પૂજ્ય ગાંધીજીના અનુયાયી પણ હતા. હરિભાઈએ કપડવંજમાં વાંચનની ભૂખ જગાડવા માટે આહલેક કરે યુવાનોની ટોળી ઉભી કરી અને 1 નવેમ્બર, 1918ના રોજ ધનતેરસના દિવસે 'કપડવંજ ફ્રી રીડિંગ રૂમ અને લાઇબ્રેરી' ની શુભ શરૂઆત કરી. તેમની નિષ્ઠાના પરિપાકરૂપે દાનની સરવાણી વહી અને ' રીડિંગ રૂમ ' કાળક્રમે ' શ્રી પુરુષોત્તમદાસ હરગોવિંદદાસ મહાજન લાઇબ્રેરી'માં ફેરવાઈ ગયો.

શરૂઆતમાં બજારમાં શામળદાસ પુરુષોત્તમદાસની મેડી ઉપર વગર ભાડે લાઇબ્રેરી શરૂ કરવામાં આવી. તે સમયે રામચંદ્ર દેવશંકર નામના સજ્જન પુસ્તક આપ-લેનું કાર્ય કરતા. ત્યારપછી ગોકુલનાથજી મંદિર પાસે વણિક મિત્રમંડળનું મકાન વેચાણ લઈ પુસ્તકાલય ત્યાં શરૂ કરવામાં આવ્યું, જેમાં મકાનના નીચેના ભાગમાં પરીખ હરજીવનદાસ ખુશાલદાસ સાર્વજનિક મહિલા પુસ્તકાલય તથા ઉપરના ભાગમાં રૂક્ષ્મણી બેન રણછોડદાસ દેસાઈ બાળ પુસ્તકાલય પણ શરૂ કરવામાં આવ્યું. આ સમયે જગ્યાની સંકડાશ અનુભવાતા 1970 માં માણેકલાલ છોટાલાલ દેસાઈના નામે હાલ ચાલે છે ત્યાં મહેતાપોળ સામે વિશાળ લાઇબ્રેરીનું નવું મકાન બન્યું.

આજથી 105 વર્ષ પૂર્વે શ્રી હરિભાઈ દેસાઈ કહેતા કે ' પુસ્તકાલય માનસિક જીવનનું નંદનવન છે. ઊંઘતા ગામને ઢંઢોળવું હોય, યુવાનોને સેવાના કાંઈ સંસ્કાર આપવા હોય, સમસ્ત જનતાને બહારની વિશાળ દુનિયાનો કંઈ ખ્યાલ આપવો હોય તો સાર્વજનિક પુસ્તકાલય અનિવાર્ય છે.'

આજે આ લાઇબ્રેરી ગુજરાતભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ લાયબ્રેરીને સર્વોત્તમ ગ્રંથાલય તરીકેનો "મોતીભાઈ અમીન એવોર્ડ" ગુજરાત સરકાર તરફથી 1974 માં મળેલ છે.

લાઇબ્રેરીની શરૂઆત પછીના ત્રણ દસકા સુધી ગાંધી સાહિત્યના વાંચનનો વિશાળ વર્ગ જોવા મળ્યો. સાથે ધાર્મિક સાહિત્ય પણ ખૂબ વંચાતું. તે સમયે ગાંધીજી જેમાં પ્રત્યક્ષ રીતે સંકળાયેલા હતા તેવા અખબારો "હરીજન બંધુ" અને "નવજીવન" જે ગુજરાતી તથા અંગ્રેજીમાં છપાતા તેનું વાંચન વધુ થતું હતું. આજે પણ સંસ્થા પાસે આ અખબારોના બાઈન્ડિંગ કરેલા અંકો સંગ્રહિત થયેલા છે.

ભારતના પ્રધાનમંત્રી રહી ચૂકેલા શ્રી મોરારજી દેસાઈ અને હાલના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સહિત પ્રસિદ્ધ કવિ ઉમાશંકર જોશી, પુનિત મહારાજ, કે. કા. શાસ્ત્રી, ગોસ્વામી ઇન્દિરાબેટીજી જેવા અનેક ખ્યાતનામ મહાનુભાવો આ પુસ્તકાલયમાં પગલાં પાડી ચૂક્યા છે. એટલું જ નહીં, પરંતુ ભારતનો સર્વશ્રેષ્ઠ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર કપડવંજના પનોતા પુત્ર પ્રસિદ્ધ કવિ રાજેન્દ્ર શાહે આ લાઇબ્રેરીના સંવર્ધનમાં મોટો ફાળો આપેલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે "ઈંધણા વીણવા ગઈતી મોરી સૈયર" આ ગીતના રચયિતા રાજેન્દ્ર શાહ છે.

સો વર્ષ પૂર્વે લખાયેલા પુસ્તકો જેમાં ઇતિહાસ, નાટ્ય, ધાર્મિક જેવા પુસ્તકો તથા એક પુસ્તક તો એવું છે કે જે 8,000 કરતાં વધારે પુસ્તકોના નામ લેખકોના નામ સાથે અને તેના મૂલ્ય સાથેની નામાવલી સાથે પ્રકાશિત થયેલું છે.


તે સમયે ખાસ કરીને કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ,નંદશંકર મહેતા, પન્નાલાલ પટેલ જેવા લેખકોની નવલકથાઓ વધારે વંચાતી અને આ બધા લખાણ ખાસ કરીને ગુજરાતના ઐતિહાસિક પાત્રો ઉપર આધારિત હતા. અખબારોમાં મુંબઈ સમાચાર વધુ વંચાતું. જ્યારે હાલ નવોદિત લેખકો ઉપરાંત અશ્વિની ભટ્ટ, હરકિશન મહેતા ,ચેતન ભગત, કાજલ ઓઝા, ચંદ્રકાંત બક્ષી જેવા લેખકો વધુ વંચાય છે.

આ લાયબ્રેરીમાં સાહિત્ય ,ધાર્મિક, યોગ, તત્વજ્ઞાન, જીવન ચરિત્ર, વાર્તા ,નવલિકા, કાવ્ય ,નાટક, ઇતિહાસ, ભૂગોળ, પ્રવાસ વર્ણન, વૈદિક વિજ્ઞાન, ખેતીવાડી, સ્ત્રી ઉપયોગી, બાળ વિદ્યાર્થી, અધ્યયન વિભાગ, સંસ્કૃત, મરાઠી, હિન્દી ,અંગ્રેજી, ગાંધી સાહિત્ય જેવા અનેક પુસ્તકોની શ્રેણી સંગ્રહિત કરવામાં આવી છે. આ ઉપરાંત, અનેક સામાયિકો, પાક્ષિકો, માસિકો, વર્તમાન પત્રો સહિત આ લાઇબ્રેરી 32 હજાર કરતાં વધારે પુસ્તકોનો ખજાનો ધરાવે છે .

1918માં લાઇબ્રેરીની શરૂઆત થયા પછી નગરમાં યુવાનોની ટીમ બની, જેણે કપડવંજને ઢંઢોળ્યું અને પછી સેવા સંઘ (1927), મુગટ બાલમંદિર (1936), કેળવણી મંડળ (1940), વ્યાયામ મંદિર (1945) આમ ભગિનીસમાજ, વિદ્યાર્થી સંસ્થાઓ વગેરે જાહેર સંસ્થાની ઇમારતો ચણાવા માંડી.

કપડવંજનો આત્મા અને જાહેર સંસ્થાના પ્રણેતા એવા પૂજ્ય હરિભાઈ દેસાઈની પ્રતિમા ડાકોર રોડ ઉપર હરિકુંજ સોસાયટીના પ્રવેશ દ્વારે 1949 માં પૂજ્ય વિનોબા ભાવેના હસ્તે અનાવરણ પામી છે.

આજે એક શતક પછી પણ સંસ્કારની આ પરબને સાચવીને બેઠેલી ટીમ પ્રમુખઃ ગોપાલભાઈ શાહ, ઉપ-પ્રમુખ :હરીશભાઈ જોશી તથા મંત્રીઓઃ ઉદયભાઇ ત્રિવેદી અને નીલાબેન પંડ્યા સાથે ગ્રંથપાલ મુકેશભાઈ વૈદ્ય પુસ્તક પ્રદર્શન, શાળાઓ સાથે સંકલન તથા કવિ સાહિત્યકારોના કાર્યક્રમો કરી પુસ્તકાલય તરફ પ્રજાને આકર્ષવા સતત પ્રયત્નો કરે છે.


મોટા રત્નાકર માતા



નાના રત્નાકર માતા

લોકદેવી રત્નાકર માતા



ડૉ.ગોપાલ શર્મા
આચાર્ય
આર્ટ્સ-કોમર્સ કોલેજ, કપડવંજ

કપડવણજ નગર પૌરાણિક અને ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું જ મહત્વ ધરાવે છે. કપડવણજમાં જ્યાં એકબાજુ તળાવ, વાવ, હવાડા, દરવાજા વગેરે છે, ત્યાં બીજી બાજુ દેરાસર અને મંદિર-મસ્જિદ પણ છે. કપડવણજમાં લોક દેવી અને દેવતાઓનું મહત્વ છે, જે ભારતીય પરંપરા, ભાઈચારો અને સાંપ્રદાયિક સદ્‌ભાવને ટકાવી રાખે છે. આ કારણે જ, કપડવણજમાં રત્નાકર માતાજી લોકદેવી તરીકે પૂજાય છે. લોકદેવી કોઇ એક ધર્મ કે જાતિના દેવી નથી. તમામ ધર્મ અને જ્ઞાતિના લોકો પૂરી સદ્‌ભાવનાથી રત્નાકર માતાની પૂજા-અર્ચના કરે છે.

કપડવંજમાં રત્નાકર માતાના ત્રણ મંદિર છે. જેમાં સૌથી પ્રાચીન મોટા રત્નાગિરિ માતાનું મંદિર શહેરથી આશરે આઠ કિ.મી. દૂર કપડવંજ-ડાકોર રોડ પર નવા મુવાડા ગામથી જમણી બાજુ વળાંક લેતાં બે કિ.મી.ના અંતરે છે. અહીંયા પહેલા જંગલ-ઝાડીઓ હતી, જ્યારે હાલ ત્યાં પહોંચવા માટે પાકા ડામરનો રોડ છે. એવી લોકવાયકા પ્રચલિત છે કે, સંવત-૧૮૩૮ના જેઠ માસમાં એટલે કે ઇ.સ. ૧૮૮૨ના જૂન-જૂલાઇ માસમાં કપડવણજમાં કોલેરા ફાટી નીકળેલો. લોકો આ રોગથી ત્રાસી ગયા હતા અને હાહાકાર મચી ગયો હતો. દરરોજ સ્મશાનમાં ત્રીસથી ચાલીસ જેટલી લાશો પહોંચતી. વૈદ્ય અને સરકારની રાહબરી હેઠળ ઉપચાર ચાલતો હતો, પરંતુ રોગ દિવસે દિવસે વધુ પ્રસરતો રહ્યો હતો. આ સ્થિતિમાં કોઈ ફેરફાર ન થતાં લોકોએ તેને નિવારવા નૈવેદ્ય ધર્યા, હવનો કર્યાં, ભૂવાઓ ધૂણ્યા, શ્રીફળ હોમાયાં અને છતાં કોલેરાની ખંજરી વાગતી રહી, જે બે માસ સુધી રોગચાળારૂપે ફેલાતી રહી.

તે સમયે શ્રી રત્નાકર માતાજીનો પરમભક્ત, કાંકડી ગામનો કોઇક બ્રાહ્મણ કપડવણજમાં આવ્યો અને એણે રોગ નિવારણનો માર્ગ સૂચવ્યો. તેણે જણાવ્યું કે, ગામ લોકો ભેગા થઇ માતાજીના સ્થાનકે ઉજાણીએ જાય અને ગામના મુખી માતાજીને પગે લાગી સવામણની તાંબાની નોબત કરાવે અને જરૂરી નિવેધ તેમજ વસ્ત્ર ધરાવે તો ચાર દિવસમાં રોગ શાંત થશે. લોકોએ વિશ્વાસથી તે પ્રમાણે કર્યું અને રોગચાળામાં રાહત પણ થઇ. ત્યારથી આ વિસ્તારના રત્નાકર માતા મંગળ કાર્યની માતા તરીકે ઓળખાયા. આજે ઘણા જ ભાવિકો દૂર દૂરથી રત્નાકર માતાના દર્શને આવે છે. એવો ઉલ્લેખ મળે છે કે, શેઠ શ્રી મગનલાલ નરસિંહદાસ શાહનું એક ભક્ત કુટુંબ હતું, જેઓએ મંદિરની સાચવણી કરી હતી. આ મંદિરની સામે એક મોટો ચોક છે, જેમાં હવનાદિ વિધિ થાય છે. દર વર્ષે ભાદરવા સુદ બારસથી ચાર દિવસ માટે લોકમેળો ભરાય છે, જેમાં કપડવણજ શહેર, તાલુકા અને દૂર દૂરના લોકો દર્શનાર્થે આવે છે. એ સમયે હાલમાં લુપ્ત થઇ રહેલ ભવાઇના વેશ પણ ભજવાય છે. એવી લોકવાયકા છે કે ભવૈયાઓ રત્નાકર માતાએ સૌપ્રથમ ભવાઇના ખેલ કર્યા પછી આજુબાજુના વિસ્તારમાં ભવાઇ કરવા જાય છે. નવા વર્ષની ભવાઇની શરૂઆત રત્નાકર માતાજીના મંદિરથી જ શરૂ કરવામાં આવે છે, જે ત્યારબાદ જુદાજુદા ગામડાઓમાં જાય છે.

રત્નાગિરિની બે બાજુ ધર્મશાળાની ઓરડીઓ છે, જેમાં રહેવાની વ્યવસ્થા છે. માતાજીના ઉત્તરે આવેલ ચોતરા પર બજરંગબલીની નાનકડી દેરી છે. તેની સાથે જ જાનકીદાસ નામના મહંતનું સમાધિસ્થાન છે, જેને લોકો ગુરૂદાદા કહે છે. અહીંયા એક ચબૂતરખાનું પણ છે. માતાજીની પ્રતિમા પાસે બે જોગણીઓની પ્રતિમાઓ છે, જે સ્વયંભૂ છે. એવી લોકવાયકા છે કે, આ પ્રતિમાને ડુંગરમાંથી બહાર કાઢવા માટે ખોદકામ કરતાં પ્રતિમા નીચે ઊતરતી ગઇ. પરિણામે ખોદવાનું કામ બંધ કરવામાં આવ્યું હતું. તેથી અત્યારે માતાજીનું મુખારવિંદ બહાર રહેલ છે. માતાજીની આસપાસના કૂકડા કોઇ ચોરી ગયેલ પણ કેટલાકને તેમાં વાઘનું બિહામણું સ્વરૂપ દેખાતાં કૂકડા પાછા મૂકી ગયા હતા. આ મૂળ માતાજીની અખંડ જ્યોત નાના રત્નાગિરિ (રત્નાકર) માતાએ લઇ જવામાં આવેલી, તેથી કપડવંજના દક્ષિણ ખૂણે અને સોમનાથ મહાદેવના અગ્નિ ખૂણે શ્રી નાના રત્નાગિરિ માતાનું સ્થાનક છે અને હાલમાં કપડવણજ નગરની પ્રજા સાથે જોડાઇ ગયું છે. મોટા રત્નાકરે એક મીઠા પાણીનો કૂવો છે, જ્યારે નાના રત્નાકરની ટેકરી ઉપર પણ એક કૂવો છે. જેના વિશે ઉલ્લેખ મળે છે કે તારીખ ૦૮-૦૨-૧૯૩૫ એ શ્રી છગનલાલ અમથાલાલ વહાણ દલાલના સ્મરણાર્થે તેમના પુત્રોએ આ કૂવાઓનું સમારકામ કરાવેલ હતું.

એવું કહેવાય છે કે આ કૂવાનું પાણી પાચનશક્તિ માટે ઘણું સારું છે. નાના રત્નાકર માતાના મંદિરે પણ ધર્મશાળા આવેલી છે. મંદિરના ચોકમાં હોમ, હવનાદિ વિધિ થાય છે. આ સ્થળે પણ દર વર્ષે ભાદરવા સુદ બારસથી ચાર દિવસનો મેળો ભરાય છે અને રાત્રે ભવાઇવેશ ભજવાય છે. બન્ને સ્થળે રાતદિવસ ભરાતા આ લોકમેળામાં ખાણીપીણી, રમકડાંની દુકાનો તેમજ મનોરંજન માટે રેલગાડી, ચકડોળ, મોતનો કૂવો જેવા વિવિધતા સભર સાધનો લઇ દૂરદૂરથી વેપારીઓ પોતાની દુકાનો લઇને આવે છે. દર રવિવારે કપડવણજ અને આજુબાજુના વિસ્તારના લોકોની શ્રદ્ધા માટે આ સ્થાનક દર્શનીય સ્થળ બન્યું છે. એવું કહેવાય છે કે રત્નાકર માતાનું ત્રીજું મંદિર કપડવંજના મધ્યે આવેલ પટેલવાડામાં છે, જે ત્રણે મંદિરમાં સ્થાપિત માતાજી બહેનો મનાય છે.

આજે જ્યારે ગુજરાત પર્યટનની દ્રષ્ટિએ ઘણું વિકસ્યું છે, તેમજ પૌરાણિક નગરમાં નાના અને મોટા રત્નાકર માતાના મંદિરોએ અત્યાર સુધી પર્યાવરણ જાળવણીમાં મુખ્ય ભૂમિકા ભજવી છે અને પ્રજાની આસ્થાનું સ્થળ બન્યું છે ત્યારે આ બે સ્થળોની પણ યોગ્ય રીતે સાચવણી તેમજ જીર્ણોદ્ધાર થાય તે જરૂરી છે.

જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા કવિ
શ્રી રાજેન્દ્ર કેશવલાલ શાહ

રાજેન્દ્રભાઇ માત્ર ત્રણ વર્ષના હતાં અને એમને એમના પિતાની છત્રછાયાથી વંચિત રહેવાનો કપરો સમય આવી પડ્યો હતો. માતા લલિતાબેને પુત્ર ઉછેરની જવાબદારી સંભાળી લીધી અને સંસ્કારનું સિંચન પણ કર્યું.

રાજેન્દ્રભાઇ હજુ તો શાળામાં હતાં ત્યારે જ કપડવંજમાં ચાલતાં અખાડામાં જોડાયેલાં અને એટલે જ એમનું શરીર કસાયેલું. સાથે સાથે શિસ્ત એ અખાડાની દેન હતી. શિસ્ત એટલે આજે તો આપણે માની પણ ના શકીએ એવી. એક વાર અખાડા તરફથી બધાં અખાડિયનોએ ચાલતાં ચાલતાં દૂરના એક ગામ જવાનું હતું. રસ્તામાં પાણી વગર એક છોકરાને મૂર્છા આવી ગઇ એટલે ટીમ લીડરે રાજેન્દ્રભાઇ અને એક બીજા અખાડિયનને બે માઇલ દૂરની એક નદીમાંથી પાણી લાવવાં કહ્યું. નદીએ પાણી ભરવાં ગયેલાં પણ ઓર્ડર પાણી લઇને સીધા પરત આવવાનો હતો એટલે બન્નેએ તરસ લાગી હોવાં છતાં પાણી પીધાં વગર એક બોટલમાં પાણી ભર્યું અને ત્વરિત પાછાં ફર્યાં. શિસ્તનાં આવાં લેસન આજે કોણ આપે અને આપે તો કેટલાંને ગમે?

સ્વતંત્રતાની લડતમાં રાજેન્દ્રભાઇ અને લલિતાબેન બન્ને જોડાયેલાં. એક સમય એવો આવ્યો જ્યારે રાજેન્દ્રભાઇ અને એમના મિત્રએ નક્કી કર્યું કે અંગ્રેજો સામે નાના નાના છમકલાં તો ઘણાં થાય છે, પણ આપણે કંઇક મોટું કરવું જોઇએ. થોડું વિચાર્યા પછી નક્કી થયું કે કુંડવાવ પાસેના ટાવર પર ત્રિરંગો લહેરાવી દેવો. એ સમયે આજે જેટલી સુવિધાઓ છે એટલી નહોતી, એટલે અમદાવાદ આ ખબર પહોંચે ને અમદાવાદથી પોલીસ કપડવંજ આવે એટલો સમય તો ત્રિરંગાને ટાવર પર લહેરાતો બધા આશ્ચર્ય સાથે માણી રહ્યાં. બન્ને મિત્રોએ નક્કી કરેલું કે કોઇપણ સંજોગમાં ત્રિરંગો પોલીસના હથ્થે નહીં ચઢવો જોઇએ.

અમદાવાદથી પોલીસની કુમક આવી અને લોકો કુંડવાવ પાસે ટોળે વળવા માંડેલાં. રાજેન્દ્રભાઇને પોલીસ આવ્યાની સુચના મળી કે તરત જ ઉઘાડા પગે દોટ મૂકી અને ટાવર પાસે ઊભેલા પોલીસની નજર ચુકાવી ટાવરમાં દાખલ થઇ ગયાં. રાજેન્દ્રભાઇની પાછળ પાછળ પોલીસ પણ ટાવરમાં ઘૂસી પણ ત્યાં સુધીમાં તો ત્રિરંગો શરીર પર લપેટી રાજેન્દ્રભાઇએ ટાવર પરથી પડતું મેલ્યું. લોકોના શ્વાસ અદ્ધર થઇ ગયાં અને ટોળાંએ રાજેન્દ્રભાઇને ઝીલ્યાં તો ખરાં પણ પછી પોલીસના ડંડાનો માર એટલે બે મહિના હોસ્પિટલમાં અને છ મહિના યરવડા જેલમાં. લલિતાબાને જ્યારે તે વાતની ખબર પડી ત્યારે એકનો એક પુત્ર હોવાં છતાં લાગણીમાં તણાયાં વગર ગર્વ અનુભવ્યો. એ સમયની ભારતની માતા પુત્રને આવાં સંસ્કારનો વારસો આપતી અને કહેતી કે આપણે તો સિંહબાળ.

મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં પછી વધુ અભ્યાસાર્થે મુંબઇની વિલ્સન કોલેજમાં જોડાયાં અને બી.એ. નો અભ્યાસ પૂરો કર્યો. વડોદરામાં એમ. એ. નો અભ્યાસ અધૂરો મૂકી સાંસારિક જવાબદારીઓ ઉપાડી. પહેલાં અમદાવાદ અને પછી મુંબઇમાં સ્થાયી થયાં. અહીં એમણે ૧૯૫૫માં લિપિની પ્રિન્ટરીના નામે પ્રિન્ટિંગ પ્રેસનો વ્યવસાય શરૂ કર્યો. 'કવિલોક' દ્વિમાસિક પણ ત્યારે જ શરૂ કર્યું. ૧૯૭૦ માં પ્રેસની જવાબદારી પુત્ર કૈવલ્યને સોંપી કપડવંજ આવ્યાં અને અહીંની સંસ્થાઓને યોગ્ય માર્ગદર્શન આપી એ સંસ્થાઓમાં નવચેતનાનું સિંચન કર્યું. થોડા સમય માટે ઉત્કંઠેશ્વર રહી એ સંસ્થાને પણ આગળ ધપાવી.


ઉત્કંઠેશ્વરની વાત નીકળી છે તો એક વાત યાદ આવી ગઇ. રાજેન્દ્રભાઇની બહુ જ પ્રચલિત રચના "**ઇંધણાં વિણવાં ગઇ'તી મોરી સૈયર**" માં મિત્રો સાથે પિકનિક મનાવવાં ગયેલાં ત્યારે વાત્રક નદીને કિનારે રસોઇ માટે ઇંધણાં વિણવાં રાજેન્દ્રભાઇ પોતે જ ગયેલાં.

ભરૂચના જ્ઞાનસાધન આશ્રમના ટ્રસ્ટીપદે રહી તેમણે આશ્રમની સેવા કરી. ભરૂચમાં જ મંજુલાબેનનું અવસાન થયું પછી રાજેન્દ્રભાઇ થોડો સમય અમદાવાદ રહી મુંબઇ આવી ગયાં.

૨ જાન્યુઆરી, ૨૦૧૦ના દિવસે આ આનંદના યાત્રી રાજેન્દ્રભાઇ અનંતની યાત્રાએ નીકળી પડ્યાં.

કૈવલ્ય રાજેન્દ્ર શાહ
શ્રી રાજેન્દ્રના શાહના સુપુત્ર






- જન્મ: ૨૮ જાન્યુઆરી ૧૯૧૩
- સ્થળ: કપડવંજ
- પિતા: કેશવલાલ શાહ
- માતા: લલિતાબેન કે. શાહ
- પત્નિ: મંજુલાબેન
- વ્યવસાય: વ્યાપાર પ્રિંટિંગ પ્રેસ

એમને મળેલાં અસંખ્ય પારિતોષકોમાંથી કેટલાંક અહીં

રાજેન્દ્રભાઇ કવિ અને સ્વતંત્રતા સેનાની:
કવિલોક સામયિકના સ્થાપક ૧૯૫૫
એક્સ પ્રેસિડન્ટ : ગુજરાતી સાહિત્ય પરિષદ: ૧૯૯૩ થી ૧૯૯૫
સાહિત્ય અકાદમી એવોર્ડ ન્યુ દિલ્હી
ફેલોશીપ એવોર્ડ ૧૯૯૯
નરસિંહ મહેતા એવોર્ડ ૧૯૯૯
પ્રેમાનંદ એવોર્ડ ૨૦૦૦
જ્ઞાનપીઠ એવોર્ડ ૨૦૦૧
કે. મુન્શી એવોર્ડ વગેરે

કપડવંજના **પક્ષીઓ**






રૂચિ જોષી
બર્ડ ફોટોગ્રાફર

ગુજરાતમાં આવેલા વિવિધ સ્થળો યાયાવર પક્ષીઓ માટે મુકામના પસંદગીના સ્થળો છે, જેમાંથી કપડવંજ પણ બાકાત નથી. જેમ શિયાળામાં વિદેશી પક્ષીઓ થોળ અને નળ સરોવરમાં ઉડીને આવે છે, તેવી જ રીતે ઘણા પક્ષીઓ ઉડીને કપડવંજ બાજુના તળાવમાં કે નદી કિનારે પણ ઉડીને આવતા હોય છે. દરેક સીઝનમાં અલગ-અલગ પ્રકારના પક્ષીઓ કપડવંજમાં જોવા મળતા હોય છે. શિયાળામાં તળાવ પરના પંખીઓ વધારે જોવા મળે છે, ઉનાળામાં ઝાડ ઉપર પંખીઓ વધારે જોવા મળતા હોય છે. કપડવંજમાં વિભિન્ન પક્ષીઓ જોવા મળે છે, જેવાં કે, ચમચો, કાળી તુતવારી, કથ્થાઈ જલ માંજર, નાની સિસોટી, રાતા પગ તુતવારી, મોટો ગડેરો, બ્રાહ્મણી બતક, સિંગપર, નાકટો, કબૂતર, બગલો, નીલકંઠ, અધરંગ, કાળી જલ માંજર (તેનો પંજો તમામ પંખીઓમાં સૌથી મોટો હોય છે), ટીલીયારી બતક, સારસ બેલડી, ધોળી ઢોંક, પીળી ચાંચ ઢોંક, હરિયલ, નવરંગ, ગયણો, કલકલિયો, શકરો બાજ, કાળી કાંકણસાર વગેરે અનેક પક્ષીઓ કપડવંજમાં જોવા મળે છે...

દેશી નીલકંઠ
Indian Roller



ચકે-ચકે, ચકે-ચકે-ચકે

લંબાઈ
33
સે.મી.
કદ: કબૂતર જેટલું.



ઓળખ: પ્રજનન ઋતુમાં ઊડતી વખતે કલાબાજી કરતું દેખાય

દેખાવ: તપખીરિયા ચહેરા અને છાતી પર સફેદ રેખાઓ. તાલકું લીલાશ પડતું વાદળી. પાંખ અને પૂંછડીમાં ઘેરા વાદળી રંગના પટ્ટા હોય.

નિવાસ: ભારતભરમાં મળે.


આવાસ: ખેતર, આછાં ઝાડવાળા મેદાન, ઘાસના મેદાન, બાગ-બગીચા

આહાર: જંતુભક્ષી. ખેડાણમાં કે ઝાડી સાફ કરવા લગાવેલી આગથી બચવા ઉડતા જંતુ સહેલો ખોરાક હોય એના માટે. વીંછી, નાના ઉંદર, ટીડ્ડા, ખડમાકડી પણ ખાય.

કાળી જલ માંજર

Bronze-winged Jacana Metopidius indicus

સિક-સિક-સિક-સિક



અવાજ

ઓળખ: મોટી આંગળીઓ હોવાથી પાણી પરની વનસ્પતિ પર ચાલતું દેખાય.

દેખાવ: માથું, ગરદન અને છાતી કાળી, પાંખ, પૂંછડી અને પીઠ લીલાશ પડતી કાંસવર્ણી. સફેદ નેણ આંખ સુધી આવે.

અવાજ: તીણો અવાજ હોય “સિક-સિક-સિક”. પ્રજનન ઋતુમાં ઘણું બોલે.

નિવાસ: ઉત્તર પશ્ચિમ સિવાય આખા ભારતમાં

આવાસ: વનસ્પતિ (શિંગોડા, કમળ, લીલ વગેરે)થી ભરપૂર મીઠાંપાણીના સરોવર.

ખોરાક: જળચર છોડની કૂંપળ અને મૂળ, જળચર જંતુ, લીલ વગેરે.


રસપ્રદ વાત: પ્રજનન ઋતુમાં માદા ઘણા નર સાથે સંવનન કરે અને અલગ અલગ ઝૂમખામાં ઈંડા મૂકે. એક નર એક ઈંડાના ઝૂમખાની સંપૂર્ણ જવાબદારી નિભાવે.

લંબાઈ
28-31
સે.મી.
કદ: તેતર જેટલું

ટીલા વાળી બતક

Indian spot-billed duck

ચાક...કચુાક ચાક...કચુાક



અવાજ

દેખાવ: ઘેરા કથ્થઈ રંગની હોય, પાંખમાં લીલા અને સફેદ પટ્ટા દેખાય. પગ નારંગી, ચાંચ કાળી પણ છેડા પીળા અને આંખ પાસે લાલ

નિવાસ: ભારતભરમાં વિસ્તરેલી છે

આવાસ: મીઠા પાણીના સરોવર, તળાવ


ખોરાક: શાકાહારી. મુખ્યત્વે કૂણું ઘાસ અને ચોખા, કોઈકવાર ગોકળગાય અને ઢળતી સાંજે અને રાત્રીમાં ખોરાક લે.

લંબાઈ
55-63
સે.મી.
કદ: ઘરેલુ બતક જેટલું



શ્વેત કંઠ કલકલિયો

White-throated Kingfisher



અવાજ

કીલીલીલી કીલીલીલી

લંબાઈ
28
સે.મી.
કદઃ કાબરથી મોટું.

દેખાવઃ પૂંછડી, પાંખ-પીઠ લીલી ઝાંયવાળી વાદળી. માથું, ખભો- પેટ કથ્થઈ, ગળું -છાતી સફેદ. ભારે અને મોટી લાલ ચાંચ. પાંખ પર સફેદ ધબ્બો જે ઊડે ત્યારે દેખાય


નિવાસઃ સ્થાનિક નિવાસી, ભારતભરમાં મળે.

આવાસઃ ખેતર, જંગલના છેવાડા, ખારા અને મીઠા જલપ્લાવિત વિસ્તારો અને ઘણીવાર જલપ્લાવિત વિસ્તારોથી દૂર શહેરોમાં.

આહારઃમાંસાહારી. તીડ, ખડમાકડી, કંસારી, નાના ઉંદર, ગરોળી, સરડો, વગેરે. જલપ્લાવિત વિસ્તાર પાસે માછલી, નાના દેડકા, કરચલા વગેરે. કોઈકવાર પક્ષી -બચ્ચા.

પીળી ચાંચ ઢોંક


Painted Stork Mycteria leucocephala



અવાજ

ચાંચ પટપટાવી અવાજ

લંબાઈ
93-100
સે.મી.
કદઃ મોર જેટલું.



ઓળખઃ પાણીમાં શિકારી મુદ્રામાં ઉભેલું જોવા મળે. બીજા ઢોંકની જેમ પાંખ હલાવ્યા વગર ગરમ પવન પર ઊડ્યાં કરે.


દેખાવઃરાખોડી સફેદ રંગ, ધારક- ઉડાનના પીંછા લીલાશ પડતાં કાળા. પગ રાતા રંગના હોય, પૂંછડી લીલાશ પડતી કાળી. છાતી-ખભાના ભાગે કાળા પટ્ટા, પાંખના આગળના પીંછા નાજુક ગુલાબી રંગના. ચાંચ પીળી, મોટી અને નીચેની તરફ વળેલી.

નિવાસઃ ભારતભરમાં સ્થાનિક નિવાસી પણ સ્થાનિક પ્રવાસ કરે.

આવાસઃ મીઠા પાણીના જલપ્લાવિત વિસ્તારો, ખાબોચિયા, ખેડેલા ખેતરો, નદી અને કીચડવાળી જગ્યા. આહારઃ માછલી. દેડકા, સરિસૃપ વગેરે.



કપડવણજ કેળવણી મંડળઃ આજે એક વટવૃક્ષ...



ડૉ.ગોપાલ શર્મા
આચાર્ય, આર્ટસ-કોમર્સ કોલેજ, કપડવંજ

કપડવણજ અને આજુબાજુના તાલુકા કઠલાલ, બાયડ, ઠાસરા, બાલાશિનોર વગેરેના સમગ્ર ઉત્થાનમાં પાયારૂપે રહેલ શિક્ષણનો દીવો પ્રજવલિત કરવા માટે કપડવણજ કેળવણી મંડળનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. આજે જ્યારે અભિયાંત્રિક યુગમાં ચારેબાજુ વિકાસ ફૂલ્યો ફાલ્યો છે ત્યારે ઘણાં વર્ષો પાછળ દ્રષ્ટિ લઈ જઈએ ત્યારે કપડવણજ કેળવણી મંડળના અધિસ્થાપકોની દીર્ઘદ્રષ્ટિને નમન કરવાનું મન થાય. આ વિસ્તારના સમગ્ર ઉત્થાનમાં વર્ષો પહેલાં કપડવણજ કેળવણી મંડળની સંસ્થાઓમાં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ આપીને રાષ્ટ્ર અને સમાજના ઘડતરમાં યોગદાન આપ્યું છે. ઈતિહાસમાં દ્રષ્ટિપાત કરીએ તો કપડવણજ કેળવણી મંડળની સ્થાપના સને-૧૯૪૦માં થઈ અને અત્યારે ૮૨ વર્ષ પૂરાં થયાં. આ સમયગાળા દરમ્યાન સુવર્ણજયંતી અને હીરક જયંતી મહોત્સવ ઉભંગભેર ઊજવાયા. આજે શિક્ષણ સહિત સાહિત્ય, કલાસંસ્કૃતિ, ખેલકૂદ, તબીબીસેવા અને હેરીટેજના ક્ષેત્રમાં સેવાઓ આપવાની સાથે-સાથે આ સંસ્થાએ જનજાગૃતિમાં પગરણ માંડ્યા છે. અહીંયા સૌથી મહત્વપૂર્ણ ઉલ્લેખ એ બાબતનો કરવો જોઈએ કે, કપડવણજ કેળવણી મંડળ દ્વારા અપાતા શિક્ષણમાં ‘મૂલ્યો સાથે બધાને પોસાય તેવું શિક્ષણ’ એનો ઉદ્દેશ છે. તક્ષશિલા, નાલંદા અને તેની પૂર્વે આશ્રમ વ્યવસ્થામાં શિસ્ત, સંસ્કાર અને શ્રમ સાથે જ્ઞાન અપાતું હતું. સમયના બદલાતા પ્રવાહો સાથે આજે જ્યારે શિક્ષણ વ્યાપાર બની રહ્યું છે, ત્યારે પણ કપડવણજ કેળવણી મંડળે એની સ્થાપના સાથે જોડાયેલા મૂલ્યો સાથે કોઈપણ જાતની બાંધછોડ કરી નથી.

બ્રિટીશ પદ્ધતિનું શિક્ષણ સને-૧૯૧૫ સુધી યથાવત્ ચાલતું રહ્યું હતું. પરંતુ, મહાત્મા ગાંધીજીના ભારતમાં આગમન બાદ સ્વદેશી અને સ્વતંત્રતાની ચળવળનો આરંભ થયો. બુનિયાદી તાલીમ સાથે વિદ્યાભ્યાસમાં પણ ક્રાંતિ શરૂ થઈ. સદર બાબતે કપડવણજ કેળવણી મંડળના આદ્યસ્થાપક શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહે લખ્યું છે કે આઝાદીની ચળવળના એ ગાળામાં એક આવકારદાયક ઘટના કપડવણજનું સદ્દભાગ્ય બની. સ્વ. શ્રી હરિલાલ માણેકલાલ દેસાઈ વડોદરાની એક માધ્યમિક શાળામાં ફ્રેન્ચ ભાષાના શિક્ષક હતા.

ગાંધીજીએ ભારતમાં પ્રગતિની પ્રાણવાન હવા ઉન્નત કરી, તેનાથી પ્રભાવિત થઈને તેમણે નોકરીને તિલાંજલિ આપી અને કપડવણજમાં વસવાટ શરૂ કર્યો. આ સાથે જ કપડવણજમાં જે વિદ્યાર્થીઓ બહારગામથી કોલેજનો અભ્યાસ પૂરો કરીને, પરત આવીને ગામમાં રહેવા લાગ્યા હતા, તેવા વિદ્યાર્થીઓનું તેમજ કુમારોનું સંગઠન તૈયાર કર્યું અને તેમના દ્વારા લોકોપયોગી સેવાઓ ગાંધીજીના આદેશ અનુસાર શરૂ કરી. પ્રથમ તો રાષ્ટ્રીય ગુજરાતી શાળા શરૂ કરી. તેના પગલે રેંટિયા અને વણાટની પ્રવૃત્તિનો આરંભ થયો. તે કાર્યમાં ગાંધીવાદી વિદ્યાર્થીઓ અને યુવાનો જોડાયા. એક રાષ્ટ્રવાદી કુમારો અને યુવાનોનું સંગઠન તૈયાર થયું. પરિણામસ્વરૂપે નૂતન વિચાર અને વિવિધ કાર્યોમાં વેગ મળ્યો. ઇ.સ.૧૯૨૩થી પૂર્વ આફ્રિકામાં વસવાટ કરતા શ્રી શંકરલાલ શાહ ઇ.સ.૧૯૩૬માં સ્વદેશ આવી પહોંચ્યા. અને તે જ સમયે બે યુવાન એડવોકેટ, શ્રી રતિલાલ શંકરલાલ શાહ અને શ્રી મણિલાલ ગિરધરલાલ શાહ વતન કપડવણજમાં આવ્યા. તે સમયે આઝાદીની ચળવળ સાથે જોડાયેલા કાર્યકરો વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે સેવાસંઘ, મહાજન પુસ્તકાલય વગેરેનું સંચાલન કરી રહ્યા હતા. તેઓને વધુ બળ મળ્યું. તેઓનામાં બુનિયાદી શિક્ષણનો પણ વિચાર આવ્યો. પરિણામે એક છાત્રાલય અને બાલમંદિરની સ્થાપના થઇ. તે સમયે એક માધ્યમિક શાળાનું સંચાલન નગરપાલિકા હસ્તક હતું. પરંતુ તેમાં શ્રમ સાથેનો અભ્યાસક્રમ ન હતો; ઉપરાંત સ્વાતંત્ર્ય આંદોલનમાં કામ કરતા વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. કેટલાકને તો દંડનાત્મક સજા કરી હતી. તેથી નવી માધ્યમિક શાળા સ્થાપકવાનો મનસૂબો થયો અને ઇ.સ.૧૯૪૦માં પાડાપોળમાં મગનલાલ નરસિંહની ચાલીમાં કેટલાક ખંડ ભાડે રાખીને શાળાની શરૂઆત કરવામાં આવી. પછીથી શેઠશ્રી ચંદુલાલ પીતાંબરદાસ પરીખ તરફથી સારી એવી રકમનું દાન મળતાં તેમના સ્વર્ગીય પુત્ર ચંપકલાલની સ્મૃતિમાં શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય નામ આપવામાં આવ્યું. ડાકોર જવાના રસ્તે મુખ્ય માર્ગ પર જમીન લઇ પૂજ્ય રવિશંકર મહારાજના શુભ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. ત્યાર પછીના સમયમાં ઉત્તરોત્તર વિશાળ, ભવ્ય અને સુવિધાયુક્ત સુંદર મકાનોવાળી શાળાઓ આજે આપણે જોઈ શકીએ છીએ. તેનું વિધિવત ઉદ્ઘાટન ઇ.સ.૧૯૪૫માં મુંબઇ રાજ્યના મુખ્યપ્રધાન શ્રી બાલાસાહેબ ખેરના શુભ હસ્તે થયું હતું. શરૂઆતમાં શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલયમાં બૌદ્ધિક અભ્યાસક્રમ ઉપરાંત હસ્તઉદ્યોગ, જેવા કે સાબુ બનાવવા, કાગળ બનાવવા, સુથારીકામ, દરજીકામ, અને ટાઇપરાઇટીંગના વર્ગો તથા ખાસ સંગીત શિક્ષક રાખીને સંગીતનો વિષય દાખલ કરવામાં આવ્યો હતો. એ જ સમયે એક ટેક્નિકલ શાળા અને કોમર્સનો અભ્યાસ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલયમાં આરંભમાં પાંચ ધોરણ અને ૧૦૨ વિદ્યાર્થી હતા. તેમાં અત્યારે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૧૫૦૦ જેટલી વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરી રહ્યા છે. સી.એન.વિદ્યાલયની આ યાત્રામાં ટેક્નિકલ, ખેતીવાડી અને હોમ સાયન્સ જેવા વિષયોનો અભ્યાસક્રમ જોડાયેલો હતો.

પ્રાથમિક શિક્ષણ માટે શ્રી માણેકલાલ દેસાઇ કિશોર મંદિરનું ભવ્ય મકાન બાંધવામાં આવ્યું. ઉપરાંત પી.એન.ટેક્નિકલ શાળા માટે સ્વ.શ્રી શેઠ ચંદુલાલ પીતાંબરદાસ તરફથી મળેલ દાન દ્વારા ડાકોર રોડ પર અલગ વેચાતી જમીન રાખીને ટેક્નિકલ શાળા શરૂ કરવામાં આવી હતી. શિશુ તાલીમના ક્ષેત્રે સેવાસંઘની નિશ્રામાં શ્રી મુગટ બાલમંદિરની સ્થાપના સ્વર્ગીય શ્રી ઓરછવલાલ અંબાલાલ ઝવેરીના સૌજન્યથી ઇ.સ.૧૯૩૬માં થઇ હતી. તેના વિકાસના યોગદાનમાં પણ કપડવણજ કેળવણી મંડળની મહત્વની ભૂમિકા રહી છે. ત્યારબાદ ઇ.સ.૧૯૩૬માં શ્રી હરિ છાત્રાલયની સ્થાપના થઇ હતી. સમય જતાં કપડવંજ અને આજુબાજુના વિસ્તારના લોકોની શિક્ષણ માટે જરૂરિયાત જાણીને ઇ.સ.૧૯૬૧માં શેઠ શ્રી ચંદુલાલ પી. પરીખ, શેઠશ્રી વાડીલાલ મનસુખરામ પારેખ તથા શ્રી કેશવલાલ સોમાલાલ શાહ તરફથી માતબર દાન મળતાં ઉચ્ચ શિક્ષણ માટે અનુક્રમે પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ, વી.એમ.પારેખ કોમર્સ કોલેજ અને શાહ કે.એસ.આર્ટ્સ કોલેજની શરૂઆત થઇ. આ સંસ્થાઓનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના તે સમયના મુખ્યમંત્રી શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇના શુભહસ્તે થયું હતું. કોલેજ કેમ્પસ ચાલીસ એકરના વિસ્તારમાં આજે હર્યુંભર્યું છે. આ યાત્રામાં ડૉ. પ્રવીણભાઇ વકીલ તરફથી દાન મળતાં સ્વર્ગીય ડૉ. અતુલના સ્મરણાર્થે સ્પોર્ટ્સ ગ્રાઉન્ડનો વિકાસ થયો.

કપડવણજ નગરના હાર્દ સમા વિસ્તારમાં શેઠ શ્રી ચીમનલાલ બાપાલાલ પરીખ દ્વારા મળેલ દાનથી શ્રી જડાવબા શિશુકેન્દ્રનું મકાન બાંધવામાં આવ્યું. આ શિશુકેન્દ્રનું મહત્વ એ રીતે આંકી શકાય કે, આજે જ્યારે અંગ્રેજી માધ્યમની બોલબાલા છે અને અંગ્રેજી માધ્યમની શાળાઓ ફૂલીફાલી છે, ત્યારે પણ માતૃભાષા ગુજરાતી માધ્યમના જડાવબા શિશુકેન્દ્રમાં પોતાના બાળકોનો પ્રવેશ મેળવવા વાલીઓ વધારે ઉત્સુક છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કપડવણજ કેળવણી મંડળે લગભગ વીસ વર્ષ સુધી પોતાના તેમજ સરકારશ્રીના અનુદાનથી સમાજશિક્ષણ- પ્રૌઢ શિક્ષણની રાત્રિ શાળાઓ પણ ચલાવી હતી. પ્રૌઢશિક્ષણના કેન્દ્રો આજુબાજુના ગ્રામ વિસ્તારમાં પણ ચલાવીને નિરક્ષરતા દૂર કરવાનું મહત્વનું કામ એ સમયગાળામાં કર્યું છે.

આજે કપડવણજ કેળવણી મંડળ સંચાલિત પંદર સંસ્થાઓમાં ૭૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. આજસુધીમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવીને વિવિધ ક્ષેત્રોમાં, દેશ વિદેશમાં, ઉદ્યોગ, રાજકારણ, શિક્ષણ, સાહિત્ય તેમજ કલાના ક્ષેત્રે અને સરકારી ઉચ્ચ હોદ્દાઓ પર સેવા આપી રહ્યા છે. જેમાં કપડવણજને ગૌરવ અપાવનાર ડૉ. દિનેશચંદ્ર ઓ. શાહ (યુ.એસ.એ.), પ્રો. કીર્તિભાઇ રમણલાલ પરીખ (કેનેડા), ડૉ. શ્રીદેવી (યુ.એસ.એ.) ઉપરાંત ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ઉચ્ચ હોદ્દાઓ શોભાવ્યા છે તેમજ દેશ વિદેશના અનેક શહેરોમાં ડૉક્ટર, એડવોકેટ, પ્રોફેસર, ઉદ્યોગપતિ, જજ, આઇ.એ.એસ. તરીકે ખ્યાતનામ બન્યા છે.

કપડવણજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓથી કપડવંજ અને આજુબાજુના વિસ્તારને ઘણો આર્થિક લાભ થયો છે. ઘરઆંગણે વતનમાં રહીને જ અભ્યાસ કરવાની તક મળે તો અભ્યાસનો ખર્ચ ઘણો ઓછો થાય અને બહાર જઇને અભ્યાસ કરવો પડે તો ઘણો મોટો ખર્ચ ભોગવવો પડે. એવું પણ બને કે ઘરની આર્થિક સ્થિતિ નબળી હોય તો બહારગામ જઇને ભણવાનો વિચાર પણ ન કરી શકાય અને અભ્યાસથી વંચિત રહેવું પડે. એ રીતે હજારો વિદ્યાર્થીઓના ઘર પરિવારને આર્થિક લાભ પણ થયો છે. ઉપરાંત ઉચ્ચ અભ્યાસને લીધે રોજગારી મળવાથી લોકોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. ખાસ કરીને દીકરીઓ બહારગામ જઇને ભણી નથી શકતી હોતી, તેવી દીકરીઓ ઇ.સ.૧૯૬૧ થી ઘર આંગણે ઉચ્ચશિક્ષણ મેળવી રહી છે.

કેળવણી મંડળની આ વિદ્યાયાત્રામાં દાતાઓ, શ્રેષ્ઠીઓ અને હોદ્દેદારોનો મોટો ફાળો રહ્યો છે. તેમાંય અત્યારસુધીના કેળવણી મંડળના પ્રમુખશ્રીઓ અને મંત્રીશ્રીઓ નિષ્ઠાવાન મળ્યા. તેઓના થકી જ પારદર્શક વહીવટ લાંબા સમય સુધી રહ્યો છે. તેઓએ દાતાઓનો વિશ્વાસ સંપાદિત કર્યો છે. કેળવણી મંડળમાં આજ સુધીમાં પ્રમુખ તરીકે શ્રી મોહનલાલ અંબાલાલ પરીખ, શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ, શ્રી વાડીલાલ મનસુખરામ પારેખ, શેઠશ્રી ચંદુલાલ પી. પરીખ, પૂર્વ ગવર્નર સર શ્રી ચંદુલાલ માધવલાલ ત્રિવેદી, શ્રી વિનોદચંદ્ર સી. પરીખે, શ્રી મણિભાઇ ગિરધરલાલ શાહ, શ્રી ધનવંતલાલ સી. ગાંધી, શ્રી અશ્વિનભાઇ દાણી અને હાલના પ્રમુખ શ્રી ડૉ. હરીશભાઇ કુંડલિયા જેવા દીર્ઘદ્રષ્ટાઓએ યશસ્વી કામગીરી સાથે નિઃસ્વાર્થભાવે સેવા આપી છે. કપડવણજ કેળવણી મંડળની સ્થાપનાથી લઇ અત્યાર સુધીમાં ૨૫ જેટલા મહાનુભાવોએ ઉપપ્રમુખના પદને શોભાવ્યું છે. જેમાં મોટાભાગના મંત્રી અને ત્યારબાદ પ્રમુખપદે પણ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે શ્રી માણેકલાલ સી. દેસાઇથી લઇને શ્રી જલજભાઇ દાણી સુધીના ઉપપ્રમુખનું મંડળની પ્રગતિના યોગદાનમાં મહત્વ રહ્યું છે. શ્રી જલજભાઇ દાણી અને શ્રીમતી વીતાબેન દાણીના માર્ગદર્શન અને દાણી ફાઉન્ડેશનના સહયોગથી વર્ષ-૨૦૦૭ થી કપડવણજ કેળવણી મંડળને નવી દિશા અને નવા ક્ષેત્રોમાં કામ કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન મળતા રહ્યા છે. એજ્યુકેશન આઉટરીચ પ્રોગ્રામ, અગસ્ત્ય ફાઉન્ડેશન, રમતગમત, અને હેરીટેજ ક્ષેત્રે કપડવણજ કેળવણી મંડળે જે કામગીરી શરૂ કરી છે, તેનાથી વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક અભિગમ અને રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરીને આગળ વધી રહ્યા છે. શ્રી જલજભાઇ અને દાણી ફાઉન્ડેશનના સહયોગથી કપડવણજમાં આવેલ ઐતિહાસિક ધરોહરને સાચવવાની જે કામગીરી હાલમાં હાથ ધરવામાં આવી છે, તે સાચા અર્થમાં શ્રી સૂર્યકાન્તભાઇ દાણી, શ્રી અશ્વિનભાઇ દાણી પછી શ્રી જલજભાઇ દાણી અને શ્રીમતી વીતાબેન દાણીના વતનપ્રેમની સાહિદી પૂરે છે. સાત વરસમાં કપડવણજને હેરીટેજ સિટી બનાવવાનું શ્રી જલજભાઇ અને દાણી ફાઉન્ડેશનનું જે સ્વપ્ન છે, તે સાકાર થાય તે માટે કપડવણજના નગરજનોએ સહકાર અને આવકાર આપવો જોઇએ.

પ્રથમ મંત્રી તરીકે શ્રી મણિલાલ જી. શાહ, શ્રી જયશંકર જી. ત્રિવેદી હતા. પછીથી શ્રી ચંદ્રકાંત એમ. પરીખ, ડૉ. રમણલાલ વાડીલાલ શાહ, શ્રી રતિલાલ એસ. શાહ, શ્રી નટવરભાઇ એસ. ઝવેરી, શ્રી શંકરલાલ એસ. પરીખ, શ્રી મહેશભાઇ એસ. ત્રિવેદી, શ્રી ગુણવંતલાલ પી. ગાંધી, શ્રી બટુકચંદ્ર કે. શાહ, શ્રી ચંદ્રદેવ સોમેશ્વર જોશી, શ્રી બાલભદ્રભાઇ પટેલ, શ્રી વિનોદચંદ્ર એ. શાહ, ડૉ.હરીશભાઇ કુંડલિયા, શ્રી ધનવંતલાલ એસ. ગાંધી, શ્રી પ્રદીપભાઇ એમ. તેલી, શ્રી અભિજીત એન. જોશી, શ્રી અનંતભાઇ શાહ, શ્રીમતી નીલાબહેન એસ. પંડ્યા, શ્રી ગોપાલભાઇ શાહ વગેરેની સેવાઓ મળી છે. આ સિવાય કારોબારીમાં રહેલ તમામ સભ્યો, દાતાઓ, તથા વિવિધ સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓનો સહયોગ રહ્યો છે.

કપડવણજ કેળવણી મંડળે શિક્ષણની સાથે સાથે કપડવણજ તાલુકા સહિત આજુબાજુના તાલુકાના સમગ્ર વિકાસ માટે આઠ દાયકાથી પણ વધારે સમયથી વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ સાધી છે. કેળવણીના ક્ષેત્રે ઇ.સ.૧૯૪૦ માં એક નાનકડા ભાડાના ઓરડામાં નાનકડી



શાળાનું બીજ વાવ્યું હતું, તે ફૂલીફાલીને આજે એક વિશાળ વટવૃક્ષ બની ગયું છે. કેળવણી મંડળે શાળા, છાત્રાલય અને કોલેજ ચલાવવાની કક્ષાથી આગળ વધીને ખેલકૂદ, સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં તેમજ તબીબી ક્ષેત્રે પણ સેવાઓ આપવાનું કામ કર્યું છે. નગરમાં આવેલ ત્રિભુવન ફાઉન્ડેશનમાં અદ્યતન સગવડો સાથેની હોસ્પિટલ, રેડક્રોસ સોસાયટી, વિકલાંગ પુનર્વસન ક્ષેત્રે કામ કરતું શ્રી વી.એસ.ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ જેવી સંસ્થાઓની સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાઈને તેમની સેવાકીય પ્રવૃત્તિઓમાં તથા કુદરતી આપદાઓ અને કોરોના કાળમાં કેળવણી મંડળે હાથ લંબાવીને ખડેપગે રહીને પોતાનું ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે.

હાલમાં કપડવણજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાઓમાં બાલમંદિરથી લઈને સ્નાતક, અનુસ્નાતક અને પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, માર્ગદર્શન મેળવી રહ્યા છે. આજે કપડવણજ કેળવણી મંડળની સંસ્થાઓમાં શ્રી જડાવબા શિશુકેન્દ્ર, સ્પંદન બાલમંદિર, શ્રી એમ.વી.પરીખ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ, નર્સરી, શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલ, શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર, શ્રી એસ.સી.દાણી ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ (પ્રાયમરી, સેકન્ડરી અને હાયર સેકન્ડરી), શ્રી ચંપકલાલ નવચેતન વિદ્યાલય (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક), શ્રીમતી શાંતાબહેન કંચનલાલ શાહ (વ્હા વાળા) કોલેજ ઓફ એજ્યુકેશન, પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ, શ્રી કે.એસ. શાહ આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ, ઉપરાંત શ્રી ઓ.સી.શેઠ કમ્પ્યુટર સેન્ટર, ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS), શ્રી શંકરલાલ હરજીવનદાસ સાંસ્કૃતિક કેન્દ્ર, યૂથફોરમ જેવી સંસ્થાઓ સક્રિય રીતે વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ કરવા સાથે એમની સુષુપ્ત શક્તિઓને બહાર લાવીને સકારાત્મક દિશામાં જોડીને દેશના આદર્શ નાગરિક તૈયાર કરવાનું કામ કરી રહી છે. *કપડવણજ કેળવણી મંડળ સંચાલિત તમામ શાળા-કોલેજોમાં વિદ્યાર્થી કેન્દ્રમાં રહ્યો છે. વિદ્યાર્થીઓએ પણ અભ્યાસકાળ દરમ્યાન બોર્ડ અને યુનિવર્સિટી મેરિટમાં સ્થાન મેળવીને ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા છે, તેમજ સાંસ્કૃતિક, ખેલકૂદ, એન.એસ.એસ. અને એન.સી.સી. દ્વારા થતી પ્રવૃત્તિઓમાં રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ પસંદગી પામી, વિજેતા બની કેળવણીમંડળ, કપડવણજ નગર અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. કોઈપણ ગામ કે નગરની ભાવિ યુવા પેઢી શાળાઓ અને કોલેજોમાં અભ્યાસ કરતી હોય ત્યારે તેમની શક્તિઓને સકારાત્મક દિશામાં વાળી શકાય તો તે ગામ કે નગરના વાતાવરણની મહેક ચોફેર પ્રસરતી હોય છે.

કપડવણજ કેળવણી મંડળના આદ્યસ્થાપકોની દીર્ઘદ્રષ્ટિના પરિણામ સ્વરૂપે કેળવણી મંડળ પાસે વિશાળ જગ્યા છે. કેળવણી મંડળના પાંચ જેટલા કેમ્પસ છે, જેમાં એક શહેરની મધ્યમાં જડાવબા શિશુ કેન્દ્ર અને કમ્પ્યુટર સેન્ટર કાર્યરત છે. એકબાજુ નાના ભૂલકાંઓને શિક્ષણ અપાય તેમજ બીજી બાજુ નગરજનો અને ખાસ કરીને દીકરીઓ-બહેનો અવકાશના સમયે નજીકના સ્થળે કમ્પ્યુટરની તાલીમ મેળવીને સજ્જ થઈ શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી એ નાનીસૂની વાત નથી. બીજું કેમ્પસ શ્રી સૂર્યકાન્ત સી. દાણી કેમ્પસના નામથી જાણીતું છે. તેમાં બાલવાડીથી માંડીને ઉચ્ચતર માધ્યમિક સુધીના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની દસ જેટલી શાળાઓ અને કપડવણજ કેળવણી મંડળનું કાર્યાલય અદ્યતન માળખાકીય સુવિધાઓ સાથે કાર્યરત છે. ત્રીજું કેમ્પસ કોલેજ કેમ્પસ છે, જેમાં આર્ટ્સ, કોમર્સ, સાયન્સ અને બી.એડ. કોલેજ ઉપરાંત જિમ્નેશિયમ, બેડમિન્ટન હોલ, ટેબલ ટેનિસ ગ્રાઉન્ડ, ડી.એલ.એસ.એસ. હોસ્ટેલ, તેમજ ખેલકૂદ માટે વિશાળ મેદાન સહિત બીજી ખુલ્લી જમીનમાં નવીન પ્રવૃત્તિઓ માટે ઘણો મોટો અવકાશ છે. આંબાવાડિયુંના નામથી ઓળખાતું ચોથું કેમ્પસ જેમાં હાલમાં સુવિધાયુક્ત ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યું છે. પી.એન.ટેક્નિકલ સામેની જગ્યા પણ એક નવું કેમ્પસ ઊભું કરી શકાય તેવી મોકાની જગ્યા છે. બહારથી પધારનાર અતિથિઓના નિવાસ માટે અતિથિગૃહની સગવડ હરિકુંજ સોસાયટી વિસ્તારમાં ઉપલબ્ધ છે.

હવે સમય પાકી ગયો છે કે, કપડવણજ કેળવણી મંડળે એન્જિનિયરીંગ, મેડિકલ, અદ્યતન કમ્પ્યુટર અને ટેક્નોલોજીના નવા કોર્સ શરૂ કરવાની દિશામાં પણ વિચારવું જોઈએ. આજે દુનિયા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને અવકાશ તરફ પગરણ માંડી રહી છે ત્યારે કેળવણી મંડળે તે દિશામાં પણ વિચારીને આગળ વધવાની જરૂર છે.

કપડવણજ નગરને વિશ્વફલક પર ઓળખાણ અપાવનાર ચિત્રકાર સોમાલાલ શાહ, તૈયબજી મહેતા, કવિ રાજેન્દ્ર શાહ, વૈજ્ઞાનિક અને કવિ ડૉ. દિનેશચંદ્ર ઓ. શાહ, ઉદ્યોગપતિ શ્રી અશ્વિનભાઈ સૂર્યકાન્ત દાણી, સ્વ.વાડીલાલ શામળદાસ ગાંધી જેવી અનેક વિભૂતિઓ થઈ હોય ત્યારે તેઓના જીવનમાંથી યુવા પેઢી અને નગરજનો પ્રેરણા મેળવે તે માટે અને તેઓની સ્મૃતિ જળવાઈ રહે તેવી કંઈક ઠોસ કામગીરી કરવાની જરૂર છે. કપડવણજ કેળવણી મંડળની વિકાસ યાત્રા તેમજ હાલમાં ઉપલબ્ધ જમીન અને માળખાકીય સુવિધાઓને જોતાં હજીયે ઘણું કરી શકાય તેમ છે. જેમાં ખાસ કરીને મેડિકલ, કમ્પ્યુટર, અને એન્જિનિયરીંગની સાથો સાથ સ્વાયત યુનિવર્સિટીનું સ્વપ્ન પણ સાકાર થઈ શકે તેમ છે.



અસ્મિતા યાત્રા

1. વ્હોરવાડ (સૈફી લાઈબ્રેરી): ખેડા તથા આણંદ જિલ્લાના મુસ્લિમ વોરાઓ ચરોતરી વોરા કહેવાય છે. વ્હોરાની વસાહતને વ્હોરવાડ તરીકે ઓળખવામાં આવે છે. દેશ-વિદેશમાં વેપારી સબંધને કારણે વ્હોરાઓના મકાનો કોતરણીયુક્ત અને સ્થાપત્યની દ્રષ્ટિએ વિશેષ હોય છે. ગુજરાતમાં સિદ્ધપુર અને કપડવંજની વ્હોરવાડ વિશેષ છે અને અનેક સ્થાપત્યપ્રેમીઓ વિવિધ વિસ્તારમાંથી અહીં જોવા-અભ્યાસ માટે આવે છે. કપડવંજમાં નાની અને મોટી એમ બે વ્હોરવાડ આવેલી છે અને પ્રવેશદ્વારમાં જ સૈફી શિફાખાના (દવાખાનું) અને લાઈબ્રેરીનું અદ્ભુત ભવન આવનાર સૌનું ધ્યાન આકર્ષિત કરે છે.

2. મહાત્મા ગાંધીજી અને કપડવંજ: ભારતના સ્વાતંત્ય સંગ્રામનામહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે.



3. શ્રી નીલકંઠ મહાદેવ: કપડવંજનાં પ્રાચીનત્તમ દેવાલયોમાંનું એક એટલે નીલકંઠ મહાદેવનું મંદિર. મૂળ સોલંકીકાલીન લાગતા આ દેવાલયમાં સમયાંતારે મૂળ સ્થાપત્યમાં સમયાંતરે સુધારણાથયેલું છે. કુંડકાલીન આ દેવાલયમાં ગાયકવાડ શાસન દરમિયાન જરૂરી સુધારણા થયાનું જણાઈ આવે છે. આ દેવાલયનું ફ્લોરિંગ આકર્ષક છે અને અહીં ભોયરામાં મૂળ શિવલિંગ સ્થાપિત કરેલું છે.

4. ચંચલબાઈ ટાવર: કુંડવાવના પ્રવેશદ્વાર પાસે આવેલ ટાવર પ્રાચીન સમયથી અસ્તિત્વમાં છે જોકેઅગાઉ આ ટાવર નાનો જ હતો. બાદમાં તા. ૦૯/૧૦/૧૯૩૨નાં રોજ દેસાઈ જમનાદાસ છગનલાલ દ્વારા નવી ઘડિયાળ મૂકવામાં આવી, જેનું નામ ચંચલબાઈ ટાવર રાખવામાં આવ્યું હતું. આ ટાવરની ઘડિયાળ ઈન્ડિયન ક્લોક મેન્યુફેક્ચરિંગ કં. લી. દ્વારા બનાવવામાં આવી હતી. સુપ્રસિદ્ધ કવિ અને કપડવંજનાં વતની એવા શ્રી રાજેન્દ્ર શાહે સ્વતંત્રતાની ચળવળ દરમિયાન ટાવર પરથી નીચે ઝંપલાવ્યુ હતું પણ તિરંગાની શાનને આંચ નહોતી આવવા દીધી, જેના થકી ટાવર વિશેષ પ્રસિદ્ધ છે.

5. કુંડવાવ: પ્રાચીન ભારતમાં અન્ય જળાશયોની માફક કુંડ બાંધવાની પરંપરા ઘણી જૂની છે. સિંધુ ખીણ સભ્યતાનાં પ્રમુખ નગર મોહેન્જોદડોનો કુંડ જગવિખ્યાત છે. સામાન્ય રીતે કુંડ ચાર પ્રકારના હોય છે (૧) ભદ્રક (૨) સુભદ્રક (૩) નંદ અને (૪) પરિઘ. આ કુંડો શાંતિની કામનાથી મોટા મંદિરની પાસે કે સન્મુખ બાંધવાનો રીવાજ હતો. ભદ્રક કુંડ ચોરસ હોય છે. સુભદ્રકની અંદર ભદ્રક પ્રકારના કુંડ આવી જાય છે અને દરેક પ્રતિભદ્રની અંદર કુંડો હોય છે તેને નંદ પ્રકારનો કુંડ કહેવાય છે જ્યારે વર્તુળાકારની મધ્યમાં ભદ્ર હોય તો તે પરિઘ કહેવાય છે. કુંડ ચારે તરફથી ખુલ્લા ગવાક્ષયુક્ત તથા પગથીયાવાળો હોય છે. ગવાક્ષોમાં વિવિધ દેવી-દેવતાઓની પ્રતિમાઓ સ્થાપવામાં આવે છે. પડથારોનાં ખૂણાઓ ઉપર પણ પ્રતિમાઓ સ્થાપવામાં આવે છે. કુંડની ઉપર પણ જગ્યાની અનુકુળતાએ નાની દેરીઓ બાંધવામાં આવે છે. કપડવંજ અને તેના આસપાસનાં વિસ્તારમાં પણ એક હજાર વર્ષથી પણ પ્રાચીન સમયથી બાંધવામાં આવેલા અનેક માનવરચિત જળાશયો જેમ કે કૂવા, કુંડ, વાવ જોવા મળે છે, જેમાં કુંડવાવ સૌથી અગત્યનો અને શિલ્પસ્થાપત્યથી સમૃધ્ધ જળ સ્થાપત્ય છે.

6. શ્રી મહાલક્ષ્મી મંદિર: ઐતિહાસિક કુંડવાવમાંથી નીકળેલ પ્રતિમાઓમાંની એક પ્રતિમા એટલે મહાલક્ષ્મી માતાની પ્રતિમા. હાલમાં મંદિરમાં જોવા મળતી પ્રતિમા નવી છે. નગરના સદગૃહસ્થે જૂની પ્રતિમા અને મંદિર સ્થાપના કરેલી. આ મંદિર એક હવેલી મંદિર છે, જેમાં રહેતો પરિવાર આ મંદિરની સાર સંભાળ રાખે છે.



7. ચબૂતરો/પરબડી: પક્ષીઓને ચણ અને પાણી મળી રહે તે હેતુથી ગુજરાતમાં ચબૂતરાઓનું નિર્માણ કરવામાં આવે છે.આ ચબૂતરામાં કેટલાક પ્રાણી અને પક્ષીઓના શિલ્પો જોઈ શકાય છે. કેટલાક સમય પહેલા આ જગ્યાએ પાણીના માટલા લઈને બહેનો બેસતા અને લોકોની તરસ છીપાવતા. ત્યારથી આ જગ્યા પરબડી તરીકે પણ ઓળખાય છે. અહીં ચબૂતરાની દીવાલની ત્રણ બાજુએ નાની દુકાનો જોઈ શકાય છે.

કીર્તિતોરણ: કપડવંજ કુંડવાવમાં આવેલું કીર્તિતોરણ તેની અદભુત શિલ્પ સ્થાપત્યપૂર્ણ બાંધણીનાં કારણે હેરિટેજ પ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર છે. ગુજરાતમાં વડનગર, પિલુદ્રા, મોઢેરા, વાલમ, આસોડા, સિધ્ધપુર, દેલમાલ, શામળાજી, દેરોલ, પોરબંદર નજીક આવેલ બાલેજ સહીત કપડવંજમાં કીર્તિતોરણ આવેલું છે. કપડવંજનું કીર્તિતોરણ કુંડવાવનાં પ્લેટફોર્મ પર ઊભું છે. આ કીર્તિતોરણ વડનગર અને સિદ્ધપુરની જેમ જ છે અનેતેનું મોલ્ડિંગ અને સજાવટ કેટલીક બાબતોમાં સામ્યતા ધરાવે છે પરંતુ મુખ્યત્વે કમાનોના આકાર અલગ છે.



8. કપડવંજનાં બજાર: કપડ અને વણજ બે શબ્દોમાંથી બનેલ આ નગરનું નામ કાપડ વણાટનાં વ્યવસાય સાથે સંકળાયેલું હોય તેવું પ્રથમ નજરે લાગે છે. હકીકતે કાપડ ઉપરાંત ઘણા વિશેષ ઉદ્યોગ-વ્યવસાય માટે આ નગર સુપ્રસિદ્ધ છે. આ નગરમાં પ્રાચીન સમયથી અનેકવિધ વસ્તુઓના બજારો હયાત છે અને હાલમાં પણ કપડવંજ શહેરની આસપાસના અનેકવિધ ગામોના લોકો અહીં ખરીદી માટે આવે છે, જેમાં શેઠવાડા બજાર, ઝવેરી બજાર, કાપડ બજાર, મીના બજાર વગેરેનો સમાવેશ થાય છે.



9. જૈન મંદિર સમૂહ: જૈન ધર્મ અથવા જૈનત્વ ભારતમાં ઉદ્દભવેલો અને પાળવામાં આવતો ધર્મ છે, જે મૂળ અહિંસાના માર્ગ પર ચાલવાની શિક્ષા આપે છે. જૈન ધર્મનાં અનુયાયીઓને શ્રાવક કહેવામાં આવે છે.કપડવંજમાં જૈન સમુદાયનો મોટો ફાળો રહ્યો છે. હાલના ઝવેરી બજારમાં (જૂનું કાપડ બજાર) મોદીયાની ખડકીમાં પ્રવેશતા જ ઋષભદેવ પ્રાસાદ, જે મોદીયાના દેરાસર તરીકે પણ ઓળખાય છે, તે જોવા મળે છે. અહીંથી આગળ જતા દલાલવાડામાં શ્રી અજીતનાથજી ભગવાનનું, શ્રી વાસુપૂજ્યનું દેરાસર આવેલું છે.અજીતનાથજી ભગવાનનું દેરાસર પૂર્વ કાળની અંદર લાકડાનું હતું.



10. શ્રી અષ્ટપદ દેરાસર: શ્રી શામળભાઈ શેઠની ખડકીના નામે ઓળખાતી અને કડિયા મસ્જિદથી અંતિસર દરવાજા તરફ જતા સામસામાં શેઠિયાની ખડકીમાં જમણા હાથની ખડકીમાં આ દેરાસર આવેલું છે. મંદિરમાં ઊંચા દરવાજાથી પ્રવેશ્યા બાદ ખુલ્લા ચોકમાં ચાર ફૂટ ઊંચું આ મંદિર છે, જેમાં પૂર્વમાં બે ભગવાન, દક્ષિણમાં ચાર ભગવાન, પશ્ચિમમાં આઠ ભગવાન અને ઉત્તરમાં દસ ભગવાન, એમ ચોવીસ ભગવાનની ગોઠવણથી આ અષ્ટપદજીનું દેરાસર થાય છે. આ દહેરાસર ચતુર્મુખ દ્વાર વાળું છે, જેનો એક દ્વાર લાંબી શેરીમાં નીકળે છે.



11. રૈયાગાંધીની ખડકી: કપડવંજમાં પણ અમદાવાદ અને અન્ય પ્રાચીન નગરોની જેમ જ્ઞાતિ, વ્યવસાય મુજબ અલગ અલગ પોળો હતી અને એ મુજબ દરેક પોળને પોતાનો દરવાજો, નાની બારીઓ, કૂવાઓ, મંદિર, જિનાલય, ઉપાશ્રયો હતા. એ જ રીતે વાડાઓ અને નાની નાની ખડકી આ નગરમાં જોવા મળે છે. રૈયા ગાંધીની ખડકીમાં ગાંધી હંસરાજ ભાઈના સુપુત્ર રહીયાભાઈ ગાંધીના વારસદારોના મકાનો છે. રહિયાનું અપભ્રંશ રૈયા ગાંધીના નામ ઉપરથી આ ખડકી રૈયાગાંધીની ખડકી તરીકે ઓળખાય છે. આ ખડકીમાં અમુક ઘરોને બાદ કરતા બધા જ ઘર જૈનોના છે. આ ખડકીમાં પ્રવેશતા જ ડાબી બાજુ એક કૂવો આવેલો છે.



12. શ્રી શાંતિનાથજી દેરાસર: આ દેરાસર કાચના દેરાસર તરીકે જાણીતું છે. દેરાસરની અંદર ની દીવાલો તથા છત પર રંગીન કાચ તથા કાચ ઉપર વિવિધ કલા કારીગરી અને કથાઓનું વર્ણન કરેલું છે. આ મંદિર કંસારવાળાના ચકલે ઢાક વાડીમાં આવેલું છે. આ દેરાસર કેટલું જૂનું છે તેની માહિતી મળતી નથી પરંતુ શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા ઉપર સંવત ૧૬૧૮ નો લેખ જોવા મળે છે.



મહાજન લાઈબ્રેરી: શ્રી હરિભાઈ દેસાઈએ શહેરમાં તારીખ ૧/૧૧/૧૯૧૮ ને ધનતેરસના શુભદિને ' કપડવંજ ફ્રી રીડિંગ રૂમ અને લાઈબ્રેરી' ની શુભ શરૂઆત કરી. કાળક્રમે આ રીડિંગ રૂમ 'શ્રી પુરુષોત્તમદાસ હરગોવિંદદાસ મહાજન લાઈબ્રેરી'માં ફેરવાઈ ગયો. શરૂઆતમાં બજારમાં શામળદાસ પુરુષોત્તમદાસની મેડી ઉપર વગર ભાડે લાઈબ્રેરી શરૂ કરવામાં આવી, ત્યાર પછી ગોકુલનાથજી મંદિર પાસે વણિક મિત્ર મંડળનું મકાન વેચાણ લઈ પુસ્તકાલય ત્યાં શરૂ કરવામાં આવ્યું. જૂની મહાજન લાઈબ્રેરીનું મકાન ભવ્ય અને કોતરણીયુક્ત છે.

૩૨ કોઠાની વાવ



વાવ એટલે એવા કૂવા કે જે લાંબા પગથિયાંવાળા ભાગથી જોડાયેલાં હોય. તે સૌથી વધારે પશ્ચિમી ભારતમાં જોવા મળે છે. વિશેષ કરીને ગુજરાતમાં કુલ ૧૨૦થી વધુ વાવ જોવા મળે છે. વાવનું અસ્તિત્વ સિંધુ સભ્યતાના ધોળાવીરા અને મોહેં-જો-દડો જેવા નગરોના જળાશયોની રચનામાં પણ જોઈ શકાય છે. ગુજરાતનાં નૈઋત્ય ક્ષેત્રોમાં વાવ નિર્માણની પ્રવૃત્તિઓ ઈ.સ. પૂર્વે ૬૦૦ની આસપાસ જોઈ શકાય છે. અહીંથી તે ઉત્તર રાજસ્થાન અને ત્યારબાદ વાયવ્ય ભારતમાં ફેલાતી જોવા મળે છે. ૧૦મીથી ૧૩મી સદીમાં સોલંકી અને વાઘેલા વંશના શાસનકાળમાં વાવ નિર્માણની પ્રવૃત્તિમાં વધારો જોવા મળે છે. ૧૧મીથી ૧૬મી સદીમાં આ પ્રવૃત્તિ તેની ચરમસીમા પર જોવા મળે છે. કપડવંજ આસપાસ દસથી પણ વધારે વાવ જોવા મળે છે જો કે તેકાળક્રમે ઘણી વાવ નાશ પામી છે. બત્રીસ કોઠાની વાવનું નિર્માણ સોલંકી વંશના સુપ્રસિદ્ધ રાજવી સિદ્ધરાજ જયસિંહ (ઈ.સ. ૧૦૯૪ - ૧૧૪૩) દ્વારા કુંડવાવની સાથે કરવામાં આવ્યું હતું. સોલંકી યુગમાં એક જ પથ્થરમાંથી બનાવેલ આ વાવમાં ૩૨ કોઠા હતા. ગામની મધ્યમાં આવેલ આ વાવના પ્રવેશદ્વાર પાસે શ્રી મોઢેશ્વરી માતાનું મંદિર આવેલ છે.

શ્રી નારાયણદેવ મંદિર: ઐતિહાસિક કુંડવાવ સાથે સંબંધ ધરાવતી શ્રી વિષ્ણુની પ્રતિમા એટલે નરનારાયણ દેવ. આ મંદિરનું પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ છે અને અહીં પ્રસ્થાપિત ભગવાન વિષ્ણુની પ્રતિમા પૂર્વાભિમુખ છે. મંદિરનાં વિશાળ પરિસરમાં ગુપ્તેશ્વર મહાદેવ તથા પીપળાનું વૃક્ષ આવેલું છે.



રોનક રાણા
ડેપ્યુટી ડાયરેક્ટર
(HCRC)



કપડવંજની ખાણીપીણી

ગુજરાત ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે ખૂબ જ સમૃદ્ધ પ્રદેશ છે. એથી વિશેષ ગુજરાત તેની વિશિષ્ટ અને સ્વાદિષ્ટ વાનગીઓ માટે પણ સુપ્રસિદ્ધ છે. ગુજરાતના લોકો ખાવાના શોખીન કહેવાય છે. ગુજરાતના 33 જિલ્લાઓના વિવિધ તાલુકાઓ અને ગામડાઓમાં કોઈને કોઈ વ્યંજન સુપ્રસિદ્ધ જોવા મળે જ છે. આજે આપણે વાત કરીશું ખેડા જિલ્લામાં આવેલા ઐતિહાસિક નગર કપડવંજની વાનગીઓની. આમ તો કપડવંજ તેના કુંડવાવ માટે તો જગવિખ્યાત છે, રસ-ઝરતા ખમણ, ટેસ્ટી લસ્સી, ચવાણું, ડુંગળીનો ચેવડો વગેરે વસ્તુઓ તમને સ્વાદની મોજ કરાવશે. જો આપ કપડવંજની મુલાકાતે જતા હોવ તો આ સ્વાદિષ્ટ વાનગીઓની મિજબાની માણવાનું ચૂકતા નહીં.



શ્રી લક્ષ્મી વિજય સ્વીટ માર્ટ: કપડવંજના કુંડવાવના પ્રવેશદ્વાર પાસે આવેલ શ્રી લક્ષ્મી વિજય સ્વીટ માર્ટની શરૂઆત ૧૯૬૦માં થઇ હતી. અહીંની મમરી કે જે ફૂલવડી તરીકે ઓળખાય છે, તે ઘણી જ પ્રખ્યાત છે. આ ઉપરાંત, અહીંના સૂકા પેંડા પણ વખણાય છે. અહીં મમરી વેચવાની શરૂઆત શ્રી સોમાભાઈ મુળજીભાઈ કાછીયા પટેલ દ્વારા ઈ.સ. ૧૯૬૦ માં કરવામાં આવી હતી. તેઓ આ ઉપરાંત તીખી સેવ, ચણાની દાળ, ડ્રાય ફ્રૂટ, સૂકા પેંડા, કાજુ કતરી વગેરે વસ્તુઓ પણ વેચતા હતા અને આજે પણ વેચાય છે. હાલમાં શ્રી વિનોદભાઈ અને સુભાષભાઈ દ્વારા તેને આગળ વધારવામાં આવી રહી છે, તથા સુભાષભાઈના સુપુત્ર ગૌરવકુમાર કાછીયા પટેલ પણ આ વ્યવસાયને આગળ વધારી રહ્યા છે.



શ્રી ગાયત્રી ખમણ: ગુજરાત તેના ગાંઠિયા, ખમણ, ઢોકળા માટે જગ વિખ્યાત છે, અને તેમાંય ખમણમાં આજે વિવિધ સ્વાદ ઉમેરીને લોકોને પીરસવામાં આવે છે, પરંતુ કપડવંજના ગાયત્રી ખમણ વર્ષોથી એક જ પ્રકારની ગુણવત્તા અને સ્વાદ જાળવી રાખવામાં સફળ રહ્યું છે અને એટલે જ લોકો દ્વારા રોજે રોજ આ ખમણની મિજબાની કરવામાં આવે છે. કપડવંજના જૂના નગરના પ્રવેશતા જ ગાંધીજીની પ્રતિમા પાસે શ્રી ગાયત્રી ખમણની દુકાન જોવા મળે છે. તેની શરૂઆત શ્રી ઠાકોરલાલ નાનાલાલ શાહ દ્વારા કરવામાં આવી હતી. આજે કપડવંજ તથા તેની આસપાસના નગરમાં ખમણ વિક્રેતા તરીકે તેમણે પોતાની આગવી ઓળખ બનાવી છે. આ દુકાનમાં ખમણ સાથે તળેલા મરચાં પીરસવામાં આવે છે.



શ્રી જગદંબા રેસ્ટોરન્ટ: કુંડવાવ બજારમાં મહાલક્ષ્મી મંદિર પાસે આવેલી જગદંબા રેસ્ટોરન્ટ છેલ્લા ૧૧૩ વર્ષથી લોકોને જુદા જુદા ફરસાણનો સ્વાદ કરાવી રહ્યું છે. તેની શરૂઆત શ્રી દેવીલાલ દેવીપ્રસાદ ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી. તેઓએ સૌપ્રથમ ગોટા વેચવાથી શરૂઆત કરી હતી. હાલમાં કપડવંજ પાસે આવેલ ડાકોરમાં આ પ્રકારના ગોટા ખૂબ જ વખણાય છે. તેમણે બાદમાં સ્પેશિયલ કાંદા લસણનો ચેવડો વેચવાની શરૂઆત કરી અને તેમને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો. આ ચેવડો આજે પણ ખૂબ જ પ્રખ્યાત છે અને અમદાવાદ સહિત જુદા જુદા નગરોમાં આ ચેવડો તેની માંગ પ્રમાણે મોકલાવવામાં આવે છે. આ ઉપરાંત, અહીં ગોટાનો લોટ અને ફરસાણની વિવિધ વસ્તુઓ, પેંડા, ફરાળી વાનગીઓ વગેરે મળે છે.



આંત્રોલી ચવાણું: નામ પ્રમાણે આ દુકાનની શરૂઆત કપડવંજથી ૧૦ કિમીના અંતરે આવેલા આંત્રોલી ગામથી થઇ હતી. શ્રી સોમાભાઈ ગોકળદાસ કાછીયા પટેલ દ્વારા ઈ.સ. ૧૯૭૬માં આ દુકાનની શુભ શરૂઆત કરવામાં આવી હતી, અને તેમના સુપુત્ર ચંપકલાલ તથા અશ્વિનભાઈએ આ વારસાને આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી. શરૂઆતમાં શ્રી સોમાભાઈ તેમના નામથી જ આંત્રોલી ગામમાં ચવાણું વેચતા હતા. ત્યારબાદ તેમણે ૧૯૭૬માં કપડવંજ ખાતે દુકાન લઈને તેની શરૂઆત કરી. અહીંનું ચવાણું વિદેશોમાં પણ વખણાય છે. અહીં મમરી, સેવ, ગાંઠિયા, ચેવડો, પેંડા, પાપડી વગેરે જેવા ફરસાણ અને મીઠાઈઓ પણ મળે છે.



ગાયત્રી લસ્સી: આજથી આશરે ૫૦ વર્ષ પહેલાં રામસિંગ યાદવે એક લારીમાં આઈસ્ક્રીમ, જલેબી અને લસ્સી વેચવાની શરૂઆતકરી હતી. તેઓએગાંધીજીના પુતળા પાસે નાનાપાયે ધંધાની શરૂઆત કરી હતી, શરૂઆતમાંઠંડી વસ્તુઓનું વેચાણ ગરમીના દિવસોમાં થતું તેથી તેઓ ફેબ્રુઆરી થી જુન મહિના દરમિયાન લારી ચલાવતા. ત્યારબાદ એક દુકાન ભાડે લઈને તેમણે મોટી શરૂઆત કરી અને પછી છેલ્લા ૩૦ વર્ષથી શૈલેશભાઈ (લાલાભાઈ) આ વારસાને પ્રગતિ તરફ લઈ જઈ રહ્યા છે. હાલમાંગાયત્રીની લસ્સી કપડવંજ ઉપરાંત આસપાસના શહેરોમાં પણ ઘણી પ્રચલિત છે.

કપડવંજ શહેરની અન્ય અગત્યની માહિતી

કપડવંજનું મૂળનામઃ ''કર્પટવાણિજ્ય''
પ્રથમ પાકી સડકઃ કપડવંજથી ડાકોર
કપડવંજથી મહુધા પાકી સડકઃ ઇ.સ.૧૮૯૫
કપડવંજ - નડિયાદ રેલવેની શરૂઆતઃ તા.૦૫/૦૩/૧૯૧૩
કપડવંજ શહેર સુધરાઇની (મ્યુનિસિપાલિટી) સ્થાપનાઃ તા.૦૭/૦૫/૧૮૬૩
પ્રથમ બરફની ફેક્ટરીઃ ઇ.સ. ૧૯૫૦
'સેવા સંઘ કપડવંજ' ની સ્થાપનાઃ ઇ.સ. ૧૯૨૭
ભગિની સેવા સમાજની સ્થાપનાઃ ઇ.સ. ૧૯૪૮
કપડવંજ તાલુકા વિદ્યાર્થી સંઘ (K.T.V.S) ની સ્થાપનાઃ ઇ.સ.૧૯૬૮ માં ભારત સરકારના નાણામંત્રી સ્વ.એચ.એમ.પટેલના વરદ હસ્તે થઇ હતી.
શ્રી મોઢ બ્રાહ્મણ મહિલા સમાજ કપડવંજની સ્થાપનાઃ તા.૦૩/૦૪/૧૯૪૬
સી.આર.પરીખ બ્લડ બેંકની સ્થાપનાઃ ૧૯૮૧
લાયન્સ ક્લબ કપડવંજની સ્થાપનાઃ ૧૯૬૩ પ્રથમ પ્રમુખ ધીરજલાલ ઓચ્છવલાલ કાંટાવાલા
કપડવંજ કેળવણી મંડળની સ્થાપનાઃ તા.૦૭/૦૬/૧૯૪૦
કપડવંજમાં પ્રથમ બાલમંદિરની સ્થાપનાઃ તા.૦૪/૦૬/૧૯૩૬ 'મુગટ બાલમંદિર', તત્કાલીન મુંબઇ રાજ્યના મુખ્યમંત્રી શ્રી બાલાસાહેબ ખેરના શુભ હસ્તે 'મુગટ બાલમંદિરની સ્થાપના થઇ હતી.
કપડવંજ શહેર સુધરાઇના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખઃ સ્વ.મગનલાલ જેચંદભાઇ
પુ.હ.મહાજન લાયબ્રેરીની સ્થાપનાઃ તા.૦૧/૧૧/૧૯૧૮. આદ્યસ્થાપક હતા કપડવંજના કર્મવીર સપૂત અને ગાંધીજીના અંતેવાસી સ્વ.હરિલાલ માણેકભાઇ દેસાઇ
પ્રથમ થિયેટરઃ 'સરસ્વતી થિયેટર'. શેઠ શ્રી મગનલાલ નરસિંહદાસે બનાવ્યું હતું. આ થિયેટરમાં પહેલાં નાટ્ય મંડળીઓ પોતાનાં નાટકો રજૂ કરતાં હતા. પ્રસંગોપાત તેનો 'ટાઉન હોલ' તરીકે પણ ઉપયોગ થતો હતો. પછી આ થિયેટરનું નામ નટરાજ થિયેટર થયું હતું.
પ્રથમ દવાખાનુંઃ કપડવંજ શહેરમાં પ્રથમ દવાખાનું ઇ.સ.૧૮૬૬માં તત્કાલીન શહેર સુધરાઇએ શેઠ શ્રી શંભુલાલ ગણેશજીના મકાનમાં શરૂ કર્યું હતું.
શહેરની પાણી પુરવઠા યોજનાઃ ઇ.સ.૧૯૦૬ માં ભારતના શ્રેષ્ઠ એન્જિનિયર અને મુંબઇ રાજ્યના સેનેટરી એન્જિનિયર સ્વ.વિશ્વસરૈયા સાહેબે યોજના તૈયાર કરી હતી. અને ઇ.સ.૧૯૧૪માં સરકારી મંજૂરી મળતા શરૂ કરવામાં આવી હતી.
ગટર યોજનાઃ ઇ.સ.૧૯૨૮ માં તત્કાલીન મુંબઇ રાજ્યના સેનેટરી એન્જિનિયર સ્વ. વિશ્વસરૈયા સાહેબની સલાહ અનુસાર ૧૩ લાખના ખર્ચે શરૂ થઇ હતી.
ખેડા જિલ્લાનું સૌથી મોટું તળાવઃ ઇ.સ. ૧૯૧૦માં રૂા.૨,૩૨,૨૫૧ ના ખર્ચે બન્યું હતું. જે 'સાવલીનું તળાવ' તરીકે ઓળખાય છે.
ગાંધીજીની પ્રતિમાઃ સ્થાપના તા.૦૭/૦૪/૧૯૫૩, શિલ્પકાર હતા શાંતિલાલ કાપડિયા. આ પ્રતિમા ભારત સરકારના તત્કાલીન રેલવે મંત્રી સ્વ.લાલ બહાદુર શાસ્ત્રીજીના વરદ હસ્તે ખુલ્લી મૂકાઇ હતી.
કપડવંજની પ્રથમ જિનીંગ ફેક્ટરીઃ વર્ષ ૧૯૨૪ ગાંધી કેશવલાલ છગનલાલે અંતિસરીયા દરવાજા બહાર માણેકબાઇ શેઠાણીની ધર્મશાળામાં શરૂ કરી હતી.
ફોટોગ્રાફીઃ સૌથી પહેલા ફોટોગ્રાફર હતા, મગનલાલ પુરૂષોત્તમભાઇ પછી સ્વ.સોમેશ્વર કાશીરામ ત્રિવેદી ત્યારબાદ શ્રી માધવલાલ ઝવેરચંદ ત્રિવેદી માધવ સ્ટુડિયો.
ગાંધીજીનું કપડવંજમાં પ્રથમવાર આગમનઃ તા.૦૪/૦૫/૧૯૨૧ માં શ્રી હરિલાલ દેસાઇની વિનંતીથી કપડવંજમાં પૂ.ગાંધીબાપુ પધાર્યા હતા. તેમની સાથે પૂ.કસ્તુરબા, સરદાર પટેલ, મહાદેવભાઇ દેસાઇ, નરહરિભાઇ તથા ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધી હતા.
જે.બી.હોસ્પિટલની સ્થાપનાઃ ઇ.સ.૧૯૫૧ માં ખાત મુહૂર્ત અને ૧૯૫૪માં હોસ્પિટલનું ઉદ્ઘાટન પદ્મવિભૂષણ સ્વ.ચંદુલાલ ત્રિવેદીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલના બાંધકામમાં વ્હોરાજ્ઞાતિના દાનવીર સ્વ.શેઠ જાબીરભાઇ મહેતાએ આર્થિક યોગદાન આપ્યું હતું.
કપડવંજમાં પ્રથમ I.C.S. ની પદવી મેળવનારઃ પદ્મવિભૂષણ સહ સ્વ.ચંદુલાલ માધવલાલ ત્રિવેદી હતા. તેઓએ ૧૯૧૭માં આ ડિગ્રી મેળવી હતી. આઝાદી પહેલાં (૧૯૩૮માં) મધ્યપ્રાંત અને વરાડના મુખ્યમંત્રી તરીકેની જવાબદારીઓ નિભાવી હતી. ૧૯૪૨માં સંરક્ષણમંત્રી તરીકે, ૧૯૪૬માં ઓરિસ્સાના રાજ્યપાલ તરીકે, ૧૯૪૭માં પંજાબના રાજ્યપાલ અને ત્યારબાદ આંધ્રપ્રદેશના રાજ્યપાલના તરીકે જવાબદારી નિભાવી હતી.
કપડવંજમાંથી પ્રથમ I.P.S. અધિકારીની પદવી મેળવનારઃ સ્વ.વિનુભાઇ કાશીરામ ત્રિવેદી. તેઓ નાના નાગરવાડમાં રહેતાં હતા. છેલ્લે જૂનાગઢ પોલીસ ટ્રેઇનિંગ કોલેજમાં અધિકારી હતા અને ત્યાંથી ૧૯૬૫માં સેવા નિવૃત્ત થયા હતા.
કપડવંજ શહેરમાં શિક્ષણની શરૂઆતઃ ઇ.સ.૧/૧૧/૧૮૩૦ માં કાપડબજારમાં કોઠાની મસ્જિદ સામેના મકાનમાં કરવામાં આવી હતી.
મુખ્ય કુમારશાળાની સ્થાપનાઃ તા.૧૮/૦૮/૧૮૬૯માં
માધ્યમિક શિક્ષણની શરૂઆતઃ મ્યુનિસિપલ હાઇસ્કૂલ શરૂઆતઃ તા.૦૫/૧૧/૧૮૭૨
ઉચ્ચ શિક્ષણની શરૂઆતઃ શાહ કેશવલાલ સોમાલાલ આર્ટસ અને પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજની શરૂઆત તા.૧૫/૦૬/૧૯૬૧ના દિવસે તથા કોમર્સ કોલેજની સ્થાપના તા.૦૫/૦૪/૧૯૬૪ના દિવસે.
હરિકુંજ છાત્રાલયની સ્થાપનાઃ તા.૧૯/૦૮/૧૯૩૭ના દિવસે પ્રબોધચંદ્ર જેઠાલાલ શાહ અને ડૉ.વાડીલાલ દેસાઇ તરફથી જમીન અને આર્થિક સહયોગ દ્વારા બનાવવામાં આવી હતી. કપડવંજના પનોતા પુત્ર અને પુ.હ.મહાજન લાયબ્રેરીના સ્થાપક સ્વ.હરિલાલ દેસાઇના નામ ઉપરથી આ છાત્રાલયનું નામ ''શ્રી હરિ છાત્રાલય'' રાખવામાં આવ્યું હતું.
શ્રી શારદા કેળવણી મંડળ, કપડવંજની સ્થાપનાઃ તા.૧૬/૦૬/૬૩
શ્રી ચંપકલાલ નંદલાલ ટેક્નિકલ હાઇસ્કૂલની સ્થાપનાઃ ઇ.સ.૧૯૫૧ (ગુજરાતની પ્રથમ ટેક્નિકલ સ્કૂલ)
માણેકલાલ દેસાઇ કિશોર મંદિરની સ્થાપનાઃ ૧૯૭૦
શ્રીમતી કાન્તાબેન સૂર્યકાન્ત દાણી વોકેશનલ ઇન્સ્ટિટ્યૂટઃ ઇ.સ.૧૯૮૨
શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ (નર્સરી) ઇ.સ.૨૦૦૦
શ્રીમતી સી.ડી.ગાંધી ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ (પ્રાયમરી) ઇ.સ. ૨૦૦૧
વૈદ્ય હરિલાલ મગનલાલ પરિવાર પી.ટી.સી. કોલેજઃ ઇ.સ.૨૦૦૩
શ્રી સૂર્યકાન્ત ચંદુલાલ દાણી પ્રાયમરી સ્કૂલઃ ઇ.સ.૨૦૦૫
શ્રી સ્પંદન બાલમંદિરઃ ઇ.સ.૨૦૦૫
શ્રી સૂર્યકાન્ત ચંદુલાલ દાણી સેકન્ડરી સ્કૂલઃ ઇ.સ.૨૦૦૭
શ્રીમતી ચંદાબેન ડી. ગાંધી ઇંગ્લીશ મીડિયમ સેકન્ડરી સ્કૂલઃ ઇ.સ.૨૦૦૮
જડાવબા શિશુ કેન્દ્ર (જડાવબા બાલ મંદિર): ૧૯૬૩
શ્રી શંકરલાલ હરજીવનદાસ શાહ સાંસ્કૃતિક કેન્દ્રઃ તા.૧૫/૧૨/૨૦૧૮
જીવનશિલ્પ એજ્યુકેશન ટ્રસ્ટની સ્થાપનાઃ તા.૦૨/૦૯/૨૦૦૨.
જીવનશિલ્પ સ્કૂલની શરૂઆતઃ ઇ.સ. ૨૦૦૪.
હોસ્પિટલની સ્થાપનાઃ તા.૧૪/૧૨/૧૯૮૭ શાહ અંબાલાલ છોટાલાલ સાર્વજનિક જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ સંચાલિત એ.સી.
ત્રિભુવન ફાઉન્ડેશન પેટા કેન્દ્ર કપડવંજની સ્થાપનાઃ ૧૯૮૫ આરોગ્ય ક્ષેત્રે પાયાની સેવા આપતી સંસ્થા
સહયોગ ચેરિટેબલ ટ્રસ્ટ, કપડવંજ સંચાલિત 'સહયોગ હોસ્પિટલની સ્થાપનાઃ ઇ.સ.૨૦૦૦
શ્રી બહેનજી બહેન હિન્દુ પ્રસૂતિગૃહની સ્થાપનાઃ ઇ.સ.૧૯૩૪
શ્રી માનવ સેવા મંડળની સ્થાપનાઃ વર્ષ ૨૦૦૧
શ્રી દરિદ્રનારાયણ સેવા મંડળ ટ્રસ્ટ, કપડવંજની સ્થાપનાઃ ૧૯૭૩
શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ, કપડવંજની સ્થાપનાઃ ૧૯૮૯
શ્રી વલ્લભ સેવા કેન્દ્રઃ તા.૦૯/૦૨/૧૯૭૯ સ્થાપકઃ સ્વ. ઠાકોરલાલ શાહ (ગાયત્રી ખમણવાળા)
ભારત વિકાસ પરિષદ, કપડવંજ શાખાઃ ઇ.સ. ૨૦૦૬
શ્રી મોટા હનુમાનજી સેવા મંડળઃ ઇ.સ. ૧૯૮૨
કપડવંજ તાલુકા લોક દરબારઃ તા.૨૩/૦૬/૧૯૮૬
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કપડવંજઃ તા.૦૨/૦૫/૧૯૪૭
કપડવંજ પીપલ્સ કો.ઓ.બેંક લિમિટેડની સ્થાપનાઃ તા.૧૯/૦૬/૧૯૬૧
શ્રી મહાલક્ષ્મી સહકારી ગ્રાહક ભંડાર લિમિટેડની સ્થાપનાઃ તા.૦૬/૦૧/૧૯૬૫
સંકલ્પ ચેરિટેબલ ટ્રસ્ટઃ તા.૨૩/૦૯/૨૦૧૧
ફાતેમા ચેરિટેબલ ટ્રસ્ટઃ ઇ.સ. ૨૦૧૪
શ્રી વાડીલાલ એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટઃ તા.૨૭/૦૫/૧૯૮૭
શેઠ શ્રી મીઠાભાઇ ગુલાબચંદ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત પાંજળાપોળઃ તા.૨૩/૧૨/૧૯૫૩

- હસમુખ ગોહિલ

KAPADWANJ
Heritage Walk

As a part of reviving the heritage town of Kapadwanj, we graciously **invite you** to join us to explore picturesque streets of Kapadwanj.



Kapadwanj Kelavani Mandal
शिक्षा • संस्कार • सेवा • सहयोग

dani foundation

अतुल्य वारसो
Know Your Identity

કપડવંજ નગર સેવા સદન

For Inquiries:
directorate.hcrc@gmail.com
+91 96019 71281